॥ ભક્તેચ્છા પૂરકાય નમઃ ॥

"સત્સંગ" માસિકનું સન ૧૯૭૪ ની
સાલનું ભેટ પુસ્તક

卐

# શ્રી ગોકુલેશ હાસ્યામૃત

ભાગ ૧

પ્રસંગ- ૧ થી - ૧૯૬

સંવત
૨૦૩૦

卐

સન
૧૯૭૪

તંત્રી :- મા. વા. કૃષ્ણદાસ ગોવરધનદાસ બીલખાવાળા

સંપાદક :- બાબુભાઇ વી. સવાણી

વ્યવસ્થાપક :- રમણલાલ કૃષ્ણદાસ

卐

સત્સંગ કાર્યાલય, અમરેલી

માલાતિલકના રક્ષણહાર, શ્રીગુસાંઇજીના ચતુર્થ લાલજી

## ગો. શ્રી ગોકુલનાથજી



જન્મદિન :

માગશર શુદ ૭, વિ. સં. ૧૬૦૮

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

શ્રીગુસાંઈજીના ચતુર્થકુમાર યશ-રસસ્વરૂપ

# ❋ શ્રી ગોકુલેશના હાસ્ય પ્રસંગો ❋

## * પ્રસંગ-૧ *

એકવાર આપશ્રી બિરાજમાન હતા. આ વખતે એક હાંસી પ્રસંગ સ્વેચ્છાથી કહયો. એક કોઈ માણસ હતો તેનો સસરો માંદો પડયો, તેથી સસરાને જોવા જવા માટે જમાઈ તૈયાર થયો. હવે તે જમાઈ બહેરો હતો આથી તેણે વિચાર્યું કે આપણે જઈને વાત શરૂ શી રીતે કરવી ? વળી હું પૂછીશ; તેનો જવાબ તે આપશે તે તો હું સાંભળીશ નહિ માટે મારે અત્યારથી ગોઠવણ કરવી. તેણે મનમાં વિચાર્યું કે હું પ્રથમ જઈશ એવો જ પૂછીશ, કે કંઇ મટે છે ? એટલે તે મારા સસરા જવાબ આપશે કે જરા મટે છે. આ વખતે હું કહીશ કે બહુ સારૂં બહુ સારૂં વગેરે. પછી પૂછીશ કે કંઈ પચે છે ? એટલે તે કહેશે કે જરા કાંજી જેવું પીઉં છું, અથવા બીજું કંઈક ખાતા હશે તે કહેશે એટલે હું કહીશ કે બહુ સારૂ એ ખોરાક સારો છે, પોચો છે પચે તેવો છે એનું સેવન કરજો વગેરે, પછી હું પૂછીશ કે કંઇ વૈદ્યવારૂ કરો છો ? એટલે તે કોઇ વૈદ્યની દવા કરતા હશે તો કહેશે એટલે હું કહીશ કે બહુ સારૂ એ વૈદ્યની દવા કરજો એને હાથે જશ છે તમારૂં કલ્યાણ થશે. વગેરે. હવે જમાઇ સસરાને ત્યાં આવ્યા. સસરાને બચવાની જ આશા નહોતી. સસરાના શિર પાસે બેસી જમાઇએ ગોઠવણ પ્રમાણે પૂછયું કે કંઇ મટે છે ? એટલે સસરાએ કહયું કે મટવાનું તો હવે ત્યાં મશાણમાંસ્તો. આ સાંભળી જમાઇ બોલ્યા કે બહુ સારૂં. બહુ સારૂં. એમ જ મટશે. આ વાકય સાંભળતાં પાસેના બધા સજ્જડ થઇ ગયા કે આ આમ કેમ બોલે છે !

પછી જમાઇએ પૂછયું કે કંઇ પચે છે ? એટલે સસરાએ કહયું કે શું પચે છે પથરા ? કશું પચતું નથી. આ સાંભળી જમાઇ બોલ્યા કે બહુ સારૂ બહુ સારૂ એ પોચા છે. એનું સેવન કરજો એનાથી શકિત આવશે. બહેરા જમાઈની આ વાણી સાંભળી બધા વિચારમાં પડયા કે આ તે જમાઇ ગાંડા થઈ ગયા કે શું ? આમ છતાં જમાઇની આમાન્યા રાખી કોઇ કાંઈ બોલ્યું નહિ. એટલે વળી જમાઈજીએ પૂછયું કે કંઈ વૈદ્યવારૂ કરો છો ? સસરાએ ધીમેથી કહયું, કે વૈદ્યવારૂ તો હવે જમસ્તો. આ સાંભળતા જામાત્રજી બોલ્યા કે બહુ સારૂં બહુ સારૂ એમની દવા ખાજો. એમને હાથે જશ છે તમે એમનાથી જ પાંસરા થશો. આ સાંભળી બધા આશ્ચર્ય પામ્યાં ને છેવટે તપાસ કરતાં જણાયું કે જમાઇ બહેરો છે.

વિવેચન-જે માણસ હિતનું ન સાંભળે તે બહેરો છે. જેનામાં પ્રેમ નથી તે મલીન છે. કારણ કે પ્રેમ ને બુદ્ધિ નહિ હોવાથી તે ખરી વસ્તુ સમજી શકતો નથી. જેઓ મોટા પુરૂષનાં વચનો અને ક્રિયા નથી સમજી શકતા; તેઓ ગમે તેમ લવે છે. કારણકે તેમને તેનું સ્વરૂપ સમજાતું નથી. આ હાસ્ય પ્રસંગો પણ જો આ જમાઈના જેવી દૃષ્ટિથી વાંચશે તે અર્થના અનર્થ કરી બેસશે. માટે બહુ વિશાળ અને પ્રેમીલી દૃષ્ટિથી વાંચવા મારી વિનંતી છે. રસસાગરશા શ્રીગોકુલેશનાં વચનામૃતો ક્ષુદ્રસાગરશાં જનહૃદય શું સમજી શકે ? કોઈ સ્થાનમાં સમજણ ન પડે કે દોષ આવે

તો પોતાની અક્કલ ઓછી અથવા પોતાનું હૃદય જ દોષવાળું છે એમ જાણવું. સર્વમાંથી અને સર્વત્ર દોષ જોનારની સ્થિતિ એવી કહેવાય કે જે અત્યંજ વા નીચ જાતિ હોય તે ગામમાં ફરતાં ફરતાં મેલાની (વિષ્ટા) શોધ કર્યા કરે છે; ને જ્યાં હોય ત્યાંથી ટોપલામાં લઇ લે છે, તેમ દુષ્ટ માણસ બીજાના દોષરૂપ મેલુ જ શોધીને તેને પોતાની પાસે લઈ લે છે. સંતપુરુષ અથવા ભક્તિમાન પુરુષ પોતાના પ્રભુને માટે પુષ્પ કે મેવા માટેનાં સુંદર સ્થાન શોધશે, ને તેજ લેશે. આમ સંતપુરુષ સૌમાંથી ગુણ ગ્રહણ કરી બીજાનાં પુણ્ય લેશે, ને દુવૃત્ત નિંદા કરી પાપ વહોરશે. જે બીજાની નિંદા કરે છે, તે અત્યંજ સમજવો, પણ શુદ્ધિને માટે એવા નિંદક અત્યંજોની પણ જરૂર છે. સૌમાંથી ગુણ લે તે સંત સમજવો.

## * પ્રસંગ-૨ *

ભાવનાનું ફળ મળે જ—એકવાર આપશ્રી બિરાજ્યા હતા, તે વખતે એક વૈષ્ણવે પૂછ્યું કે રાજ, આપ કહો છો કે ભાવના ઉંચી રાખવી, પણ ભાવના ઉંચી રાખવાથી ફળ મળે ખરૂ ?

આ સાંભળી કૃપાસાગર બોલ્યા કે સાંભળો, એક કોઈ માણસ હતો, તે મહિને રૂ. ૫) માં ગુમાસ્તી કરતો હતો. હવે તેની જ્ઞાતિમાં કન્યાની અછત હતી, તેથી કન્યા માટે બે ત્રણ હજાર રૂપીયા જોઇએ. આથી તેણે વિચાર્યું, કે આપણને કન્યા મળવાની નથી. માટે વાણીથી આનંદ લેવો. આથી તે રોજ સાંજે ગુમાસ્તી કરીને આવે, ત્યારે બધું કામ પોતે કરે, પણ મોઢેથી જાણે પોતાની સ્રીને કરવાની સૂચના કરતો હોય તેમ બોલે, કે ઉઠને અલી, ચુલો સળગાવ. ખાવાનું થાય એટલે પોતે ને પોતે બોલે કે ઉઠને, ખાવા આપ. સૂતિ વખતે કહે કે ઉઠને હવે બહુ મોડું થયું, સૂઈ જઇએ. આમ રોજ કરે. પેલા પાડોશીએ જાણ્યું, કે આ પાડોશી ખરાબ ચાલના છે. રોજ કોઈની સ્રી ઘરમાં ઘાલે છે. છેવટે તેણે તેના શેઠને ફરિઆદ કરી. શેઠે કહ્યુ; મારો ગુમાસ્તો પ્રમાણિક અને પવિત્ર છે. પેલા પાડોશીએ કહ્યું કે તપાસીને પછી ખાત્રી કરો. આથી શેઠે એક દિવસ સાંજરે પાડોશીને ત્યાં સંતાઈ રહ્યા. પેલો ગુમાસ્તો આવ્યો, ને રોજની માફક જ બોલ્યો; એટલે શેઠને પણ વાત ખરી લાગી, એટલે તરતજ તેની પાસે આવી બારણું ઉઘાડવાનું કહ્યું, તરતજ ગુમાસ્તે બારણું ઉઘાડયું. એટલે શેઠે કહ્યું: અલ્યા કોની જોડે બોલે છે. પેલે કહ્યું, કોઇ નથી. ત્યારે શેઠે કહ્યું; એમ શા માટે કરે છે ? એટલે ગુમાસ્તે કહ્યું, કે મારી જ્ઞાતિમાં કન્યાની અછત છે. તમે મને રૂ. ૫) મહિને આપો છો, તેથી હું કન્યા પરણું એટલા રૂપીઆ કદી મને મળવાના નથી; એટલે મોઢે મોઢે જીભથી રસ લઉં છું. આ સાંભળી શેઠને દયા આવી ને કહ્યું કે જા, કાલે જ કન્યા શોધી કાઢ, તને પરણવામાં ખર્ચ થશે તેટલા રૂપીયા આપીશ. મેં ચાર છોકરા પરણાવ્યા, ત્યારે જાણે તું પાંચમો હતો એમ જાણીશું. તે કન્યા શોધી લાવ્યો, એટલે તેને શેઠે પરણાવ્યો. માટે ભાવના સારી રાખીએ, તો તેનું ફળ મળે જ મળે.

વિવેચન-આ પ્રસંગ પરથી જણાય છે કે આ જગતને પ્રભુની લીલારૂપે જવાની ઇચ્છા કરે છે, તેને લીલારૂપે ભાસે છે. જેવી ભાવના તેવું જ ફળ મળે છે. મેશના વેપારથી કદી હાથ ઉજળા થાય નહિ. દુષ્ટ ભાવનાથી કદી પવિત્ર નજ થવાય. દુષ્ટ ભાવનાવાળો દુષ્ટ બને. માટે ભાવના ઉંચી રાખવી, વળી પુષ્ટિમાર્ગ પર જે આક્ષેપો થાય છે, તે ઘણા ખરા આ ગુમાસ્તાની માફક જ થાય છે. ગુમાસ્તો મોઢે બોલે છે, છતાં તે વાત તદ્દન ખોટી છે,

બિચારાને પાડોશીઓએ નકામો વગોવ્યો. પણ એ વગોવ્યો, તેનું જ ફળ તેને કન્યા મળી. માટે સંત પુરુષોને કોઈ દુર્વૃત્ત માણસ વગોવે; તો પણ તેથી ચીડાવું નહિ, તેનું ફળ સારૂ જ આવે તેની ખબર છેવટે પડે છે.

*** પ્રસંગ–૩ ***

**નિંદા કરનારા મળ સાફ કરે છે:** એકવાર શ્રી ગોકુલેશને પંચોળીજીએ વિનંતી કરી કે, રાજ આપ ઇશ્વર છો, તો આ ભગવદીયોની નિંદા કરનારાના મોં બંધ કરી દો, તો કેવું સારૂં!! આ સાંભળી કૃપાસાગર બોલ્યા, કે તમારા શરીરનો મળ સાફ કરનારાં સ્થળ તમે બંધ કરી દો; પછી શું થાય છે તે જુઓ, એટલે મને કહેજો. આ સાંભળી પંચોળીએ કહ્યું: રાજ, એમ કરવાથી તો માંદા પડી મરી જવાય. એટલે શ્રી ગોકુલેશ બોલ્યા, કે ત્યારે એવા નિંદકો જો મળ સાફ કરવા ન મૂકયા હોય તો ભગવદીયો શુદ્ધ ન રહે, માટે પ્રભુ બહુ દયાળુ છે, તેથી ભગવદીયોના દોષરૂપી મેલ સાફ કરવા એવા દુષ્ટ નિંદકોને પ્રભુ જ મૂકે છે, માટે તેવા ઉપર કદી ગુસ્સે ન થવું. કોમળ કપડું ધોવા કોમળ ચીજ જોઈએ, તેમ ભગવદીયો કોમળ છે, માટે તેમનો મેલ પ્રભુ નિંદકોની કોમળ જીભ વડે ધોવરાવે છે.

વિવેચન—જેમ શરીરને નિરોગી રાખવા મળ સાફ કરનારાં સ્થળોની જરૂર છે, તેમ ભકતોને શુદ્ધ રાખવા નિંદકોની જરૂર છે, માટેજ પ્રભુ તે મુકે છે. આમ હોવાથી ભકતો સ્તુતિ અને નિંદાને સમાન ગણે છે. માટે કોઈની આપણે નિંદા કરવી નહિ. ઉલટુ રાજી થવું કે સારો છે, કે વગર પૈસે મેલ ધુએ છે. ધોબી તો કપડા ધુએ તો પૈસા લે, ને આ તો વગર પૈસાનો ધોબી મળ્યો. માટે કદી પણ વિકાર મનમાં ન થવા દેવો.

*** પ્રસંગ–૪ ***

**ભક્ત પ્રભુનું મુખ ને નિંદક પુંઠ છે:**– એકવાર આપ સ્વેચ્છાથી બોલ્યા કે:–ભક્ત એ પ્રભુનું મુખ છે, તેથી તે પ્રભુની સ્તુતી કરે છે, અને ભક્તને મુખે પ્રભુ આરોગે છે. વળી આગળ બોલ્યા, કે ખોટું બોલનારા અને બીજાની નિંદા કરનારા એ પ્રભુની ગુદા છે, કે જે વડે મળ સાફ થાય છે.

વિવેચન—હાંસી પ્રસંગ સ્પષ્ટ છે. ભક્તના મુખ વડે પ્રભુ આરોગે છે. હવે જે આરોગે, તેનો મેલ સાફ કરવો જોઇએ; તો તે સાફ કરવા જેમ પુઠ પ્રભુએ મુકી છે, તેમ નિંદકો એ પ્રભુની પુઠ છે. તેઓ નિંદા કરી મળ સાફ કરે છે.

*** પ્રસંગ–૫ ***

**દુષ્ટ એટલે ઇષ્ટથી દૂર –** એક વાર શ્રીમુખે બોલ્યા, કે દુષ્ટ તેજ કે જે પ્રભુથી વિમુખ હોય.

**વિવેચન**—વાત સ્પષ્ટ છે. સારૂં દેખાતું કામ પણ સેવાની ભાવનાથી ન કરીએ; તો તે દુષ્ટ છે, કારણ કે પ્રભુની સેવા રૂપ ફળ આપતું નથી. વાણી પણ પ્રભુના સંબંધ વગરની દુષ્ટજ છે. આમ જે શરીરનો પ્રભુ સાથે સંબંધ નથી; તે પણ દુષ્ટજ છે. આ ભાવનાને લીધેજ બ્રહ્મસંબંધ વગરનો માણસ ગમે તેવો જ્ઞાની હોય પણ તેનો સંગ ત્યાજ્ય છે. તે પોતે જ્ઞાની ગણી બ્રહ્મસંબંધ ન લે, તો તે હુંપદવાળો કે અભિમાની છે. એ અભિમાની પણ ત્યાજ્ય છે. શ્રીમહાપ્રભુજીના શરણાગતનો જ સંગ કરવો. અન્યનો સંગ ભ્રમમાં નાખી જીવને તતોભ્રષ્ટ તતોભ્રષ્ટ કરે છે.

**ज्ञानिनामपि वाक्येन न मोहयिष्यति ॥** આમ શ્રીમહાપ્રભુજી શ્રીમુખે કહે છે. જ્ઞાનીનાં ચતુરાઇભર્યાં વાકયોથી ભકત કદી મોહ નજ પામે.

## * પ્રસંગ-૬ *

દૂષિત જણાતા ભગવદીય પણ જીવને કૃતાર્થ કરે છે:- એક વાર કહ્યું કે દોષવંત દેખાતા ભગવદીય પણ બીજાના દોષને ટાળે છે; પણ ભગવદીય વગર બીજા કોઈએ ટળે નહિ. દોષ ટાળવાનું સામર્થ્ય ભગવદીયમાં છે. જેમ ચંદ્ર કલંકિત છે. પણ તિમિર ટાળવાને સમર્થ છે. તેમ ભગવદીયમાં સર્વના દોષને ટાળવાનું સામર્થ્ય છે. મોટા પદાર્થ જ્યાં જ્યાં છે, ત્યાં ત્યાં એક એક દોષ હોય છે, પણ બીજા ગુણ ઘણા છે, તેથી કરીને દોષ હોય તે ગણાતા નથી. અહીં દ્રષ્ટાંત કહ્યું કે જેમ અગ્નિ છે, તે અગ્નિ-સમાન તો કોઈ નિર્દોષ નથી. પણ પ્રથમ અગ્નિ પ્રકટ કરીએ છીએ, ત્યારે પ્રથમ ધુમાડો પ્રકટે છે; છતાં ધુમાડાના દોષથી અગ્નિ તજાતો નથી. તે ઉપર એક શ્રુતિ પોતે પઢયા.

વિવેચન-આ પ્રસંગ ઉપરથી સમજવાનું કે ભગવદીયોમાં દોષ દેખાય તો તેમાં દોષ દૃષ્ટિનો હોય છે, ભગવદીયોનાં સર્વ કાર્યો ભક્તિમય જ હોય છે. મોટા ભગવદીય અનુભવીની આ વાત છે. નિર્ગુણ અને નિર્વિકારી ભગવદીય કદી દોષ કરે જ નહિ, અને કદાચ તેવું દેખાય તો તેમાં કોઈ અલૌકિક કારણ હોવું જોઈએ. બંને વૈષ્ણવો પરદેશ જતાં એકજ શય્યામાં રાત્રે પોઢયા, ત્યાં એક સાપ પેલા થતા ભગવદીયને કરડવા આવ્યો, પણ મહાનુભાવીની સાથે એક જ શય્યામાં સુવાથી સાપથી પાસ જવાયું નહિ. સાપના ફુફાડાથી પેલા મહાનુભાવી જાગ્યા. આ વખતે તેમણે પોતાના પ્રભાવથી સાપને ફુફાડાનું કારણ પૂછયું, એટલે સાપને વાણી થઈ. સાંપે કહ્યું મારે ને આને પૂર્વેનું વેર છે. મારે એનું લોહી પીવાની પ્રતિજ્ઞા છે, માટે લોહી પીશ તો જ જઈશ. આપ મહાપુરુષ છો, તેથી કરડવા અવાતું નથી. પરિણામે મહાનુભાવીએ ચપ્પુ વડે વૃક્ષના પાનમાં પેલા ભગવદીયનું રૂધિર કાઢી પેલા સાપને પાયું એટલે સાપ તૃપ્ત થઈ પ્રતિજ્ઞા પૂર્ણ કરી પગે લાગી ચાલતો થયો. અહીં આવી રીતે ચપ્પા વડે રૂધિર કાઢવા છતાં તેમાં મોટા ભગવદીયનો દોષ નથી. ઉલટું એથીજ પેલો બચ્યો. માટે આવો દોષ માલુમ પડે તો પણ ભગવદિચ્છા માની મનમાં વિકાર ન થવા દેવો. શ્યામદાસની બાબતમાં પણ એમ જ બને છે. કોઈ વૈષ્ણવ થઈ કન્યાનું દ્રવ્ય લે છે, તેથી તેની સામગ્રી પ્રભુ અંગીકાર નથી કરતા, પણ ઉલટુ તે વસ્તુઓ પાતળમાં કીડા જેવી લાગે છે, એટલે શ્યામદાસ તે પાતળ ઉપરથી ઉઠીને ચાલતા થાય છે. અન્ય લૌકિક દ્રષ્ટિવાળા શ્યામદાસ પ્રસાદ છોડીને ઉઠયા એમ ધારી નિંદા કરે છે, પણ આમ ભગવદીયોની દ્રષ્ટિ દિવ્ય હોવાથી તેનું વર્તન પણ દિવ્ય છે, માટે તેમના પર નિર્દોષ દ્રષ્ટિ રાખવી. વિદુરજીના પત્ની પ્રભુને કેળાંનો ગર્ભ ફેંકી દઇ તેની છાલ ખવરાવે છે, આ વખતે ત્યાં આપણે ઉભા હોઈએ, તો જરૂર વિદુર પત્નીનો તિરસ્કાર કરીએ, ને બોલીએ કે આ કેવી ગાંડી છે કે પ્રભુને કેળાના છોડા ખવરાવે છે ? પણ પ્રભુને એ કેળાનાં છોડામાં કેળાના ગર્ભ કરતાં વધારે આનંદ આવે છે, માટે પ્રભુ કેવા અને કયા કાર્યથી પ્રસન્ન થાય તે આપણે જાણી શકતા નથી. શ્રીજગદિશમાં એક વાર ચોર ભરાયો. તે રાત્રે પ્રભુના સમીપમાં સંતાઈ રહ્યો. હવે ચોરવાનું તો કશું મળે નહિ, કારણ કે બધું ઠેકાણે હોય. છેવટે શ્રીજગદીશ પરનું સોનાનું છત્ર તેણે ચોરવાનો વિચાર કર્યો. પણ તે લેવું શી રીતે ? તેણે શ્રીજગદીશના ખંભાપર પગ મુકીને ચોરવાનું નક્કી કર્યું; પણ વળી વિચાર આવ્યો કે પ્રભુ પર પગ કેમ ધરાય ? છેવટે તેણે શ્રીજગદીશના ખભા પર ખેસ નાખ્યો, અને વિચાર્યું કે આ ખેસ પર પગ રાખી

ઉપર ચઢીશ; તો પ્રભુને પગ નહી અડે. પ્રભુને પગ અડતા અપરાધ પડવાની તેને ચિંતા છે, પણ પ્રભુના દેખતા ચોરી ન કરવી તેનો વિચાર તેને નથી સૂઝતો!! છેવટે તે ખભા પર ચઢયો; ને જેવો છત્ર ઉઠાવવા જાય છે, કે જગદીશ ખડખડ હસી પડયા. એટલે તે પણ હસી પડયો. પછી તેણે પુછયું કે મહારાજ, શું હસ્યા ? એટલે શ્રીમુખે કહ્યું કે આજ સુધી બધા ભક્તોએ મને જળ, ફળ, ફુલ, સામગ્રી વગેરે સમર્પણ કરી પણ તેં તો તારી જાત સુદ્ધાં મને સમર્પણ કરી. એક વ્રજભક્તો સિવાય તારા જેવો બીજો નથી નીકળ્યો. એમ કહી જગદીશે પ્રસન્ન થઈ તેને માગવાનું કહ્યું, એટલે તેણે ભક્તિ માગી, આથી તે પરમ ભક્ત બન્યો. માટે પ્રભુને કઈ બાબત પ્રિય છે, તે એજ પોતે જાણે, માટે આપણે પવિત્ર દૃષ્ટિ રાખવી. કોઈનો દોષ ન જોવા.

### * પ્રસંગ–૭ *

**ચતુરાઇથી કોઇને સીધે રસ્તે વાળી શકાય છે.** એક દિવસે કહ્યું કે એક સ્ત્રીનો પુરૂષ કોઈ બીજી જગાએ જતો હતો, તેથી સ્ત્રીએ તેનો તિરસ્કાર કર્યો; અને કહ્યું કે ભુંડા, બીજી જગાએ શા માટે જાય છે? પેલા પુરૂષે કહ્યું કે પુરૂષ તો ભ્રમર છે. આ પછી પેલી સ્ત્રી પણ એક દિવસ ગોદડું લઈને રાત્રે ચાલી, ત્યારે પુરૂષે કહ્યું કે કયાં જાય છે? ત્યારે સ્ત્રીએ કહ્યું. ભ્રમરી છું, મારી ઈચ્છા આવશે ત્યાં જઈશ. પુરૂષે કહ્યું કે તો પણ ગોદડું શા માટે લઈ જાય છે? ત્યારે સ્ત્રીએ કહ્યું કે તમે તો જયાં જાઓ ત્યાં તમારા માટે ગોદડું પાથરી મેલે, પણ મારે માટે કોણ પથારી કરે ? આમ કળા કરીને પેલા પુરૂષની કુટેવ છોડાવી.

વિવેચન-આ ઉપરથી શિખામણ લેવાની કે આપણે જેવી રીતે વર્તીએ, તેવી રીતે આપણાં સંબંધી પણ વર્તે. માબાપનું દેખે, તેવું વર્તન બાળકો પણ કરે; માટે માબાપોએ અને મોટેરાંઓએ ઉત્તમ વર્તન રાખવું જોઈએ; જેથી સંબંધીઓ સર્વમાં તેની અસર પડે; અને ગૃહસંસાર ભક્તિમય અને અલૌકિક અનુભવાય. વળી કોઈને ખોટી ટેવ પડી હોય તો આવી રીતે કળા કરીને છોડાવવી; કહેવા કરતાં કળાથી કામ સારૂં થાય છે.

### * પ્રસંગ–૮ *

**સેવક આજ્ઞાકારી ને વિવેકી જોઇએ :–** એક પુરબીયો ચાકર રાખ્યો હતો, તેને વૈદ્યને ઘેર મોકલ્યો. તે એક બે ડગલાં જઈને પાછો આવ્યો અને કહ્યું કે સાહેબ, મને વારંવાર શા માટે પગ તોડાવો છો? તમો તો એવા છો કે મરી જવાના છો; તે મરી જશો, મને શા માટે મોકલો છો ?

વિવેચન—આ ઉપરથી સમજવાનું કે ચાકર રાખવો તે પ્રભુની ટહેલ જાણીને આપણું કામ કરે એવો રાખવો. સામા બોલો ન રાખવો. બીજું, આપણા દુઃખે કંટાળીને બીજાને આપણે હેરાન ન કરવાં; ધીરજથી પ્રભુ પર વિશ્વાસ રાખી પડતાં દુઃખ સહન કરવાં, વિવેક, ધૈર્ય અને આશ્રય ગ્રંથમાં કહ્યાં પ્રમાણે ખૂબ સહનશીલતા રાખવી. નવરત્ન સ્તોત્રનો વિચાર કરશે એટલે શાંતિ રહે.

### * પ્રસંગ–૯ *

**જીવને સહેજ તસ્દી પણ ભારે પડે છે:–** એકવાર આપશ્રી બોલ્યા કે, એક જણને દમનો વ્યાધિ થયો હતો, તેને તેની સ્ત્રી ખવરાવતી હતી, તે વખતે પણ તે હાંફતો હતો. એટલે સ્ત્રીએ કહ્યું ખવરાવું છું તો હું, ને તમે હાંફો છો શા માટે? આ સાંભળી પેલો પુરુષ બોલ્યો કે ચાવે છે કોણ તારો બાપ? મતલબ કહેવાની કે ચાવતાં પણ આને ભાર પડે છે.

વિવેચન—ખરેખર, જીવનો સ્વભાવ જ આવો છે. આપણી જીભ આખો વખત નવરી જ રહે છે, પણ આપણે પ્રભુનું નામ નથી લઇ શકતા. લગાર જીભ હલાવતાં પણ તસ્દી પડે છે. જપ કરવામાં ધનદામ કંઇ બેસતું નથી, છતાં જીવ પ્રભુના જપ નથી કરી શકતો. જીવની સ્થિતિ આ દમીલા જેવી છે.

## * પ્રસંગ-૧૦ *

**શ્રી પુરૂષોત્તમનો અનુભવ**-એકવાર એક વૈષ્ણવે કહ્યું કે જે રાજ, આપશ્રી પૂર્ણ પુરૂષોત્તમ છો, એટલે શ્રી ગોકુલેશે કહ્યું કે તમારી મારામાં શ્રદ્ધા અને પ્રેમ છે, તે પૂર્ણ પુરૂષોત્તમ છે.

વિવેચન—આ વચનામૃત બહુ રહસ્ય સૂચક છે. ભક્તિ એ બુદ્ધિનો વિષય નથી, પણ હૃદયનો વિષય છે. અને તેથી જ્ઞાન વગરનો માણસ ભકિતમાન હોઇ શકે. પણ હૃદય વગરનો માણસ ભકિતમાન ન હોઇ શકે. હૃદયશીલ માણસ સર્વ જ્ઞાન પારંગત છે. પ્રેમી હૃદય પોતાના પ્રેમીમાં પૂર્ણ પુરૂષોત્તમપણું અનુભવે. બુદ્ધિવાવાદી આ વાત ન સમજી શકે. મંદિરમાં સાક્ષાત પ્રભુ બિરાજે છે પણ જેનું હૃદય એ સ્વરૂપને પુરૂષોત્તમ તરીકે અનુભવે છે, તેવીજ આસકિત તેમાં હોય છે. આમાં જ્ઞાનનો સંબંધ નથી, આથી જ મહાપ્રભુજી કહે છે કેઃ

**ज्ञानिनामपि वाक्येन न भक्तं मोहयिष्यति**

જ્ઞાનીના વાકયથી કદી પણ ભકિતમાન જીવ મોહ પામતો નથી, મતલબ:કે હૃદયશીલ માણસ જ્ઞાનીનાં વચનોથી કદી પોતાના પ્રભુથી ચલાયમાન નથી થતો. ખરેખર, જેણે શ્રી મહાપ્રભુજીમાં અને અન્ય સ્વરૂપોમાં પ્રભુત્વનો અનુભવ કર્યો છે, તેવાઓને દિવ્ય સ્વરૂપોની નિંદાથી કદી પણ તે સ્વરૂપોમાંથી ચલાયમાન થતા નથી. શીશુપાલની ગાળોથી સભામાં બિરાજેલા ભીષ્મ, વિદુરજી વગેરે ભકતોની શ્રીકૃષ્ણ પરની શ્રદ્ધા ચલાયમાન ન થઈ, ઉલટો શીશુપાલ જ નાશ પામ્યો. માટે હૃદયશીલને જ્ઞાનનો મોહ નથી હોતો, પણ પોતાના પ્રિયતમ પ્રભુનો જ મોહ હોય છે. તેમને જ્ઞાનનો ઉપદેશ ઝેર છે. શ્રી ગોપીજનનો અને ઉદ્ધવનો પ્રસંગ અહીં યાદ કરવાથી સ્પષ્ટ ખુલાસો થઈ જશે. ગોપીજનના હૃદયદ્રવિત પ્રેમ આગળ ઉદ્ધવજીનું જ્ઞાન ગળી ગયું. હૃદયશીલ માણસ પાસે જ્ઞાન પણ હૃદયમાં ભરેલા પ્રેમરસમાં ઓગળી જઇ નાશ પામે છે. એક પ્રભુ સિવાય બીજી બાબતનું ભાન જ ન રહેવું એ ફળ દશા છે. ફળ દશામાં ફળનો અનુભવ કે સ્વાદ ચાખવાનો છોડીને જ્ઞાનનાં થોથાંને કોણ અડાય? પુષ્ટિમાર્ગ એ માર્ગ નથી, પણ ફળ છે. હૃદયની પ્રેમવેલીનું અલૌકિક સ્વાદવાળુ ફળ તેજ પુષ્ટિ. પુષ્ટિ એટલે પ્રભુનું ભકત પાસે કૃપા કરીને સાક્ષાત પ્રકટ થવું.

## * પ્રસંગ-૧૧ *

યોગ્યતા પ્રમાણે સોંપણી કરવીઃ-શ્રીજીએ રોહિણી બેટીજીને શિખામણ દીધી, અને કહ્યું કે આપણા ઘરમાં બીજું કોઇ કાંઈ સમજતું નથી, તું એકલી પ્રવીણ અને ડાહી છે. જેમ આપણા ઘરની મર્યાદા છે, તેમ કરજે. એટલા માટે કહું છું કે આ વર્ષમાં આસુર વ્યામોહ કરવું છે. આ વાત શ્રી વિઠલરાયજીને કહેશો નહિ.

વિવેચન-ઘરની મર્યાદામાં પ્રવીણ હોય તેને જ જરૂર પડયે ઘર સોંપવું કે જેથી મર્યાદા જળવાઈ રહે. વળી મોટા પુરૂષોને ભૂત, ભવિષ્ય ને વર્તમાન કાળની ખબર હોય છે. તેથી તેઓ પ્રથમથી જ વ્યવસ્થા પોતાના અલૌકિક ગૃહ વ્યવહારની કરી લે છે, વળી

આવી વાત ખાસ અંગતને જ કહેવાય તથા જે સમજીને સહન કરી શકે, તેને જ કોઈ ગુપ્ત વાત કહેવાય. એ વાત પણ આ પ્રસંગ પરથી સમજાય છે.

*** પ્રસંગ – ૧૨ ***

**અણસમજથી કરેલાં દુષ્કાર્ય, સત્કાર્ય ફળ તો આપે જ** – એક દિવસ કોઈએ કહ્યું કે મન વિનાનું લીધું કર્યું કાંઈ દોષ નહિ. ત્યારે શ્રીજીએ કહ્યું, કે મન વિના વિષ ખાઓ જોઈએ, મરો છો કે નહિ, અને મન વિના ઘી ખાઓ છો તો પુષ્ટ થાઓ છો કે નહિ.

વિવેચન–કેટલાક કહે છે કે અજાણતાં પાપ થઈ જાય તો લાગે નહિ. તેમણે આ વચનામૃત વિચારવા જેવું છે. જેમ કોઈક અજાણતા પણ ખરાબ કામ થઈ જાય, તો ભોગવવું જ પડે છે, વળી અજ્ઞાની છતાં જો પવિત્ર કામ કરે, તો તેનું ફળ સારૂં જ આવે છે, જાણે કે અજાણે પણ પ્રભુનું નામ દેવાઈ જેમ રૂના ઢગલામાં ચીનગારી પડે તો, ઢગલો બળી જાય છે તેમ પાપોનો ક્ષય થઈ જાય છે. માટે પ્રભુનું નામ ક્ષણવાર પણ ન ચુકવું. સદા જ સદા પવિત્ર કામો જ કર્યા કરવાં.

*** પ્રસંગ – ૧૩ ***

**પ્રભુના નામથી કે માલાજીના સ્પર્શથી પણ વસ્તુ પ્રસાદી થાય છે:**– એક વૈષ્ણવ પાસે ચરણામૃત ખૂટયું, આથી તેણે ઉપવાસ કર્યા. આ વાત શ્રીજી આગળ થઈ, ત્યારે આપે કહ્યું કે, કંઠમાં માળાજી હતાં તેનો સ્પર્શ કરાવીને કેમ પ્રસાદ ન લીધો ? ભૂખ્યો શા માટે રહ્યો ? એક તો માળા પ્રસાદી છે. શ્રીઅંગનો સ્પર્શ છે, વળી ભકતપણું છે. ભકતનું આધિદૈવિક સ્વરૂપ કરી કંઠમાં ધરી છે, માટે બેઉ માલાના ચરણામૃતમાં સિદ્ધ થાય.

વિવેચન– પ્રભુ ભકત વત્સલ છે. ભકતને ભૂખ્યો જાણી પોતે દુઃખી થાય છે, માટે આવે વખતે પ્રભુના સુખનો વિચાર કરીને દીર્ઘદૃષ્ટિ વાપરી સંપ્રદાયની મેંડને બાધ ન આવે તેમ પ્રસાદ લેવો. પ્રભુનું નામ પણ સ્વરૂપાત્મક છે. કોઈ અસમર્પિત વસ્તુ પાસે પ્રભુનું નામ દેતાં પણ પ્રભુ નામ રૂપે પણ આરોગે છે. રસ્તામાં જતાં તરસ લાગી હોય તો ડોલચી વડે જળ કાઢી પ્રભુનું નામ સ્મરીને પી શકાય છે. તાદૃશી ભક્તની દૃષ્ટિ વડે પણ પ્રભુ આરોગે છે. આ વસ્તુ બહુ જ ઝીણી છે.

*** પ્રસંગ-૧૪ ***

**માલાજીના સ્પર્શથી વસ્તુ પ્રસાદી થાય છે**–વળી એકવાર રવજીભાઈ ઉમરેઠીયો અને સુરજી મારગમાં કાફલાથી વિછુટા પડયા, અને ચરણામૃત તો કાફલામાં રહ્યું. તેઓ બીજે દહાડે ભેગા થયા. આથી ચરણામૃત વગર બે ઉપવાસ થયા. આ વાત ગોકળભાઈ આગળ કરી, ત્યારે એમણે પણ ઉપર પ્રમાણે જ કહ્યું, કે માલાનું ચરણામૃત શા માટે ન લીધું ? ભૂખ્યા શા માટે રહ્યા ?

*** પ્રસંગ-૧૫ ***

**અન્યાશ્રયથી વિપરીત ફળ મળે:**– એક દિવસે શ્રી ગુસાંઈજીને કોઈએ પૂછ્યું, કે મણિના આવવાથી રૂડું થાય, તે તો ઉલટું ભુંડું થયું ! ત્યારે પોતે કહ્યું કે શ્રી ઠાકોરજી ઉપરથી ચિત્ત ઘટયું અને મણિ ઉપર શ્રદ્ધા થઈ આથી વિપરીત થયું.

વિવેચન– જે વસ્તુના આવવાથી પ્રભુ ઉપરથી ચિત્ત ઘટે, તે વસ્તુથી કદી ભલું થાય નહિ. વળી ધન એ માયા છે, આથી તે આવતાં માયાવી થઈ જવાથી પ્રભુને વિસરી જવાય છે અને ધનમાં જ તકરારો રહેલી છે. સનકાદિક ઋષિયો પણ વૈકુંઠના સ્ફાટિક મણિના કોટ જોઈને પ્રભુને ભુલી ગયા, અને તે જોવામાં ચિત્ત લાગી ગયું, આ કારણથી જ જય અને વિજયે તેમને વૈકુંઠમાં જતા બાજ્યા

હતા. માટે જે વસ્તુથી પ્રભુમાંથી ચિત્ત ઉઠે, તે વસ્તુનો સંગ દુઃખદાયક છે એમ જાણવું; તે વસ્તુ જ આસુરી છે.

*** પ્રસંગ- ૧૬ ***

શરિરના સંબંધ કરતાં આત્માનો સંબંધ જ ખરો છેઃ– એક દિવસે કહ્યું કે. ચતુર્ભુજ શેખર સારસ્વત બ્રાહ્મણ શ્રીગુસાંઈજીના સેવક હતા. એકવાર અકબરે તેમની સરાહાના કરી ત્યારે બિરબલે કહ્યું કે એ તો મારો ચાકર છે એની શાની પ્રસંશા કરો છો? ત્યારે અકબરે ચતુર્ભુજ શેખરને કહ્યું, કે શું તમે બીરબલની ચાકરી કરી છે? ત્યારે તેમણે જવાબ આપ્યો કે પ્રભુ સિવાય મેં કોઈની પણ ચાકરી કરી નથી.

વિવેચન-ભકત કદી ઉદર પોષણ કે નિર્વાહ માટે કોઈની નોકરી કરે છે પણ તેનો આત્મા તો સર્વ રીતે માત્ર પ્રભુનો જ સેવક હોય છે. ભકત નિર્વાહ માટે ગમે તેને ત્યાં સંબંધ રાખે પણ તેનો આત્માનો સંબંધ તો ઇશ્વર સાથે જ હોય. એની વાણી તો પ્રભુના જશ ગાય છે. દયારામભાઈની પણ એવી પ્રતિજ્ઞા હતી કે પ્રભુ વગર બીજાના ગુણ ગાવા નહિ.

*** પ્રસંગ – ૧૭ ***

ભગવદ્વેશ એ ભક્તનો નિર્વાહ છે–એક માધવગઢનો રાજા વાઘેલો રામચંદ્ર એવો ધર્મચુસ્ત હતો. કે મ્લેચ્છ સાથે સંભાષણ કરે તો સ્નાન કરે. તેના પિતાનું નામ વીરભાન હતું; આ વીરભાનને શ્રીમહાપ્રભુજીને મળવા આકાંક્ષા બહુ જ રહેતી હતી. એકવાર શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમ ક્ષેત્રમાં બીજીવાર પધાર્યા; ત્યારે રાજાએ માર્ગમાં આવીને ખૂબ ટહેલ કરી. શ્રીઆચાર્યજી ધોતી ઉપરણાં સાથે સહજ હંમેશા પ્રમાણે બિરાજ્યા હતા; આ રાજાની સાથે પંડિતો રહેતા હતા; તે સર્વ સાથે આવ્યા હતા. આ પંડિતોએ એક યુક્તિપૂર્વક પ્રશ્ન પૂછ્યો. માલા ઉપરણા, ઉપવીત આપે ધારણ કર્યું હતું તેથી પૂછ્યું કે આ બધું શું? ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે સર્વ નિર્વાહ શ્રુતિ સ્મૃતિ અને શ્રીભાગવત છે.

**ઉપવીત વેદ ઉપરના પુરાત; માલા ભાગવત, એ ત્રણ દેખ ય કહ્યુ સુસ કત વચન.**

આ પછી શ્રીમહાપ્રભુજીને ફરી પૂછ્યું કે (સર્વસભા વચ્ચે) અમે એમ સાંભળ્યું છે કે તમે શ્રીભાગવતની ટીકા કરી છે. એ વાત સત્ય છે. ત્યારે પંડિત બોલ્યા શ્રીભાગવતની ટીકા કરી તેમાં શું કઠણ છે? ત્યારે શ્રીમહાપ્રભુજી બોલ્યા કે વેદ વેદાંત અને શાસ્ત્ર પુરાણ મેં જોયાં તો સર્વમાં શ્રીભાગવત બરાબર કોઈ કઠણ નથી. ત્યારે પંડિતે કહ્યું, શ્રીભાગવતમાં શો કઠિન પ્રકાર છે? ત્યારે આપે કહ્યું કે તમારે બોલવાની ગમત છે. હવે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે, એક શ્લોકનો અર્થ અમને કહો. (શ્રીઠાકોરજી પ્રકટ થયા ત્યારે) **अथ सर्व गुणोपेतकालः परमशोभने ॥** આ કહી પોતે કહ્યું કે કાલ પરમ શોભિત શાથી થયો? મહા કનિષ્ઠ ભાદરવો માસ, વળી ચતુર્માસ કૃષ્ણપક્ષ દક્ષણાયનના સૂર્ય, આઠમ અધીરાત અને બુધવાર.

શ્રી રઘુનાથજી પ્રકટ થયા ત્યારે સર્વજ રાજયોગ હતો, એવો યોગ તો શ્રીકૃષ્ણના પ્રાકટ્ય સમે એક પણ નહિ. તો આવા કાળનો શો ઉપયોગ? શ્રીશુકદેવજી તો શોભન [અલૌકિક રૂપાળો] કાલ કહે છે. આ વચન સાંભળી આશ્ચર્ય થયું પંડિતોએ નીચું ઘાલ્યું કશો ઉત્તર ન આવડયો; એમાં ઉંધું ઘાલ્યું. આથી રાજાએ કહ્યું કે એ શું જાણે? મહામુઢ છે. શ્રીમહાપ્રભુજી, તમે કહો. ત્યારે પોતે શ્રીમહાપ્રભુજીએ કંઈ વિવેચન કર્યું;

આથી રાજા સાંભળીને બહુ પ્રસન્ન થયો; નમન કરીને ખૂબ સ્તુતિ કરી વિનયપૂર્વક ખૂબ નમ્ર વચન બોલ્યો. આથી શ્રીમહાપ્રભુજી અત્યંત પ્રસન્ન થયા. રાજાને પ્રીતિ પૂર્વક શ્રીભાગવતના એક શ્લોકનો અર્થ કહયો; આ શ્લોકનો અર્થ છ મહિના સુધી ચાલ્યો તો પણ અંત ન આવ્યો. આ રાજાના પિતાનું નામ વીરસિંહદેવ હતું. ભક્તિમાર્ગીય ઘણો પ્રેમી વૈષ્ણુવ હતો; કંઇ પણ અભિમાન હતું નહિ. આ રાજાની વાત ઘણીવાર શ્રીમુખે કહી. જલઘરમાં વૈષ્ણુવ પાસે ઉભા છે સ્નેહની વાત ચાલી, ત્યારે પોતે આ વાત કહી.

**વિવેચન**– પંડિતાઈથી ભગવત્સ્વરૂપ નથી સમજાતું. એ આ પ્રસંગ ઉપરથી સમજાય છે. જે ઉપરથી સહેલું જણાય તે અંદરથી સહેલું ન હોય, માટે જેમ બને તેમ નવું નવું જાણવાની આકાંક્ષા રાખવી. શ્રીમહાપ્રભુજી સરસ્વતીના પતિ છે એટલે સર્વ પ્રકારનું સંપૂર્ણ જ્ઞાન પોતાને જ છે. પોતે નિકુંજ નાયક હોવાથી સર્વ રસિક છે. આથી જ આપશ્રીની કૃપાથી જ શ્રીભાગવતના ગૂઢાર્થ કંઇક સમજાય.

## * પ્રસંગ–૧૮ *

**સ્નેહથી મરેલું એ જીવતું થાય** :-એકવાર વીરસિંહદેવ મૃગયા રમવા ગયો હતો; તેની જ્ઞાતિનો વાઘેલો રાજા રામચંદ્ર વીરસિંહદેવનો મિત્ર હતો. તે પણ મૃગયામાં સાથે હતો. તે રામચંદ્રને મૃગચર્મ પહેરાવીને તેમાં બેસાડયો, ને વીરભાન સો મૃગને ઘેરીને લાવ્યો; અને તે રામચંદ્ર પણ તે મૃગના ટોળામાં છે. આ વખતે વીરભાન રાજાએ મૃગ ઉપર શર માર્યું, પણ કોઈ મૃગને વાગ્યું નહિ. અને ઉલટું રાજાના મિત્ર રામચંદ્રના ઉરમાં વાગ્યું, આથી વાગતા તરતજ પ્રાણુ નીકળી ગયા. આ બાણુ વિષ ભરેલું તિક્ષણુ હતું. આ અવસ્થા રાજાએ જાણી એટલે રાજા બહુજ જલદીથી તેની પાસે ગયો. જઈને જોયું તો મિત્રમાં તો પ્રાણુશ્વાસ કશું છેજ નહિ. આ જોઈ રાજાની આંખમાંથી ચોધાર આસું વહ્યાં જાય છે; આ પ્રમાણે રાજાના રડવાથી પેલાનો જીવ ઉગર્યો. આ વાત સાંભળી સર્વ વૈષ્ણવ સભાને આશ્ચર્ય થયું; અને પંચોળીએ પૂછયું કે મહારાજ, સ્નેહથી પ્રાણુ ગયા તો સાંભળ્યા છે પણુ આવતા સાભળ્યા નથી; ત્યારે શ્રીજીએ કહ્યું કે આમાં કેટલીક વાત એવી છે કે જેના વડે મરે, તેના વડે જીવે સાચો સ્નેહ જોઈએ.

**વિવેચન**–આ ઉપરથી જણાય છે કે ભગવદીયને દયા આવે, તો મરેલું પણુ જીવતું થાય. એ વસ્તુ તદ્દન સત્ય છે. પ્રભુ ભગવદીયના આસું નથી જોઈ શકતા. આથી જે કારણુસર ભક્તને અશ્રુપાત કરવો પડે છે તે કારણુ પ્રભુ પોતે તરત જ દૂર કરે છે. આ વસ્તુ બહુ જ સૂક્ષ્મ વિચારની છે. અનુભવ વગર સમજાય તેવી નથી. શ્રદ્ધાથી સમજી શકાય ખરી. જીવ સ્નેહમાં મરે છે ને સ્નેહથી જીવે છે. અહીં સ્નેહથી જીવે છે. ભગવદીયની દયા સ્નેહનું સ્વરૂપ છે માટે જ દયાથી જીવે છે.

## * પ્રસંગ–૧૯ *

**લોભ એ પાપનું મૂળ છે** :- શ્રીગોકુલનાથજી ભોજન કરીને સજ્યાપર બિરાજ્યા; ત્યારે પોતે કહ્યું કે લોભ છે તે મહાપાપ રૂપ છે. ત્યારે કૃષ્ણુદાસભાઇએ કહ્યું કે રાજ, યથાર્થ છે. લોભ એવો નઠારો છે. તે ઉપર પોતે શ્રીગીતાનો શ્લોક કહયો; અર્જુનને શ્રીકૃષ્ણે કહ્યું કે જેમ લોભે કરીને સર્વ ગુણ માર્યા જાય છે; તેમ લોભે કરીને મેં આ સૌ માર્યા છે.

વિવેચન-લોભ એ કનિષ્ટમાં કનિષ્ટ દુર્ગુણ છે. લોભીમાં સદ્ગુણ હોય તો તે પણ ઢંકાઈ જાય છે. લોભી માણસ વિવેક તો સાચવી શકે જ નહિ. કૌરવોએ રાજ્યનો લોભ કર્યો. તો શ્રીકૃષ્ણે ઉપર રહીને મરાવ્યા. વળી લોભી કૌરવોનો પક્ષ કરનાર ભક્ત કર્ણ સતીઆ દ્રોણ અશ્વત્થામા અને ભીષ્મ પણ મરાયા અને તે શ્રીકૃષ્ણ પ્રત્યે પ્રેમવાળા હોવા છતાં મરાયા. માટે લોભ એ ભક્તિમાર્ગમાં મહાબાધક છે એમ સમજવું.

* પ્રસંગ-૨૦ *

ક્ષણે ક્ષણે વિચારવું કે પ્રભુ શું કરે છે- એકવાર શ્રી ગુસાંઈજી બિરાજ્યા હતા અમે સર્વે બાળકો પણ પાસે બેઠા હતા, ત્યારે શ્રીગુસાંઈજી દાદાએ સામે જોઈને કહ્યું કે અત્યારે શ્રી ઠાકોરજી શું કરે છે? ત્યારે કોઈએ જવાબ ન દીધો આથી મેં દાદાજીને કહ્યું કે કંઈક તો કહો. ત્યારે આપ કહે શું કહીએ? કોઈ બોલ્યું નહિ ત્યારે વળી શ્રી ગુસાંઈજીએ કહ્યું કે એ વસ્તુમાં જે પેસે, તે જાણે. જે પેસે નહિ તે શું જાણે?

વિવેચન-પ્રભુમાં પેઠા હોય તે જ પ્રભુ કયે સમયે કઈ લીલા કરે છે તે જાણે છે. ભાવ કે આર્તિ વગર આ વસ્તુ જાણી શકાતી નથી. પુષ્ટિ રસ મેળવવામાં ભાવ જ પ્રધાન છે. જેઓ તેના ખાસ અધિકારી છે તેઓ ક્ષણ ક્ષણની ભગવદ્લીલાનો સાક્ષાત અનુભવ કરી શકે છે.

* પ્રસંગ-૨૧ *

પ્રભુની કૃપાએ પ્રભુ મળે, જીવના સાધને નહિ:-એકવાર પંચોળીએ પૂછ્યું કે રાજ. હું નિત્ય દોઢ પાશેર ઘી ખાઉં છું. અને કેડ બાંધીને હિંડુ તો બાર ગાઉ કાપી નાખું; પણ રાજ, આપ જ્યારે શ્રીજીદ્વાર પધારો છો ત્યારે સાથે અવાતું નથી, અને અહીં રહીને રાજ વિના સુખ પણ મળતું નથી. રહ્યા રહ્યા તરફડ્યા કરીએ છીએ તો પણ અવાતું નથી. ત્યારે આપે કહ્યું કે જેને નિરખવા જઈએ, તેના મનમાં આવે, તો દર્શન આપે, શ્રીજી પોતે ધારે કે એ મને આવીને દેખે, તો અવાય, પોતાના બળે ન અવાય.

વિવેચન-આપણા બળથી પ્રભુનાં દર્શન થતાં નથી, પ્રભુ કૃપા કરે તોજ દર્શન દે, પ્રભુ વિચારે તો જીવનું કામ થાય. જીવના સાધનનું પ્રભુનાં દર્શનમાં કંઈ જ ગજુ નથી, માટે અનન્યાશ્રયે રહી વિશ્વાસ રાખી નિઃસાધન અને દીન બનીએ તો ભગવત્કૃપા થાય. પ્રભુ જેના ઉપર કૃપા કરે તેને જ પોતે વરે છે, ને સાક્ષાત આનંદનું દાન કરે છે.

* પ્રસંગ-૨૨ *

વ્રજની બધી ચીજો લીલાત્મક છે - એક દિવસે વાતને પ્રસંગે કહ્યું કે અહીંના (વ્રજના) કાગડાઓની પણ સદ્ગતિ છે, જે ગતિ બ્રહ્માદિકને પણ અન્યસ્થાને નથી.

વિવેચન:-વ્રજમાં સર્વ વસ્તુ લીલાત્મક છે, જેની જેવી યોગ્યતા તેવી યોનિ તેને વ્રજભૂમિમાં મળે છે. પણ તે સર્વ ભગવત્સંબંધી છે. માટે તે સર્વની ગતિ ઉત્તમ છે, કાગડો એ અધમ વાણીનું પ્રાણી છે, છતાં તેની પણ વ્રજના સંબંધથી ઉત્તમ ગતિ છે તો ઉત્તમ યોનિવાળા જો વ્રજનો આશ્રય કરે તો કહેવું જ શું?

* પ્રસંગ-૨૩ *

પગે અડેલી ચીજ પ્રભુને ન ખપે:-એકવાર કલશ ભરીને ગ્રહણને દિવસે માંચી ઉપર મૂક્યો. ત્યાંથી ગડુવો ભરતાં જળ વિઠ્ઠલરાયજીના પગ નીચે ઢળીને આવ્યું, આથી બધી

ગાગરોનું જળ નાખી દેવરાવ્યું. કારણ કે પાદશોષ થયું માટે પ્રભુને ન ખપે.

વિવેચનઃ-ગડુવો ભરતાં જળ ઢળ્યું, ને તે ચરણ નીચે આવ્યું, તેથી ગડુવામાંનું જળ પણ પાદશેષ એટલે ચરણને અડતાં વધેલું ગણાયું. સેવામાં બહુ જ સાવચેતી આવી બાબતોની રાખવી જોઈએ. ખબર ન પડે એવા સૂક્ષ્મ અપરાધો પડે છે, માટે સેવા બહુ સાવધાનીથી કરવી જોઈએ, પણ અપરાધના ડરથી સેવા મૂકવી ન જોઈએ. સેવા કરે તેના અપરાધ પડે, ન કરે તેના શું ? પ્રભુ તેવા અપરાધ ગણતા નથી. પણ ખૂબ સાવધાનતા રાખવી જોઈએ.

## * પ્રસંગ – ૨૪ *

દૈવીજીવ દૃષ્ટિ પડતાં આત્માના સંબંધીને ઓળખી શકે છે :- એક દિવસે કહયું કે, એક રાઘવ તપો ગોડીયો હતો, તે તિબારી કુંડમાં રહેતો હતો. એક દિવસે આપ ત્યાં પધાર્યા, ત્યારે દર્શન કરીને શરણે આવ્યો.

વિવેચન-આ પ્રસંગ ઉપરથી એટલું જ વિચારવાનું છે, કે જે જીવ લીલાત્મક છે, તે દર્શન કરતાં જ પ્રભુમાં આસક્ત થઈ શરણુ સ્વીકારી લે છે. પૂર્વેનાં આત્માનાં ઓળખાણુ અથવા સંબંધ તરત જ પરખાઈ જાય છે, ને જીવ શરણમાં પડી જાય છે. આ નિવેદન સર્વોત્કૃષ્ટ છે, તે આત્મનિવેદન કહેવાય.

## * પ્રસંગ-૨૫ *

અધિકારીજ ભગવદ્રસ પી શકે છેઃ- એક દિવસે પોતે કહ્યું કે, કૈલાસમાં મહાદેવને પાર્વતીએ પૂછયું કે, તમે નિત્ય ભજન કરો છો, તે મને કહો. આથી બન્ને પછી પૃથ્વી પર આવ્યા. અને વનમાં એકાંતે બેસીને કહ્યું. હવે, આ ભજનની વાત કહી ત્યારે ત્યાં એક સુવો એટલે પોપટ હતો, તે ઉડયો, આ વખતે મહાદેવે કહ્યું કે, રસ લઈ ગયો. તેથી ખસીઆણા થઈને દોડી ગયા. આ સુવો (શુક) ઇંદ્રલોકમાં ગયો. તેને ત્યાં રાખ્યો તે શુકદેવજી.

વિવેચન-ભગવદ્વાર્તામાં સાંભળનાર કોઈ મુખ્ય હોય પણ રસ લેનાર તો ગમે તે હોય. અહીં મહાદેવજી પાર્વતીને વાત કહે છે. ને તે વાતનો રસ ત્યાં બેઠેલો સુવો લઈ ગયો. મતલબ કે અધિકારી વાત ગ્રહણ કરી શકે છે. ફળના રસનો ભોકતા સુવો છે, ને તે સારામાં સારા ફળનો ભોકતા છે, તેમ શુકદેવજી પણ સર્વ વેદ શાસ્ત્રોના સારરૂપ શ્રીમદ્ભાગવતના રસના ભોકતા છે.

## * પ્રસંગ – ૨૬ *

કામ વગર, સામગ્રી થાય ત્યાં ઉભા રહેવુ નહિઃ-એક દિવસે કહ્યું કે શ્રી બાળકૃષ્ણજીનો સ્વભાવ તદ્દન સુકુમાર (સુકોમલ) છે, તેથી સવારે ભૂખ લાગે; તેથી ગોપીવલ્લભના સમયનો ભોગ આવે. તે પ્રસાદ શ્રીબાળકૃષ્ણજી લે. એકવાર અચવન કરીને રાજભોગ આવ્યા છે; તે વખતે માંહિભીતર આવ્યા. ત્યારે શ્રી ગુસાંઇજીએ કહ્યું કે અહીં વ્યર્થ શા માટે ઉભા છો ? કામ વિના ઉભા રહેવાનું કશું પ્રયોજન છે ? શ્રીઠાકોરજીની વસ્તુપર તમારી દૃષ્ટિ પડે માટે બહાર જાવ. આવી મર્યાદા છે, માટે કામ વગર અહીં ઉભા રહેવું શા માટે ? શ્રીઠાકોરજીની સામગ્રીમાં દૃષ્ટિ પડે.

વિવેચન-આ પ્રસંગ બહુ જ વિચારવા જેવો છે. શ્રીગુસાંઈજી શ્રીઠાકોરજીની સામગ્રી પર કોઈની દૃષ્ટિ ન પડે માટે બહાર જવાની આજ્ઞા કરે છે, માટે વૈષ્ણવોએ શ્રીઠાકોરજી માટે જે સામગ્રી કરવી તે એકાંતમાં કરવી, કે જેથી કોઈની દૃષ્ટિ ન પડે, તેવા જીવની દૃષ્ટિ પડે, તો સામગ્રીમાં શ્રીઠાકોરજી ન

આરોગે. આ પ્રસંગ શ્રી ગુસાંઈજીએ જીવોને ખાસ શિખામણ માટે કહ્યો હોવો જોઈએ. મલીન દૃષ્ટિ સામગ્રીમાં મલીનતા ઉત્પન્ન કરે છે; આનેજ નજર લાગી કહે છે. આ બાત કોઈને મશ્કરી જેવી લાગશે; પણ દૃષ્ટિની અસર ભારે છે.

*** પ્રસંગ-૨૭ ***

ભકત પ્રભુનું જ સુખ વિચારે છે: એકવાર નિરપેક્ષ ભકિત પર વાત ચાલી ત્યારે આપે કહ્યું કે નારાયણદાસ બ્રહ્મચારી અંત સમયે શ્રી ઠાકોરજીની પાસે બેઠા હતા; ત્યારે શ્રીઠાકોરજીએ કંઈક અનુભવ જણાવ્યો; અને કહ્યું કે કશું માગ. ત્યારે નારાયણદાસે કહ્યું કે શું માગું? હવે તો એવું માગું છું કે આપ શ્રી ગુસાંઈજીને ઘેરે પધારો; ત્યાં સેવા કરાવો. મનનો આશય નારાયણદાસનો એ કે બીજાને ઘેર શું સુખ મળે? આ વખતે આજ માગ્યું, બીજું કાંઈ માગવાની ઇચ્છા નહિ.

વિવેચન- ભકતો પ્રભુનું જ સુખ વિચારે. પ્રભુએ માગવાનું કહ્યું, ત્યારે શ્રીઠાકોરજીને પોતાને સુખ થાય એજ માગ્યું; આ ઉપરથી સમજવાનું કે પુષ્ટિભક્ત સદા પ્રભુના જ સુખનો વિચાર કરે. એને રાતદિવસ પોતાના પ્રભુના જ સુખના વિચાર આવે.

*** પ્રસંગ-૨૮ ***

**મોટા પ્રભુના સુખના વિચારે વર્તે છે:-** એકવાર જન્માષ્ટમીને દિવસે એક નારાયણદાસ બ્રાહ્મણ હતો, તેણે શ્રીજીને પૂછ્યું કે મહારાજ જન્માષ્ટમી નિરાહાર કહી છે? ત્યારે શ્રીજીએ કહ્યું કે હા. ત્યારે તેણે કહ્યું કે રાજ બીડા લ્યો ત્યારે આપે ના કહી. ત્યારે પેલાએ કહ્યું કે કોઈવાર તો દેખીએ છીએ ત્યારે શ્રીજીએ કહ્યું કે તેં દીઠું હશે અમે તો દીઠું નથી. પેલાના કહેવાનો ને પૂછયાનો આશય એ હતો કે, ઉત્સવ સમે શ્રીજી બીડી આરોગે છે અને શ્રીજીના કહ્યાનો ભાવ એ હતો કે ઉત્સવ નિમિત્તે ગાયનને (કીર્તનને) માટે લઇએ છીએ, વ્રત મધ્યે નથી લેતા. એણે તો વ્રત નિરાહાર પૂછ્યું. માટે ભગવત્કાર્યમાં ભગવત ઉપયોગી સર્વ કાર્ય કરીએ છીએ.

વિવેચનઃ- ઉત્સવમાં કીર્તનનો રાગ સારો આવે ને પ્રભુ પ્રસન્ન થાય માટે બીડું શ્રીજી લે છે, આ સમજ્યા વિના પેલા બ્રાહ્મણે કહ્યું, આ ઉપરથી સમજવાનું કે મોટા જે કરે તે સાર્થકજ હોય. તેમાં જીવબુદ્ધિએ સમજણ ન પડે તો પણ દૃષ્ટિ ઉંચી રાખી ભગવદિચ્છા વિચારવી. મોટા પ્રભુના સુખના વિચારે કામ કરે છે.

*** પ્રસંગ-૨૯ ***

**કૃપા હોય તો જ પ્રભુ અનુભવ જણાવે :-** એકવાર શ્રીગુસાંઈજીને આપને અનુભવ થયો. એકવાર અચાનક શ્રીગુસાંઈજી શ્રીગોકુલેશને ત્યાં ગયા, અને જઇને રેવાલ ઘોડો તૈયાર કરાવ્યો, અને બેઉ જણ શ્રીઠાકોરદ્વાર પધાર્યા. ભંડારીને આજ્ઞા કરી કે ચામરવડી આપજે, અને ખવાસને આજ્ઞા કરી કે સાથે લેજે. શ્રીઠાકોરદ્વાર અનવસરમાં આવી પહોંચ્યા. પિતા પુત્રે વિશ્રામ કર્યો, જરા નેત્ર મળ્યાં. ત્યારે શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીને કહ્યું. કે હું તો ભૂખ્યો છું. ત્યારે શ્રીગુસાંઈજીએ તરતજ ઉઠીને ખવાસને પૂછ્યું કે કશું સાથે લાવ્યા છો કે નહિ? ત્યારે ચામરવડી ખવાસે હાથમાં આપી. શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને કહ્યું. કે ઉપર જઈને જલદી પાક સિદ્ધ કરી લાવો. પ્રથમ વડી ભુંજીને ચામરવડી કરી. ઉત્થાપન કરીને ભોગ સમર્પ્યો, અને તિબારીમાં આવી બેઠા. ભીતરીયા પ્રચારક સર્વેને પૂછ્યું કે આજે શું હતું કે શ્રીનાથજી આરોગ્યા નહિ? ત્યારે ભાઉ ભીતરીયે કહ્યું કે નેક તો સૌ નિત્યની

પેઠેજ થાય છે, કશી ન્યૂનતા નથી. પણ થાળ લઈ જતાં કૃષ્ણદાસ અધિકારીની દાસીની દૃષ્ટિ પડી હતી. ત્યારે પોતે આજ્ઞા કરી. સવારથી લઇને સેનભોગ સુધીની સામગ્રી સિદ્ધ કરો. સેનભોગ પછી પ્રથમ ભોગના ડબરાં અને ભાતવડી શ્રીજી લઈને નીચે ઉતર્યા. ઉતરતાં શ્રીગુસાંઇજીએ જોયા ત્યારે પૂછયુ કે, આટલો પ્રસાદ કેમ લીધો ? શ્રીજીએ કહ્યુ કે થોડો છે. ત્યાર પછી પિતાપુત્રે ભોજન કર્યું. તે હસી હસીને સર્વે લીધું. કહ્યુ કે બીજું વધારે હોત, તો વધારે પણ લેત.

વિવેચનઃ- પ્રભુની કૃપા હોય તો પ્રભુ અનુભવ જણાવે. પોતે ભૂખ્યા હતા, વાત શ્રી ગુસાંઇજીને જણાવી. શ્રી ગુસાંઇજી પણ સમજી ગયા ને સવારથી સાંજ સુધીની સામગ્રી તૈયાર કરાવી. આ પ્રસાદીમાં કોઇ અલૌકિક સ્વાદ આવ્યો. આમ શ્રી ઠાકોરજી અનુભવ જણાવે તો જાણવું કે ભગવત્કૃપા થઈ, કોઈવાર પ્રસાદ લેવામાં બહુ આનંદ અને સ્વાદ આવે, તો જાણવું કે આજે પ્રભુ બહુજ ઉમળકાથી સામગ્રી આરોગ્યા છે.

## * પ્રસંગ – ૩૦ *

**વસ્તુનો અંગીકાર નથી. પ્રેમનોજ છે** – એકવાર શ્રીજીએ કહ્યુ કે અમે સહરાનપુર ગયા હતા. ત્યાં એક છીપા વેણીદાસ હતા. તેમને કોઇએ કહ્યુ કે નીલરંગ હોય તે અહીં (સેવામાં) કામ ન આવે. તે મારી પાસે એક છીટનો પરકલો લાવ્યો પછી કહ્યું કે રાજ મેં એવું સાંભળ્યું છે કે રંગીન નીલરંગનું વસ્ત્ર કામ ન આવે ? ત્યારે મેં કહ્યું કે રંગનો દોષ નથી ત્યારે તેણે કહ્યું કે એક પરકાલો બીજો પણ છે. જો આજ્ઞા હોય તો લઈઆવું ! ત્યારે મેં કહ્યું કે તારે ક્યાં નકામું દોડવું પડે ? ત્યારે તેણે કહ્યું કે રાજ, હું દોડવા લાયક છું. આ ભાવ સાંભળીને ઘણી પ્રસન્નતા થઈ.

વિવેચન-વેણીદાસ છીપા એક મહાનુભાવી ભગવદીય હતા. નીલારંગનું વસ્ત્ર ઉપયોગમાં ન આવે, પણ તે મહાભાવિક હોવાથી તેનો શ્રીજીએ અંગીકાર કર્યો. પુષ્ટિમાર્ગ ભાવપ્રધાન માર્ગ છે. વળી બીજો પરકાલો લેવા જવાને કહયું ત્યારે શ્રીજીએ કહયું કે તમારે દોડવું પડે. ત્યારે વેણીદાસે કહ્યુ કે હું દોડવા લાયક છું. મતલબ કે હું સેવક છું એટલે આપની કોઈપણ પ્રકારની સેવા કરવાને લાયક છું આથી શ્રીજી પ્રસન્ન થયા. પુષ્ટિમાર્ગમાં પ્રેમનું પ્રાધાન્ય છે વસ્તુનું નહિ એ સ્પષ્ટ છે.

## * પ્રસંગ- ૩૧ *

**નામ પાડવામાં પણ ચતુરાઈ રાખવી :-** જ્યારે શ્રીજીએ શ્રીજીદ્વારમાં પોતાના વિવાહની વાત પોતે શ્રી મુખે કરી તેથી ઘણા વૈષ્ણવોને મહા આનંદ થયો આથી વૈષ્ણવોએ મન ભાવતી ભેટો કરી. આ વખતે જ્યારે સુંદરદાસ ગાંધીની સ્ત્રી નાગા ભાભી ભેટ કરવા આવ્યાં ત્યારે અધિકારીએ કહ્યું કે મહારાજ નાગા ભાભી ભેટ કરે છે. ત્યારે શ્રીજીએ ટોક કરી કે નાગા ભાભી શું તમે વસ્ત્ર પહેર્યાં નથી ? ત્યારે કહ્યું ના રાજ વસ્ત્ર તો પહેર્યાં છે. પણ કોઇએ એવું નામ ધર્યું છે.

વિવેચન—શ્રીજી બચપણમાં બહુ વિનોદી હતા. મોટપણના હાંસી પ્રસંગમાં તો લહેરની અવધિ છે. આ ઉપરથી સમજાય છે કે એવુ નામ પાડવું કે જેની ટીકા ન થાય, ને પ્રભુનો સંબંધ યાદ આવે; વૈષ્ણવોએ પ્રભુનાં સંબંધવાળાં જ નામ પાડવાં જોઈએ, કે નામ દેતાં પ્રભુ જ યાદ આવે.

*** પ્રસંગ – ૩૨ ***

પ્રભુના નિમિત્ત વગરનું કાર્ય બાધક છે – શ્રીમહાપ્રભુજી ગુજરાત પધાર્યા હતા; ત્યારે ખડગામના સંતદાસે પ્રશ્ન પૂછયો કે કોઈ ભગવદીય વહેવારમાં રચ્યા–પચ્યા રહે, અને અનેક અપરાધ પડયા કરે, તો કંઇ બાધક થાય કે નહિ. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે ઉત્તમ ભગવદીય જે વહેવાર કરે છે, તેથી કંઇ બાધક નથી, તેનું દ્રષ્ટાંત કહ્યું કે જેમ મહા પ્રસાદમાં ઘી ઘણુંય લે છે, છતાં જીભને સ્પર્શ થતો નથી, જે શ્રીપ્રભુનિમિત્ત વિના વહેવાર કરે છે, તેને વહેવાર બાધક થાય. જેમ ઘી પાત્ર ઉપર પડે તો ચીકણું થાય. ડીલે લાગે તો તે ચીકણું થાય; તેમ જે કોઈ પ્રભુ નિમિત્ત વિના જે જે કામ કરે તે બાધક થાય.

વિવેચન–ખરેખર, પુષ્ટિભગવદીયનો ગૃહ વહેવાર ભક્તિમય છે; એટલે તેને તે બાધક નથી; પણ સાધક છે. જો પ્રભુ નિમિત્ત વિના સ્વાર્થ માટે વહેવાર કરે તો બાધક થાય. ભક્તનો સર્વ વ્યવહાર યજ્ઞમય છે. ભક્તનું નો દરેક કાર્ય પણ યજ્ઞમય જ છે, બાધક નથી.

*** પ્રસંગ–૩૩ ***

પ્રથમના ને હાલના જીવોમાં તારતમ્ય:– કોઈ એક સમયે શ્રીજીને શ્રીદેવકીનંદજીએ પ્રશ્ન પૂછયો; કે રાજ; પૂર્વના જીવ વર્યા છે તે, અને હમણાના વર્યા છે તે, જુદા છે કે, માંહેજ છે? ત્યારે શ્રીજીએ કહ્યું કે પૂર્વે અંગીકાર કર્યા, ને હમણા કીધા છે, તે બેઉ એકઠા જ રહે છે. ત્યારે શ્રી દેવકીનંદજીએ પૂછયું કે, તેનું તારતમ્ય શી રીતે જણાય? ત્યારે શ્રીજીએ કહ્યું કે પૂર્વના ભગવદીય હશે તે વિષય રહિત હશે, ને સંગથી દૂર રહેશે. તેને જશોદાનંદન પૂર્ણ પુરૂષોત્તમ હૃદયમાંહે રમી રહે છે. તેનામાં અચલ આનંદ છે, તેને વ્યામોહ લીલા દૃષ્ટિએ પડતી નથી, તેની દશા સ્વાભાવિક હોય છે, તેમને કોઈ શીખવતું નથી. હમણાના વર્યા છે, તે સ્નેહ રહિત હશે. તે વિષય ઉપર આસક્ત હશે, તે વાતવાતમાં પરાધીન બનશે, અને ભગવદીયો સાથે વિરોધ કરશે. તેમનામાં પરમાર્થ બુદ્ધિની હાનિ હોય. જે કોઇ સેવા કરશે, અને વ્યમોહલીલા ગાઈને જીવશે, તેને આનંદ પુષ્ટિભાવ નહિ આવે. તથા મર્યાદાની લીલાઓ ગાઇને મર્યાદા ભક્ત સાથે પ્રસન્ન થશે. આ બેઉ પ્રકારની લીલા સૃષ્ટિ અહિં જ છે, ભાવ આવ્યે જણાય.

વિવેચન–પૂર્વના ને હાલના ભગવદીયમાં તારતમ્ય બતાવે છે, તે સમજવા જેવું છે. આ પ્રસંગ ઉપરથી ભગવદીય પોતાની સ્થિતિ સમજી શકે છે. સ્વાભાવિક પ્રેમ અને કૃત્રિમ પ્રેમમાં તારતમ્ય છે. માહાત્મ્ય જાણીને સેવા કરવી. અને પ્રભુના સુખને માટે સેવા કરવી એ બેમાં મોટું તારતમ્ય છે. પ્રભુના સુખ માટે સેવા કરવી એ તદ્દન નિર્ગુણ સેવા છે. સ્વાર્થને માટે કે કોઇ પણ પ્રકારની કામના રાખીને સેવા કરવી એ સકામ સેવા હોઈ પુષ્ટિમાર્ગીય નથી. સ્વાભાવિક સેવા તેજ પુષ્ટિસેવા છે.

*** પ્રસંગ–૩૪ ***

અસમર્પિત લેવું મહાદોષ છે – એકવાર સંતદાસે શ્રીમહાપ્રભુજીને પૂછયું કે, જે કોઇ અસમર્પિત લે છે, તેને કેટલો દોષ લાગે? વળી જે કોઇ ભગદ્વાર્તા ચૂકીને બીજી વાર્તા કરે તેને કેટલું બાધક થાય, તે કહીએ. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે શ્રીરઘુનાથજી મર્યાદા પુરૂષોત્તમ હતા. હવે રાવણના મસ્તક છેદ્યાં, ત્યારે લોથ પડવા માંડી. ત્યારે શબ્દ થયો, કે મારૂ કૃત કોણ કરશે? ત્યારે શ્રીરઘુનાથજીએ કહ્યું કે, તે તો

મેં પ્રથમ પ્રકટ કીધું છે; જે કોઈ માણસ અસમર્પિત લેશે, તે તારૂં કૃત કરશે, તે સદા સૂતકી રહેશે. અને ભગવદ્વાર્તા વિના રહસ્ય જે કોઇ બીજો જશ બોલશે, તે તારી મોંકાણ કરશે. એનો અર્થ એ કે તારે (રાવણને) નામે રોશે.

વિવેચન:–જેઓ ઇશ્વરને સમર્પણ કર્યા વગર કંઇ પણ લે છે, તેઓને અહીં આસુરીનું કૃત કરનારા જણાવ્યા છે. માટે વૈષ્ણવે અસમર્પિત કંઈપણ લેવું નહિ; જો સ્વરૂપ સેવા ઘેર હોય તો તો ઠીક, અથવા જો હોવા છતાં બધી સામગ્રી ન ધરાતી હોય તો છેવટે ચરણામૃત પધરાવીને પણ લેવું જોઈએ. ચરણામૃત પણ ન હોય તો તુલસીજીનાં માળાંજીને પણ સ્પર્શ કરાવીને પ્રસાદ લેવો. વળી ભગવાનના નામ વડે પણ પ્રભુ અંગીકાર કરે છે. કારણ કે પ્રભુનું નામ પણ સ્વરૂપાત્મક છે. માટે છેવટે પ્રભુનું નામ દઈને પણ વસ્તુનો ઉપયોગ કરવો જોઈએ. આમ સમર્પણની રીતનો ને સમયનો વિચાર કરીને તે પ્રમાણે વર્તીને પણ અસમર્પિતનો ત્યાગ કરવો.

## * પ્રસંગ – ૩૫ *

**ભગવદ્લીલા હાલ ભૂતળ પર છે** –કોઈ એક સમયે રઘુનાથદાસે શ્રીમહાપ્રભુજીને પૂછ્યું કે મહારાજ, પુરૂષોત્તમ અહીં પ્રકટ છે. તો ત્યાં શું છે? ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે એ સર્વ સમાજ અહિં જ છે.

વિવેચન–આ વચનામૃત બહુ જ સૂક્ષ્મ વિચારનું છે. નિત્ય લીલામાંથી પુષ્ટિસૃષ્ટિ અત્યારે ભૂતળ પર પ્રકટ થઈ છે; એવું શ્રીમહાપ્રભુજીના કથનનું હાર્દ છે. જ્યારે દિવ્યદ્રષ્ટિ થાય, ત્યારે આપણને હાલની જ પુષ્ટિસૃષ્ટિ સાક્ષાત લીલાત્મક ભાસે, નિર્ગુણ દ્રષ્ટિ કે પ્રેમદ્રષ્ટિ આ અનુભવ કરી શકે.

## * પ્રસંગ – ૩૬ *

રસિક ભક્તનો સંગ એજ ફળ છે:– એક સમયે શ્રીગોકુલેશે કહ્યું કે શ્રીગુસાંઈજીએ શ્લોક લખીને એક પુસ્તકમાં મુકયો હતો તે નીચે મુજબ છે.

त्वदंतरंगभक्तानां पदसदास्यं निरंतरम् ।
त्वदीयानां परमफलमनेन नेतरम् ॥

એનો ભાવ શ્રીજીએ કહ્યો કે, આ શ્રીગુસાંઇજીની શ્રીઠાકોરજી પ્રત્યે પ્રાર્થના છે, અને તે સાક્ષાત શ્રીગોકુલેશ પ્રત્યે કરી છે. (શ્રીગોકુલેશ એટલે શ્રીગોકુલપતિ નંદનંદન કે યશોદોત્સંગલાલિત સમજવા,) કે હું તમારો છું. તમે મને પોતાનો કીધો. તેનું પરમફળ તો એ છે કે કોઈ તમારૂં છે, તેની સાથે તમારે અંતરાય નથી, રસલીલા છે, આવા આપના અંતરંગ ભક્તનું દાસત્વ આપો. જ્યાં તેવા ભક્તો રહે છે, ને જ્યાં તમારૂં નિજ સ્વરૂપ રસાત્મક રહે છે, એ પરમફળ અંતરંગ ભક્તો પાસેથી જડે છે, અન્યત્ર નથી, માટેજ ભકતનું દાસત્વ તે પરમ ફળ છે, અન્ય ફળ તે પરમ ફળ નથી માટે મને તે આપો.

વિવેચન-અહીં શ્રીગુસાંઇજી શ્રીઠાકોરજી પાસે વૈષ્ણવનું દાસત્વ માગે છે, અને તે પણ શ્રીગોપીજનવલ્લભ શ્રીગોકુલેશનું દાસત્વ કરનાર સેવકનું દાસત્વ માગે છે. કારણ કે શ્રીઠાકોરજીનું શ્રીગોકુલેશ સ્વરૂપ રસાત્મક આનંદાત્મક છે. તે ભકતો પાસે છે, શ્રીગોકુલેશમાં વિવિધ પ્રકારની રાસાદિક લીલા કરનાર શ્રીકૃષ્ણનું સ્વરૂપ. આ સેવા માગવાનું તારતમ્ય એ છે કે, ભગવાન પોતે પોતાનું મહાત્મ્ય જણાવતા નથી, પણ ભકતની મારફતે જણાવે છે. ભકતના હૃદયમાં બિરાજીને પોતાની લીલાઓનું ગાન પ્રભુ પોતે કરે છે. ને એ રીતે ભકતને પોતાનું માહાત્મ્ય જણાવે છે. આ લીલાઓ જો ભગવદ્વાર્તા કહેનાર ભગવદીય

પર અત્યંત પ્રીતિ હોય તોજ સ્ફુરે છે, ને અનુભવ આવે છે. માટે ભગવદીયોપર અત્યંત પ્રીતિ રાખવી જોઈએ; શ્રીઠાકોરજી કરતા ગુરૂમાં વધારે અને ગુરૂ કરતા ભગવદીયમાં વધારે પ્રીતિ રાખવી, કે જેથી ભગવદીય મારફતે શ્રીગુરૂદેવનું અને શ્રીઠાકોરજીનું સ્વરૂપ જણાય, અને શ્રીગુરૂદેવ મારફતે શ્રીઠાકોરજીના સ્વરૂપની ખબર પડે છે. શ્રીગુરૂદેવ પણ પોતાના મુખે પોતાનું મહાત્મ્ય નજ જણાવે. પોતાના અંતરંગ ભકતોના હૃદયમાં અલૌકિક રીતે બિરાજીને અન્ય સેવકોના કલ્યાણ માટે પોતાનું સ્વરૂપ ખુલ્લું કરે છે, માટે પુષ્ટિમાર્ગનું, શ્રીઠાકોરજીનું અને શ્રીગુરૂદેવનું સ્વરૂપ સમજવા ભક્તના પ્રત્યે પ્રીતિ રાખી સત્સંગ કરવો.

## * પ્રસંગ-૩૭ *

**પ્રેમના પ્રકાર. આરૂઢ પ્રેમ શ્રેષ્ઠ છે :-** એક દિવસે કહ્યું કે સ્નેહ ચાર પ્રકારનો છે- (૧) વિષયીસ્નેહ (૨) સહજસ્નેહ (૩) માહાત્મ્યસ્નેહ (૪) આરૂઢસ્નેહ શ્રીઠાકોરજીની સેવા ભજન કોઈ કોઈ કરે છે, તે માહાત્મ્ય જાણીને કે મોટા જાણીને કરે છે. આરૂઢ સ્નેહ હોય તો તરત અંગીકાર કરે. આરૂઢ સ્નેહ તો પરસ્પર વિના હોય નહિ. આરૂઢસ્નેહથી તો જીવ શ્રી ઠાકોરજી સાથે રસબસ થઈ જાય. જ્યારે શ્રીઠાકોરજી કૃપા કરે, ત્યારે જીવને આરૂઢ સ્નેહની પ્રાપ્તિ થાય.

વિવેચનઃ- ઉપર સ્નેહના ચાર પ્રકાર જણાવ્યા છે. અલૌકિક સ્નેહ પણ ચાર પ્રકારના છે, તેમાં સૌ કરતાં ઉત્તમ સ્નેહ આરૂઢસ્નેહ કહયો છે. આરૂઢસ્નેહ એટલે જેમ નિરસો ચડયો તે ઉતરે જ નહિ, તેમ સ્નેહનું ઘેન ઉતરે જ નહિ. સદા બન્યો બનાયો રહે, તે આરૂઢસ્નેહ કહેવાય. જેને કેટલાક પ્રભુસંબંધી વિષયી સ્નેહને ઉત્તમ સ્નેહ કહે છે; તેને તો સૌથી ઉતરતો ગણ્યો છે. પ્રભુ પ્રત્યેનો વિષયીસ્નેહ પણ ઉતરતો છે, તો મનુષ્ય પ્રત્યેનો તેવો સ્નેહ અધમ હોય તેમાં નવાઈ નથી. આરૂઢસ્નેહ ભગવત્કૃપા હોય તોજ મળી શકે, માહાત્મ્ય સ્નેહ માહાત્મ્ય જાણવાથી થઇ શકે. સહેજ સ્નેહ તો નવરાશ મળે તો પ્રભુનાં દર્શન કે ભજન કરીએ નહિ તો કંઈ નહિ. આ સ્નેહ સહેજ કહેવાય, સહેજનો અર્થ ઠીકઠીક છે. તાદશી ભગવદીયોનો સ્નેહ આરૂઢ સ્નેહ છે.

## * પ્રસંગ-૩૮ *

**પ્રભુનો નિઃશ્વાસ તે વેદો છેઃ-** એક સમયે કલ્યાણ ભટને પોતાની ઇચ્છાએ શ્રીજીએ એક અદ્ભુત વાત કહી. પોતે કહ્યું કે ઇશ્વરની અનંત વિભૂતિઓ છે. તે વિભૂતિરૂપ માંહિની કોઈ એક રૂપની સૃષ્ટિ ઉપર એક વાર એવી કૃપા થઈ કે આ સૃષ્ટિનું દુઃખ શી રીતે મટે, એમ વિચારી નિસાસો મૂકયો. એ નિસાસાના સામર્થ્યમાંથી વેદ પ્રકટ થયા. આ વેદથી સૃષ્ટિ પોતાનું હિત અહિત જાણવા લાગી અને જાણીને તે પ્રમાણે વર્તવા લાગી. આથી તેનું ભલું થાય છે તેમાંના કેટલાક ભગવાન વ્યાસ, નારદાદિ શુકદેવજી સરખાની કૃપાથી શ્રીભાગવત પ્રકટ થયું, તેથી લોકો ઈશ્વરને જાણવા લાગ્યા. તેમાંના કેટલાક ભાગ્યવાન જીવો પુષ્ટિનો અનુભવ પામ્યા. તેથી ભગવાન નંદ-જશોદાનો અનુભવ પામ્યા. આટલા સુધી શાસ્ત્ર વેદ પુરાણ શ્રીભાગવત અને ગીતાદિક છે હવે આગળ અમારી ગમ્ય (સુજ) નથી. "ગોવિંદ તિહરો સ્વરૂપ નિગમ નેતિ નેતિ ગાવે" એવા પ્રકારનું શ્રુતિનું વચન છે. સાક્ષાત શ્રીપુરૂષોત્તમ સ્વરૂપ એથી અગમ્ય છે. તે થકી કોઈ એક ભાગ્યવાન સાક્ષાત પૂર્ણપુરૂષોત્તમનો અનુભવ પામ્યા.

શ્રીપુરૂષોત્તમના પ્રકાર ઘણા છે. અનુભવ પણ ઘણા છે, તેમાં વિવેક એ છે કે; કોઈ એક કહેતા સાથે અનુભવ પામે છે. તે જાણે છે કે જેની હું છું, તે લીલા પુરૂષોત્તમ મારા છે. વળી એમ જાણે છે કે જેની હું છું, તે મારાથી અળગું નથી એવી રીતે આપણા પ્રભુ પુરૂષોત્તમ પર સ્નેહ કરે કે પોતાના દુઃખને દુઃખ જાણે નહિ. પ્રભુના સુખમાં પોતાનું સુખ જાણે છે. આ વસ્તુ કેવળ અનુગ્રહથી અનુભવાય છે.

અનુગ્રહથી જ પૂર્ણપુરૂષોત્તમની યોગ્યતા અનુભવાય છે, જેના પર પૂર્ણ અનુગ્રહ થાય તેને સ્નેહ થાય, અને એ સ્નેહથી કૃપા થાય, કૃપાથી અનન્યતા થાય અને અનન્ય થાય તે દિવસે તદાત્મ થાય અને તદાત્મ થાય એટલે અંગીકારની ઢીલ નહિ.

વિવેચન—આમાં મૂળથી જીવને ઇશ્વરનું અને સત્યાસત્યનું જ્ઞાન શી રીતે થયું તે આપ્યું છે. શ્રીપુરૂષોત્તમ સ્વરૂપ તદ્દન અગમ્ય છે; તે પણ આમાં શ્રીગોકુલેશ જણાવે છે. શ્રી ગોકુલેશ પોતે કહે છે, કે હવે આગળ અમારી ગમ્ય નથી. તો જે જીવો પોતે ' અહં બ્રહ્માસ્મિ " બની બેઠા છે તેમની તો વાત જ શી! અહીં શ્રીગોકુલેશ પોતાની દીનતા સ્પષ્ટ કરે છે. નિગમ નેતિ નેતિ શબ્દ કહે છે, તેથીજ તેનો પ્રભુના સ્વરૂપનું કંઈક ભાન છે એમ સમજી શકાય. પ્રભુના સંપૂર્ણ સ્વરૂપને શ્રુતિઓ નથી જાણતી, તેથી નેતિ નેતિ શબ્દ બોલે છે. જેમ ખંભાતના દરીયા કિનારે કે મુંબઈના દરીયા કિનારે ઉભેલાને સમુદ્રનું તો જ્ઞાન છે, પણ સંપૂર્ણ સમુદ્રનું જ્ઞાન નથી, તેમજ શ્રુતિઓને પણ પ્રભુના સ્વરૂપનું કંઈક જ્ઞાન છે; પણ સંપૂર્ણ નથી. માટે નેતિ નેતિ શબ્દ વાપરે છે. શ્રીગોકુલેશ પોતે પણ એમજ કહે છે. " એથી આગળ ગમ્ય અમારી નથી." એનો અર્થ એ કે કંઈક લીલાત્મ પૂર્ણપુરૂષોત્તમને અમે જાણીએ છીએ, પણ સંપૂર્ણપણે જાણતા નથી, કારણ કે પ્રભુની લીલાઓ અનંત છે. નિત્યલીલા નિત્ય નૌતમ શ્રુતિ ન પામે પાર " શ્રીવલ્લભાખ્યાનમાં ગોપાળદાસજી કહે છે. તેનું કારણ આ જ છે.

## * પ્રસંગ-૬૯ *

વસ્તુની કિંમત તેના ગુણ પ્રમાણે છેઃ-એક સમયે શ્રીગોકુલનાથજીએ પોતાની ઇચ્છાએ કૃપા કરીને કલ્યાણ ભટને કહ્યું કે એક રાજાની સભામાં બે રત્ન આવ્યાં, એક મોટું અને એક નાનું હતું, તે રત્ન રાજાએ દીઠાં; એટલે રાજાએ સભાના લોકોને પૂછ્યું કે બે રત્નનું મૂલ્ય કરો; ત્યારે સભાએ મોટા રત્નનું મૂલ્ય વધારે કહ્યું, ને નાના રત્નનું મૂલ્ય ઓછું કહ્યું આથી રાજાએ વિચાર કર્યો; કે આ લોકોનું બોલવુ પ્રમાણ નથી. રત્નની પરીક્ષા આ લોકો શું જાણે? જવેરી હોય તે જાણે. ત્યારપછી જવેરીને બોલાવીને પૂછ્યું, કે આ રત્નનું તારતમ્ય કહો. ત્યારે તેમણે મોટા રત્નનું મૂલ્ય ઘણું કહ્યું, અને પછી કહ્યું કે નાનાનું તો મૂલ્ય થઈ શકે એમ નથી મૂલ્ય થઈ શકે એવું હોય તો કહીએ. ત્યારે રાજાએ કહ્યું કે મોટા રત્નનું મૂલ્ય વધારે થવું જોઈએ; અને નાના રત્નનું મૂલ્ય થોડું કહેવું જોઇએ, છતાં તમે આમ કેમ કહો છો? ત્યારે જવેરીઓએ કહ્યું કે રાજાજી, મૂલ્ય તો ગુણ ઉપર છે છોટાઈ મોટાઇ ઉપર કીંમત નથી, છોટામાં ગુણ ઘણા છે; અને મોટામાં ગુણ થોડા છે માટે મોટું રત્ન પણ કીંમતી તો છે. પણ નાનાની તો કીમત થઈ શકે તેમ નથી. ગુણ વિચારે જોઇએ તો છોટું રત્ન મોટું છે ને મોટું છે તે છોટું છે. છોટાઈ અથવા મોટાઈની કીંમત ગુણ ઉપર છે. આ સાંભળી રાજા પ્રસન્ન થયો અને કહ્યું કે એ વાત સત્ય છે, ત્યારે કલ્યાણ ભટે પૂછ્યુ

કે રાજ, કંઈ સમજણુ પડતી નથી. (મહારાજ રાજાનું સ્વરૂપ તથા રાજાના લોકોનું સ્વરૂપ અને ઝવેરીનુ સ્વરૂપ રત્ન મોટાનું સ્વરૂપ તથા રત્ન નાનાનું સ્વરૂપ.) રાજ જણાવો તો જાણીએ. ત્યારે શ્રીમુખે બોલ્યા કે. રાજાનું સ્વરૂપ તો ભગવદીયોનું તારતમ્ય સમજવાનો ઉદ્યમ કરે તો રાજાનું સ્વરૂપ જાણે, પ્રથમ ભગવદીયનું તારતમ્ય જાણીએ. ઝવેરીનું સ્વરૂપ તો તેજ કે જે ઉત્તમમાં ઉત્તમ ભગવદીય કે જે ભગવદીયના તારતમ્યને સારી રીતે જાણે. મોટા રત્નનું સ્વરૂપ તે ભગવદીય દાતા અને છોટા રત્નનું સ્વરૂપ તે ભગવદીય ભિક્ષુક. ભિક્ષુક દાતાથી લઇને પોતાનો નિર્વાહ કરે. વળી કલ્યાણ ભટે વિનંતી કરી કે મહારાજ ઉત્તમ ભગવદીય તારતમ્યને સમજે તે ઝવેરીને અતિ ઉત્તમ ભગવદીય કહયા અને દાતાને ન્યૂન કેમ કહયો; અને ભિક્ષુકને અધિક કેમ કહયો ? રાજ, તે ભાવ અમને કહો. ત્યારે પ્રાણનાથજીએ કહયું કે અલૌકિક દૃષ્ટિએ જોતાં દાતા છે; તે ભિક્ષુક છે અને ભિક્ષુક છે તે દાતા છે. બીજાને આપે તે દાતા કહીએ. જે પોતાના ઘરમાં રાખે તે ભિક્ષુક કહીએ. જયારે ભગવદીયનું પોતાના આત્મા પરનું વહાલ તૂટે, અને તે સ્નેહ જઇને પ્રભુના આત્મા પર ચોટે છે; ત્યારે શ્રીપ્રભુજીના ભગવદીયનો જે આત્મા તે પોતાનો આત્મા થાય છે. જ્યારે કોઈ ભગવદીય શ્રી પ્રભુને તથા ભગવદીયને કોઇ વસ્તુ સમર્પે છે; અને પછી પોતાના ઘરમાં રાખે છે, તે દાતા ન હોય. દાતા કહેતાં જે વસ્તુ બીજા ભગવદીયના આત્માને સમર્પે તે પોતાનાજ આત્માને સમર્પ્યું એમ જાણે. પોતાના આત્માએ તે વસ્તુનો ઉપયોગ કર્યો હોય ને જેટલો આનંદ થાય તે કરતાં પણ તે વસ્તુ બીજા ભગવદીયના ઉપયોગમાં આવે તો તેથી અધિક આનંદ થાય તે દાતા ભગવદીય. દાતા ન હોય તે પોતાનાજ ઘરમાં રાખે, માટે જે દાતા છે તેજ ભિક્ષુક કહીએ છીએ, જ્યારે ભગવદીય પોતાના આત્મપરનો સ્નેહ કાઢીને શ્રીપ્રભુના પર તથા ભગવદીયનો જે આત્મા ત્યાં સ્નેહ રાખે છે, ત્યારે શ્રીપ્રભુજીનો તથા ભગવદીયનો જે આત્મા તે પોતાનો આત્મા થાય છે. અહીં પોતાનો આત્મા તે પરનો આત્મા થાય છે, તેનું કારણ એ છે કે તેવા ભગવદીયને પોતાનાં આત્મા પર સ્નેહ નથી. વળી જે જે શ્રીપ્રભુજીનો આત્મા તથા ભગવદીયનો આત્મા તે પોતાનો સ્નેહાત્મા થાય છે. ભગવદીયના સંબંધ તથા વહાલ માટે પ્રથમ જે પોતાના આત્મા પર વહાલ રાખે છે, તેનો એ રીતે શ્રીપ્રભુસંબંધ થાય છે, ત્યારે તેનો પોતનો આત્મા તે બીજા ભગવદીયનો થાય છે. અને તેવો સ્નેહ કરે છે, તે બીજા ભગવદીનો થાય છે અને તેવો સ્નેહ કરે છે, તે બીજા ભગવદીયને આત્મા આપે છે, એટલા માટે ભિક્ષુક તે દાતા કહીએ છીએ. દાતા ભગવદીયનો પોતનો આત્મા તે શ્રીપ્રભુનો તથા ભગવદીયનો થાય છે; આ પ્રમાણે પ્રથમ પોતાના આત્માને પ્રભુનો અને ભગવદીયનો કરનારને પ્રભુ પણ પોતાનો આત્મા આપે છે. પારકો આત્મા તે કોણ ? જે પોતાનો આત્મા પ્રથમ તો પારકા આત્મા માટે આપે તે. માટે ભિક્ષુકને દાતા કહીએ.

વિવેચનઃ—આ પ્રસંગ બહુ જ લાંબો છે, ભાષા પણ જરા સહેલથી સમજાય તેવી નથી, પણ પ્રસંગ બહુ વિચારવા જેવો છે. પ્રથમ તો વસ્તુની કિંમત તેની મોટપણ પર નથી, પણ ગુણ પર છે એમ બતાવે છે. **गुणाः पूजास्थानं गुणाषु न च लिंगं न च वयः ॥** ગુણવાળી વસ્તુઓમાં ગુણો જ પૂજાનું સ્થાન

છે, જાતિ ને ઉમર પર પૂજાનું સ્થાન નથી. આ સ્પષ્ટ થાય છે.

વળી ઉત્તમ ભગવદીય હોય તે જેમ જવેરી હીરાને પારખે છે તેમ ભગવદીયના અધિકારને ઓળખે ને તેના સ્વરૂપને પણ જાણે. જ્યારે સામાન્ય પ્રવાહી માણસો દુનિઆની મોટાઈવાળા જીવને મોટા માને છે.

દાતા અને શ્રોતાનો ભેદ સમજાવે છે. દાતા અન્ય ભગવદીયને ભગવદ્રસનું દાન કરે છે, પણ શ્રોતા વગર તેમ બનતું નથી. માટે શ્રોતાઓ પણ પોતાના શ્રવણના અધિકાર પ્રમાણે વકતાને ભગવદ્રસનુ પાન કરાવે છે. શ્રોતા ઉત્તમ હોય તો ભગવદીયના હૃદયમાં બિરાજેલા પ્રભુ કોઇ અલૌકિક પ્રસંગો ખુલ્લા કરી શ્રોતા વકતા બેઉને મહા રસમાં ડુબાવી દે છે. શ્રીગોકુલેશની પાસે એક ભગવદીય મહા રસિક શ્રોતા આવતા હતા. તેઓ આવે ત્યારે શ્રીગોકુલેશ ઘણીવાર પ્રસંગ છેડતા, અને આવે ત્યારે "આવો પાપી" એમ કહીને તે શ્રોતા રસિકને બોલાવતા. આવા રસિક હોવા છતાં પાપીના શબ્દ સંબોધનથી શ્રીગોકુલનાથજી બોલાવતા હોવાથી એક વૈષ્ણવને શંકા થઈ ને વિનંતી કરી કે રાજ, આવા રસિક ભગવદીયને આપશ્રી પાપી કેમ કહો છો તે સમજાતું નથી. આ સાંભળી શ્રીગોકુલેશે કહ્યું કે, પાપીનો ભાવ એવો છે કે તું ભગવદ્રસ બીજાને પા અને પોતે પી એટલે કે તું નિત્ય આવીને મારી મારફતે બીજાને પા અને તું પી મતલબ કે તું આવે છે તેથી પ્રસંગમાં રંગ જામે છે. પ્રસંગમાં એક રસિક શ્રોતા હોય તો ખરો રંગ જામે, આમ શ્રોતાની રસિકતા ઉપર પ્રસંગના રંગનો આધાર છે.

વળી ઉત્તમ ભગવદીય પોતાના આત્માપર વહાલ રાખે છે, તે પ્રભુ સેવાના તથા ભગવદીયની સેવાના ઉપયોગ માટે રાખે છે, આવા ભગવદીયો પોતાનો આત્મા પણ ઈશ્વરના અથવા ભગવદીયના કરતાં વહાલો કરતા નથી. ત્યારે તેવા ભગવદીયો કરતાં અન્ય ભગવદીયો તથા ભગવાન પણ કંઈ વહાલા ગણતા નથી. આમ અરસપરસ ભગવદીયનો આત્મા તે ઈશ્વરનો આત્મા ને ઈશ્વરનો આત્મા તે ભગવદીયનો આત્મા બની રહે છે, ત્યારે અભેદ રસનો અનુભવ થાય છે, આ વસ્તુ બહુ જ ત્યાગની છે. ઉંચામાં ઉંચી છે.

આવા ભગવદીયો કે જે પ્રભુમાં ને ભગવદીયમાં વિવેકસર પોતાના સર્વસ્વનો વિનિયોગ કરે તેમને ધન્ય છે.

## * પ્રસંગ - ૪૦ *

ગાન અને મોહ પ્રભુ સંબંધી હોય તો ફળરૂપ છે—એકવાર કોઈએ કહ્યું કે, મહારાજ ગાન નીચ કે મોહ નીચ. આ વસ્તુઓમાં કાંઈ દોષ છે ? ત્યારે આપશ્રીએ કહ્યું કે અમૃતનું પાન તો બેઉમાંથી થાય માટે કરીએ, નકામુ હોય તે ફેંકી દઇએ. સારી વસ્તુ તો ગમે ત્યાંથી લઇ લેવી જોઈએ.

વિવેચન:- ગાન અને મોહ એ વસ્તુઓના તારતમ્યમાં શ્રી ગોકુલેશ કહે છે કે, બેઉમાં સ્થાન અને શ્રોતાની યોગ્યતા પ્રમાણે તારતમ્ય છે. પ્રભુ સંબંધી ગાન અને મોહ ઉત્તમ છે, માટે તે તો અમૃત છે, પણ લૌકિક વિષયના ગાન અને મોહ નીચ છે માટે તે ત્યાજય છે. વળી શ્રીગોકુલેશ કહે છે કે ઉકરડામાં પણ રત્ન પડયું હોય તો તે ગ્રહણ કરવામાં વાંધો નથી. તેમ ભગવદ્ જ્ઞાન ગમે તે રીતે ગમે ત્યાંથી સંપાદન કરવામાં વાંધો નથી. હેવી ચીજ ફાવે ત્યાંથી ઉપયોગમાં લેવાય, માત્ર તે ઉત્તમ એટલે હેવી હોવી જોઈએ.

## * પ્રસંગ-૪૧ *

બ્રહ્મસંબંધ જલદી ફળ કેમ આપે ?:- એક વાર શ્રીજીને પંચોળીએ પૂછ્યુ કે મહારાજ એ શુ કે આપ પાંચ દશ જણને સાથેજ તુલશીદલ એટલે નિવેદન આપો છો. છતાં એક ઉત્તમ ભગવદીય થાય છે અને એક એવા ને એવા જ રહે છે, આનું વૃત્તાંત મને કૃપા કરીને કહો. ત્યારે શ્રીજી બોલ્યા કે સાંભળો. નિવેદન પાંચ પ્રકારની કૃપા હોય તો ફળરૂપ નીવડે; (૧) ગુરૂની કૃપા પૂર્ણ હોય, (૨) તે જીવનો ઉદ્યમ હોય, (૩) કોઇ ભગવદીયની કૃપા હોય. (૪) શ્રીપૂર્ણ પુરૂષોતમની કૃપા હોય. (૫) શ્રીસ્વામિનીજીની કૃપા હોય. આ પાંચેની કૃપા હોય તો નિવેદન પૂર્ણ ફળરૂપ થાય. તે કેવી રીતે ? જેમ એક રાજા મોટો છે. તેને ઘણીએ સ્રીઓ છે પણ રાજા ઓળખતો નથી. તેમજ જીવ જાણે છે, કે મેં નિવેદન કર્યું, પણ શ્રીપુરૂષોત્તમ જાણતા નથી. ત્રણ કૃપા તો આવે, પણ બે ન આવે, તે સાંભળો. એક ભગવદીયની ને બીજી શ્રીસ્વામિનીજીની, આ બે કૃપા મેળવવી મુશ્કેલ છે, એ બે આવે તો પાત્ર નીપજે. પણ શ્રીસ્વામીનીજી સામું જુએ નહિ; પણ જેની સામું શ્રીસ્વામિનીજી જુએ; તે મહારસ પાત્ર થાય છે. શ્રીપુરુષોત્તમમાં અઢાર વસા છે, અને શ્રીસ્વામિનીજીમાં બાવીસ વસા છે. શ્રીસ્વામિનીજી સવાયાં છે, દોઢા બમણાં નહિ. સવાઈ વસ્તુ સઘળે જીતે. માટે શ્રીસ્વામિનીજીની કૃપા વિના સર્વ ખોટું. ઉત્તમ મધ્યમ એટલા માટે થાય છે.

વિવેચન- આ વચનામૃત નિવેદન કરવા છતાં અનુભવ નથી થતો તેનાં કારણ બતાવે છે. ઘણા જીવો સાથે નિવેદનમાં પણ તારતમ્ય છે. જીવ નિવેદન કરે છે પણ અન્ય વસ્તુઓ પરની કે બીજી જાતની અહંતા મમતા નથી છોડતો. ઈશ્વર સિવાય બીજી વસ્તુમાં મમતા એજ અન્યાશ્રય છે. એ અહંતા મમતા ચાર કૃપા હોય તો છુટે અને નિવેદન ફળરૂપ થાય. તે કૃપા તે કૃપાઓમાંથી ભગવદીયની અને સ્વામિનીજીની કૃપા મહા દુર્લભ છે. ભગવદીયની અને શ્રીસ્વામિનીજીની કૃપા થાય, તો નિવેદન ફળરૂપ નીવડી તેને શ્રીપૂર્ણ પુરૂષોત્તમનો અનુભવ થાય.

## * પ્રસંગ-૪૨ *

ખરૂં વ્યસન કયું ? – કોઈ એક સમયે શ્રીજીને સંતદાસે પૂછ્યું, કે મહારાજ વ્યસન તે કેવું હોય છે ? ત્યારે શ્રીજીએ કહ્યું કે વ્યસન તો અનેક પ્રકારનાં છે, પણ વ્યસન તો ખરૂં તેજ કહેવાય કે ભગવત્સ્વરૂપ દીઠા વિના ન જ રહેવાય, પળ એક જાય તે યુગ સમાન થાય. તેજ સત્ય વ્યસન કહેવાય.

વિવેચન-વ્યસન કેવું હોય તેના જવાબમાં શ્રીગોકુલેશ કહે છે કે શ્રીઠાકોરજીના દર્શન કર્યા વિના નજ રહેવાય તે ખરૂં વ્યસન. સેવા બે પ્રકારની છે, સાધનરૂપી અને ફળરૂપી. સાધનરૂપી સેવા નવરાસ મળે કે સવડ હોય તો કરી ન કરી તે, અને ફળરૂપી સેવા તો સેવા કે સત્સંગ વિના રહી ન શકાય, જીવ તલપાપડ સેવા ને સત્સંગ માટે તથા ભગવદ્દર્શન માટે થઇ રહે, તો તે ફળરૂપી સેવા છે આવી સેવા, સત્સંગ વા દર્શન તે વ્યસન કહેવાય. જેમ વ્યસનીને વ્યસન ન છુટે, તેમ આ સૌ ન છુટે. સેવા સત્સંગ કે પ્રભુનાં દર્શન વગર વિહ્વળ થાય તે તેનું વ્યસન કહેવાય.

## * પ્રસંગ-૪૩ *

પુષ્ટિ જીવનો અંગિકાર છે છે ને છેજઃ- એક દિવસે કહ્યું કે ભક્ત અને શ્રીઠાકોરજી ત્યાંજ છે, તે નિત્ય છે. ત્યારે પંચોળીએ કહ્યું

કે મહારાજ; ભક્ત તો વિરક્ત છે ભજન પણ કરે છે, એજ લક્ષ છે તો એને આ દેહે પ્રાપ્તિ કેમ થતી નથી? આ શું કે આ દૃષ્ટિએ દેખતા નથી? ત્યારે આપશ્રીએ કહ્યું કે કોઈકને આ બધું હોય છે. (આ દેહે પ્રાપ્તિ પણ થાય છે, ને આ દૃષ્ટિએ દેખાય પણ છે.) કોઈને આજ કોઈને કાલ અને કોઈને દેહાંતરે પણ હોય છે.

વિવેચનઃ- પુષ્ટિમાર્ગમાં જે જીવ આવે છે, તેને સમય અને યોગ્યતા પ્રમાણે અનુભવ થાય જ થાય, અને તેનો અંગિકાર પણ થાય જ થાય. જે દૈવીજીવ શ્રીવલ્લભકુળ દ્વારા બ્રહ્મસંબંધ લે છે તેને ત્રણ જન્મથી વધારે જન્મ લેવા ન પડે. યોગ જીવનો એક જન્મે, કોઈનો બે જન્મે, કોઈનો ત્રણ જન્મે પણ અંગીકાર છે.

## * પ્રસંગ-૪૪ *

**સમય પ્રમાણે ભગવાન સામગ્રી અને સ્વરૂપ લે છેઃ-** એક સમે કલ્યાણ ભટ્ટે વિનંતિ કરી કે કૃપાસાગર, જે સમયે શ્રી પુરૂષોત્તમનું પ્રાકટ્ય વિદ્યમાન છે, ત્યારે દૂરસ્થના સર્વ દોષ દૂર થવા જોઈએ, તો નિકટસ્થિત કૃપાપાત્ર સેવા તત્પર જે સાથે શ્રીપ્રભુવાર્તા કરે, તથા હાસ્યવિનોદ કરે તથા ભોજન કરે, જેમને ચરણામૃતે પોષ્યા, બીજા પણ જેને વિષે ઘણા ઘણા ગુણ છે તેવા ભગવદીયના દોષ કેમ રહે? કેટલાકને ઘણો લોભ, કેટલાકને ઘણો ક્રોધ કેટલાકને ઘણો દ્વેષ, કેટલાકને ઘણું કપટ, કેટલાક મિથ્યાવાદી કેટલાકમાં દશ દોષ, કેટલાકમાં સો દોષ, કેટલાકમાં હજાર દોષ, કેટલાકમાં લાખ દોષ, કેટલાકમાં કરોડ દોષ કેટલાકમાં અનંતદોષ સાંભળ્યાં છે. જાણીએ નહિ પણ છે. એ વાત કેમ સંભવે? પ્રભુના સ્મરણ માત્રથી સર્વ દોષ દૂર થાય તો તેના સાક્ષાત પ્રાકટ્યમાં દોષની સ્થિતિ ન સંભવે, એક વાર નામ દીધાથી અજામીલના સર્વ દોષ દૂર થયા, અને અહીં તો સેવક સાથે ઘણો સંબંધ છે, પ્રભુ પરમ કૃપાનિધાન છે સર્વ સમર્થ છે, સર્વજ્ઞ છે. એવી વિનંતિ સાંભળી શ્રીગોકુલેશ બોલ્યા કે, પ્રભુના નામ માત્રથી જીવના સર્વ દોષ નિવૃત થયા છે, થાય છે, અને થશે. એ પ્રભુનું પ્રાકટ્ય કારણ અને અંતરખે સમજતો, લીલા કે ઇચ્છાએ કરીને સમજો તો સમજણ પડે કે એવું કયું કાર્ય છે કે પ્રભુથી ગુપ્ત રહે અને પ્રભુ ન કરી શકે? ઇચ્છા માત્રે કરી પ્રભુ સર્વ કરવા સમર્થ છે જ્યારે એવી ઇચ્છા થઈ કે ઘોર કલયુગમાં મહાપાપી, દુષ્ટ, અધમ કુટિલ કામી, ખલ કપટી, બહિર્મુખ અને મુરખ લોકમાં પ્રગટ થઈ ક્રીડા કરૂં ત્યારે પોતે પ્રભુ પ્રકટ થયા. તોપણ આવું હોવાથી પ્રભુ પ્રકટ થાય ત્યારે પણ કલિયુગ સત્યયુગ કેમ થઈ શકે? તથા અધમ કેમ ભલા થાય? પ્રભુની તેવી ઇચ્છા તે કેમ ખંડિત થાય? પ્રભુની જેટલી શક્તિ છે, તે સઘળી ઈચ્છા શક્તિની પાછળ છે. ઈચ્છા શક્તિ સર્વથી બળવાન છે. જ્યારે એવી ઇચ્છા થઈ કે વાનરો સાથે ક્રીડા કરૂં, ત્યારે પણ વાનરો દેવતા ન થયા; પણ દેવતાઓ વાનર થયા. દેવતા કેટલાક વાનર થઈ ક્રીડામાં પેઠા. જ્યારે ઈચ્છા થઈ કે ગોવાળ સાથે ક્રીડા કરૂં. ત્યારે ગોવાળો બ્રાહ્મણ ન થયા દેવતા ન થયા પણ દેવતા ગોવાળજ થયા. જ્યારે ઈચ્છા થઈ કે ત્રેતા યુગમાં પ્રકટ થાઉં ત્યારે પ્રગટ થયા પણ ત્રેતાયુગ સતયુગ ન થયો. ત્રેતાજ રહ્યો જ્યારે ઇચ્છા થઈ કે દ્વાપરયુગમાં પ્રકટ થાઉં ત્યારે પ્રકટ થયા પણ દ્વાપરયુગ ત્રેતાયુગ કે સત્યયુગ ન થયો દ્વાપરજ રહયો, તેમ જ્યારે કલિયુગમાં પ્રકટ થવાની ઈચ્છા થઈ ત્યારે પ્રકટ થયા. પણ

કળિયુગ તે કળિયુગ જ રહ્યો. સત્યુગ ન થયો. આવી જ રીતે જ્યારે દુષ્ટ મહાદુષ્ટ સાથે રમવાની ઇચ્છા ભગવાનને થઈ, કે દુષ્ટો મહાદુષ્ટો સાથે રમવું છે, ત્યારે દુષ્ટો ભલા કેમ થાય ? ઇશ્વરેચ્છા સર્વથી બળવાન છે. પણ તે જે વાનર છે, તેને વાનર કરી રાખે છે. તેમ સમજો તો સર્વથી દુષ્ટ છે, તેને દુષ્ટ કરી રાખે. સમજો તો તે અધિક સમજજો. કળિયુગમાં કળિયુગ કરીને રાખે; સમજો તો કલિયુગ સતયુગથી અધિક છે. ઇશ્વર સંબંધી જે સંસારી તે મુક્તથી પણ અધિક છે. પુરૂષોત્તમ સંબંધી જે દુષ્ટ તે પણ ભલાથી ભલા છે. આવી બાબત ચર્મચક્ષુને ન સૂજે. જગદીશ અલૌકિક દ્દષ્ટિ આપે તો દેખે, એમાં કાંઇ સંદેહ નથી.

વિવેચન:–પુષ્ટિભકતમાં પ્રપંચ જેવું જણાય પણ તે દિવ્ય દ્રષ્ટિવાળાને ભગવદિચ્છા કારણયુકત લાગતું હોવાથી સમાન દૃષ્ટિ રહે છે; તે આ વચનામૃત ઉપરથી જણાય છે. ભગવદિચ્છા જ આવી હોવાથી તેવી રીતે પ્રભુ ક્રીડા કરે છે. કલિયુગ આ સમયનો રાજા છે. રાજા એ પ્રભુનું સ્વરૂપ છે. એમ પ્રભુ ગીતાજીમાં પણ કહે છે. આ જમાનાનો રાજા કલિયુગ છે, તો તે પોતાની પ્રભુતા બજાવે, એમાં નવાઈ નથી. વળી રાજા પોતાની સત્તા વાપરે તેમાં પ્રભુ આડે શા માટે આવે ? એ વડે તો પ્રભુને રમવું છે, માટે આવી રીતે વિપરીત લક્ષણો દેખાવા છતાં ભગવદીયોએ મનમાં ન લાવું. ભગવદિચ્છા માની જોયા કરવું. अशक्ये वा सुशक्ये वा सर्वथा शरण हरि આ સૂત્ર ક્ષણ વાર ન ભુલવું. પોતે પોતાને સાચવીને બીજાના દોષ જોયા વગર શુદ્ધાદ્વૈત દૃષ્ટિએ જોઇને ચાલવું. તાદૃશી ભગવદીયનું આ લક્ષણ છે. આનું જ નામ સર્વાત્મભાવ.

## * પ્રસંગ–૪૫ *

પ્રકટ સ્વરૂપને ભજવું :– એક સમયે શ્રીગોકુલેશે દયા કરી પોતાની ઇચ્છાએ એકાંતમાં શ્રીમુખે વાણી પ્રકટ કરી કે, જ્યારે શ્રીપ્રભુજીએ કૃપા કરીને પોતાનું સ્વરૂપ જીવના મંગળાર્થે પ્રકટ કર્યું છે. ત્યારે જીવ, જો સર્વાત્મભાવે તે પ્રગટ સ્વરૂપને ન ભજે, તો તે જીવનું મોટું અભાગ્ય કહેવાય. જ્યારે શ્રીપ્રભુજી કૃપા કરીને કોઈ સ્વરૂપ પ્રકટ કરે છે, ત્યારે જીવનાં જેટલાં હિત તેટલાં હિત માટે તે સ્વરૂપ પ્રગટ કરે છે. તે પ્રકટ સ્વરૂપ જીવનાં હિત પોતાના હાથમાં રાખે છે. પ્રકટ સ્વરૂપ જે જીવનું જેટલું હિત કરવા ઇચ્છે, તે જીવનું તેટલું હિત કરે છે, તે માટે બીજું સર્વ મૂકી જીવ સર્વથા પ્રકટ સ્વરૂપને પ્રસન્ન કરે. ત્યારે તે જીવનું તે પ્રકટ સ્વરૂપથી સર્વ કાર્ય સિદ્ધ થાય. તે જીવના સર્વ મનોરથ તેથી જ સિદ્ધ થાય, તથા મનોરથથી અધિક જેટલાં હિત છે, તે પણ પ્રકટ સ્વરૂપથી જ સિદ્ધ થાય અને સર્વ અનિષ્ટ દૂર થાય, જે પ્રકટ સ્વરૂપને મૂકી અપ્રકટ સ્વરૂપને ધાય છે, તેણે પ્રકટ સ્વરૂપ તો પોતે મૂક્યું. તેથી પ્રકટ સ્વરૂપના અનાદરથી અપ્રકટ સ્વરૂપ પણ હાથ ન આવે. જેમ કોઈ એક પીરસેલી થાળી છોડીને વગર પીરસેલી થાળી ભણી દોડે તો તેને હાથ કશું આવે નહિ, બેઉ હાથથી જાય, માટે જ્યારે પ્રભુજીએ પોતાનું સ્વરૂપ કૃપા કરીને પ્રકટ કર્યું છે, ત્યારે સર્વાત્મભાવે તે સ્વરૂપની સેવા કરવાથી જીવ પ્રસન્ન થાય.

રાવણ પુલસ્ત્ય સરખા મોટા ઋષિશ્વરના કુળમાં જન્મ્યો. વેદ વેદાર્થ સર્વ જાણે, ઇશ્વરના ગુપ્ત સ્વરૂપને ભજે, પ્રભુથી વિમુખ નહિ, પણ પ્રકટ જે શ્રીરામનું સ્વરૂપ તેનાથી વિમુખ

હતા, એટલા માટે નિંદ્ય થયા. હવે વિભીષણ રાવણનો ભાઈ તે, રામ જે પ્રભુનું પ્રકટ સ્વરૂપ તેથી પ્રસન્ન હતો, આથી તેને ભક્તરાજ કહીએ છીએ. દ્વિવિદ વાનર પ્રકટ શ્રીકૃષ્ણના સ્વરૂપથી વિમુખ હતો, તેથી જો કે ગુપ્ત રીતે રામનું જે સ્વરૂપ તેમાં પ્રસન્ન હતો, છતાં બળભદ્રે માર્યો, શીશુપાળ તથા જરાસંઘ તથા દંતવક્ર સર્વે વેદમાર્ગી હતા. ઈશ્વરને ગુપ્ત ભજતા હતા, પ્રકટ સ્વરૂપ જે શ્રીકૃષ્ણ તેમનાથી વિમુખ હતા, તેથી નિંદાયા અને દંડ પામ્યા.

દુર્યોધનાદિક સર્વ ઇશ્વરને ભજતા. જેવા પાંડવ તેવા તે હતા. કર્ણ ધર્માત્મા દાતા અને જ્ઞાની હતો, ગાંધારી મોટી પતિવ્રતા હતી, ધુતરાષ્ટ્ર શકુનિ વગેરે સર્વે ધર્માત્મા હતા, ભલા હતા; તથાપિ તે વખતે પ્રકટ સ્વરૂપ શ્રીકૃષ્ણથી તેઓ વિમુખ હતા; તેથી નિંદાયા તથા દંડ પામ્યા, પાંડવો તથા દ્રૌપદી પ્રકટ સ્વરૂપ શ્રીકૃષ્ણથી પ્રસન્ન હતાં, માટે તેના વખાણ કરીએ છીએ. વ્રજના ગ્વાલ સર્વે તથા ગોપી સર્વે તેમજ પશુપક્ષી કેવળ શ્રીકૃષ્ણ સ્વરૂપમાં પ્રસન્ન હતાં. બીજાં જે પ્રભુમાં ગુપ્ત સ્વરૂપ તેનાં નામ પણ જાણતા નહોતા છતાં વખાણ કરીએ છીએ.

વિવેચન:-આ વચનામૃત કેટલાક શ્રીમહાપ્રભુજીને જ અને કેટલાક શ્રીગોકુળનાથજીને જ એટલે અપ્રકટ સ્વરૂપને જ માને છે, તેમને બહુ સમજવા જેવું છે. જેઓ પ્રકટ સ્વરૂપો શ્રીમહાપ્રભુજીના જ વિધવિધ છે તેમને નથી ઓળખતા તેઓ બેઉ બાજુથી ભટકે છે. પ્રકટ સ્વરૂપોમાં એટલે પોતાના શ્રી ગુરૂદેવ સ્વરૂપે પ્રકટ શ્રીમહાપ્રભુજી સ્વરૂપમાં જે પ્રીતિ રાખે છે તેને પ્રકટ અને અપ્રકટ બેઉ સ્વરૂપનું જ્ઞાન અને અનુભવ થાય છે. પ્રકટ સ્વરૂપો પર પ્રીતિ રાખવાથી અપ્રકટ સ્વરૂપ પણ કૃપા કરે છે. કારણ કે અપ્રકટ સ્વરૂપનાં અપર સ્વરૂપ પ્રકટ સ્વરૂપો છે. પ્રકટ સ્વરૂપને નથી માનતા, તેમને ખોટી અનન્યતાનું અભિમાન આવે છે, ને એ ખોટી અનન્યતા તેમને બહિર્મુખ બનાવે છે. માટે જે પ્રકટ સ્વરૂપો પર સ્નેહ રાખે છે, તેનાજ સર્વે મનોરથ તે પ્રકટ સ્વરૂપની કૃપાવડે પૂર્ણ થાય છે. કોઈ પણ પ્રકટ સ્વરૂપમાં આસકિત રાખવાથી તેમાં પ્રભુત્વનો અનુભવ કરી શકાય છે. પ્રેમ અથવા આસકિત એજ કોઈ પણ પ્રકટ સ્વરૂપમાં પ્રભુનો અનુભવ કરવાનું સાધન છે. આ બાત બુદ્ધિવડે પ્રકટ સ્વરૂપનાં કાર્યો નિરખવાથી નહિ સમજાય. પણ પ્રેમ અને શ્રદ્ધા વડે નિરખી શકાય. પરંતુ પ્રેમ અને શ્રદ્ધા એ હૃદયનો વિષય છે. શ્રીકૃષ્ણ સાક્ષાત ભગવાન છે, પણ તે સ્વરૂપમાં પણ જે આસક્ત હતા તેમણે જ પ્રભુત્વ અનુભવ્યું, બીજાઓને તે મનુષ્ય નાટક લાગ્યું. તેમ અત્યારે પણ છે. હૃદયશીલ ગોપીજનોએ પ્રભુનાં પ્રભુત્વ ચાખ્યાં. બુદ્ધિવાદી જ્ઞાનીઓએ નહિં.

### * પ્રસંગ-૪૬ *

**ભાવભંગ ન થાય તો પ્રભુની પ્રાપ્તિ થાય** :—એકવાર વિનંતી કરી કે, કૃપાનિધાન, ભગવદીયને પુરૂષોત્તમની પ્રાપ્તિ કેમ થાય તે કૃપા કરીને કહો, ત્યારે શ્રીગોકુલેશે શ્રીમુખે કહ્યું કે; શ્રીપુરૂષોત્તમ ઉપર ભગવદીયનો ભાર ઠરે; (નિરોધ પ્રભુમાં થાય) સર્વદા ઠર્યો રહે, વચ્ચે વચ્ચે ખંડિત ન થાય, તો સર્વથા જલદીથી શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ થાય ભાવ તો વચ્ચે ખંડિત થાય છે, માટે વિલંબ થાય છે, આ વખતે વળી કલ્યાણભટે વિનંતી કરી કે મહારાજ, ભાવ કેમ ખંડિત થાય છે, તે અમને કહો. આ વિનંતિ સાંભળીને શ્રી ગોકુલેશ કૃપા કરીને બોલ્યા કે

અસાવધાનતાથી ભાવ ખંડિત થાય છે. જો ભગવદીય સમયે સમયે સાવધાન રહે તો ભાવ ખંડિત ન થાય. ત્યારે વળી વિનતિ કરી કે કયારે કયારે ભગવદીય અવસધાન ને સાવધાન રહે છે તે કહો. આ વિનતિ સાંભળી પોતે થોડીવાર શાંત રહી મુસકાઈને કહ્યું કે, જ્યારે શ્રીપ્રભુજીથી કોઈને અધિકતા અથવા સમાનતા પ્રાપ્ત થાય ત્યારે ભગવદીય સાવધાન રહે. પોતાના ભાવને અનિત્ય થવા દે નહિ, આવે વખતે ભગવદીય એમ સમજે કે શ્રીપ્રભુજી પોતાના સ્વરૂપને છુપાવે છે, વળી પોતાની સેવાને પોતાના ભજનને તથા પોતાના ભાવને તેમજ મહાત્મ્યને પ્રભુ ન્યૂન કરીને દેખાડે ત્યારે ભગવદીય અસાવધાન ન થાય પણ સાવધાનતાથી ભાવ રાખે. વળી પ્રભુના ક્રોધને ક્રોધ કરી ન જાણે. વળી જ્યારે પ્રભુ ભય દેખાડે ત્યારે સેવક એમ જાણે કે પ્રભુ શસ્ત્રનો આદર દેખાડે છે. જ્યારે પ્રભુ પોતાને કામવશ દેખાડે. ત્યારે સેવક એમ સમજે કે શ્રીપ્રભુજી મને કૃપા કરીને રસ પ્રકટ કરે છે. વળી જ્યારે પ્રભુજી ભૂખ કે તૃષા જણાવે ત્યારે સેવક શ્રીપ્રભુજીની કૃપાજ સમજે. વળી પ્રભુ પીડા રોગ જવર વગેરે જણાવે. અપવાસ, તપ તનદાહ વગેરે ઉપદ્રવ દેખાડે, ત્યારે સેવક આસુર વ્યામોહ સમજે. અથવા સેવકની જે વાત્સલ્ય સેવા પ્રેમ તેનો અંગીકાર કરવાની ઈચ્છા સમજે; જ્યારે પ્રભુ કપટ દેખાડે; ત્યારે ચતુરાઈ સમજે. જ્યારે પ્રભુ ભક્તને દોષ આપે છે ત્યારે તે ભક્ત એમ જાણે; કે પ્રભુ મારા દોષ કાઢે છે. જ્યારે પ્રભુ કાંઈ લઇ લે, ત્યારે લોભ ન સમજે; શ્રી પ્રભુની દયાજ સમજે. જે વારે જે સેવકની જે ગમતી વસ્તુ તથા સ્ત્રી પુત્રાદિક તથા ધન તેનો નાશ કરે, ત્યારે સેવક એમ સમજે કે શ્રીપ્રભુજી કૃપા કરીને અમારાં બંધન કાપે છે. કયાં લગી કહીએ ? જ્યારે શ્રીજી પણ વિપરીત લીલાઓ દેખાડે ત્યારે સેવક આસુર વ્યામોહ જ સમજે. જ્યારે પ્રભુ પોતાના દોષ દેખાડે ત્યારે સેવક ગુણ જ માને. આવી રીતે રહે તો ભાવ દિવસે દિવસે વધે, ખંડિત ન થાય. કોઇ વાર ઉદ્ધવજીના ભાવ ખંડિત થયા છે, કોઇવાર અક્રુરના, કોઈવાર વસુદેવના, કોઇવાર દેવકીજીના, કોઇવાર વિદુરના, કોઈવાર દ્રૌપદીના, કોઇવાર નારદજીના એમ સર્વના ભાવ ખંડિત થયા છે. માટે સેવકે સાવધ રહેવું. પોતાના પ્રભુ ઉપર ચિત્ત રહેશે; તો સર્વ થશે, જો ભાવ ખંડિત ~~ન~~ થાય તો સર્વ જાય. એક શ્રીગોપીજનોના ભાવ ખંડિત ન થયા માટે સર્વથી શ્રેષ્ઠ કહીએ છીએ.

વિવેચનઃ– આ વચનામૃત સર્વાત્મભાવ સંબંધી છે. સર્વાત્મભાવ વગર પ્રભુ પ્રાપ્તિનું નથી તે આ વચનામૃત સ્પષ્ટ કરે છે. જો ભક્ત પોતાની આજુબાજુ બનતા સર્વ બનાવોમાં પ્રભુની લીલા જ જોઈ શકે, કે અનુભવી શકે, તો ભાવ ખંડિત થાય જ નહિ, બને અખંડિત ભાવ જ પ્રભુ પ્રાપ્તિનું સાધન છે, એમ શ્રીગોકુલેશ આ પ્રસંગથી ભક્તોને સમજાવે છે. ભાવ ખંડિત થાય તો ખોટજ જાય, પછી પ્રભુરૂપ નફો કેમ મળે.

## * પ્રસંગ-૪૭ *

**પ્રભુ** સમાન કોઇ નથી, તેની પ્રાપ્તિના પ્રકાર:–એકવાર કલ્યાણ ભટે વિનંતી કરી કે મહારાજ, શ્રીપ્રભુ શ્રીગુસાંઈજી તથા શ્રીઆચાર્યજી, તથા બીજા મોટા મોટા પદાર્થો જાણવા માટે શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીએ નથી લખ્યું, તે સર્વ પ્રકાર મિથ્યા છે? એનો લેખ નથી કે બીજા પ્રકાર રહયા જ નથી. આ વસ્તુ અમને આપ કૃપા કરીને

કરો. વળી પૂર્ણ પુરૂષોત્તમ બિરાજે છે. તેમની કાંઈ ન્યૂનતા છે; અથવા કાંઈ ન્યુનતા હશે ? આ વાત અમને કૃપા કરીને કહો. ત્યારે શ્રીગોકુલેશે હસીને કહ્યું, ન્યુનતા છે કે ત્યાંજ છે, ત્યાં સર્વ ન્યુન છે. ત્યારે ભટે વિનતિ કરી કે જ્યાં પૂર્ણ પુરૂષોત્તમ ત્યાં શી ન્યુનતા હશે તે કહીએ ત્યારે શ્રીમુખે બોલ્યા કે શ્રીપૂર્ણપુરૂષોત્તમ સર્વોપરિ બિરાજમાન છે, તેથી અધિક કોઇ પદાર્થ નથી, તેની ચરણરેણું સમાન કોઈ પદાર્થ નથી, જે છોટા મોટા સર્વ પદાર્થ છે, તે તેની ચરણરજથી અત્યંત ન્યૂન છે કોઈ પદાર્થ તે સમાન નથી, શ્રીપૂર્ણ પુરૂષોત્તમ જેવા છે, તેમને યોગ્ય તેનાં મંદિર નથી, તથા વસ્ત્રાભરણ નથી સેવક સ્ત્રી પુરૂષ, ખવાસ, નિકટ રહેનારા અધિકારી તથા બીજા લોક ભાઇબંધ પિતા માતા તથા કોઇ પદાર્થ પુરૂષોત્તમને યોગ્ય નથી. અથવા તેમનાથી સર્વ ન્યૂન છે. એવા શ્રીપ્રભુજી છે તે સમાન કોઈ પદાર્થ નથી. આ વખતે કલ્યાણભટે વિનંતિ કરી કે, જો કોઇ પદાર્થ પૂર્ણ પુરૂષોત્તમને યોગ્ય નથી તો શ્રીપૂર્ણ પુરૂષોત્તમની લીલા રસપૂર્ણ કેમ થાય છે ? તેનો ઉત્તર પોતે શ્રીમુખે બોલ્યા કે જોકે કોઈપણ પદાર્થ શ્રીપ્રભુજીને યોગ્ય નથી. પણ શ્રીમહાપ્રભુજી સમર્થ છે પોતાની ઈચ્છાએ પોતાની કૃપાએ અયોગ્યને યોગ્ય કરે તે સર્વથા શ્રીપ્રભુજીને યોગ્ય થાય, જે વસ્તુનો અંગીકાર કરે તે વસ્તુ શ્રીપ્રભુજીની કૃપાથી યોગ્ય થાય જો પ્રભુજીની ઈચ્છા થાય તો પ્રભુજી રજનો પર્વત કરે, જો ઇચ્છા કરે તો પર્વતને રજ કરી નાખે. જો ઈચ્છા કરે તો અયોગ્યને પોતાના સરખા કરે. વળી જો ઈચ્છા કરે તો અયોગ્યને આપથી પણ અધિક કરી દેખાડે. પ્રભુજી સર્વ સમર્થ છે. આ વાત સાંભળી ભટે દંડવત કરીને વિનંતી કરી કે; શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીએ માર્ગમાં સેવાના પ્રકાર જેટલા બતાવ્યા છે. તથા શ્રીપુરૂષોત્તમ પ્રાપ્તિના ઉપાય જેટલા લખ્યા છે, તે કરતાં કોઈ અધિક પ્રકાર છે ? આ વાત અમને કહો. ત્યારે મહાદયાસમુદ્ર શ્રીગોકુલેશ બોલ્યા કે, શ્રીઆચાર્યજી તથા શ્રીગુસાંઈજીએ ઘણા ઘણા પ્રકાર જીવના કલ્યાણ માટે લખ્યા છે, પરંતુ સ્વરૂપ ઘણાં છે. પ્રકાર પણ ઘણા છે સર્વ શી રીતે લખાય ? પુસ્તક વધી જાય વળી સર્વ પ્રકારના ગ્રાહક પણ ક્યાં છે ? શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિના જેટલા ઉપાય છે, તેટલા કોણ જાણે છે ? પ્રકાર તર છે. આ વાત સાંભળી કલ્યાણ ભટે વિનંતિ કરી કે રાજ, જેટલા પ્રકાર શ્રીઆચાર્યજીએ તથા શ્રીગુસાંઈજીએ લખ્યા છે તે કરતાં અધિક પ્રકાર અમારા અંતઃકરણમાં કેમ આવે તે કૃપા કરીને કહો; ત્યારે શ્રીમુખે કહ્યું કે એક કોઈ ભીલડી સવરી નામે હતી. તેણે પોતાના જુઠા બોર તે પ્રભુને સમર્પ્યાં તેથી તે પ્રભુ પામી, આ માર્ગ પ્રભુ મેળવવાનો લખેલો ક્યાં છે ? કરમાબાઈ શીતકાળમાં ખીચડી રાંધતી. તે પોતે ચાખી જોતી, અને કહેતી કે ખીચડી ઉત્તમ થઇ છે. હીંગ, લુણ અને આદુ સારી રીતે જોઈએ તેટલું છે, આવી જુઠી ખીચડી પ્રભુને સમર્પતી. શ્રીપ્રભુજી રુચિ કરી સાથે ભોજન કરતા, આ કરમાબાઈ પ્રભુ પામી, આ પ્રભુ પામવાની રીત ક્યાં લખેલી છે ? ભાવના પ્રકાર અનંત છે તે ક્યાં લગી લખીએ ? પ્રભુ જે પ્રકાર આપે છે તેજ પ્રકાર કરાવીને તેને પોતાના દાન કરે છે ને એ પ્રકારે શ્રીપ્રભુને પામે છે. આવા અનંત પ્રકાર છે, તે લેખનમાં ક્યાં છે ? કોઈને ભાવ આપીને પ્રભુને પમાડે છે કોઈને રસદૃષ્ટિએ જોઈને અને કોઈને સ્પર્શ કરીને પ્રભુ પમાડે છે, કોઈને હાસ્ય કરીને, કોઇને ચુંબન કરીને, કોઈને આલીંગન કરીને કોઇને હાથ ધરીને.

કોઈને મધુર વચન કહીને પોતાને પમાડે છે, એવા એવા અનંત પ્રકાર લેખનમાં કહ્યા છે. શ્રી પુરૂષોત્તમના પ્રભુત્વનો પાર નથી, અને અંત નથી.

વિવેચનઃ–પ્રભુ કયા જીવ પર કયે રસ્તે કૃપા કરશે, તે કશું કહી શકાય નહિ. આ કારણથી ભગવદીઓનો એકબીજા વચ્ચે વૃત્તિઓનો વિરોધ હોય છે. કારણ કે કોઇની વૃત્તિઓ કોઈને કોઈ રસ્તે લઇ જઈ પ્રભુ સ્વાનુભવ આપે તો કોઈને કોઇ રસ્તે આપે છે. અનુભવના માર્ગો વિધવિધ છે. જેમ ગોપીજનોની દરેકની વિધવિધ લીલાઓમાં વૃત્તિઓ હોય છે, તેમ ભગવદીયોની આસક્તિ પણ જુદી જુદી લીલાઓમાં હોય છે. કોઈની પ્રીતિ રાસમાં, કોઈની જળવિહારમાં, કોઈની ચીર હરણમાં ને કોઇની વનવિહારમાં હોય છે. જીવની જે લીલામાં ભાવના અને યોગ્યતા તેજ લીલાનો અનુભવ શ્રીઠાકોરજી તેને કરાવે છે. વરણ ક્રમાણે ભેદ છે, સ્વાદમાં ભેદ નથી.

## * પ્રસંગ–૪૮ *

જેમાં જેની આસક્તિ તે તેને સર્વથી અધિક છેઃ– એકવાર કલ્યાણ ભટે પ્રશ્ન પૂછયો. શ્રીગોકુલેશ જળઘરામાં બિરાજ્યા હતા. જે પ્રાકટય થયું તે રાજના કહ્યાથી પૂછવું પડે છે. વ્રજભક્તાનું, નારદનું હનુમાનનું તથા ધ્રુવનું પ્રાકટય છે, પણ આજ તો શ્રીઆચાર્યજીના પ્રાકટયથી તથા શ્રીગુસાંઈજીના પ્રાકટયથી રાજનું પ્રાકટય અધિક દેખાય છે. પણ ભગવદીયોને એનું કારણ સમજાતું નથી. પછી શ્રીમુખે કહયું કે સત્ય છે. તે પ્રાકટયથી લાખ ઘણું અને કરોડગણું એ પ્રાકટય અધિક છે, પણ એ જીવ જુદા અને તે ભકત જુદા હતા આ હાલના જીવને દોષ ઘણા છે. તે ભકતોને દોષ નહોતા; તેઓ શુદ્ધ હતા, જીવમાં દોષ તો ઘણા ભર્યા છે, પણ શ્રીઠાકોરજીએ બહુ કર્યું છે. શૈય્યા સુધી જીવ આવે તે તો ન પામે. શ્રી ઠાકોરજી આગળ સાત કોટ છે. ને લાખ પોળીઆ છે. કોઇ અંદર ઘસવા પામે નહિ, શ્રીઠાકોરજીએ બહુ કરીને શૈય્યા લગણ તો આણ્યા, મહારાજા છે. તેઓ હીરાની કોથળી લઈને સજ્યાએ બેઠાં છે, તે હીરા આપવા ઈચ્છે છે ઈચ્છા માત્ર રહી છે. મનમાંહે આવે તો એટલી વારમાં આપે. મનમાંહે આવે તો તે ચપટી વગાડે એટલી વારમાં આપે, એમ ચપટી વગાડીને કહ્યું.

વિવેચનઃ– અહીં શ્રીગોકુલેશને કલ્યાણ ભટ અધિક કહે છે. અને તે શ્રીગુસાંઈજી અને શ્રીમહાપ્રભુજી કરતાં પણ અધિક કહે છે, તેનું તારતમ્ય શ્રીગોકુલેશ અધિક છે, એવું ન સમજવું, આમ કહેવાનું કારણ એ છે કે શ્રી ગોકુલેશ તેવખતે પ્રકટ સ્વરૂપ છે, અને શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજી બેઉએ આસુર વ્યામોહ કરેલો હોવાથી આમ કહેવામાં આવ્યું છે. પ્રકટ સ્વરૂપમાં પ્રીતિ વધારે રાખવાનો ઉદેશ આ વચનામૃતનો છે શ્રીગોકુલેશ પ્રકટ હતા ત્યારે તેમને પ્રીતિપૂર્વક પ્રસન્ન કરવાથી શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની કૃપા પણ મેળવી શકાય. જે પ્રકટ સ્વરૂપ પર પ્રીતિ બતાવી શકતો નથી તે અપ્રકટ પર તો શું જ બતાવી શકે ? શ્રીકૃષ્ણ પણ ગીતાજીમાં એમ જ કહે છે. क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम ॥ અવ્યકતમાં ચિત્તને આશકત કરનારને બહુ જ ક્લેશ થાય છે, આવી વસ્તુ અહીં સમજવી. વળી જેમાં જેની અસકિત તે તેને સર્વથી અધિક છે. આસકિત જ ઈશ્વરત્વ અનુભવાવે.

## * પ્રસંગ–૪૯ *

પ્રભુનું અને જીવનુ સ્વરૂપ :– એકવાર કલ્યાણભટે વિનંતી કરી કે, પ્રાણનાથ, જીવ

અને પ્રભુમાં કેટલું તારતમ્ય છે તે કહો. આ સાંભળી શ્રીગોકુલેશ બોલ્યા. કે જેટલું રજમાં અને પર્વતમાં તારતમ્ય છે, એટલું જીવમાં અને પ્રભુમાં તારતમ્ય છે, ત્યારે ભટે કહ્યું સત્ય છે, મહારાજાધિરાજ, જે કહો તે સત્ય એમજ છે. જેમ રજ તેમ જીવ છે, જેમ પર્વત તેમ શ્રીપુરૂષોત્તમ શ્રીગોકુલપતિ છે, આ સાંભળી શ્રીગોકુલનાથજી મુસકાય રહ્યા. તે વખતે ભટે વિનંતી કરી કે પ્રાણનાથ, મેં કાંઇ અનુચિત કહ્યું છે ? મારા અનુભવે તો મેં ઉચિતજ કહ્યું છે. પણ મહારાજ. આપ કેમ મુસકાયા તે કૃપા કરીને કહો. એ સાંભળી શ્રીજી બોલ્યા કે દૃષ્ટિ બે છે. એક લૌકિક અને બીજી અલૌકિક. વાતો પણ બે પ્રકારની છે. એક અલૌકિક દૃષ્ટિનેજ અનુસરનારી અને બીજી લૌકિક દૃષ્ટિને અનુસરનારી. બે પ્રકારની વાતોમાં કયા પ્રકારની વાત કહું ? અલૌકિક દૃષ્ટિની વાતમાં ને લૌકિક દૃષ્ટિની વાતમાં ઘણો ભેદ છે. આ વાત સાંભળી ભટે વિનંતિ કરી, હું તો બે વાતમાંથી એકેય વાત સમજતો નથી જો કૃપા કરીને જણાવો તો બેઉ વાત જાણવામાં આવે. એ વિનંતિ સાંભળી હસીને પ્રસન્ન થઈ બોલ્યા; લૌકિક દૃષ્ટિની ઓરજ વાત છે તેવી તમને કહી કે જેમ રજ તેમ જીવ છે; અને પર્વત તેમ શ્રીમહાપ્રભુજી છે. વળી અલૌકિક દૃષ્ટિની પણ કોઇ ઓરજ વાત છે, પણ તે કહેતાં ભય લાગે છે. ભયથી કહી શકાતી નથી; એવું સાંભળી ભટે પૂછ્યું, કૃપાનિધાન, આપને કોનો ભય છે ? આપ કૃપા કરીને અવશ્ય કહો. આ સાંભળી શ્રીજી બોલ્યા ઉત્તમ ભગવદીયને વિષે જ્યાં જીવભાવ આવે ત્યાં લૌકિક દૃષ્ટિ સમજવી. આવો લૌકિકદ્રષ્ટિવાળો જીવ અલૌકિક વાત સાંભળે તો મિથ્યા લાગે; અને સમજે તો તે વાત ઉપર તેને વિશ્વાસ નહિ. અવિશ્વાસુના આગળ જો અલૌકિક વાત કહીએ તો તે વાત કહેનારને બાધક હોય. અલૌકિક વાત તો તેવા જીવોનાં આગળ કહેવી સર્વથા અનુચિત છે, તેથી મને ભય ઉપજે છે. ઉત્તમ ભગવદીયને વિષે જીવભાવ નથી, તે સવાત્મ શુદ્ધ ભગવદીય છે તેને જ અલૌકિક વાત સાંભળવાનો અધિકાર છે; અને અલૌકિક વાત સાંભળવી મહાદુર્લભ છે, માટે અલૌકિક વાત કરવી કોઇના આગળ ઉચિત નથી. જો અલૌકિક વાત ભગવદિચ્છાથી પોતે પ્રકટ થાય તો સુખે કોઈના આગળ કહેવી. આ વખતે મનુષ્યનો દોષ નથી, અલૌકિક વાત ઉપર પણ જો સર્વોતમ ભગવદીય યા સાધારણ ભકત પણ ક્રોધ કરે, તો તેનું અકાર્ય થાય. (અલૌકિક બગડે) અલૌકિક વાત તો સાધારણ વાત નથી, અલૌકિક વાત તો શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે; તેના પર ક્રોધ કરવાથી કેમ અકાર્ય ન થાય ? નક્કી અકાર્ય થાય. શ્રીશુકદેવજીએ રાજા કને જઈને કથા નથી કહી. પણ કથા જ શ્રીશુકદેવજી દ્વારા એ રાજા કને પોતે પ્રકટી. જેમ કોઇ ઘોડે ચડી કહી જાય તેમ. તે માંહે પણ ભેદ છે. એ ભેદ લક્ષણથી સમજાય. જ્યાં કોઈ અલૌકિક કરે છે, ત્યાં અવશ્ય ભંગ થાય છે અથવા સાંભળનારને અવિશ્વાસ આવે છે. અનાદર, અરુચિ ઉપજે છે. પૂર્વપક્ષ ઉપજે છે. તો કહેનારનું મન મલીન થાય છે, કે કહેનારો પસ્તાવો લાગે છે કે મેં શા માટે એવા લોકો આગળ વાત કહી ? જ્યાં અલૌકિક વાત કહેવાની હોય છે ત્યાં ભગવદિચ્છાથી પ્રકટ થાય છે, ત્યાં અવશ્ય સાંભળનાર અને કહેનાર વચ્ચે રસ પરસ્પર જળવાઈ રહે છે; પ્રીતિ પ્રસન્નતા અને સુખ ઉપજે. દ્રઢ વિશ્વાસ ઉપજે શ્રીમહાપ્રભુજીને વિષે ઘણી ભકિત હોય. દાન; માન મહોત્સવ હોય, નમન ઉપકાર અતિ ઘણો ઉપજે. સર્વ સંદેહ મટી જાય. આવા લક્ષણ વાળાં ભગવદીય પાસે અલૌકિક વાતનું કહેવું પોતેથીજ પ્રકટ થવું જાણજો. આથી એક

કદાપિ સુપાત્ર શ્રોતા (સાંભળનાર) હોય છે ત્યાં ઓર મનથી અલૌકિક વાત થાય છે, પણ તેમાં કદાપી કુપાત્ર શ્રોતા હોય તો મહારસ ન ઉપજે. હમણાં કદાપી પ્રભુ ઈચ્છાથી અલૌકિક વાત પ્રકટ થાય પણ કહેતા નથી, ઘણું શું કહીએ ? એટલામાં સમજો. જેમ ભકતને નિમિત્ત બનાવી પ્રભુ પોતે શ્રી પુરૂષોત્તમ પ્રકટ થયા. તેમ તેમની અલૌકિક વાતો પણ ભકતને નિમિત્ત બનાવી કૃપા કરી પોતે પ્રકટ થાય છે. જે ભક્ત પર કૃપા કરે તેની મારફતે પોતાની વાર્તા પ્રભુ પ્રકટ કરે જેવા શ્રીમહાપ્રભુજી તેવીજ અલૌકિક વાત શ્રીમહાપ્રભુજીની જાણજો. આ બધી વાત સાંભળી ભટે દંડવત્ કર્યાં. અને વિનંતિ કરી કે રાજ. આપ કૃપા કરીને જે વાત કરો છો. તે અલૌકિક થાય છે તે કહો તો પાન કરી કૃતાર્થ થાઉં. આ વાત સાંભળી શ્રીગોકુલેશ હસતા હસતા બોલ્યા કે જેમ પર્વત તેમ જીવ છે, અને રજ તેમ શ્રીમહાપ્રભુજી છે. કલ્યાણ ભટે કહ્યું મહારાજ એ કેમ સંભવે તે કૃપા કરીને કહો આવું ભટનું કહેવું સાંભળીને શ્રીગોકુલેશ બોલ્યા, વડાઇ અને છોટાઇ અનેક પ્રકારની છે તેમાં ગુણ વડાઇતમ શુદ્ધ ભગવદીય છે; તેનેજ અલૌકિક વાત સાંભળવાનો અધિકાર છે. અને અલૌકિક વાત કરવી કોઈના આગળ ઉચિત નથી. જો અલૌકિક વાત ભગવદિચ્છાથી પોતે પ્રકટ થાય તો સુખે કોઇના આગળ કહેવી. આ વખતે મનુષ્યનો દોષ નથી. અલૌકિક બાત ઉપર પણ જો સર્વોત્તમ ભગવદીય ના સાધારણ ભક્ત પણ ક્રોધ કરે; તો તેનું અકાર્ય થાય. (અલૌકિક બ ડે) અલૌકિક બાત તો સાધારણ વાત નથી. અલૌકિક વાત તો શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે; તેના પર ક્રોધ કરવાથી કેમ અકાર્ય ન થાય ? શ્રીશુકદેવજીએ રાજા કને જઈને કથા નથી કહી પણ કથાજ શ્રી શુકદેવજી દ્વારા એ રાજા કને પોતે પ્રકટી. જેમ કોઈ ઘોડે ચડી કહી જાય તેમ. તેમાંહે પણ ભેદ છે. એ ભેદ લક્ષણથી સમજાય. જ્યાં કોઇ અલૌકિક કરે છે; ત્યાં અવશ્ય ભંગ થાય છે અથવા સાંભળનારાને અવિશ્વાસ આવે છે, અનાદર અરુચિ ઉપજે છે. પૂર્વપક્ષ ઉપજે છે તો કહેનારનું મન મલીન થાય છે કે કહેનારો પસ્તાવા લાગે છે, કે મેં શા માટે એવા લોકો આગળ વાત કહી ? જ્યાં અલૌકિક વાત કહેવાની હોય છે ત્યાં ભગવદિચ્છાથી પ્રકટ થાય છે ત્યાં અવશ્ય સાંભળનારા અને કહેનારા વચ્ચે રસ પરસ્પર જળવાઈ રહે છે. પ્રીતિ પ્રસન્નતા અને સુખ ઉપજે, દઢ વિશ્વાસ ઉપજે. શ્રીમહાપ્રભુજીને વિષે ઘણી ભક્તિ હોય. દાન, માન, મહોત્સવ હોય તે મુખ્ય વડાઇ છે. અવગુણે પ્રાપ્ત થતી છોટાઈ મુખ્ય છોટાઈ છે. ગુણથી અધિક કોઇ નથી. જે શ્રી પુરૂષોત્તમ શ્રીગોકુલપ્રાણનાથના ચરણારવિંદ વિષે રસરૂપ ભકિત, આસકિત, સ્નેહ, વ્યસન અને વિશ્વાસ સર્વાત્મભાવે, અત્યંત આદરપૂર્વક સર્વાત્મભાવે સેવા શ્રીચરણારવિંદની પ્રાપ્તિ માટે અનંત પ્રકારના ઉદ્યમ ઈત્યાદિ વગેરે બધું જીવ વિષે છે. શ્રી પુરૂષોત્તમ વિષે તો એકેય નથી. વળી જીવ છે. તે તદ્દન અધમ છે, ક્ષુદ્ર છે, મહાદુષ્ટ છે, પાપી છે, કૃતઘ્ની છે બહિર્મુખ છે તેના ઉપર આસકિત, પ્રીતિ અને આદર એ મોટો દોષ છે. તે શ્રીમહાપ્રભુજીને પૂર્ણ સર્વ થાય છે. એવું વિચારી કહીએ છીએ કે જેમ પર્વત તેમ જીવ છે અને રજ તેમ શ્રીમહાપ્રભુજી છે. વળી શ્રીગોકુળપ્રાણનાથ સર્વાત્મ છે, સર્વગુણ સંપન્ન છે. સર્વજ્ઞ શિરોમણિ છે. સર્વગુણ સંપન્ન છે, કૃપા સમુદ્ર છે, સર્વશીલ સંપન્ન છે, તેની બરાબર કોઈ નથી, તે સર્વથી અધિક છે, તે તો

જીવના દોષ કે છોટાઈ જોતા નથી. તે ફક્ત ભક્તના ગુણની વડાઇ જુએ છે તેને પર્વત કરી સમજે છે. પોતાને રજ કરી સમજે છે, તે માટે જે અલૌકિક વાત કહી, તે વિષે પ્રમાણ શ્રીમહાપ્રભુજીના અનુભવજ જાણજો. એ વાતમાં બીજા પ્રમાણ ન શોધશો. મુખ્ય પ્રમાણ જ્યારે મળે; ત્યારે ન્યુન પ્રમાણ વેદ શાસ્ત્રાદિની શી અપેક્ષા ? વળી શ્રીમહાપ્રભુજી સૌથી મોટા છે. તેઓ જીવની ભક્તિથી પોતાને રજ કરી સમજે છે. જીવને પર્વત કહે છે, અને પોતાને રજ કહે છે. તે સર્વ શ્રીમહાપ્રભુજીનીજ વડાઈ અને ગુણ સમજવું. એવાં અલૌકિક વાતનાં અને અલૌકિક દૃષ્ટિનાં ફળ છે. ઘણું ક્યાં લગી કહીએ ?

વિવેચનઃ— આ વચનામૃત વિરૂદ્ધ ધર્માશ્રય બતાવે છે. આમાં જે શ્રીમહાપ્રભુજી પોતાના દાસોને પોતાનાથી અધિક ગણે છે તે બતાવ્યું છે. વળી જીવને અધમ, પાપી દુષ્ટ છતાં પ્રભુ તે જીવમાં આસકિત રાખે તોજ તેનો ઉદ્ધાર થાય માટે પ્રભુની આ જીવમાં આસકિત કે પ્રીતિ હોય છે માટે પ્રભુ પોતાને રજ માની લે છે, જીવ અધમ છતાં પ્રભુમાં પ્રીતિ રાખે છે માટે તેની મોટાઈ બતાવે છે. આ વચનામૃત બહુજ ખૂબીવાળું છે. પુષ્ટિમાર્ગમાં ચતું તે ઉંધુ છે, ને ઉંધુ તે ચતુ છે. એ સમજવું તીવ્ર બુદ્ધિનું કામ છે.

### * પ્રસંગ-૫૦ *

**ભગવદીયની કૃપાથીજ પ્રભુ વેગી મળેઃ-** એક વાર શ્રીજી બોલ્યા કે શ્રેષ્ઠ ભગવદીયની કૃપા થાય; તો વેગી શ્રીપ્રભુજી મળે. ભગવદીયની શ્રેષ્ઠતા ત્રણ પ્રકારની છે. એક શ્રીમહાપ્રભુજીની સેવાથી છે, બીજી પ્રભુ ઉપર સ્નેહ હોય તેનાથી છે. ત્રીજી શ્રીપ્રભુની કૃપા થાય તો તેનાથી થાય. તેથી કેટલાક ભગવદીય સેવાથી શ્રેષ્ટ છે કેટલાક સ્નેહ શ્રેષ્ટ છે, કેટલાક કૃપા શ્રેષ્ટ છે, પહેલા ઉત્તમ કહીએ, બીજા અત્યુત્તમ કહીએ, ત્રીજા સર્વોત્તમ કહીએ. જે સર્વોત્તમ ભગવદીય તેમની કૃપાથી ભગવદીયોને જલદી શ્રી પુરૂષોત્તમની પ્રાપ્તિ થાય. જો તેમનો અપરાધ પડે તો માંહે સર્વથા અંતરાય થાય વળી સેવા શ્રેષ્ટને વિષે જો ભગવદીયો ધનાદિ ન્યુનતાને મનમાં આણી અનાદર કરે, તેને મોટો અપરાધી જાણવો. જો સ્નેહ શ્રેષ્ટ ભગવદીયને વિષે સેવા વગેરેની ન્યુનતા જાણી તેનો અનાદર કરે, તો તેને અધમ જાણવો. કૃપાશ્રેષ્ટ ભગવદીયને વિષે સ્નેહાદિ ન્યુનતા વિચારી અનાદર કરે તો તેને પતિત જાણવો.

વિવેચનઃ- આ વચનામૃત ભગવદીયોની વિવિધ વૃત્તિઓનો કૃતિઓનું પ્રભુમાંજ મિલન છે. તે બતાવે છે ત્રણ પ્રકારના ભગવદીય બતાવે છે. સેવાચતુર પ્રેમી અને કૃપાપાત્ર. સેવારસિક સ્નેહરસિક અને કૃપારસિક, તેમાં પ્રભુના કે શ્રીગુરૂદેવના કૃપાપાત્રને સૌથી શ્રેષ્ટ ગણે છે. ને તેની કૃપાથી જલદી પ્રભુ મળે, એમ કહે છે. હવે નર્યો સ્નેહી હોય અને સેવા ન કરતો હોય, તો પણ મનમાં ન લાવવું, અને તેથી તેનો અનાદર ન કરવો. સેવા રસિક હોય ને ગરીબ હોય તો તેનો પણ વિચાર ન કરવો. જો કોઈ ભગવદીય સેવારસિક હોય, સ્નેહી હોય અને વળી શ્રીગુરુદેવનો કૃપાપાત્ર હોય તો તો તેના ભાગ્યની વાતજ શી કરવી !

### * પ્રસંગ-૫૧ *

**આસક્તિથીજ અનુભવ મળેઃ-** એકવાર ભટે વિનંતિ કરી કે મહારાજ શ્રીપુરૂષોત્તમ પ્રકટ થયા. ત્યારે જ શ્રીપુરૂષોત્તમના નિકટમાં રહેનાર રસ માર્ગીય ભગવદીય તેમ શ્રીપુરૂ-

તમના વચન હાસ્ય વિલાસ, કટાક્ષ તેમજ સ્વર વિષે શોભા વગેરે વિષે રસાનુભવને ઘણો લોભ રહે છે, તેમને રસાનુભવ કેમ થાય છે તે કહો. ત્યારે શ્રીજી બોલ્યા કે વ્યાસંગ મુકી હાસ્યાદિકના અનુભવ માટે એક ટક થઇ, તત્પર થઈ, સાવધાન થઈ મનોરથ પૂર્વક દીનતા સાથે પ્રાર્થના સહિત, અત્યંત આદરવાળા થઈ પ્રભુને જ વળગી રહે તો સર્વથા જલદીથી હાસ્યાદિકના અનુભવ થાય. આ અનુભવ સિદ્ધ ઉપાય છે, જે કોઈ હમણા પણ એમ થઈને રહે તેને પણ જલદીથી રસાનુભવ થાય આ વાતમાં સંદેહ નહિ.

વિવેચનઃ-આ વચનામૃતમાં પ્રભુના રસાનુભવની પ્રાપ્તિ શી રીતે થાય તે બતાવ્યું છે. વ્યસંગ એટલે ન કરવા જેવી હોય તેમાંની આસક્તિ છોડીને જીવ આર્તિપૂર્વક આદરપૂર્વક સાવધાન થઈ તત્પર થઈ દીનતા સાથે મનોર્થ પૂર્ણતા માટે પ્રાર્થના સાથે પ્રભુની પાસે રહે તો જલદી અનુભવ થાય એમ કહેવામાં આવ્યું છે. માત્ર પોતાની પ્રભુમાંજ સર્વ આસક્તિ ચોંટી જાય તો સર્વનો અનુભવ થાય અને જીવ સદેહે જીવન સફળ કરી લે.

## * પ્રસંગ - ૫૯ *

**ઉત્તમ ભક્તનાં લક્ષણો**:- એકવાર શ્રીજીએ પોતાની ઇચ્છાએ ઉત્તમ ભગવદીયનાં લક્ષણો કહ્યાં. આજ્ઞા કરી કે ઉત્તમ ભગવદીયનાં લક્ષણ સાંભળો, તેઓ પોતાના મન વિષે, પોતાના દેહ વિષે અને પોતાના વચન વિષે ભગવાનના દર્શન વડે પૂર્ણ હોય ઉત્તમ મધ્યમ તથા કનિષ્ઠ જે ભગવદીય તેના હિતને વિશે રાત દિવસ પ્રયત્ન કરે જેમ બીજા લોકો પોતાનું હિત કરીને પોતાને તથા પોતાના લોકને સદા સંતુષ્ટ રાખે છે, તેમ તે સદા ભગવદીયોને સંતુષ્ટ રાખે. બીજું ભગવદીયમાં રજ જેટલો ગુણ હોય, તે પર્વત જેટલા માને. આ પ્રમાણે ભગવદીયના કાર્યમાં મદદ કરી સંતોષ રાખી ફુલે એટલે આનંદ પામે, આખો દિન માત્ર દયા કર કર કરે. લક્ષ્મીનો જે મદ એટલે ગર્વ તે મનુષ્યને આકર્ષ્યા વિના રહેતો નથી, તે તેને લગાર પણ અડે નહિ. કોઈ ભગવદીય આવી તેની પાસે માગે તો ગજા શકિત આપે છે, અને જો જીવ માગે તો અતિ ઘણો આનંદ માને છે. લગારે દુઃખ ન માને. જે ઉલટો એમ વિચારે કે આ ભગવદીય માગવા આવ્યો છે. તે મને છેતરશે, તો એમ વિચારી સંકલ્પ કરે તેને ધિક્કાર છે. ઉત્તમ ભગવદીય તો તે વસ્તુ તેના માગવા પહેલાં મન વર્તીને પોતાની મેળેજ આપે છે. ધિક્કાર છે તેને કે જે વસ્તુ માગવાનું ભગવદીયનું મન છે, તે વસ્તુ જાણ્યા પહેલાં પોતે નથી આપતો, અને માગ્યા પછી આપે છે. જ્યારે ભગવદીય માગવાને નિમિત્તે આવે છે; ત્યારે તે દાતા ભગવદીયની ઘણી સ્તુતિ કરે છે. ઘણું પ્રિય બોલે છે. પછી ઘણું લાજતાં, સકુચાતાં સકુચાતાં હળવે હળવે માગે છે. આમ કર્યા પછી જે આપે છે, તેને આપ્યાનો ગુણ નથી થતો, તેટલો દોષ ભગવદીયને આમ કરાવ્યાનો લાગે છે. ભગવદીયના મનોરથ પૂર્ણ કરવાને જો ન દોડે, તો તેથી પૃથ્વી પોતાને ભારવંત સમજે છે, તેજ પૃથ્વીને ભાર છે, વૃક્ષ એ ભાર નથી વળી આ જીવને તારુણી એટલે સ્ત્રી રૂપી સાન્નિપાત આવીને વળગે છે, ત્યારે તેને વશ થઇ ધર્મ ન ચુકે. પ્રાણ છે, તે ઘાસના પાન પરનું ઝાકળના બિંદુ જેવો ચંચળ છે, તેની રક્ષા માટે જે લોકો ધન મત્ત છે, તેઓના આગળ પોતાની બડાઈ ન કરે. જે લોકો સર્વત્યાગ કરે છે, તેઓથી પણ પ્રતિષ્ઠા મુકાતી નથી આવી પ્રતિષ્ઠાને ઉત્તમ ભગવદીય વિષ્ટા કરીને માને છે, એવા બીતા રહે કે રખેને કોઇ વખતે આપણને

એ વિષ્ઠાની છીટ લાગે ? આવા ભગવદીય તે સર્વાત્મભાવી છે, તેને સદા શ્રીપુરૂષોત્તમના ચરણારવિંદ પામવાનો મનોરથ રહે છે. જેને શ્રીપુરૂષોત્તમનો સંબંધ થયો છે, એવા ભગવદીયની ચરણ કમલની રજ ક્યારે પ્રાપ્ત થાય કે, હું જે અધમ જીવ છું, તેના માથાને અલંકૃત કરે, આવું જ સદા વિચારે.

વિવેચનઃ- આ વચનામૃત બહુજ ઉત્કૃષ્ટ ભગવદીય માટેનું છે. સર્વાત્મભાવવાળો ભગવદીય સર્વને પ્રભુ રૂપ દેખાતો હોવાથી તે સર્વની ઈચ્છા પોતાની શકિત પ્રમાણે ભગવદ્ભાવે પૂરવા પ્રયત્ન કરે છે. આમાં પણ ખરી રીતે વિવેકની જરૂર છે. ઈશ્વરને તન મન અને ધન એ ત્રણે સોંપાય. શ્રીગુરુદેવને મન અને ધન સોંપાય. અને ભગવદીયનો યોગ્યતાને શકિત પ્રમાણે વિવેકસર આદર થાય, વળી ટહેલ કરવામાં તો હરિ ગુરુ ને વૈષ્ણવ એ ત્રણેને માટે શરીરનો પણ ઉપયોગ થાય. પણ આવી બાબતોમાં વિવક ન ચુકવો જોઈએ. કોઇ ભગવદીય ભારે ઇચ્છા કરે તે ઈચ્છા પૂરવાની પોતાની શકિત ન હોય, તો દીનતા પૂર્વક સંતોષી વિવેકધૈર્યાશ્રયમાં કહ્યા પ્રમાણે વર્તવું. હરિ ગુરુ અને વૈષ્ણવને માટે ત્યાગ એજ ભગવત્પ્રાપ્તિનું સાધન છે. સંત પુરૂષો પ્રભુની પુંજી છે એ પુંજીને ત્યાગથી સાચવી તેના સંગનું સુખ લેવું, એ ફળ વસ્તુ છે. સંગનું સુખ એટલે ભગવત્સ્વરૂપની ચર્ચા એટલે ભગવદ્વાર્તાનો સ્વાદ ચાખવો, રસિક ભગવદીયના મુખમાંથી પ્રકટ થતી ભગવદ્વાર્તા પ્રભુનો નિશો ઉત્પન્ન કરનારી છે. નિશો અથવા આવેશ એ મહા આનંદાત્મક વસ્તુ છે, અનુભવગમ્ય આ વાત છે.

## * પ્રસંગ-૫૩ *

**ત્રણ પ્રકારના સર્વાત્મભાવઃ-** સંવત ૧૯૯૩માં વૈશાખ સુદ ૬ ને દિવસે શ્રીકલ્યાણરાયજીને ઘેર છપ્પન ભોગનો ઉત્સવ થયો, તે વખતે શ્રીગોકુલેશ ત્યાં પધાર્યા હતા, ત્યાં પોતાની ઈચ્છાએ ભટ કલ્યાણ આગળ પ્રસંગ કહયો કે સર્વાત્મભાવ ત્રણ પ્રકારનો છે. જે જીવ ધર્મમાં રહે છે, તે ધર્મ કરી પૂર્ણ થાય છે, ત્યારે કોઈએક પ્રભુજીની કૃપા થાય છે, ત્યારે તે જીવ આચાર્યશ્રીના માર્ગમાં દૃઢ થાય છે. એક આ સર્વાત્મભાવ છે. ત્યાર પછી રહેતાં રહેતાં સર્વાત્મભાવ ઉપજે છે. ઉપરાંત કોઇ એક અનુગ્રહ થાય છે, તે જારે શ્રીપ્રભુજી જાણે છે, કે એ જીવ મારો છે, સ્વરૂપ યોગ્ય છે, રહેતાં રહેતાં સર્વાત્મભાવ આવે છે; આ ભાવ આવ્યા પછી વિરહ ભાવ ઉપજે છે, દૃઢ થાય છે. આને બીજા પ્રકારનો સર્વાત્મભાવ કહે છે, ત્યાર પછી રહેતાં કરતાં પ્રભુને સર્વાત્મના ભાવ તે ભગવદીય ઉપર ઉપજે છે, ત્યારે શ્રી પ્રભુજી એમ જાણે છે કે, એ સર્વ પદાર્થ મુકીને કેવળ મનેજ ભજે છે, અને મારા વિના બીજો પદાર્થ નથી. મનેજ કેવળ સર્વસ્વ કરી જાણે છે. તે એવી રીતે કે ભકત વિના મારે બીજું કશું નથી. આવો ભકત જયાં જયાં જાય છે, ત્યાં ત્યાં શ્રી પ્રભુને પોતાના મોં આગળ દેખે છે. તૃષા વખતે જળની ઝારી લઈ દેખે છે. ભૂખ વખતે ભોજન સામગ્રી લઈને દેખે છે. કોઈ વાર ભોજન કરતાં શ્રીપ્રભુને દેખે છે. આવા ભગવદીયને પછી હૃદયમાં તાપ થાય છે કે, આવા મોટા, કોમળ સુકુમાર, અતિ સરસ પ્રભુ મારા અર્થે આમ કરે છે, એ અનુચિત છે, પછી તે ભકત એમ જાણે છે કે, શ્રીપ્રભુજી મારા અર્થે એમ કરે છે, એ તો મને અયોગ્ય લાગે છે, એ તો ઘણું અનુચિત છે ઉચિત તો એજ કે અમો પ્રભુજીને આધીન રહીએ અને પ્રભુજી પ્રભુજીના પ્રકારે રહે, અમારો સ્નેહ જોઇ અંતઃ-

કરણમાં આવી કૃપા કરીને એમ કરે છે, એ સ્નેહ કેમ મટે? શ્રીપ્રભુજીને પોતાની પ્રભુતામાંજ કયારે દેખીએ! પ્રભુજી મારે માટે આટલું કરે છે તે તો અયોગ્ય થાય છે તેથી અમને મહા દુઃખ લાગે છે. આ વખતે એ ભક્ત એમ જાણે છે કે જે સ્નેહ રહિત છે તેમને ધન્ય છે. કે જેઓ પ્રભુને એ નિમિત્તે કષ્ટકર્તા નથી. હું અધર્મી છું, કે મારે માટે એ તો મને અયોગ્ય લાગે છે, એ તો ઘણું અનુચિત છે. ઉચિત તો એજ કે અમો પ્રભુજીને આધીન રહીએ; અને પ્રભુજી પ્રભુજીના પ્રકારે રહે. અમારો સ્નેહ જોઈ અંતઃકરણમાં આવી કૃપા કરીને એમ કરે છે, એ સ્નેહ કેમ મટે? શ્રીપ્રભુજીનો પોતાની પ્રભુતામાંજ કયારે દેખીએ? પ્રભુજી મારે માટે આટલું કરે છે. તે તો અયોગ્ય થાય છે, તેથી અમને મહા દુઃખ લાગે છે, આ વખતે એ ભકત એમ જાણે છે કે જે સ્નેહ રહિત છે તેમને ધન્ય છે. કે જેઓ પ્રભુને એ નિમિત્તે કષ્ટકર્તા નથી, હુ અધર્મી છું, કે મારે માટે પ્રભુ કષ્ટ પામે છે. આ સ્નેહ કેમ ઘટે? આમ કરતાં કરતાં ઉલટો સ્નેહ વધતો જાય છે. આ વખતે શ્રીગોકુલેશેકહ્યું કે કલ્યાણ દીનતા આનું નામ કહેવાય. જ્યારે આવી દીનતા થાય ત્યારે પ્રભુજી ક્ષણમાત્ર તે ભકતને મુકતા નથી. આ વખતે રહેતાં રહેતાં તે ભકતનું સ્વરૂપ પલટાય છે, સર્વ ભકતની સામગ્રી પ્રભુની સામગ્રીથી અધિક થાય છે, એવો અનુભવ ભકતને થાય છે. ત્યારે ક્રમે ક્રમે પ્રથમનો જે પરતાપ તે ટળે છે. જેમ જેમ પોતાની સામગ્રીનો વિનિયોગ થાય છે, શ્રીપ્રભુના ઉપયોગમાં આવે છે. તેમ તેમ ભકતને હર્ષ થાય છે, આ હર્ષનો પાર નથી ત્યારે તે મગ્ન થાય છે. તે ક્રમે નીકળી શકે નહિ, ત્યારે તે ભકતને અસાધારણ સ્વરૂપવાળો કરીને ત્યાંથી કાઢીને અંતરંગ લીલામાં નાખે છે. એમ અનુગ્રહ નિરંતર કરતા રહે છે. એ અનુગ્રહનો પાર નહિ એ અનુગ્રહ તાદૃશી ભકત મેળવી જાણે. બીજાંને કદાપિ નથી. એ પરમ ફળ છે, આટલું કહેતાં કહેતાં શ્રીગોકુલેશના કંઠ ગદગદ થઇ ગયા પછી ઘડી અર્ધી ઘડીએ બોલ્યા કે આથી આગળ ઘણી વાત છે, તે ક્યાંથી કહેવાય? આ વખતે શ્રીઅંગ અંગની શોભા વિલાસી અનુભવી આ વાત જાણે, લખવાથી શું જણાય?

વિવેચન–આ પ્રસંગ ફલાત્મક છે. ત્રણ પ્રકારના સર્વાત્મભાવ સ્પષ્ટ બતાવ્યા છે. અને તે પરમફળ સુધી શી રીતે લઈ જાય છે, તે પણ સ્પષ્ટ બતાવ્યું છે. આ પ્રસંગ તદ્દનજ વિસ્તારપૂર્વક સમજાવ્યો છે, એટલે તે સબંધી કંઈ વધારે કહેવાનું હોય નહિ. મર્યાદામાર્ગમાં ભકતનાં કામ ભગવાન કરે, તેથી ભકત રાજી થાય છે ત્યારે પુષ્ટિમાર્ગમાં ભગવાન તસ્દી લે; તો ભકતને દુઃખ થાય છે. પ્રભુનુંજ સુખ વિચારવુ તે પુષ્ટિ.

## * પ્રસંગ-૫૪ *

પુષ્ટિ ભક્ત પ્રભુનો અત્યંત લોભી હોય છે:- એક વાર શ્રીગોકુલેશે જળઘરામાં કહ્યું કે વેદશાસ્ત્રે કહ્યું છે કે. જે નિર્લોભી અને નિષ્કામી હોય, તે પુરૂષોત્તમના ચરણારવિંદ સુધી લોભ ન કરે આવું મર્યાદાએ કહ્યું છે, અને અહીં (પુષ્ટિમાર્ગમાં) તો એમ કહ્યું છે કે અતિશય લોભી હોય તે પુરૂષોત્તમને પામે. અને સારૂપન પામે. તે લોભી કેવા! સાત કોટડીમાં વસ્તુ ઘાલી છે, તે કોટડી ફોડીને ઉપાય કરીને પ્રાણ અંત સુધી ઉદ્યમ કરે અનેક પ્રકારે ઉદ્યમ કરે અને તે મહેની વસ્તુ કાઢે એવો લોભી જોઈએ; આવું શ્રીપ્રભુએ કહ્યું. અહીંઆ શ્રીઠાકોરજી પંચ પ્રકારે દર્શન આપે છે અને પંચ પ્રકાર લોક દર્શન કરે છે,

તેનો અંગીકાર જેવાં દર્શન કરે, તેવો તેનો અંગીકાર છે. લોક રીતે દર્શન કરે તેનો અંગીકાર લોક રીતે છે. એક તો લોક રીતે દર્શન પામે છે, તેનો અંગીકાર લોક રીતે છે, એક મર્યાદા રીતે દર્શન પામે છે જે મર્યાદા સ્વરૂપ છે; તેનો અંગીકાર મર્યાદામાંહે છે. એક તો મહાત્મ્ય સ્વરૂપ છે તેને જાણે છે, તેનો મહાત્મ્ય રીતે અંગીકાર છે એક તો પુષ્ટિ સ્વરૂપ પુરૂષોત્તમ કરી જાણે છે, તેમનો પુષ્ટિમાં અંગીકાર છે. પાંચમું રસાત્મક સ્વરૂપ જાણે છે તેમનો અંગીકાર રસાત્મકતા માંહે છે. રસાત્મકનો અધિકાર તે રસાત્મક જાણે છે, એકને એકજ સ્વરૂપ વિષે પાંચ પ્રકારે ભાસે છે. અંગીકાર ભેદ પ્રમાણે રસાત્મક સ્વરૂપ શ્રીઠાકોરજીએ કર્યું છે, તે સ્વરૂપ શ્રીઠાકોરજી પાસે નથી. ત્યારે ક્યાં છે ? આપે કહ્યું કે ભક્તના હ્રુદયમાં તે સ્વરૂપ રહે છે સકળ સામગ્રી સહિત રહે છે. શા માટે કે ત્યાં કોઇ જાણે નહિ. આ કારણથી ભકતો લૌકિક જેવા દેખાય છે, કારણ કે ત્યાં રહેલા પ્રભુને કોઈ જાણે નહિ, એના ચોર ઘણા છે. તે પાસે રહે છે તે રખે જાણી જાય. જો આમ છે, તો રસાત્મક સ્વરૂપ શી રીતે જણાય ? અને શી રીતે પમાય ? ભક્તો તો સર્વે સરખા દેખાય છે, કાંઇ ફેરફાર જણાતો નથી કે. જાણીએ, એ કેમ જણાય ? કે કૃપાપાત્ર ભકત જેને શ્રીઠાકોરજીને કૃપા કરે તેના મનમાં એમ થાય કે એની પાસે રહું. એની કાંઈ સેવા કરૂં. આ સેવાથી શ્રીઠાકોરજી જાણે અને એથી મારૂં સારૂં થાય, એવી રીતે સેવા કરે તો જેમ તેમ પ્રસન્ન થાય. સેવા કરતાં કરતાં શુદ્ધ ભાવ ઉપજે. તે વારે તે ભગવદીય શ્રીઠાકોરજીને જાણવા લાગે પછી રસાત્મક સ્વરૂપનો અનુભવ થાય પાંચ પ્રકારનો અનુભવ એકજ સ્વરૂપ વિષે થવા લાગે. જો કે અનેક પ્રકારે સેવા કરે છે. પણ રસાત્મક સ્વરૂપનો અનુભવ ન થાય અને પ્રાપ્તિ પણ ન થાય કારણ કે રસાત્મક સ્વરૂપ તો ભગવદીય પાસે છે, તેથી ભગવદીયની સેવા વિના પામે નહિ માટે તેવા ભગવદીય વિરલા છે.

વિવેચનઃ– રસાત્મક સ્વરૂપ ભકત પાસે છે. ભકતના હ્રુદયમાં બિરાજે છે, માટે ભકતની સેવા વડે પ્રસન્નતાથી તે મેળવી શકાય. શ્રીગુરૂની કૃપા વડે પણ મેળવી શકાય, કારણ કે ગુરૂ એ રસાત્મક પુર્ણ પુરૂષોત્તમનાં સ્વરૂપને હ્રુદયમાં છુપાવનારા છે. આથીજ જો રસાત્મક સ્વરૂપ જાણવું હોય તો શ્રીગુરુદેવની વા કોઈ મહાનુભાવી ભગવદીયની સેવા વડે કૃપા મેળવવી. જેના હ્રુદયે રસાત્મક પુર્ણ પુરૂષોત્તમ બિરાજે છે; એવા ભગવદીયો પણ વિરલ જ હોય છે, અને હોય છે. તો ઓળખવા પણ પડે છે, માટે ઓળખાય તો પ્રભુ કૃપા જાણવી.

## * પ્રસંગ–૫૫ *

પ્રેમની પ્રાપ્તિ રસીક ભગવદીયથી થાય છે:– એક વાર કલ્યાણ ભટે વિનંતી કરી કે કેટલાક લોક એમ કહે છે કે. ભગવદીયનું કાર્ય પ્રેમે થાય, હવે આ પ્રેમ તો ઉદ્યમે હાથ આવતો નથી; જ્યારે શ્રીપ્રભુ કૃપા કરે, ત્યારે હાથ આવે. માટે વાત કરવાનું શું પ્રયોજન ? વાર્તા કરે પ્રેમ હાથ આવે નહિ. આ વાત સાંભળી શ્રી ગોકુલેશ બોલ્યા કે શ્રી પ્રભુજીની પ્રાપ્તિ પ્રેમે થાય છે; તે પ્રેમ વડે શ્રીપ્રભુજી ઉત્તમોત્તમ વસ્તુ છે, તે પ્રેમ વડેજ પામીએ, પ્રેમ વિના પ્રભુ નથી. શ્રીપ્રભુને લાયક જેટલી ઉત્તમ વસ્તુઓ છે તેમાં સૌથી અતિશય ઉત્તમ પ્રેમ છે. પ્રેમથી પ્રભુજીને પામીએ. પ્રભુ પ્રેમને વશ છે. પ્રેમ પૂર્વક ભકત જેમ કરાવે છે તેમ પ્રભુ કરે છે; માટે પ્રેમ શ્રેષ્ઠ છે, કે જેને વશ શ્રીઠાકુરજી છે, તે પ્રેમ જડ

નથી સજીવ છે. સર્વ સમજે છે. જે કોઈ પ્રેમની વાર્તા કરે છે, ને તેમાં રચ્યા પચ્યા રહે છે સાંભળે છે, જે કોઈ પ્રેમની વાત મનમાં ધરે છે, તેનીજ ઉપર પ્રેમ દેવ પ્રસન્ન થાય છે, તેજ પ્રેમ મેળવે છે, તે માટે જીવે અવશ્ય પ્રેમની સેવા કરવી જોઈએ. હવે તે પ્રેમની સેવા કેમ થાય તો પ્રેમનો ધણી ભગવદીય છે, તેની સંગતિમાં રહેવું, તેની સેવા કરવી. તે ઉપર ઘણો ભાવ રાખવો. આ બાબત બહુ વધારે શું કહીએ ? સર્વ એજ સમજો. કદાપિ પ્રભુ ઘણી કૃપા કરીને જીવને પ્રેમ અપાવે છે, પણ જો એ પ્રેમની સેવા નથી કરતા. ચર્ચા નથી કરતા તો પ્રેમ ઢુંકડો નથી આવતો. પ્રભુજી પ્રેમને આધીન છે, માટે અવશ્ય પ્રેમની કાની રાખવી, તે માટે જે કોઈ પ્રેમી ઉપર પ્રેમ કરે છે તે પ્રેમી બની જાય છે, તેથી અવશ્ય પ્રેમની સંગતિ કરવી, કારણ કે તે પ્રેમ ભગવદીય પાસે છે.

વિવેચનઃ- સત્સંગ વગર પ્રભુના સ્વરૂપનો સ્વાદ આવતો નથી. શ્રીગુસાંઈજી પણ પોતાના અંતરંગ ભકતોનો સત્સંગ રાખતા. સત્સંગ એ ચમત્કારી ચીજ છે, તેથી પ્રેમ રૂપી ચમત્કારી વસ્તુ પ્રાપ્ત કરવા શ્રીમહાનુભાવીઓનો સત્સંગ કરવો પ્રેમ ભગવદીયોને આધીન છે માટે અવશ્ય સત્સંગની ટેવ રાખવી, પ્રેમ એ ચેપી વસ્તુ છે. પ્રેમના સંગથી પ્રેમ રૂપી ચેપ લાગે માટે પ્રેમીના સંગમાં રહેવું. રસિકનો સંગ મહા દુર્લભ છે.

## * પ્રસંગ-પપ *

**પુરૂષોત્તમનો સાક્ષાત અનુભવ કેમ થાય?**
એક સમયે શ્રીગોકુલેશ જળઘરામાં બિરાજ્યા હતા, ત્યારે કલ્યાણ ભટે વિનંતિ કરી કે ભગવદીયને શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ કેમ થાય? આ વાત કૃપા કરી કહો. ત્યારે આપશ્રી બોલ્યા કે; પુરૂષોત્તમની પ્રાપ્તિ સાધન સાધ્ય નથી, કૃપા સાધ્ય છે, ત્યારે શ્રીમહાપ્રભુજી કૃપા કરીને કરાવે ત્યારે થાય. આ પ્રમાણે શ્રીમુખના વચન સાંભળી કલ્યાણ ભટે વિનંતી કીધી. કે શ્રી મહાપ્રભુજી કૃપા કેમ કરે તે કહીએ. આ સાંભળી શ્રીગોકુલેશ બોલ્યા કે શ્રીપ્રભુજી પ્રથમ પોતાના ગામમાં રાખે છે. વળી વધારે કૃપા કરીને પોતાના જે મિત્ર તેની સંગતી કરાવે છે. વળી કૃપા કરીને શ્રૃંગાર કરાવે છે. વળી પોતાના મનોરથની વાર્તા કરે છે. તે સાથે વળી રસ રીતે રમે છે, વળી અધિક કૃપા થતાં તે ભકતનું મુળ રૂપ પલટાઈ જાય છે. વળી કૃપા કરીને રસની ક્રીડા સમાપ્ત કરે છે. વળી કૃપા કરીને તે ભકતને તેજ ક્રીડા મંદિરમાં રાખે છે. તેથી અળગા ન કરે. આ સાંભળી ભટે વિનતિ કરી કે રાજ, ગામ તે શું ? ઘર તે શું ? એ સર્વ પ્રકટ કરીને સ્પષ્ટ રીતે કહીએ. ત્યારે શ્રીગોકુલનાથજી બોલ્યા કે, રસમાર્ગી ભકતની સંગતિ તે ગામ છે. તેજ મુખ્ય શ્રીપુરૂષોત્તમનો નિવાસ છે, એવા રસમાર્ગીય ભકતોની જે કૃપા તે પ્રભુનું ઘર છે. તે રસમાર્ગીય ભગવદીયની કૃપામાં સદાજ રાખે; ત્યારે જાણીએ કે પોતાના ઘરમાં પ્રભુએ ભગવદીયને રાખ્યો; ઘર તે તેનું નામ છે. મિત્ર કહેતા શું ? ત્યારે કહ્યું કે શ્રીપ્રભુના રસમાર્ગી અંતરંગ કૃપાપાત્ર જે ભકત તેને શ્રીમહાપ્રભુજીનો પોતે રસાનુભવ કરાવે છે. તે મિત્રને જ સખી કહીએ. તે મિત્ર દ્વારા નેત્રે દર્શન થાય, નેત્ર તે શું ? મિત્રદ્વારે મુખથી કાને પ્રભુની રસવાર્તા સાંભળીએ એ નેત્ર. આંખ જે તે મુખ્ય નેત્ર નહિ; પણ કાન તે મુખ્ય નેત્ર છે. શાથી કે જેટલા ગુણ સાંભળીએ. અને કાને સમજીએ તેટલા નેત્રે દેખીએ, દેખીને સમજીએ એ દર્શન તેજ મુખ્ય દર્શન કહેવાય. જે મિત્ર

દ્વારા સાંભળીએ, તેનુંજ દર્શન મુખ્ય. સાંભળીને જ્યારે દર્શન કરીએ, ત્યારે પરમાનંદનો અનુભવ થાય, તેટલા માટે સાંભળીએ, તેજ મુખ્ય દર્શન જાણવું સર્વાત્માનું નામ ક્રીડા મંદિર. શ્રીમહાપ્રભુજી જ્યારે ક્રીડા મંદિરમાં (સર્વાત્માભાવ) ભગવદીયને લે ત્યારે જાણવું કે તેને ક્રીડા મંદિરમ રાખ્યો શ્રીપ્રભુજી સર્વાત્માના ભાવમાંજ સદા ક્રીડા કરે છે. પ્રભુ સર્વાત્માના ભાવ રુપી ક્રીડા માંહેજ છે. તે જ્યારે ભક્તિના ભાવે ભકત પ્રસ્વેદ પામે, ત્યારે જાણવું, કે પ્રભુએ ભકતને સ્નાન કરાવ્યું. ને તે ભકતે સ્નાન કીધું, જ્યારે ભકતના સર્વ દોષ ધોવાય. જ્યારે ભકત પ્રભુ ભાવે રોમાંચિત પામે. ત્યારે જાણવું કે શ્રીપ્રભુએ ભકતને શ્રુંગાર કીધું. રોમાંચિત છે તે અલૌકિક શ્રુંગાર છે વળી જ્યારે ભકતના કંઠ ગદગદ થાય, ભાવે ગદગદ વચનો નીકળે, ત્યારે જાણીએ કે પ્રભુજીના મનોર્થની રસવાર્તા કરી. વળી જ્યારે ભકત ભક્તિભાવે કંપાયમાન થાય, અંગો અંગ કંપે, ત્યારે જાણવું કે શ્રીપ્રભુજી ભકત સાથે રમે છે. વળી જ્યારે ભકતભાવે પરમ આનંદ પામે છે, ત્યારે જાણવું કે ભકતનું રૂપ પલટાયું, અલૌકિક સ્વરૂપ આપ્યું. વળી જ્યારે ભકત વારંવાર આંસું નાખે છે, ત્યારે જાણવું કે પ્રભુએ ક્રીડા સમાપ્ત કીધી. ક્રીડા સમાપ્તનું લક્ષણ એ કે, જળ પ્રકટી નેત્રે ધુએ. વળી જ્યારે તે ભકત ત્યાંજ ક્રીડા મંદિર માંહે રહે તે તેજ સુખ તેજ પ્રકારે મળે, તેથી જરા પણ અળગો ન થાય. ત્યારે જાણવું કે ભકતને શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ થઈ.

વિવેચન– આ વચનામૃત બહુજ પ્રમેય બળનું છે. ભકતની અલૌકિક અનુભવની સ્થિતિનું બરાબર સ્વરૂપ શ્રીગોકુલેશ સમજાવે છે. ભકત આ વચનામૃત વિચારી પોતાની સ્થિતી પારખી શકે છે. વિદ્વત્તા પર મોહી પડેલાઓએ આ વચનામૃત વિચારવું જોઈએ. નર્યા વિંદ્વાનોના કે જ્ઞાનિઓના હૃદયની અને સારિરીક સાધનોની આવી સ્થિતિ થતી નથી, પણ પ્રેમીઓનીજ થાય છે. આથી પુષ્ટિમાર્ગમાં પ્રેમજ અલૌકિક અનુભવનું સાધન છે. હૃદયશીલ પ્રેમીઓજ પુષ્ટિરસ અનુભવે છે. સ્ત્રીઓ હૃદયશીલ છે, માટેજ તેઓ પ્રેમભક્તિ પ્રભુના માર્ગમાં બહુ રસ લે છે.

## * પ્રસંગ–૫૭ *

**શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ કેમ થાય ?** :– એક ાર ભટજીએ પ્રશ્ન પૂછયો કે મહારાજ પુષ્ટિમાર્ગ મહા કઠણ છે, ઉત્તમ ભગવદીને શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ જલદી કેમ થાય ? ત્યારે શ્રીગોકુલેશ બોલ્યા કે ઉત્તમ ભગવદીયને પોતાની પ્રાપ્તિ શ્રીપ્રભુજી પોતે કરાવે છે. તે ભગવદીયને ચાલવાનો પેંડો છે, તે પેડે ચાલે તો જલદી શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ થાય. તે વાત સાંભળીને કલ્યાણ ભટે પ્રશ્ન પૂછયો કે મહારાજ, ઉત્તમ ભગવદીયે કયે પેંડે ચાલવું તે અમને કહો, ત્યારે શ્રીગોકુલેશ બોલ્યા કે જે માર્ગે લોક ચાલે છે, તે માર્ગે ભગવદીય ન ચાલે. ઉત્તમ ભગવદીય વનોન ચાલે છે, કે જ્યાં બીજો કોઈ ન ચાલી શકે. કેવળ પર્વત પર્વતપર ચાલે કે જ્યાં કોઈ ચઢી શકે નહિ વળી જળ જળ માંહે ચાલે કે જ્યાં ચાલતાં ડુબી જવાય. વળી વાયરે વાયરે ચાલે (અધર) કે જ્યાં ચાલતાં પડી જવાય. તલવારની ધારે ધારે ચાલે, જ્યાં ચાલતાં પગ કપાઈજાય અગ્નિ અગ્નિ ઉપર ચાલે કે જ્યાં ચાલતાં બળી જવાય. ત્યારે કલ્યાણ ભટે વિનતિ કરી કે મહારાજ એ માર્ગ વનાદિક કહયા તે મને પ્રકટ કરીને કહો. ત્યારે દયાસિંધુએ કહયું કે; સમાજ માંહે વસે છે તે પોતાનું

મહાત્મ્ય પ્રકટ કરે છે, ને બીજા લોકની ન્યુનતા પ્રકટ કરે છે, દુન્યવી લોકોનો ભાવ એવો છે. ઉત્તમ ભગવદીય પણ સમાજ માંહે વસે છે, તે એમ બોલે છે કે પોતાની ન્યુનતા પ્રકટ કરે; ઉત્તમ ભગવદીયનો એ સ્વભાવ છે, એવા વન માંહે કોણ ચાલી શકે ?

વળી પર્વત પર્વત પર ચાલ્યાનો પ્રકાર સાંભળો, લોક જે કાંઇ પોતાના ઉપર ઉપકાર કરે, તેનો ઉપકાર ન માને એવા લોકો છે. બીજાનો ઉપકાર ક્ષણ માત્રમાં ભુલી જાય અને પ્રકટ ન કરે, અને ઉલટા પોતાના ગુણ પ્રકટ કરે, અને પોતાના અવગુણ પ્રકટ કરતા લાજે કે પોતાની ન્યૂનતા કેમ પ્રકટ કરૂ ? બીજાની વડાઇ કેમ પ્રકટ કરૂ ? એમ બોલે. બીજાની વડાઈ પણ ન રુચે. લોકના એવા ભાવ છે.

હવે ઉત્તમ ભગવદીયના ભાવ એવા છે કે, કોઇ પોતાને પર્વત જેવડો કહે પણ પોતાને રજ સમાન માને. કોઈ પોતાને લગાર પણ ગુણ કરે, તો એમ કહે કે એણે લૌકિક અલૌકિક સંપન્ન કર્યો. સભામાં સૌના ગુણગાન કરે. બીજાને વખાણતા લાજ ન માને એ ભાવનું નામ પર્વત પર ચાલ્યા કહેવાય.

હવે બીજો પ્રકાર જળ માંહે ચાલવું, તેની વિગત કહે છે, લોકોનો ભાવ એવો છે કે પોતાને ઘેર કોઈ ભગવદીય આવે; અથવા કૃપા કરીને કાંઇ વસ્તુ માગવા સારૂ આવે, તેનો અનાદર કરે, અને ઉત્તમ ભક્તનો અલૌકિક ભાવ એવો છે કે, કોઈ સાધારણ ભગવદીય બીજી વસ્તુ અથવા ધન, ઘર, દેહ, પ્રાણ અથવા સર્વસ્વ માગવાને અર્થે આવે તો પણ તે ભગવદીયનો અનાદર ન કરે. સામે જઇને ઘેર પધરાવી લાવે. આદર કરીને ઉત્તમ આસને બેસારી દંડવત કરી પ્રિય વચન બોલે ઘણો સંતોષ માને, પોતાનો જન્મ સફળ માને કે, આ ભગવદીયે મારે ત્યાં પધારી મનોરથ સિદ્ધ કર્યા, આ માર્ગ જળ માર્ગે ચાલ્યાનો કહેવાય. પર્વત માર્ગથી જળ માર્ગે ચાલવું કઠણ છે, જળ માંહે ચાલતાં તો ડુબી જવાય. હવે ચોથો પ્રકાર વાયરા પર ચાલવું. તેની વિગતમાં લૌકિક ભાવ એવા છે કે પોતાના મિત્ર, વહુ, કુટુંબ સૌને ગમતું કરજ કરે. પણ ભગવદીયનું તો નાજ કરે અને કદાપિ કરે તો પોતાનો સ્વાર્થ કે મોટાઈ સાધવા માટે, અથવા પ્રતિષ્ઠા માટે કે કોઈ ભગવદીયે ઉપકાર કીધો હોય તો તેનું કારજ કરે. સભામાં પોતાની વડાઈ કરે અને ભગવદીયને ફજેત કરે. એમ જો કરે તે જળ સમુદ્રમાં ડુબી જાય. ઉઠી ન શકે. માટે કદી ભગવદીયને ફજેત ન કરવા, હવે અલૌકિક ભાવ એવો છે કે ઘર ધન, પુત્ર, પ્રાણ તથા સર્વસ્વ આપીને સાધારણ ભગવદીય હોય તો તેને પણ સંતોષ પમાડે, તો ઉતમ ભગવદીયની તો ટહેલ સર્વ પ્રકારની કરેજ. અને કરે તે કોઈ જાણે નહિ, પોતે પણ એમ જાણે કે મેં કાંઇ કર્યું નથી. આ ભાવ વાયરા પર ચાલવાનો કહેવાય.

હવે પાંચમો પ્રકાર તલવારની ધાર પર ચાલવું તે છે. તેની વિગતમાં લૌકિક ભાવ એવો છે કે પોતાની વસ્તુ અહીં જે હોય તે કુટુંબ મિત્ર કે વહુને પણ ન આપે, તો ભગવદીયને તો વિશેષે નાજ આપે. ભગવદીયમાંહે જે ઉતમ ભગવદીય તેને તો જળ પણ ન પાય. જો કદાચિત આપે તો સ્વાર્થ વિચારીને આપે. મોટાઈ પ્રતિષ્ઠા વિચારીને કદાચિત કાંઇ રજમાત્ર આપે તો આપે, અને આપીને લોકની સભામાં જયાં ત્યાં આપ્યાની મોટાઇ કરતો ફરે. રજ માત્ર આપ્યું હોય તો કહે કે મેં પર્વત જેટલું આપ્યું, એમ કરવાથી ભગવદીયને ફજેત કરે.

લોકના ભાવ આવા હોય છે. હવે અલૌકિક ભાવ કહીએ છીએ, ઉત્તમ ભગવદીયને ઘેર સાધારણ ભગવદીય પણ આવે, અને તેને કંઈ પણ જોઈએ, તો તે વસ્તુ તથા દેહ સર્વસ્વ પ્રાણ પર્યંત લૌકિક અલૌકિક સર્વ જ્યાં લગી પોતાનું સામર્થ્ય ચાલે ત્યાં સુધી આદર કરે. સ્નેહે સમર્પે કે કોઈને ખબર પણ ન પડે, એમ સમર્પે. હવે પછી ભગવદીયના ચાર પ્રકાર છે તે સાંભળો. એક ભગવદીયને લૌકિક અલૌકિક એ બેઉ માંહે કંઈ નથી. પ્રભુનું નામ માત્ર છે, ત પોતે અધિકાર જોઈને પોતે પોતાનું સામર્થ્ય જોઈને સ્નેહ ગુપ્ત રાખી લૌકિક અલૌકિક સંપન્ન રહે. વળી કોઈ ભગવદીય એવા છે કે જેને સર્વસ્વ છે. અલૌકિક કાંઈ નથી, અને પ્રભુનું નામ માત્ર છે તને અલૌકિક આપે. વળી કોઈ ભગવદીય એવા છે કે જેનુ લૌકિક છ અને અલૌકિક નથી. લૌકિક વિના અલૌકિક માંહે હાનિ થાય એવું હોય તેને લૌકિક સંપન્ન કરવું જેમ અમલીને અમલ વિના સર્વસ્વ આપે તો હાનિ થાય, તેમ તેન એ વિના હ નિ થાય. વળી કોઈ ભગવદીય એમ કહે છે કે, જન લૌકિક છે. અને અલૌકિક છે. તેને જે ન જોઈએ તે આપવું. પ્રસન્ન થાય એ ન આપવું. તેનું ખરૂં સુખ વિચારીને તજ કરવું; તેનું સુખ એમાં છે કે તેની પાસે લૌકિક છ, ને અલૌકિક માગી લે. પ્રાર્થના કરીને માગે તેને હુ આપું; તો મને સુખ થાય; અને તેનું અંતઃકરણ પણ શીતળ થાય. જે વસ્તુ જાણવી હોય તે વા લેવી હોય તે બે દિવસમાં ઉત્તમ ભગવદીય ઉત્તમ ભગવદીય પાસેથી લઇ લે છે આ ચોથો પ્રકાર છે. તે મધ્યે લૌકિક લે છે, તે અતિ શ્રેષ્ઠ છે. એટલા માટે કે આગલાંને સુખ દેવાને લે છે. લૌકિક પહેલાં વિધિમાં છે, તેથી પહેલું તેના (બીજાના) સુખને અર્થે માગે છે, પોતાને જોઈતુ નથી. તેને (બીજાને) સુખ દેવાને માગે છે. લૌકિક અર્થનો ભાવ એ પાંચમો પ્રકાર છે.

હવે છઠો પ્રકાર અગ્નિ ઉપર ચાલવું. ભગવદીય જેમ જેમ સંપદા થાય, ધન લક્ષ્મી ઘણી આવે તેમ તેમ અભિમાન ન કરે; પણ એમ સમજે કે શ્રીપ્રભુજીની કૃપા થકી એ સંપત્તિ થઈ છે અમે તો યોગ્ય નથી, એમ અંતઃકરણમાં દીનતા લાવે. લૌકિક જીવને લગાર પણ સંપત્તિ આવે તો અવશ્ય અભિમાન આવે. મનમાં એમ જાણે કે અમારા પુરૂષાર્થ વડે એ સંપત્તિ થઈ છે, બીજા નિર્બળને ગણે પણ નહિ, નિર્બળ ભગવદીયને પણ ગણે નહિ, આ અગ્નિ ઉપર ચાલવું કહેવાય. આવી સ્થિતિ છતાં દીનતા રહેવી મહા કઠણ છે. દીનતા રહે તો અભિમાન રહે પણ દાઝયો નહિ એવું કહેવાય.

વન એકલા કેમ ચલાય? પર્વત ઉંચે કેમ ચઢાય? જળમાં ચાલતાં કેમ ન ડુબાય વાયરા ઉપર તો કેમજ હિંડાય? તલવારની ધાર પર પગ કેમ રખાય? પગ રાખવાથી કેમ ન કપાય? અગ્નિ માંહે તો અવશ્ય બળી જવાય. વળી ભટે પ્રશ્ન પૂછયો કે મહારાજ માર્ગ મહા દોહલો છે. આવા દોહલે માર્ગે મુખ્ય ભકત શી રીતે પહોંચે? ત્યારે શ્રીમુખે કહ્યું કે, જ્યારે શ્રીપ્રભુજીએ જાણ્યું કે મુખ્ય ભકત મારી પાસે આવે અથવા આવવાનો મનોરથ કરે છે, ત્યારે પ્રભુજી પ્રસન્ન થાય. પ્રસન્ન થઇને કૃપારૂપી જે પોતાના શ્રીહસ્ત તે માર્ગ ઉપર પાથર્યા. ત્યારે તે કૃપારૂપી હસ્ત ઉપર થઇને મુખ્ય ભકત કલેશ વિના ચાલ્યા આવ્યા તે શ્રીપ્રભુજીને પામ્યા. શ્રીપ્રભુજીએ પણ

તેમને નિકટ રાખ્યા. વળી કૃપારૂપી હસ્ત જે માર્ગ ઉપર પાથર્યા તે પાછા ખેંચી ન લીધા. વળી તે ઉપર મુખ્ય જે ભક્ત તેમણે પોતાના કૃપારૂપી હસ્ત જે માર્ગ ઉપર પાથર્યા કારણ કે તે ઉપર થઈને બીજા ભકતો ચાલી આવે, તે ઉપરાંત જે કોઇ ભક્ત એ માર્ગ ઉપર થઇને પ્રભુને પહોંચ્યા તેમણે પણ પોતાના કૃપારૂપી હસ્ત તે માર્ગ ઉપર પાથર્યા છે. કારણકે કૃપારૂપી ઘણા હસ્ત ભેગા થાય તો માર્ગ સહેલો થાય. પણ ચાલવાનું ઉદ્યમ તો અવશ્ય કરવું જોઈએ, તે ઉદ્યમ કોઇ મુખ્ય ઉત્તમ ભગવદીયથી પામીએ.

**વિવેચનઃ**—આ વચનામૃત ભક્તની સ્થિતિ પ્રમાણે દાન કરવાનું કહે છે, પુષ્ટિભક્તિમાર્ગ મહા વસમો છે, પણ પ્રભુની કૃપા વડે તે પર ચાલી શકાય છે. લૌકિક તેમજ અલૌકિક ન બગડે, એ માર્ગે ભગવદીયને દોરવો એવું પણ આમાં બતાવ્યું છે વળી ઉંચી દશાના ભગવદીયોએ પણ બીજાના કલ્યાણને માટે લૌકિક તરફ વિચારવું એમ પણ બતાવ્યું છે. દાખલા તરીકે પુષ્ટિભકતે બીજાઓનું અલૌકિક સાધવા માટે પણ સંસાર વગેરે ચલવવું જોઇએ, ઉંચા ભગવદીયે પણ યોગ્યતા પ્રમાણે વસ્તુનું દાન કરવું, એમ પણ શ્રીગોકુલેશ કહે છે. જેને લૌકિકમાંથી દૂર કરવાથી અલૌકિક બગડે તેવુ હોય તેને લૌકિકમાં પણ પ્રવૃત્તિ કરાવવી, મતલબ કે તેનું લૌકિક પણ અલૌકિક છે, આમ દર્શાવી તેને તે તે માર્ગે વાળવું. ભકતોએ ભગવાન પર પ્રીતિ વધારવા કરેલું કીર્તન વગેરે સાહિત્ય ભગવદીયના કૃપારૂપી હસ્ત છે.

ભગવદીયની કૃપા વડે પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થઈ શકે એ પણ આમાં બતાવ્યું છે. વળી ઉત્તમ ભગવદીયને ઉત્તમ ભગવદીયનો સંગ થાય તો બેજ દિવસમાં વસ્તુ માત્રનું તાત્પર્ય જાણી લે, એ પણ બતાવ્યું છે. ઉત્તમ કીડો ભમરીના એક ચટકાથી ભમરી બની જાય છે. એ સુંદર સિદ્ધાંત આ વચનામૃતમાં છે. તાત્પર્ય એ છે કે કૃપાવડેજ માર્ગનું તાત્પર્ય જાણી શકાય છે. પુષ્ટિમાર્ગ લોક વેદથી પર છે એ પણ આ વચનામૃતથી સ્પષ્ટ સમજાઇ જાય છે.

## * પ્રસંગ—૫૮ *

**નર્યા ભગવાનના ભજનથી નહિં પણ ભક્તની સેવાથી પ્રભુ રીઝેઃ**— એક દિવસ કલ્યાણ ભટે પૂછયું કે મહારાજ શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ કેમ થાય? ત્યારે શ્રીગોકુલેશ બોલ્યા કે, ભગવદીયનું ભજન કરવાથી પ્રભુની પ્રાપ્તિ થાય. ત્યારે ભટે કહ્યું કે ભગવદીય ભજન તો લોક બહુ કરે છે, પણ કંઈ નથી પામતા, માટે આપશ્રી આનું સ્પષ્ટીકરણ કરો, ત્યારે શ્રીગોકુળનાથજી બોલ્યા કે, ભગવદીયનું ભજન કરતા નથી, પણ એ ઋણ આપે છે. ત્યારે ભટે પૂછયું કે; ઋણ લેતાં દેતાં શ્રી-ભુજીને કેમ પામે? વળી ભટે પૂછયું કે ઋણ તે શું આપે છે? ને લે છે તે શું? ત્યારે શ્રીમુખે હસીને બોલ્યા કે, જે લોભે ભગવદીયનું ભજન કરે છે, સેવા કરે છે તે ભજન ન કહીએ, તે ઋણ આપે છે. તેમાં એમ છે કે હું ભગવદીયનું ભજન કે સેવા કરૂં તો એ મારી સેવા ને ભજન કરે, તેથી એ ભજન ન કહીએ એ અધિક મેળવવા માટે કરે છે. તેથી ઋણ. તે અપેક્ષાવાળો થઇ અધિક મેળવવા માટે કરે તે ઋણ આપે છે. જે નિરપેક્ષ થઈ અધિક પામવાનો લોભ મુકીને કરે છે, શ્રીપ્રભુજીનો સંબંધ વિચારીને કરે છે. પરમાર્થ કરે છે. તે પરમાર્થ ભજન કહેવાય છે. અને લૌકિક ભજન કરે છે, એક બીજાને ભજે છે, તે ઋણ આપે છે લે છે, જેને લીધે

અધિક આપવાની ચિંતા પડે, તે ઋણ લીધું કહેવાય. માટે ભગવદીય સાથે ઋણ લેવા દેવાનો વહેવાર ન કરવો. ભગવદીય ભગવત્સંબંધ જાણી લોભ મુકી નિરપેક્ષ થઈ ભજન કરે, તો શ્રીપ્રભુજી અંગીકાર કરે; તો ઋણ લીધું દીધું ન કહીએ. ઋણ લેવું દેવું તે કેવળ લૌકિક છે તે પરમાર્થ ભજન નથી, શ્રીપ્રભુનો સંબંધ જાણી કરે; તો પણ પ્રતિકૂલ થાય.

વિવેચન:– પ્રભુના ભજન કરતાં પણ ભક્તના ભજનથી પ્રભુની પ્રાપ્તિ જલદી થાય છે, એ વાત પાછળ બહુવાર આવી ગઈ છે, પણ તે ભજનમાં સ્વાર્થ ન જોઈએ. ભગવદીયની સેવામાં લગાર પણ સ્વાર્થ તે સાકર મેળવેલાં દુધના ઝેર સમાન છે. સ્વાર્થ રાખવાથી તે સેવા અનંતરૂપ નથી બનતી; પણ લૌકિકમાં ખપી જાય છે; માટે નિઃસ્વાર્થ પણે ભગવદીય પર પ્રેમ રાખી સેવા કરવી જેથી પ્રભુ પ્રસન્ન થાય.

## * પ્રસંગ-૫૯ *

પ્રભુના સંબંધવાળો વ્યવહાર અલૌકિક છે:– ખીચડીનો પ્રસંગ લખ્યો છે, કોઇ એક સમયે કલ્યાણ ભટે વિનંતી કરી કે જે રાજ, જે ઉત્તમ ભગવદીય છે, તે શ્રીપ્રભુજીને શ્રીસ્વામિનીજીને તથા બીજા સર્વ પદાર્થને અંતઃકરણ જાણે છે, તો તેના અંતઃકરણમાં લૌકિક કેમ રહે છે ને કેમ ઘટે છે? અમૃત પીધાં પછી મીઠાનો રસ કેમ પીવે છે? વળી શ્રીપ્રભુજી પરમ દયાળ છે, ભગવદીયનું માઠું ન કરે, સદા સર્વદા ભગવદીયનું ઉત્તમ થાય તેમજ કરે એ, તો પ્રભુ એવા ઉત્તમ ભગવદીયને લૌકિક વહેવાર સંબંધ કેમ કરાવે છે? દુર કેમ ન કરે? ત્યારે શ્રીગોકુલેશ કૃપા કરી પ્રસન્ન થઇને હસીને શ્રીમુખે કહ્યું કે ભગવદીયનાં અંતકરણ માંહે નવી અલૌકિક ઉત્તમ ખીચડી અલુણી રહે તો તો શા કામમાં આવે? માટે ખીચડી સલુણી કરવી. ત્યારે તેવા ઉત્તમ ભગવદીયોને કેમ અલૌકિકમાં બાધ કરાવે? આ વાર્તા સાંભળીને ભટે વિનંતિ કરી કે ઉત્તમ ભગવદીયની ખીચડી તે કહી એ તે ખીચડી કેવી રીતની તે કહો. ત્યારે શ્રીગોકુલેશ શ્રીમુખે બોલ્યા કે તે ખીચડી અલૌકિક છે. તેમાં સાક્ષાત પૂર્ણ પુરૂષોત્તમ ચોખા છે. શ્રીસ્વામીનીજી મગ છે, તેમાં સર્વાત્મભાવ છે, તે ઘી છે સંયોગ તે શીતળ જળ છે. વિરહ તે અગ્નિ છે. એવી અલૌકિક ખીચડી ભગવદીયને છે. અહંકારે કરીને તે અલુણી (મીઠાશ વગર) રહે છે. જ્યારે દીનત્વ આવે, અહંકાર દુર થાય ત્યારે ખીચડી સલુણી થાય ત્યારે ભક્તનો અર્થ સરી દીનતા ત્યારે આવી જાણીએ, ભક્ત જાણે કે હું સદા લૌકિક વિચારમાં શું છું મને ધિક્કાર છે, જ્યારે ખીચડી સલુણી થાય, ત્યારે ભક્ત એમ સમજે. જ્યારે તે પદાર્થ સર્વ મુકીને હું લૌકિકમાં રહું છું એમ જાણે ત્યારે એથી જ દીનતા આવે.

વિવેચન:–દીનતા લાવવા માટે પ્રભુ ભક્ત પાસે લૌકિક અને વહેવારીક કાર્યો કરાવે છે. ભગવદ્ભક્તિમાં પણ સંસાર વહેવાર રૂપી લુણ આવે તો મીઠાશ આવે એમ કહેવાનો પણ આશય છે; પણ તેમાં મમતા રાખવાથી તે દીનતા વસ્તુ મળી શકતી નથી. માટે દીનતા પ્રાપ્ત થાય તેમ કરવું જોઇએ. વળી ભક્તનો ગૃહવ્યવહાર ભક્તિમય છે, એટલે તે બાધક નથી. સેવાભાવે વ્યવહાર કરવાથી અલૌકિક ફળ આપે છે. માત્ર દૃષ્ટિજ લૌકિક દેખી શકે છે. સેવા એ પણ લૌકિક કાર્ય જેવી લાગે છે. પણ અલૌકિક ભાવનાથી અલૌકિક ફળ આપે છે, તેમ આ છે.

## * પ્રસંગ-૬૦ *

શ્રીપ્રભુ પામવાની નવી સીડીઃ- એક સમયે કલ્યાણ ભટે વિનંતી કરી કે શ્રીપ્રભુજીની પ્રાપ્તિ કેમ થાય? ત્યારે શ્રીપ્રાણનાથજી બોલ્યા કે ભાવ હોય તો સ્ત્રીને થાય અને પુરૂષને પણ થાય ભાવ ન હોય તો સ્ત્રીને પણ ન થાય; ને પુરૂષને પણ ન થાય. શ્રીપ્રભુજીને પામવાની નવ સીડી છે. એ નવ સીડી જો અનુક્રમે ચઢે તો પ્રભુજીની પ્રાપ્તિ થાય. તે નવ સીડીનો પ્રકાર.

પ્રથમ સીડી શ્રવણ- હવે શ્રવણ એટલે શું? શ્રવણ એટલે સખીદ્વારા શ્રીપ્રભુનાં સ્વરૂપનાં ગુણગાન લીલા સાંભળતો રહે, ત્યારે ભગવદીય પહેલી સીડી ચઢે

બીજી સીડી કિર્તન- કિર્તન તે શું? સખીદ્વારા જે પ્રભુના ગુણલીલા સાંભળે તે ગુણ હૃદયમાં રાખે. પછી બહાર પ્રકાશ કરે. એ બીજી સીડી ચડયા કહેવાય. જ્યારે શ્રીપ્રભુજી એમ ભક્ત સાથે વાત કરે ત્યારે જાણવું કે બીજી સીડી ચડયા.

ત્રીજી સીડી સ્મરણ- સ્મરણ કહેતા તે શું? ભક્ત પ્રભુના ગુણરૂપ લીલા સભારે. અમારા શ્રીપ્રભુજીનું આવું સુંદર રૂપ એમ ધ્યાન નિરંતર કરે. અને વિચારે કે એ પ્રભુને ક્યારે પામીએ? એમ સદા મનમાંહે ધ્યાન રહે. ત્યારે ત્રીજી સીડી ચઢયા કહેવાય. એવી સ્થિતિ પ્રભુ ભક્તની કરે ત્યારે ત્રીજી સીડી ચઢયો કહેવાય.

ચોથી સીડી પાદસેવન- પાદસેવન તે શું? ભક્ત શ્રીપ્રભુજીને રસસેવા નિમિત્ત સમે સમે જે જોઈએ તે બીડા, માલાં, ચંદન, વસ્ત્ર તે સખીદ્વારા મોકલે. શ્રીપ્રભુજીને અંગીકાર કરાવે. આ પાદવસેનનું રૂપ.

હવે પાંચમી સીડી અર્ચન— અર્ચન એટલે શું? પૂજા પુષ્ટિમાર્ગીય તેનો પ્રકાર. સખી દુતી સાથે સકળ સામગ્રી લઈ જ્યાં પ્રભુજી બીરાજે છે, ત્યાં લઈ જાય, ત્યાં જઈને પ્રાર્થના કરે. પ્રાર્થના કરીને નવરાવે. શ્રીઅંગ ઉવટનું કરાવે અને પછી સુંદર વસ્ત્ર ધરાવી અંગીકાર કરાવે. સુગંધ લગાવી કેસરી તિલક કરે, નખશીખ પર્યંત આભરણ ધરાવે રસ-રીતે ભોજન સામગ્રી તંબોળ આરોગાવે. ફુલની માળા સમર્પે. પછી દર્પણાદિ દેખાવે, જ્યાં પોતે રહે ત્યાં પ્રભુજીને પધરાવે. એવી રીતે અર્ચન કરે. સમયાંતર એવી રીતે પ્રભુને ભકત કરાવે, ત્યારે જાણવું કે એ ભકત પાંચ સીડી ચડયો.

છઠ્ઠી સીડી તે વંદન—વંદન અટલે શું? પ્રભુનું અર્ચન કીધું તે વારે જે શોભા પ્રકટ થઈ તે શોભા. તે રૂપ તે સમયના ગુણ લીલા હાસ્ય વિગેરે સ્નેહ વાર્તા રસભાવ પોતાના અંતઃકરણમાં આણીને વંદન કરે, અને પોતાની દીનતા વિચારે કે આ સ્વરૂપને યોગ્ય હું નથી, એમ વિચારી વંદન કરે. એવી સ્થિતિ ભકતની પ્રભુજી કરે, ત્યારે જાણીએ કે છઠ્ઠી સીડી ચઢયા.

સાતમી સીડી દાસત્વ—દાસત્વ તે શું? રસ રીતે મનવચન ને કર્મે કરીને દાસ થઇને રહે. એવી રીતે જ્યારે ત્યારે ભકત સાથે પ્રભુજી વર્તે ત્યારે જાણવું કે સાતમી સીડી ચઢયા.

આઠમી સીડી સખ્યત્વ—સખ્યત્વ કહેતાં તે શું? જે કંઈ પ્રભુ કરે તે પોતાને ગમે, સર્વ ઉત્તમ જ લાગે. કંઈપણ માઠું ન લાગે. શ્રીપ્રભુની અપ્રસન્નતા હોય તે ઉત્તમ ન લાગે સખ્યત્વનું સ્વરૂપ એજ છે. આવી સ્થિતિ થાય ત્યારે આઠમી સીડી ચઢયો કહેવાય.

નવમી સીડી તે આત્મનિવેદન છે.–આત્મનિવેદન તે શું ? દેહ પ્રાણ અંતઃકરણ આ લોક અને પરલોક સર્વ શ્રી પ્રભુજીને સમર્પે એવી સ્થિતિ પ્રભુ ભક્તની કરે ત્યારે જાણવું કે નવમી સીડી ચઢયા.

વિવેચનઃ–ભક્ત નવ સીડી ચઢે ત્યારે પ્રભુની પ્રાપ્તિ થાય આ નવ સીડીમાં પુષ્ટિમાર્ગીય આત્મનિવેદન છેલ્લામાં છેલ્લું છે. નવેય ભક્તિને રસરીતે સમજાવવામાં આવી છે. મર્યાદાની રીતે પણ આ નવેય સીડી ચઢાય છે પણ પુષ્ટિની રીત કંઈ ઓરજ છે શ્રીગોકુલેશ તે બતાવે છે અનુક્રમેજ આ સીડીઓ ચઢી શકાય છે આત્મનિવેદન કર્યા પછી ભક્તમાં નિઃસાધનતા આવે છે. એ નિઃસાધનતાથી વિપ્રયોગ દશા પ્રાપ્ત થાય છે આત્મનિવેદન કર્યા પછી માત્ર શ્રી પ્રભુજીનું આલંબન રહે છે તે આલંબનની અનુભવી દશા મેળવવા ભક્તને તલપાપડ થાય છે, તે દશા વિપ્રયોગની છે. આ દશા પછી પ્રભુના સાક્ષાત વિભાગો પ્રાપ્ત થઈ શકે છે વિપ્રયોગ દશા એ ફલાત્મક દશા છે

* **પ્રસંગ–૬૧** *

**સંયોગ અને વિપ્રયોગ બેઉ આનંદાત્મક છે**–એક વાર શ્રીકલ્યાણ ભટ્ટે વિનંતી કરી કે કૃપાનાથ શ્રી સ્વામિનીજી શ્રીઠાકોરજીનો વિયોગ કેમ ઘટે ? વિયોગમાં તો શ્રીસ્વામીનીજી મહાદુઃખનો અનુભવ કરે છે. શ્રી પ્રભુજી તો પરમદયાળ છે, તો વિયોગ કેમ સહન કરે છે ? વિયોગમાં શું પ્રભુજીને દુઃખ નથી ? શ્રીપ્રભુજીને પણ વિયોગમાં મહામહા દુઃખ છે હવે શ્રીસ્વામિનીજી તો પરમદયાળ છે, તેમજ સર્વ સામર્થ્યવાળાં છે; તો શ્રીપ્રભુજીને પોતાનો વિયોગ કેમ પડવા દે ? શ્રીપ્રભુજીને દુઃખ તે શું પોતાને દુઃખ નથી ? સંયોગ તો મહાસુખરૂપ છે તેમાં શ્રીસ્વામિનીજી તથા શ્રીપ્રભુજીની કૃપા ન ઘટે ? બહુ બહુ ઉત્કંઠા સંભવે, તો શ્રીઠાકોરજી ને શ્રીસ્વામિનીજી સંયોગ દૂર કેમ કરે છે ? પ્રભુજીને પોતાનું સુખ તે સુખ નથી, શ્રીસ્વામિનીજીને પોતાનું સુખ તે સુખ નથી, પણ પ્રભુજીને સુખે સુખ છે; શ્રી પ્રભુજીને શ્રીસ્વામિનીજી સંયોગ કેમ ટાળે છે ? વિયોગ તો શ્રીઠાકોરજીને તથા શ્રીસ્વામિનીજીને ગમે નહિ, તો વિયોગ કેમ પડે છે ? વળી સંયોગ તે તો શ્રી પ્રભુજીને ને શ્રીસ્વામીનીજીને ગમે છે, તે સંયોગ કેમ ટાળે છે ? શ્રીપ્રભુજી તથા શ્રીસ્વામીનીજી સર્વ સમર્થ છેઃ બીજા સર્વ એથી ન્યૂન છે તો એમની પ્રતિકૂલ કોણ થઈ શકે ? આ વિનંતિ સાંભળી શ્રીગોકુલેશ બોલ્યા કે શ્રીપ્રભુજી તો ધર્મી છે. સર્વથી બળવંત છે, તથા શ્રીસ્વામિનીજીની મુખ્ય ભક્ત છે, માટે બળવંત છે એ વાત સત્ય છે. જ્યારે શ્રીપ્રભુએ તથા શ્રીસ્વામિનીજીએ રસલીલાનો વિચાર કર્યો, ત્યારે સંદેહ ઉપજ્યો કે જ્યારે આપણે રસવશ થઈશું, ત્યારે એવું કોણ છે કે, આપણા શરીરની રક્ષા કરશે વળી લીલામાંહે જે જે જોઈએ; તે કોણ સંપન્ન કરશે ? આ વખતે શ્રીપ્રભુજીના તથા શ્રીસ્વામીનીજીના જે ધર્મ છે, તે બધાએ હાથ જોડી દંડવત કીધા, અને શ્રીપ્રભુજીને અને શ્રીસ્વામિનીજીને વિનંતી કરવા લાગ્યા કે અમે સર્વે તમારા સેવક છીએ; જ્યારે જે આજ્ઞા કરશો ત્યારે અવશ્ય કરશું. ધર્મની આ વિનંતિ સાંભળીને શ્રીપ્રભુજીએ તથા શ્રીસ્વામીનીજીએ કૃપાને તથા સ્નેહને આગળ કરીને અધિકાર આપ્યો, એટલે બીજા ધર્મ સ્નેહને આધીન થયા. ત્યાર પછી બેઉ રસલીલામાં પ્રવિષ્ટ થયા. જ્યારે સંયોગ અધિક વધવા લાગ્યો ત્યારે કૃપાએ એમ વિચાર્યું કે સંયોગ અત્યંત વધતો જ જાય છે, તેથી બહાર અને ભીતર શ્રીપ્રભુજી અને શ્રીસ્વામિ-

નીજી સર્વ અંગમાંહે રસ વ્યાપશે. ત્યારે બેઉ મળીને એક થઈ જશે; સ્નેહે પણ એમજ વિચાર્યું : આથી કૃપાએ અને સ્નેહે મળી સંયોગ દૂર કર્યો, અને વિયોગને આણી રાખ્યો. હવે વિયોગ વધવા લાગ્યો; ત્યારે કૃપાએ વિચાર કર્યો કે જ્યારે બહાર અને અંદર વિયોગ વ્યાપશે ત્યારે સ્વરૂપ કેમ રહેશે ? સ્નેહે પણ આમજ વિચાર કર્યો, ત્યારે સંયોગ થયો. જ્યારે સંયોગ વધે છે, ત્યારે વિયોગ નથી, અને જ્યારે વિયોગ વધે છે. ત્યારે સંયોગ નથી; આથી શ્રીપ્રભુની તથા શ્રીસ્વામિનીજી તથા સર્વ ધર્મ અધિકાર માટે કૃપાને અને સ્નેહને સર્વ માને છે, તેથી બેઉને સદાજ સદા રસલીલા ચાલે છે.

વિવેચન- આ વચનામૃત તદ્દન પ્રમેયનું છે. વિયોગમાં અને સંયોગમાં બન્નેમાં રસ છે વિયોગથી સંયોગમાં આનંદ આવે છે. સંયોગ એ ગળપણ છે. નર્યું ગળપણ હંમેશા ન ભાવે. તીખું, ખારૂં, ખાટું એ વિયોગ સમાન છે. નર્યું તીખું વગેરે પણ ન ભાવે. બન્ને હોય તો સામગ્રીમાં સ્વાદ આવે, તેમ સંયોગ અને વિપ્રયોગ બન્નેમાં વારાફરતીમાં જ આનંદ અને લહેજત છે. પ્રભુને પણ તેમાં જ આનંદ છે, કૃપા અને સ્નેહજ આ બેઉ અલૌકિક ધર્મો સંયોગ પછી વિપ્રયોગ અને વિપ્રયોગ પછી સંયોગ લાવે છે. સર્વ ઈશ્વરી ધર્મોમાં કૃપા અને સ્નેહજ મુખ્ય વસ્તુ છે, એ બતાવવાનો આશય આ વચનામૃતમાં સ્પષ્ટ થાય છે.

## * પ્રસંગ-૬૨ *

પ્રભુ મળતા રોકનાર છડીદાર:-એક સમે પ્રસંગ ચાલ્યો, કે છડીદાર ચાર રહે છે, તે શ્રીઠાકોરજી સુધી પહોંચવા દેતા નથી તે કોણ ? એક આત્મા, એક આત્મીય કે જેનાથી સુખ પામે, તે એ કે ઘર, સ્ત્રી પુત્ર એ વગેરે ઉપર મન રહે. એક મન ચાર તરફ થયું. તે પ્રભુજી પર શી રીતે રહે ? આત્માને સુખ થાય એવું જે કરે તેમાં મન રહે છે. બીજું આત્મીય મિત્રથી સુખ ઉપજે, તેથી સુખ પામે એટલે તેમાં મન રહે. ઘર, સ્ત્રી, પુત્ર અને મિત્ર એ ચાર બાધક છે, તે સુખ આપી પોતાનામાં મન ખેંચે.

વિવેચન:- જે વસ્તુ આપણને સુખ આપે છે, તેમાં આપણું ચિત્ત રહે છે. ઘર, સ્ત્રી, તથા મિત્ર દુન્યવી સુખ આપે છે. તેથી છડીદારની માફક પ્રભુ તરફ ન જવા દેતાં પોતાનામાં ચિત્તને ખેંચી લે છે. માટે મનને સાવધાનતાથી પ્રભુમાંજ લીન કરવું. ઉપરનાં સર્વમાં પ્રીતી રાખવી પડે, તે તો પ્રભુ નિમિત્તેજ રાખવી. આસક્તિ તો એક પ્રભુમાંજ રાખવી.

## * પ્રસંગ-૬૩ *

શ્રીઠાકોરજી ભક્તની સેવા જાણે છે:-એક વાર એક વૈષ્ણવે પૂછ્યું કે, શ્રીઠાકોરજી વૈષ્ણવની સેવા જાણે છે ? ત્યારે શ્રીગોકુલેશે કહ્યું કે, શું ઠાકોરજી કૃતઘ્ની છે કે વૈષ્ણવની સેવા ન જાણે ? શ્રીઠાકોરજી સર્વ જાણે છે.

વિવેચન:- શ્રી ઠાકોરજી મહા ઉદાર છે. ભક્તની ક્ષણ ક્ષણની સેવાનો પોતે અંગીકાર કરે છે. રજ જેટલી સેવાને મેરૂ સમાન માને છે. સેવાના પ્રમાણમાં કૃપા અને કૃપાના પ્રમાણમાં નિરોધ પ્રાપ્ત થાય છે. નિરોધ વગર અનુભવ નથી. આપણે જેમ કોઈપણ વસ્તુ સમર્પીએ; તે પ્રભુ અંગીકાર કરે છે, તેમ આપણે કોઈપણ પ્રકારની જેટલી સેવા કરીએ, તે સ્વરૂપાત્મક બની પ્રભુની પાસે જાય છે, મતલબ કે સેવામાત્ર સ્વરૂપાત્મક છે. તે જેવી ભાવનાથી કરીએ તેવું સ્વરૂપ ધારણ કરે છે. ને તેનું ફળ આપે છે.

### * પ્રસંગ-૬૪ *

**ઉત્તમ ભક્તનાં લક્ષણ :–** એકવાર ભટે વિનંતી કરી કે. શ્રીપુરૂષોત્તમના ઉત્તમ ભકતનાં લક્ષણ કૃપા કરીને કહો આ સાંભળી શ્રીગોકુલેશ બોલ્યા કે ઉત્તમ ભગવદીયનાં આ લક્ષણ છે.

સર્વ ઉપર સદા કૃપાવંત રહે, કયારે પણ કોઈનો દ્રોહ ન કરે. ભગવદીયનો અપરાધ પડયો હોય તો પણ ક્રોધ ન કરે. કોઇનો અપરાધ કરે નહિ. અને બીજાના અપરાધ સહન કરે ભગવદીય જો ક્રોધ કરે વા દુર્વચન કહે, તો પણ જય બોલે, અને પોતાનો અપરાધ માને, દુર્વચન સાંભળી મન માઠું ન કરે, ક્ષમા કરે. તેને પગે પડીને હાથ જોડીને મધુર વચન બોલીને ક્ષમા કરાવે ભગવદીયો સાથે તથા શ્રીપ્રભુજી સાથે સાચું હીંડે. ભગવદીય ઉપર તથા શ્રીપ્રભુજી ઉપર સદા ચિત્ત નિર્મળ રાખે પોતાના પુત્રાદિક તથા સ્રી ઉપર પ્રભુનો સંબંધ વિચારીને મન સમાન રાખે સર્વના ઉપકારમાં રહે. વિષયની તૃષ્ણા ન કરે. પ્રભુજી ઉપરથી તથા ભગવદીય ઉપરથી મન ડગાવે નહિ, ઇંદ્રિયોને જીતે, મન કોમળ રાખે, કદીપણ કઠણ કરે નહિ. સંદેહ થાય તો દીનતાથી પૂછે. પોતે પ્રસાદ માત્રનો અંગીકાર કરે. તદ્દન સ્વાર્થને માટેજ ઉદ્યમ ન કરે. પ્રસાદ કંઈક ન્યૂનજ લે. ઘણું લેવાથી મહા આળસ, નિંદ્રા તથા રોગાદિક થાય અને પ્રભુજીની સેવામાં અંતરાય આવે. મનને જીતે, વશ કરે, પણ મનને વશ ન થાય. વારેવારે શ્રીમહાપ્રભુજીનું ભજનજ કર્યા કરે, સદા સર્વ કાર્યમાં શ્રીમહાપ્રભુજીજ છે, એમ સમજતો રહે. સદા-સર્વદા પ્રભુની સેવામાં તત્પર રહે. કદીપણ અસાવધ ન રહે. શ્રીપ્રભુનું તથા ભગવદિયનું રહસ્ય પ્રકટ ન કરે ધીરજ કદી પણ છોડે નહિ ભૂખ, તરસ, નિંદ્રા ટાઢ, તાપ, ક્રોધ, લોભ એ વગેરે તથા જે દોષો છે તેને વશ ન થાય પણ તે સર્વને જીતે. અભિમાન ન કરે. સદા ભગવદીયો સાથે મૈત્રી કરવા ઉદ્યમ કરે, સદા શ્રીઠાકોરજીના સ્વરૂપને ભગવદીયના સ્વરૂપને તથા પોતાના સ્વરૂપને, વિચારતો રહે, પોતે વિચારે કે હું કોણ હતો ? વળી પ્રભુની કૃપાને પણ વિચારતો રહે. આવા લક્ષણ હોય તેને ઉત્તમ ભગવદીય જાણવો.

વિવેચન:— ઉત્તમ ભગવદીયનાં લક્ષણ ઘણીવાર આગળ આવી ગયાં છે. ભગવદીયે પોતે આ લક્ષણો વિચારી તેમાં પોતાનામાં જે ન્યુનતા હોય તે દુર કરવા પ્રયત્ન કરવો. શ્રીવલ્લભકુળનું કારણ અને મનુષ્ય જન્મ બેઉ દુર્લભ છે. માટે આ અમૂલ્ય વસ્તુ નિષ્ફળ ન જાય તે તરફ ખુબ લક્ષ રાખે તે ચતુર કહેવાય.

### * પ્રસંગ-૬૫ *

**મૂળ સ્વરૂપની લીલામાં સ્ફુરણાઃ–** એકવાર ભટે વિનતિ કીધી કે ભગવદીયને શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ શી રીતે થાય ? ત્યારે શ્રીગોકુલેશ બોલ્યા કે, શ્રીપ્રભુજીની લીલામાં સાંભળતાં સાંભળતાં થાય ત્યારે. ભટે કહ્યું કે, લીલા તો સર્વ કોઈ સાંભળે છે, પણ શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ થતી નથી તેનું કારણ અમને કહો, ત્યારે પોતે શ્રીમુખે બોલ્યા કે, લીલા તો કોઈકજ સાંભળે છે. વળી લીલાનાં સ્વરૂપ જાણતા નથી, જો લીલાનાં સ્વરૂપ જાણે તો જલદી લીલાની પ્રાપ્તિ થાય. વળી વિનંતી કીધી કે લીલા તે કેવી તથા લીલાનાં સ્વરૂપ કેવાં તે અમને કહો. ત્યારે પ્રભુજીની એક લીલા કહી કે એક સમયે સખી સમેત મુખ્ય શ્રીસ્વામિનીજી બેઠાં હતાં, ત્યાં શ્રીમહાપ્રભુજી પધાર્યા. મુખ્ય સ્વામિનીજીએ શ્રીપ્રભુને દીઠા. વળી પોતાના શ્રીહસ્તે સખીને શ્રીપ્રભુજીનાં દર્શન

કરાવ્યાં. શ્રીહસ્તે કરી દર્શન કરાવતાં શ્રીસ્વામિનીજીનાં જે શ્રીહસ્તનાં કંકણ તે હારને લાગ્યાં, આથી તૂટ્યો, તે હારનાં મોતી વક્ષ:સ્થળ ઉપર પડયાં. ત્યાંથી શ્રીપ્રભુજીનાં મસ્તક ઉપર પડયાં. શ્રીસ્વામિનીજી અટારી ઉપર હતાં. શ્રીપ્રભુજી નીચે શેરીમાં ઉભા હતા, જ્યારે શ્રીપ્રભુજીના મસ્તક પર મોતી પડયાં, ત્યારે લોક એમ સમજ્યા કે શ્રી સ્વામિનીજીએ શ્રીપ્રભુજી ઉપર મંગળ ઢોળ્યાં. ઝિલોનાને બહાને મોતી નાંખ્યાં એવું લોકો સમજ્યાં, એટલે એક લીલાના સ્વરૂપની વાત છે.

એકવાર શ્રીપ્રભુજીએ શ્રીસ્વામિનીજીના હ્રદયમાં ઉત્કંઠા ઉત્પન્ન કરી. એ ઉત્કંઠાએ મનોરથ ઉપજ્યો. શ્રીપ્રભુજીને પણ એવીજ ઉત્કંઠા ઉત્પન્ન થઈ, શ્રીસ્વામીનીજીને ઉત્પન્ન થઇ એવીજ ઉત્કંઠા શ્રીઠાકોરજીને ઉત્પન્ન થઈ. આથી તેજ વખતે શ્રીઠાકોરજી જ્યાં સ્વામીનીજી છે ત્યાં આવી ઉભા રહયા. મનોરથે પ્રભુને ઉભા કર્યા. શ્રીસ્વામિનીજીએ પ્રભુને દીઠા કે પ્રભુ પણ આનંદ પામ્યા. આ વખતે શ્રીપ્રભુએ દર્શન સ્પર્શે આનંદે શ્રીસ્વામિનીજીએ એને અંગોઅંગે પ્રફુલ્લિત કર્યાં. આ મનોરથ પ્રમાણે ભેટનો શ્રીસ્વામિનીજીએ અંગીકાર કર્યો, જ્યારે શ્રીસ્વામિનીજીના હ્રદયમાં કૃપા થઈ કે પ્રભુનું દર્શન પામે તો ભલુ થાય, ત્યારે શ્રીસ્વામિનીજીએ કૃપા કરીને શ્રીહસ્ત ઉઠાવ્યો અને સખીને શ્રીહસ્તે કરીને શ્રીપ્રભુજીનું દર્શન કરાવ્યું. આ વખતે શ્રીસ્વામિનીજીનાં હસ્તે હારને હરખપૂર્વક જઇને આલિંગન કર્યું, આ આલિંગને હારને એમ જણાવ્યું કે, શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીના કંઠમાં તમને રાખ્યા છે, તેનું કારણ તમે પ્રભુના છો હવે શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીનાં કેમ માન રાખે છે અને આવીને સ્નેહ કેમ દર્શન આપે છે? હારના અંતઃકરણમાં એ વાત આવી કે શ્રીપ્રભુજી અમારા છે, એ સ્નેહી છે. તેથી કૃપા કરે છે, તેથી એમને મળાય તો સારૂં. એમ વિચારીને કંકણને વાગીને તુટયો, અને જઇને છાતી ઉપર પડયો; પડતાં છાતીને કહ્યું કે, પ્રભુ તમારા આલિંગન માટે આવે છે, તમે પોતાને વશ ન કરી લેશો. ત્યારે છાતીએ કહ્યું, કે અમે એમ નહિ કરીએ. હવે આ વાર્તાથી હાર શ્રીપ્રભુજી પાસે ગયા. શ્રીએ આ સર્વ ચતુરાઈની વાર્તા જાણીને આદર કરીને સ્નેહે કરીને હારને પોતાના મસ્તક પર લીધો; આ એક લીલાનું સ્વરૂપ છે, આમ જુદા જુદા સર્વ લીલાનાં સ્વરૂપ છે, તે જે સમજે તેને વેગી પ્રાપ્તિ થાય. જે લીલાના સ્વરૂપને ન સમજે તેને વિલંબે પ્રાપ્તિ થાય. પ્રભુ પાસે તથા ભકત પાસે જેટલી વસ્તુ છે. તે સર્વ સજીવ છે. નિર્જીવ નથી પણ નિર્જીવ થઈ રહે છે. પણ સમયે સમયે ઉચિત સેવા કરે છે. શ્રીપ્રભુજી અને શ્રીસ્વામિનીજી ક્ષણે ક્ષણે મહા સુખ લે છે, તે સુખ સેવા માંહે રહેલું છે.

વિવેચનઃ—આ વચનામૃત લીલાત્મક છે, જો કે તે પુસ્તકમાં છપાવી શકાય એવું નથી, છતાં લખવાનું કારણ એટલુંજ છે કે જીવે પોતાનો અને પોતાના પ્રભુના સ્વરૂપના સંબંધનો વિચાર કરવો. લીલાની સ્ફુરણ અને લીલાના સ્વરૂપની સ્ફુરણા જીવને મૂળના અનુભવના સંબંધેજ થાય છે. જે જીવની જે લીલામાં સ્ફુરણા થાય તે જીવ તે લીલાનો અધિકારી છે એમ સમજવું. મૂળ લીલાત્મક અનુભવજ હાલની સ્ફુરણામાં કારણભૂત હોય છે. દયારામભાઈ મૂળમાં સુદેવીજી છે, શ્રીગુસાંઈજીની સાથેના પ્રાકટ્યમાં નંદદાસજી છે. આ પોતાના સ્વરૂપની ખબર તેમને પોતાના જીવનના છેવટના ભાગમાં શ્રીમહાપ્રભુજીએ દર્શન દઇને આપી હતી. જેમ મૂળ સ્વરૂપના જ્ઞાન વગરનો બાળક પણ પોતાની વૃત્તિ પ્રમાણે

રમત રમ્યા કરે છે. તેમ પોતાના લીલાત્મક સ્વરૂપની સ્ફુરણા વગર પણ દૈવીજીવ લીલાત્મક રસ સદેહે અનુભવે છે. છેવટે તેને કોઈ સમયે ભગવત્કૃપા થતાં તે વસ્તુ ખુલ્લી થાય છે, ત્યારે તેને અનહદ આનંદ થાય છે. આ વસ્તુ અત્યંત સૂક્ષ્મ છે. ભગવદીયોની સર્વકૃતિઓ મૂળ લીલાસંબંધે છે, જેને હંમેશને માટે ભગવલ્લીલામાંજ આસક્તિ છે તેની ચક્ષુઓ આ દિવ્યતા અનુભવે છે. આથીજ કહેવાય છે કે ઉત્તમ ભક્તની ક્રિયામાત્ર લીલાપરત્વે છે. આ વાત અત્યંત ગૂઢ છે. જો આપણને આટલું જ્ઞાન અનુભવમાં મુકાય, તો શુદ્ધાદ્વૈતનો અનુભવ તરતજ થાય. તલ્લીનતા માટે પોતેજ ભક્તિમાન બનવાનો પ્રયત્ન કરવો તથા સત્સંગ કરવો અને આ વિશ્વના જીવોનાં સર્વ કાર્ય લીલા દૃષ્ટિએ જોવાં જોઈએ એજ સર્વાત્મભાવ.

## * પ્રસંગ-૬૬ *

લીલાનો અનુભવ કેમ થાય ? :–એકવાર ભટે વિનંતિ કરી કે મહારાજાધિરાજ, કલિયુગના જે પાપી જીવ અધમ તથા દુષ્ટ છે, તે સર્વથા કૃતાર્થ કયારે થાય તે અમને કહો. આ વિનતિ સાંભળીને શ્રીગોકુલેશે શ્રીમુખે કહ્યું કે, જ્યારે તેવાં જીવ શુદ્ધ પુષ્ટિમાર્ગીય રસ લીલા યોગ્ય સર્વોત્તમ ભગવદીય થાય, ત્યારે સર્વથા કૃતાર્થ થાય. આ સાંભળી ભટે પુછ્યું કે, તે જીવ તેવા કયારે થાય છે. ત્યારે શ્રીમુખે કહ્યું કે જ્યારે શ્રીપુરુષોત્તમ શ્રીગોકુલપ્રાણનાથ તેમ વર્ણ કરે ત્યારે તે જીવ તેવા ભગવદીય થાય છે. વળી ભટે વિનંતી કીધી કે શ્રીગોકુલપ્રાણનાથજી કયારે તેવા જીવ ઉપર તેવી કરૂણા કરે ? આ સાંભળી શ્રીગોકુલેશે કહ્યું કે, જ્યારે શ્રીમુખ્ય સ્વામિનીજીની જે સખી તેની જે દાસી તેની જે ચરણરજ અથવા દૃષ્ટિ તે તેવા જીવ ઉપર પડે ત્યારે શ્રીગોકુલપ્રાણનાથ તે જીવનું વર્ણ કરે છે. આ સાંભળી કલ્યાણ ભટે વિનંતી કરી કે કયારે તેવા જીવની ઉપર દાસીના ચરણની રજ અથવા દૃષ્ટિ પડે છે ? ત્યારે શ્રીજી બોલ્યા કે, જ્યારે સખી પોતાને ઘેર મનોરથ કરે, મહોત્સવ કરે, નૃત્ય કરે, ગાન કરે, મહાપ્રસાદ લે અને લેવડાવે, વળી વિશ્રામ કરે, ત્યારે સર્વ દાસીઓ સખીનાં મંદિર બુહારે, ઝારે તથા છિરકે છે, આવે વખતે મહોત્સવની ધૂળ અને અબીર ગુલાબ તથા ફૂલ નાખવાને તથા જુઠન નાખવાને બહાર આવે છે, ત્યારે તેના ચરણની રજ અથવા દૃષ્ટિ તેવા જીવ ઉપર પડે છે. આ સાંભળી ભટે વિનંતી કરી કે, કયારે સખી મહોત્સવાદિ સર્વ કરે છે ? ત્યારે શ્રીગોકુલનાથજીએ આજ્ઞા કરી કે, જ્યારે શ્રીમુખ્ય શ્રીસ્વામિનીજી પોતાની કૃતાર્થતા માને છે, ત્યારે સખી સર્વ મનોરથ કરે છે; તથા મહોચ્છવ પણ કરે છે. આ સાંભળી ભટે વિનંતિ કરી કયારે શ્રીસ્વામિનીજી પોતાની કૃતાર્થતા માને ? ત્યારે શ્રીજીએ કહ્યું કે, જ્યારે શ્રીમહાપ્રભુજી પોતાને સર્વથા કૃતાર્થ માને છે ત્યારે આ સાંભળી ભટે વિનંતિ કરી કે કયારે શ્રીમહાપ્રભુજી પોતાને કૃતાર્થ માને ? ત્યારે શ્રીજી બોલ્યા કે શ્રીપુરૂષોત્તમના હૃદયમાં અલૌકિક અદ્‌ભુત ક્ષેત્ર છે, તે જ્યારે શ્રીમુખ્ય શ્રીસ્વામિનીજીના કટાક્ષરૂપી હળથી વારંવાર ખેડે છે. અને મુખ્ય શ્રીસ્વામિનીજીના સ્નેહરૂપી જે સમાર તેનાથી સર્વ પ્રકારની વિષમતા ટાળીને સમાન કરે છે, વળી શ્રીસ્વામિનીજીના જે મંદહાસ્ય રૂપી અમૃત તેથી વારંવાર સિંચાય છે તેમાં સખી રૂપી ખેડુત તે મુખ્ય શ્રીસ્વામિનીજીની આતુરતાનાં ચરણ રૂપી બીજ વાવે છે. આ બીજથી એક અદ્‌ભુત આશારૂપી વેલ નીપજે છે. શ્રીમુખ્ય શ્રીસ્વામિનીજીને શ્રીગોકુલપ્રાણનાથને મળવાનો જે

નિરધાર તે વેલના અંકુર છે. વળી શ્રીમહાપ્રભુજીની નિકટ જવાને જે શ્રીસ્વામિનીજીનાં શ્રૃંગાર તે વેલના પ્રથમના બે બે પત્ર જાણવા, વળી શ્રીસ્વામિનીજીનું ત્યાં જવું તે નવપલ્લવ સમૂહ જાણવાં, શ્રીપ્રાણનાથનાં અલૌકિક રમણ થાય છે, તે ફળ જાણવું. વળી જે રમણરસ લીલા અધર પાન પ્રેમહાસ્ય વિનોદ એક બીજા સાથે છે. પ્રાણરૂપી વેલનાં જે ફળ તેનો ભોગ જાણવો. આવી રીતે પૂર્ણ પુરૂષોત્તમ આનંદ માત્રકરપાદસુખોદરાદિ રસિકરાય શિરોમણિ નવકિશોરરૂપ શ્રીસ્વામિનીજી સાથે યુગલ થઈ તે આશારૂપી વેલના ફળ ભોગવે છે, ત્યારે સર્વથા કૃતાર્થ માને છે. તે જીવ શુદ્ધ પુષ્ટિમાર્ગીય સર્વોત્તમ રસિક કે જેનાં વર્ણ શ્રીપ્રભુજી કરે છે. પુષ્ટિમાર્ગીય સર્વોત્તમ સ્નેહ લીલા યોગ્ય દેહાદિક પામીને સ્નેહપૂર્વક જેનું વર્ણ કરે છે તે જીવ શુધ્ધ પુષ્ટિમાર્ગીય સર્વોત્તમ દાસ દાસી યોગ્ય ભગવદીય થઈ રાસ યોગ્ય દેહ પામીને પ્રભુની સેવા સુખના સમુદ્ર છે, તેમાં પ્રવેશ કરે છે. ત્રણ રૂપ મળીને એકજ રૂપ જાણવું. તથાપિ શ્રીપ્રભુતારૂપ સ્નેહ સ્વરૂપને આ વર્ણ છે. સ્નેહ રૂપ ને રસરૂપનાં આ વર્ગ છે, રસરૂપ સર્વથી અધિક છ એ લીલા પણ સર્વથી અધિક છે. આ પ્રમાણે શ્રીલામાં પ્રવેશ થાય છે. વળી ત્રીજું એક શ્રીપુરૂષોત્તમનું પ્રભુતાત્મક સ્વરૂપ છે; તેનું શ્રી મહાપ્રભુજીનું એક સ્નેહાત્મક સ્વરૂપ છે.

વિવેચન:– આ પ્રસંગ પર શું વિવેચન થઈ શકે ? પ્રસંગ લીલાત્મક છે, શ્રીપુરૂષોત્તમની અનંત લીલાઓ છે; તે લીલાઓના અનુસંધાનથી નિરોધ પ્રાપ્ત થાય અને તેથી લીલાનું જ્ઞાન થાય તથા અનુભવ પણ થાય. પ્રસંગ તદ્દન શ્રૃંગારાત્મક છતાં કેટલોક ફેરફાર કરીને લખવામાં આવ્યો છે જીવબુદ્ધિથી આવા પ્રસંગ વિચારવાથી પરિણામ વિપરીત આવે, માટે ભગવદ્‌બુદ્ધિથી અને તદ્દન નિર્ગુણદ્રષ્ટિથી વંચવાની વિનંતિ છે. અલૌકિક ઇશ્વરી યુગલ જોડીનો રસિક શૃંગાર કે જે ફળ રૂપ છે, તે સ્પષ્ટતાથી શ્રીગોકુલેશે સમજાવ્યો છે, આવા પ્રસંગોના મનનથી જીવ તદ્દન નિષ્કામ થઈ જાય છે. અલૌકિક ઇશ્વર સંબંધી કામ એજ નિષ્કામ છે. હૃદયથી અને શુદ્ધાદ્વૈત દ્દષ્ટિથી આવા પ્રસંગો વાંચીને વિચારવા. આવા વચનામૃતો વાચતાં લગાર પણ વિપરીતતા જો મનમાં આવે, તો જીવનું પોતાનું અહિત થઈ જાય, માટે તદ્દન નિષ્કામવૃત્તિ અને દ્રષ્ટિથી આવા પ્રસંગો વાંચવાની મારી આ વિનંતી છે.

## * પ્રસંગ-૬૭ *

પુષ્ટિમાર્ગીય પૂજા - પુષ્ટિમાર્ગીય પૂજાના ઉપચાર લખાય છે. પ્રથમ આવાહન તેનું સ્વરૂપ. પ્રથમ મંત્ર દેવતાને પુજા માટે તેડીએ. પુષ્ટિમાર્ગમાં આવાહન – દૂતીને ભકત પ્રભુ પાસે મોકલે છે. તે દૂતી પ્રથમ કહે છે કે, પ્રભુને તેડો, તો આવે. આ વખતે વારંવાર પ્રાર્થના કરે છે, આથી મુખ્ય ભકત હસીને કહાવી મોકલે છે કે તમે અમારી પાસે કૃપા કરીને આવશો. આ દુતી આવીને શ્રીમુખ્ય ભકતનું વચન શ્રીપ્રભુને કહે છે. ત્યારે શ્રીપ્રભુજી ત્યાં પધારે છે; આ આહવાન.

આસન-પ્રિય જે તેડયા આવ્યા છે, તે માર્ગમાં પધારે છે. પણ પોતેશ્રી મહાકોમળ છે. તેથી શ્રીચરણ ભૂમિપર કેમ ધરે ? તેથી ભકત કમળ પાથરે છે, તે ઉપર ચાલે છે. અને આવી બેસે છે, તે કમળને નેત્રકટાક્ષે કરીને દેખાડે છે. હવે અર્ધ્ય–શ્રીપ્રભુજી પધાર્યા છે. તેથી શરીરને હર્ષ થયો છે તેથી રોમાંચિત થાય છે. તે પુષ્પાવલી છે, ત્યાં ભાવથી પ્રસ્વેત થાય છે, તે જળ તે અર્ધ્ય છે. હવે પાદપ્રક્ષાલન–પ્રિયને જોઈને નેત્રથી આંસુ પડે, તે

ચરણારવિંદ ઉપર પડે. તેથી ચરણ પ્રક્ષાલન થાય તે પાદપ્રક્ષાલન. આચમન–પ્રિય હર્ષ કરી પ્રિયાનું અધરપાન કરે છે તે આચમન. સ્નાન–અધરપાન ઉપરાંત પ્રિય મહારસમગ્ન થાય છે તે સ્નાન. વસ્ત્ર પુષ્ટિમાર્ગમાં લજ્જા એ વસ્ત્ર થાય છે. ભકત કહે છે કે તમે અમને મુકીને બીજા ભકતો સાથે રમો છો. એ આપને કેમજ ઘટે ? એમ કહીને પ્રિયને લજ્જા આપે છે એ વસ્ત્ર. ભૂષણ–પહેલાનાં ભૂષણ ઉતરાવીને ભકત પોતાના મનોરથના ભૂષણ પ્રભુજીને ધરાવે છે તે ભૂષણ. માલા–વને હસ્તે કરીને પ્રિયને કંઠે સ્નેહે કરી ધરાવે છે તે માલા. ધુપ ભકતનો દેહ તે અગર છે. તે વિરહે કરીને જલે છે. આશાએ કરીને વિપ્રયોગ ભભૂકે તે ધુપ. દીપ-ભકતનો દેહ દુઃખી જોઈને પ્રિયને મૂર્છા થાય છે. મનમાં આંધાધુંધી થાય છે, તે અંધકાર ટાળવાને દીપ જોઈએ તેથી ભકત હાસ્ય કરે છે, આ હસવાથી પ્રિયના મૂર્છાના અંધકાર ટળે છે, એ દીપ છે. ભોજન–ભકત આત્મસમર્પણ કરે છે, તે ઉપરાંત શ્રીપ્રભુજી હસ્તથી આત્માનો અંગીકાર કરે છે એ ભોજન. અધરરસ લે છે, તે તંબોલ, એ ભોજન છે. દંડવત– સુરત ક્રીડા એ દંડવત. પ્રદક્ષિણા–સુરત ક્રીડાએ હર્ષ પામીને ભકત પ્રભુને ભામણે જાય છે. તે પ્રદક્ષિણા. સ્તુતિ–સુરત ક્રીડામાં પ્રિયનું જે જે સામર્થ્ય તથા ચતુરાઇ તેનું વર્ણન ભકત કરે છે, તે સ્તુતિ. વિસર્જન–શ્રીપ્રભુજીનો અત્યન્ત સ્નેહ જાણીને સુખે કહીએ, કે આપનું અંતઃકરણ હોય ત્યાં જઇને રમો તે વિસર્જન એનું ફળ એ કે પ્રભુજી ભકતને કદાપિ ન મુકે. આ પ્રમાણે પુષ્ટિમાર્ગીય પૂજા પ્રસંગ.

વિવેચનઃ- પુષ્ટિમાર્ગીય સેવા પૂજામાં પ્રેમ એ મુખ્ય વસ્તુ છે સોડષ પૂજામાં કેવા ભાવ રાખીને સેવા કરવી જોઇએ તે આમાં બતાવ્યું છે આ ભાવથી સેવા કરવામાં આવે. તોજ તે ફલાત્મક છે માત્ર ક્રિયા કરવાથી કંઈપણ ફળરૂપ નથી, પણ એટલું તો ખરૂં કે, ક્રિયાત્મક પણ કરવાથી ફલાત્મક સુધી જઇ શકાય છે ભકતની વિપ્રયોગની હાય તે ધૂપ છે. હાયની વરાળ તે ધૂપ

### * પ્રસંગ–૬૮ *

પ્રભુ પર ભક્તની પ્રીતિ હોય. તેટલીજ ભકત પર પ્રભુની પ્રીતિ હોય છેઃ-શ્રીમુખે એક શ્લોકનો ભાવ કહ્યો તે એ કે શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજી પ્રત્યે કહે છે કે, તમારૂં પાતિવ્રત્ય અમારે વિષે ઉત્કૃષ્ટ છે, તમારો ભાવ અમારે વિષે છે, તે ભાવનો અમે અંગીકાર કર્યો છે, અમારા સંબંધે તમારો ભાવ અન્યથા ન થાય વળી કહે છે, કે તમે કેવાં છો ? અમારા પ્રાણ થકી પણ વહાલાં છો એમ પ્રભુજીએ કહ્યું.

વિવેચનઃ–પ્રભુ પર ભકતની જેટલી પ્રીતિ હોય છે તેટલીજ પ્રીતિ પ્રભુની ભકત પર હોય છે. તે આ પ્રસંગથી બતાવે છે. યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ॥ આ વસ્તુનું સત્યત્વ શ્રીઠાકોરજી અહીં બતાવે છે પ્રેમ અને આર્તિ એકબીજાના પ્રેમીઓની સમાનજ હોય છે. પ્રભુ ભક્તના પ્રેમી છે માટે સમાન આર્તિ હોય છે.

### * પ્રસંગ - ૬૯ *

નિષ્કપટતાથી પ્રભુ પ્રસન્ન થાયઃ– એક સમયે કૃષ્ણદાસે પૂછ્યું કે, જીવને હાથ તો કંઈ નથી ઉપાય કંઈ સાધ્ય નથી, અને શ્રીઠાકોરજી તો કૃપા કરતા નથી હવે તેનું શું થશે ? ત્યારે શ્રીમુખે કહ્યું કે, જો જીવનમાં નિષ્કપટતા આવે તો પ્રભુજી કૃપા કરે અને દાન પણ કરે.

વિવેચનઃ–જીવ જો તદ્દન નિષ્કપટી બની જાય તો શ્રીઠાકોરજી કૃપા કરે નિષ્કપટતા

એટલે નિઃસાધનતા પ્રભુના સર્વ સાધનો છે તેને પોતાના માનવાં, એ પણ કપટજ છે. જ્યારે જીવ સર્વ વસ્તુ પ્રભુની માને, ત્યારે તે નિઃસાધન બને, અને તેજ નિષ્કપટતા કહેવાય. પ્રભુનું છે, તે પ્રભુનું જ માની પ્રભુને પોતાનાં માનવા એટલે પ્રભુ કૃપા કરે અને તેજ નિષ્કપટતા.

### * પ્રસંગ – ૭૦ *

સન્મુખ તથા પ્રભુ તુરતજ દાન કરે છેઃ– એક દિવસ શ્રી મુખે કહ્યું કે શ્રીઠાકોરજી રસદાન માટે હાથમાં લઈને ઉભા છે. વિલંબ નથી, પણ જીવે સન્મુખ થવું જોઈએ જો જીવ સન્મુખ થાય તો જીવને દાન કરતાં વાર નથી.

**વિવેચનઃ**– જીવ સન્મુખ થાય તો પ્રભુ તરતજ દાન કરે છે, સન્મુખ થયો જીવ ક્યારે કહેવાય કે જ્યારે સર્વમાંથી અહંતા મમતા કાઢી નાખી ફકત માલીકનાજ પતિવ્રતાપણાની મમતા રાખે. ત્યારે પ્રભુજી તરતજ રસદાન કરે છે. પ્રભુરસ સિવાય અન્ય કોઈ પણ ઇન્દ્રિયને પણ ખબર જ ન રહે તેજ સન્મુખતા કહેવાય.

### * પ્રસંગ – ૭૧ *

નિઃસાધનતા અને ધર્માચાર– શ્રીમુખે શ્લોક કહ્યો કે ॥ निःसाधनफलात्मना ॥ આનો ભાવ શ્રીમુખે પ્રકટ કર્યો. શ્રીગોકુળને વિષે પ્રભુ પ્રકટ થયાં, તે શ્રીગોકુળનું શું સાધન છે? ત્યારે પોતે કહ્યું કે સાધનનું ફળ તો કાંઈ એ સ્વરૂપ નહિ, એ સ્વરૂપ તો નિઃસાધન ફલાત્મા છે, શ્રીગોકુળની જે સૃષ્ટિ પોતાના સ્મરણને અર્થે પોતાની ઇચ્છાએ પ્રકટ કરી છે, તો તેનું સાધન શું વિચારે? સાધન વિચારીને જેને જેને અર્થે પોતે પ્રકટ થયા હોય તે ફળ તો મહા ન્યૂન હોય. અહીં તો પોતાનેજ ચિંતા થાય છે, કે પોતેજ ફળદાન કરવા આ સૃષ્ટિ કીધી છે. તેથી નિઃસાધન ફલાત્મા પોતેજ છે, તો સૃષ્ટિને સાધનની શી ચિંતા? આ સૃષ્ટિનું તો કશું કર્તવ્યજ નથી. આ સાંભળી પંચોળી બોલ્યા કે મહારાજ, હવે એ સૃષ્ટિને કંઇસાધન કરવાનુંજ નહિ. ત્યારે આપશ્રી શ્રીમુખે બોલ્યા કે શ્રીઆચાર્યજીએ કહ્યું છે કે જીવે ધર્મ સાધને રહેવું. એતન્માર્ગીય જે આચાર ધર્મ છે, તે ન કરે તો ભ્રષ્ટ થાય. જેમ એતન્માર્ગીઓ એકાદશી નથી કરતા તેમ થાય, માટે એતન્માર્ગીએ ધર્મ સહિત રહેવું.

વિવેચનઃ–જેઓ પોતાને મોટા પ્રેમીઓ માનીને આચાર ધર્મ નથી પાળતા, તેમને આ વચનામૃત બહુ સમજવા જેવું છે. આચાર એજ ધર્મનું લક્ષણ છે. પુષ્ટિમાર્ગીય આચાર ન પાળનાર પતિત થાય છે. એકાદશીવ્રત વગેરે બરાબર નિયમિત કરવાં જોઈએ. તેમજ બીજાશૌચાચાર પણ બરાબર પાળવાં જોઈએ. ફળની ઈચ્છાના ત્યાગ પૂર્વક સ્વધર્મ સમજીને સર્વ કરવાનું છે. સાધન કરતાં કરતાં ને સાધન છતાં નિઃસાધનપણાનો વિચાર કર કર કરવો તે નિઃસાધનતા.

### * પ્રસંગ – ૭૨ *

સ્વરૂપાસકિત વગર સ્વાદ નહિ:– એક દ્રાવિડી ચંદચૂડ મહા પંડિત આવ્યો તેણે એક શ્રીમહાપ્રભુજીનું સ્તોત્ર કીધું, તેમાં રસમાર્ગીય સ્વરૂપ કરીને વર્ણન કર્યું ત્યારે પંચોળીએ શ્રીજીને પૂછ્યું કે રાજ, એ તો કંઈ વૈષ્ણવ નથી? છતાં રાજના સ્વરૂપનું વર્ણન શાથી કર્યું? ત્યારે શ્રીમુખે કહ્યું કે એ સ્વરૂપ જાણતો નથી તો શું થયું? પણ સરસ્વતી તો છે, એટલે કોઈનું જુઠણ બોલે

વિવેચનઃ— આ પ્રસંગ વિચારણીય છે. જ્ઞાની જ્ઞાનથી વર્ણન કરે, પણ સ્વરૂપના વિજ્ઞાન (અનુભવ) વિના કશું નહિ. સ્વરૂપનું જ્ઞાન તો પ્રભુની કૃપાથી થાય અને વિદ્વાન તો સરસ્વતીની કૃપાથી થવાય, પણ અનુભવ વગરની વાણી પોપટ જેવી છે. વિદ્વાન હોય તો વિદ્વતા બતાવે, પણ સ્વરૂપાસક્તિ વિના તેમાં સ્વાદ ન આવે. શ્રીમહાપ્રભુજી અગ્નિ સ્વરૂપ હૃદયમાં પધારે તો હૃદય પીગળે ને રસની ખબર પડે. હૃદય પીગળે તોજ રસ આવે. રસ ઘન હોય ત્યાં સુધી તેનું પાન ન થાય. અગ્નિ સ્વરૂપ શ્રીમદાચાર્યજી ઉરમાં પધારે ત્યારે પ્રેમ પીગળી રસ થાય અને સ્વરૂપની મજા ભોગવાય. વિદ્યાર્થી બુદ્ધિ વધે, પણ પ્રેમ ન વધે તે તો પ્રભુના રસિકોના સત્સંગથી વધે. સત્સંગથી પ્રેમદેવ પ્રસન્ન થાય.

## * **પ્રસંગ -૭૩** *

પ્રભુનો જીવજ પ્રભુનુ શરણ સ્વીકારેઃ— એકવાર ગોધરાના શિવજીભાઈએ વિનંતિ કરી કે જે રાજ, મને એક વાર શ્રીમુખે કહો કે તું અમારો છે. આ સાંભળી ગોકુલપતિએ મુસકાઇને પ્રસન્ન થઇને કહ્યું કે, તું અમારો છે તેમાં શો સંદેહ ? અમારો હતો તે અમારે ઘેર આવ્યો છું. નહિ તો શી રીતે આવું ? તું જે ગામમાં રહે છે તે ગામમાં બીજા લોકો કંઈ થોડા રહે છે ? તે બધા કેમ ન આવ્યા અને તું કેમ આવ્યો ? તું આવ્યો એટલે અમારો છું તેમાં શો સંદેહ ?

વિવેચનઃ— જેનો સંબંધ જેની સાથે હોય તેજ તેને શરણે જાય છે શ્રીકૃષ્ણ શ્રીગીતાજીમાં પણ એમજ કહે છે કે જે જેનો અંશ હોય તે તેને જ ભજે છે, તેમ શ્રીમદાચાર્યશ્રીના માર્ગમાં શ્રીમહાપ્રભુજીના સંબંધવાળા જીવોજ શરણે આવે છે, માટે શરણે આવ્યા પછી કોઈ બાબતમાં સંદેહ ન રાખવો. શરણથી આપણે પ્રભુનાજ હતા તે પરખાઈ આવ્યું. પ્રભુએ આપણો અંગીકાર કર્યો. પ્રભુના શ્રીઅંગ સાથે સંબંધ છે, એટલે પુષ્ટિ મકતે હું પ્રભુનોજ છું, એવો દૃઢ વિશ્વાસ રાખવો નાના બાળકને જેમ જ્ઞાતિની ખબર નથી હોતી પણ જ્ઞાન થતાં તેની ખબર પડે છે તેમ આપણી અજ્ઞાન દશામાં પ્રભુ સાથેના સંબંધની ખબર નથી પડતી, પણ સમયે તે સુખની પ્રાપ્તિ થાય છે જ. અતિથી સ્વરૂપની ખબર પડે.

## * **પ્રસંગ - ૭૪** *

અમર સ્વરૂપાસક્તિ ને ક્ષણિક દેહાસક્તિઃ— એક વાર શ્રીઠાકુર દ્વારમાં કલ્યાણ ભટ ખંભાળીએ પૂછ્યું કે પ્રથમ શ્રી આચાર્યજીના સેવક હતા, શ્રીગુસાંઈજીના સેવક પણ હતા. પણ આજના રાજના વૈષ્ણવોના અંતઃકરણનો પ્રકાર દેખાય છે; તેવા પહેલા ન હતા. ત્યારે પોતે કહ્યું કે આતો ફળનો સમય છે.

વિવેચનઃ-શ્રીગોકુલેશ પોતાના સેવકોમાં અને શ્રી મહાપ્રભુજીના ને શ્રીગુસાંઈજીના સેવકોમાં તારતમ્ય બતાવે છે. શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઈજીએ પોતાના ભકતો પાસે પ્રમાણમાં વર્તન રાખ્યું હતું; જ્યારે શ્રીગોકુલેશે પ્રમેય વર્તન પ્રસંગોમાં ને વાર્તાલાપોમાં બતાવ્યું છે, પોતાના સ્વરૂપનો આનંદ શ્રીગોકુલેશે એટલો બધો પ્રકટ પોતાના ભકતોને આપ્યો કે જેથી શ્રીગોકુલેશે લીલા વિસ્તારી ત્યારે કેટલાકની દેહ પણ ન ટકી રહી. શ્રીમહાપ્રભુજીએ લીલા વિસ્તાર્યા પછી પણ અલૌકિક સ્વરૂપે પોતાના ભકતોને અનુભવો આપ્યા છે, જ્યારે શ્રીગોકુલેશના સંબંધમાં લીલા વિસ્તારતા ભકતોની દેહ છુટી જાય છે આવી બાબતોનું રહસ્ય જીવ બુદ્ધિ શું સમજી શકે ? અનહદ પ્રેમ

વિયોગ સહન કરી શકતો નથી; અને કરી શકે તો જાણવું કે અંદરથી પ્રભુનું ખાસ પોષણ મળે છે.

*** પ્રસંગ-૭૫ ***

**પ્રભુ ભકતેચ્છાપૂરક છે:-** એક વાર શ્રીગોકુલેશે વલ્લભદાસ જ્યોતકીને કહ્યું કે સ્વપ્ન અધ્યાય જુઓ. ત્યારે પુછયું કે કોણે કરેલો જોઉં ? ત્યારે આપશ્રીએ કહ્યું કે મહાદેવજીકૃત જુઓ. આ સાંભળી વલ્લભદાસે વિનંતિ કરી કે રાજ, મહાદેવજીકૃત મળતા નથી બ્રહ્માકૃત છે, તે ઘણા મળે છે, તે જોઇએ ? આ સાંભળી શ્રીમુખે કહ્યું કે અવશ્ય જુઓ. આ સાંભળી કલ્યાણ ભટે વિનંતી કરી કે રાજ તો શ્રીગોકુલેશજી છો, ને આ તો જીવ છે, એ કહે છે તે પ્રમાણે કહો છો. અને રાખો છો, એ શું કહેવાય ? ત્યારે આપશ્રીએ કહ્યું કે, શ્રીઠાકોરજીનું જે શ્રીગોકુલમાં પ્રાકટ્ય છે, તે ભકતને હિત છે. બીજા અંશ કળાઓ અવતાર થયા છે તેના બીજા કામ છે, અને આ તો શ્રીપુરૂષોત્તમનું પ્રાકટય છે. એના ભકતોના હિત વગર બીજું કામજ નથી. એવું શ્રીમુખે કહ્યું.

વિવેચન:- આજે પણ શ્રીગોસ્વામી બાળકો ભકતોની ઇચ્છા પ્રમાણે વર્તે છે, તેનું કારણ ઉપરના વચનામૃતથી જણાય છે. પ્રભુ પુષ્ટિમાર્ગમાં ભકતને આધીન છે, એટલે ભકતની ઇચ્છા પ્રમાણે વર્તે એમાં નવાઈ નથી. શ્રીદયારામભાઇ કહે છે કે—

શ્રીબલ્લભ કુલકે બંશમે, સબહી બલ્લભરૂપ
સ્વઅંશે અશેષ સબે, સ્વમાહાત્મ્ય શ્રી બલ્લભરૂપ
(ભકિતવિધાન ગ્રંથ તુક ૧૮)

આ પ્રાકટયો પુષ્ટિમાર્ગમાં છે, તે સર્વ પ્રભુના સ્વરૂપ સ્વરૂપનાં છે. શ્રીગોસ્વામી બાળકોનું વર્તન આજુબાજુના માણસોની વિનતી પ્રમાણે હોય છે, તેનું કારણ આ છે, આચાર્ય સ્થાનને વિભૂષિત કરનાર આચાર્ય સ્વરૂપ છે.

*** પ્રસંગ-૭૬ ***

**ભક્તિવસ્તુ સ્વાભાવિક છે:-** એક દિવસે શ્રીમુખે કહ્યું કે પુષ્ટિ જીવને અલભ્ય વસ્તુનો ઉદ્યમ કરવો સુલભ છે, તેમાં પ્રયત્ન કે મહેનત શી ?

વિવેચન:- પ્રભુ અલભ્ય છે, જે જીવ પ્રભુના છે, તેમને મેળવવાનો ઉદ્યમ કરવો એ સુલભ છે, કહેવાનું તાત્પર્ય કે ભકિતવસ્તુ સ્વાભાવિક છે. જેમ આંખને જોતાં કોઈ શીખવતું નથી કાનને સાંભળવાનું કોઇ શીખવતું નથી. નાકને શ્વાસ લેવાનું અને જીભને ચાખવાનું પણ કોઈ શીખવતું નથી તેમ પ્રભુના શ્રીઅંગના અવયવરૂપ પુષ્ટિભક્તને પણ પ્રભુ પર પ્રેમ રાખવો કે સેવા કરવી શીખવવી પડતી નથી. "જે કોઈ પ્રેમ અંશ અવતરે પ્રેમ રસ તેના ઉરમાં ઠરે" આ દયારામભાઈની ઉક્તિ પ્રમાણુસર શ્રીગોકુલેશ બતાવે છે. પ્રવાહી અને મર્યાદા જીવને પ્રભુ દુર્લભ છે, અલભ્ય છે, જ્યારે પુષ્ટિ ભકતને સુલભ છે એ સ્પષ્ટ છે.

*** પ્રસંગ-૭૭ ***

**વિઘ્ન ન કરે તેવા કાર્ય કરવા:-** એકવાર એક વૈષ્ણવે મનમાં વિચારી રાખ્યું હતું કે શ્રીગોકુલેશ સંધ્યાવદન કરીને ગાદી ઉપર આવીને બેસે, તે વખતે પ્રથમ વચન શું કહે છે તે સાંભળી તે પ્રમાણે કરીએ. હવે ચતુરરાજ પધાર્યા, અને આવીને ચોકમાં બેસતાંજ શ્રીમુખે કહ્યું કે, જીવે તેજ કરવું કે પોતાને જે વિઘ્નરૂપ ન થાય. એ વાતનો એક સંકેત કર્યો.

વિવેચનઃ-જીવ સ્વભાવથીજ દુષ્ટ છે, તેને પરિણામની ખબર નથી પડતી, તેથી તર્કો કરીને ગમે તેમ વિચારે છે, પણ પોતાને ભકિતમાં વિઘ્નરૂપ ન થાય. એવાજ કામ કરવા જોઈએ. ભકિતમાં વિઘ્ન પડવું એજ પુષ્ટિ માર્ગમાં પાપરૂપ છે. માટે પવિત્ર કાર્યો કે જે મનુષ્ય જન્મમાં વિઘ્નરૂપ ન થાય એવાંજ કાર્યો હંમેશા કરવા જોઈએ. અનન્યતા સિદ્ધ થાય તો બધાં કાર્ય સુલભ થાય છે. આ વાત યાદ રાખવી.

## * પ્રસંગ -૭૮ *

મન અભ્યાસ વડે પ્રભુમાં લાગેઃ- એક વાર શ્રીપાતે પૂછયું કે મહારાજ, મન ચરણારવિંદમાં શી રીતે રહે ? ત્યારે આપે આજ્ઞા કરી કે સુરત કરી કરી ચિત્ત માંય લાવે અને અભ્યાસ કરતો રહે, તો આવે. જેમ કુવાની પર પાષાણના થાળાને દોરીના કાપા પડે છે, તેમ મન પર પણ અભ્યાસથી અસર થાય છે, જો પત્થર પર અભ્યાસી ઘસારો પડે, તો મન પર પણ અભ્યાસથી ચરણારવિંદની અસર કેમ ન પડે.

વિવેચનઃ-જેમ વિદ્યાઅભ્યાસ વડેજ આવડે છે. તેમ મન પણ અભ્યાસ વડેજ વશ થઇ પ્રભુમાં પેસે છે, ધીમે ધીમે તે બધું બને છે. શ્રીકૃષ્ણને અર્જુન શ્રીગીતામાં કહે છે કે વાયુની પેઠે મન જીતવું કઠણ છે, ત્યારે પ્રભુ કહે કે અભ્યાસ અને વૈરાગ્ય એ બે વડે એ જીતી શકાય આ શ્રીગોકુલેશ બતાવે છે.

## * પ્રસંગ-૭૯ *

પ્રેમનો સંદેશો ઉરનું વિરહ દર્દ છે :- એક દિવસ શ્રીગોકુલેશને કલ્યાણ ભટે પૂછયું કે મહારાજ, ઠાકોરજી શ્રીકૃષ્ણચંદ્ર ત્યાં મથુરામાં અને મુખ્ય ભકતો શ્રીગોકુલમાં રહે, અને એટલા દિવસનો સંબંધ છતાં શ્રીઠાકોરજીએ કોઈ માણસ સાથે સંદેશો પણ ન મોકલ્યો ત્યાર પહેલાં અને ત્યાર પછી કોઇનેજ મોકલ્યો તેનું શું કારણ. એમના ઉપરથી હેત ઘટયું કે ઇચ્છા નહિ આમાંનું કયું કારણ હશે તે કૃપા કરીને કહો.

આ સાંભળી શ્રીગોકુલેશે કહ્યું કે એવું કોઈ મળ્યું નહિ કે જેની આગળ મુખ્ય ભકત સંબંધી જે સ્નેહ તેનું હાર્દ પોતાનું પરમ ગુહ્ય પ્રકાશ કરી નિરૂપણ કરાય અને તે વાર્તા જઇ ત્યાં પહોંચાડે. અને વળી ત્યાંની સાંભળીને અહીં પહોંચાડે. એવો વજ્ર છાતીનો ઘણી મહા કઠોર કોઈ મળ્યો નહિ. એક તો અહીંનું દુઃખ સાંભળીનેજ ન જીવે. છાતી ફાટે. અને કદાપિ અહિંથી જીવ્યો તો મુખ્ય ભકતની આગળ કહેતાં કેમ કહેવાય ? અને કદાપિ કહયું તો પછી મુખ્ય ભકતના (વિયોગ) દુઃખ સાંભળી શી રીતે જીવે ? અને ન જીવે તો સંદેશો કોણ પાછો લાવે ? માટે કોઈને ન મોકલ્યો.

એક તો પોતાનું ગુપ્ત પ્રકાશમાં આવે, અને ફરી તેનો સંદેશો પણ ન મળે. પછી ઉદ્ધવજીને કઠણ ચિતવાળા અને કઠોર છાતીવાળા જાણીને મોકલ્યા, પણ એમની આગળ પોતાનું હાર્દ ન કહયું, જોગને વિષે ગોપ્ય વચને કરી કહી મોકલ્યું, જેમ વિષ એક દાબડીમાં મુકી દાબડી લપેટી કોઈના હાથમાં આપીએ. અને કહીએ કે તું એ દાબડી ફલાણાને આપજે એમ લઈ જતાં તો જનારને કાંઈ સમજણ ન પડે તેમ પોતાનું દુઃખ જોગને મિષે લપેટી ઉદ્ધવ સાથે મોકલ્યું અને તેજ ઉદ્ધવે મુખ્ય મુખ્ય ભકતો આગળ કહ્યું અને પછી તેનો પ્રકાર જોઈ તેવા કઠણ ઉદ્ધવનું પણ મન આર્દ્ર થયું.

વિવેચનઃ–પ્રેમનો સંદેશો હૃદય છે. વાણી દ્વારા વિયોગના દુઃખનો સંદેશો મોકલી શકાય નહિ. પ્રેમને માપ ન હોઇ શકે. જો સ્નેહનું વર્ણન શબ્દથી થઈ શકતું હોય, તો સ્નેહ માપી શકાય. એક જણે નૂરજહાંને પૂછયું કે જહાંગીરમાં તમે અને તમારામાં જહાંગીર એવું શું દેખી રહ્યાં છો કે બેઉ એક બીજામાં મુગ્ધ છો ? નૂરજહાંએ કહયું કે તને તે નહિ સમજાય જહાંગીરનું અને મારૂં હૃદય તું બની જાય તો તને ખબર પડે. તે બનવું કઠણ છે. આમ પ્રેમનુ હાર્દ સંદેશાથી ન જ મોકલાય. ઉદ્ધવજી જ્ઞાની હતા તેથી તેમની જોડે જ્ઞાનમાં પ્રેમ છુપવી યોગ દ્વારા સંદેશો મોકલી પોતાના હૃદયનું દર્દ ગોપીજનોને મોકલ્યું. ગોપીજનોએ પણ ઉદ્ધવજીને પ્રભુ પ્રત્યેના પ્રેમનું દિગ્દર્શન કરાવ્યું અને ઉદ્ધવજીને કઠણ છતાં પીગળાવ્યા. પ્રેમનો સંદેશો ઉરની વિરહ આગ છે.

### * પ્રસંગ – ૮૦ *

ભગવદ્વાર્તા એ વ્યસન છેઃ– એકવાર શ્રીગોકુલેશજીને કહયું કે, પાત્ર વિના રાજ કોને રહસ્ય વાત કહો ? ત્યારે શ્રીમુખે કહ્યું કે જે સત્પુરુષ છે તે પ્રભુની વાર્તા કહ્યા વિના ન રહે. જેમ કોઈ લક્ષ મારે, તો લક્ષથી ચોટ લાગે કે ન લાગે, પણ પોતાનું વ્યસન તો નિવૃત્ત કરે. ત્યારે રઘુનાથદાસે કહ્યું કે આપ તો આપનું વ્યસન નિવૃત્ત કરો છો. ચોટ લાગે તો લાગે આ સાંભળી આપ મુસકાઈ રહ્યા

વિવેચન- ભગવદ્ ભજન એ એક વ્યસન છે, કહેનારથી ઘણીવાર કહ્યા વિનાં નથી રહેવાતું પણ યોગ્ય જીવ હોય તો તેને એ વાર્તાની ચોટ લાગે છે નહિ તો કહેનારનું વ્યસન તો નિવૃત્ત થાય, શ્રીગોકુલેશથી વાર્તા કહયા વિના નથીજ રહેવાતું; તેની ચોટ કોઈ વિરલાને લાગે સલેલીયાઓને તો તે સામાન્ય વાતચીત સમાન છે. વાર્તા સ્વરૂપાત્મક વસ્તુ છે, તે તેના અધિકારીને સ્વરૂપાત્મક બની ફળ આપે છે. અનધિકારીને તેમાં આસક્તિ ન હોવાથી ફળ રૂપ નથી થતી. ભુખ્યાને ભોજનથી તૃપ્તિ થાય છે, અપચાના રોગ-વાળાને ભોજન લાભ નથી કરતું.

### * પ્રસંગ – ૮૧ *

માર્ગમાં જીવો છે તે અનુસરતા નથીઃ– એકવાર પોતે સ્વેચ્છાથી આચાર્ય થઈને બોલ્યા કે અહાં હાં, હાં, એ તાદશી શ્રીઆચાર્યજીનો માર્ગ તેમાં જીવ અનુસરે, તો પણ આજ કેમ (ફળમાં) વિલંબ છે ? કે સ્વાનંદના દાનમાં કેમ વિલંબ હશે) પણ ખબર નથી પડતી કે જીવનો શો દોષ છે ? આ સાંભળી કલ્યાણભટ ખંભાળીઆએ વિનંતિ કરી કે, જીવો આ માર્ગમાં અનુસર્યા તો ખરા. ત્યારે આપશ્રીએ શ્રીમુખે કહ્યું, કે અનુસરવાની વાત તો કયાં છે, માત્ર માર્ગમાં આણી રાખ્યો.

વિવેચનઃ–પુષ્ટિભક્તિ ઉચ્ચ હોવા છતાં ફળમાં વિલંબ કેમ થાય છે ? આ પ્રશ્નના નિકાલમાં શ્રીગોકુલેશ કહે છે કે જીવ પુષ્ટિને કયાં અનુસરે છે, માત્ર માર્ગમાંજ રહે છે. પુષ્ટિ સિદ્ધાંતો પ્રમાણે ચાલવું એ નાની સુની વાત નથી. શ્રીગોકુલનાથજીને પણ ચાચાજીએ એવો જવાબ આપ્યો હતો કે સેવા તો બાપ બેટા (શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી) કરી ગયા અને સાપ ગયા અને લીસોટા રહયા. મતલબ કે હવે સેવા નથી રહી, પણ સેવામાર્ગ રહયો છે, સેવામાર્ગમાં શ્રીગોકુલેશ છે, એમ ચાચાજીએ જણાવ્યું, એ વસ્તુ ઉપરના વચનામૃતમાં શ્રીગોકુલનાથજી જણાવે છે. પુષ્ટિ પ્રમાણેનું વર્તન અસાધારણ વસ્તુ છે સેવા નાતજ કે એક તરફ સેવા કરતો જાય અને સાથે

બીજી તરફ ચોધાર અશ્રુ નીકળતાં જાય. સંયોગમાં ને વિપ્રયોગમાં સાક્ષાત લીલારસની ઇચ્છામાં જીવ વિહ્વળ થાય તેજ સેવાનું ફળ છે.

## * પ્રસંગ –૮૨ *

અવિદ્યા શી રીતે જાય ?:– એકવાર શાણાભાઈએ પૂછ્યું કે મહારાજ. જીવની અવિદ્યા કેમ જાય ? ત્યારે આપશ્રીએ શ્રીમુખે કહ્યું કે જે જીવે અવિદ્યા જાણી છે તેની ગઈ છે.

વિવેચનઃ– જે અવિદ્યા જાણે છે, તેની અવિદ્યા જતી રહે છે જે માણસ અમુક વસ્તુ વિષ છે એવું જાણે, તે તે વસ્તુ પાસે ફરી નજ જાય. તેનાથી દુરજ રહે છે. તેમ જે અવિદ્યા કે જે વિષ જેવી છે, તેને જાણે છે, તે અવિદ્યાથી દુરજ રહે એ સ્વાભાવિક છે. વિદ્યા આવે ત્યારે અવિદ્યા જાણે.

## * પ્રસંગ– ૮૩ *

શ્રીમહાપ્રભુજીની અને શ્રીગુસાંઇજીની તથા તેમના સેવકોની અધિકતાઃ– એકવાર શ્રીઠાકુરદ્વારામાં કલ્યાણ ભટે વિનંતી કરી કે પ્રથમ શ્રી આચાર્યજીના અને શ્રીગુસાંઈજીના સેવક હતા તેમને કેટલાક પ્રકારના અનુભવ હતા, ને આજ કંઈ જણાતું નથી તેનું શું કારણ હશે ? આ સાંભળી શ્રીમુખે બોલ્યા કે જેવા આજ અમે પુરૂષોત્તમ છીએ; તેવા આજ અમારા સેવક છે.

વિવેચનઃ- આ વચનામૃતમાં શ્રીગોકુલનાથજી પોતાનાથી શ્રીમહાપ્રભુમાં તેમજ શ્રીગુસાંઈજીમાં અધિકતા બતાવે છે. વળી પોતાના સેવકો કરતાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સેવકોની અધિકતા પણ બતાવે છે, પોતાનું સ્વરૂપ અહીં સમયાનુસાર જીવોની અયોગ્યતાને લઇને શ્રીગોકુલેશ છુપાવે છે. અને પોતાનું સ્વરૂપ છુપાવી પોતાના સેવકોને અયોગ્યતાને લઈને અનુભવ નથી આપતા તે ત્ર હિતની પેઠે કહે છે, અથવા અનુભવ મળવા છતાં સ્નેહી ભુખ્યોજ રહે છે, તેવી સ્થિતિ પણ કલ્યાણ ભટની હોય જે અનુભવી છે, તેનાથી ક્ષણ પણ અનુભવ વગર નથી રહેવાતું, તેથી પણ આમ બોલ્યા; બીજી રીતે શ્રીગોકુલેશ શ્રીમહાપ્રભુજીમાં ને શ્રીગુસાંઈજીમાં તથા પોતાનામાં ભિન્ન ભાવ મટાડવા પણ આમ કહેતાં હોય.

## * પ્રસંગ – ૮૪ *

પ્રભુ પર જેનો સ્વાભાવિક સ્નેહ છે, તેજ ખરો ભકત છેઃ– એકવાર સ્વેચ્છાએ શ્રીમુખે કહ્યું કે જાણી કરીને શ્રીઠાકોર સાથે સ્નેહ કરે છ, તેના ભાગ્યનો પાર નથી, પણ જેને સહજ સ્નેહ છે, તેની તો વાતજ શી કહીએ ?

વિવેચનઃ– ગુણ અથવા શકિત જાણીને પ્રીતિ થવી એ નૈસર્ગિક પ્રીતિ નથી, નૈસર્ગિક પ્રીતિ તો સ્વાભાવિકજ હોઈ શકે, એવી આત્માસ્વરૂપ ઇશ્વર પર પ્રીતિ હોવી અને તે પણ નિરૂપધિ પ્રીતિ હોવી એની તો બલિહારીજ છે. આવી પ્રીતિજ નિર્ગુણ પ્રીતિ કહી શકાય.

## * પ્રસંગ–૮૫ *

પ્રેમીનું ઔષધ પ્રેમજ છેઃ– એક વાર સ્વેચ્છાએ દયા કરીને કહ્યું કે સ્નેહ છે, તે કેવો છે અને કેવી રીતે થાય છે ? જેમ ઘોડાને દાણા ખવરાવીએ અને ઘોડાના દાંત તળે કાંકરો ચવાય અને તેથી ઘોડો ચમકીને ચઢી જાય, આ ચઢયા ઘોડાનું ઔષધ અથવા ઉપાય નહિ. તેમ જેને સ્નેહ ઉપજે, તેનો બીજો ઉપાય જ નહિ.

વિવેચન— પ્રેમ એ નિસ્સો છે, પ્રેમનો નિસ્સો ચઢ્યો ઉતરે નહિ, પ્રેમ સદાં વૃદ્ધિજ પામે. કદીજ ઘટેજ ન હે. વિયોગમાં પણ તે તો વિયોગાગ્નિથી પોષાય છે. તેથી શ્રી ગોકુલેશ આ વચનામૃતમાં કહે છે કે જેને પ્રેમ પ્રકટ્યો, તેને પ્રેમીના સંબંધ સિવાય બીજો પ્રેમ દર્દનો ઉપાયજ નથી. પ્રેમી વિયોગમાં પણ પ્રેમીના અનુસંધાન વડે જીવી શકે છે.

## * પ્રસંગ-૮૬ *

પ્રભુનું સ્વરૂપ ભક્તો પાસે વર્ણવાય :— એક વાર બંસીધર લાખીયા ક્ષત્રિય વૈષ્ણવને કોઈની સાથે બોલવું પડયું, ત્યાં આગળ એ વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય વિશદ (પ્રકટ) કરીને કહ્યું, અને આ વાત આવીને શ્રીજીના આગળ કરી, કે મહારાજ, એક બહિર્મુખ સાથે મારે બોલવું પડયું. ત્યાં મેં રાજનું પ્રાકટય પ્રકટ કરીને કહ્યું. આ સાંભળી શ્રીમુખે આજ્ઞા કરી કે બહુજ ખોટું કર્યું. ત્યારે તેણે કહ્યું કે રાજ, શા માટે બુરૂં કર્યું ? ત્યારે આપશ્રીએ કહ્યું કે મ્લેચ્છના ડરથી કોઈ ગામમાં કોઇ એકાંત જાય અને ડરી રહ્યો હોય, તેને કોઈ બતાવી દે; તો તેને બહુજ બુરૂ લાગે, તેવીજ રીતે શ્રીમહાપ્રભુજીનું પ્રાકટય દૈવી સૃષ્ટિને નિમિ-તે એટલે કારણે છે. કોઈ આસુરી સૃષ્ટિમાં પ્રકટ કરે તો પ્રભુને ખરાબ લાગે.

વિવેચન—કેટલાક પૂછે છે કે ચોવીસ અવતારોમાં શ્રી મહાપ્રભુજીનું કેમ જણાવ્યું નથી ? તેમને માટે આ વચનામૃત સુંદર છે. ચોવીસ અવતારો મર્યાદા દૃષ્ટિના છે, પણ શ્રીમહાપ્રભુજીનું પ્રાકટય તો તદ્દન પુષ્ટિ છે. એટલે તે સ્વરૂપનું પ્રભુત્વ માત્ર પુષ્ટિસૃષ્ટિજ અનુભવી શકે, અને માની શકે, જેમ શ્રી કૃષ્ણની શક્તિ અને આનંદ તેમના અનુભવી ભક્તોજ જાણી શકે, અને માની શકે, તેમ આ સ્વરૂપ પ્રાકટય પણ તેના અનુભવથીજ જાણી અને માની શકે. બીજા આસુરી જીવોના આગળ કહેવાથી ઉલટું મશ્કરી રૂપ લાગે. અને ખેદ થાય. કૃષ્ણદાસ મેઘનને શ્રીમહાપ્રભુજીનું પૂર્ણ પુરૂષોત્તમત્વ પોતાના મૂળના ગુરુ પાસે પડછાથી બતાવતાં ઉલટો ખેદ થયો હતો. માટે પ્રભુની વાતો દૈવી સિવાય બીજા પાસે નજ કરવી જોઇએ.

## * પ્રસંગ-૮૭ *

પ્રભુ પરના પ્રેમની પ્રભુતા પ્રેમીનેજ ખબર છે :— એક વાર શ્રીગોકુલેશ શ્રીઠાકુરદ્વારમાં મંદિર ઉપર ખલીનું ઘર છે, ત્યાં સંધ્યાવંદન કરતા હતા તે વખતે ગુજરાતથી ભાઈ ત્રીકમભાઈ આવ્યા, સાથે સાથ પણ બીજો ઘણો હતો, આથી વૈષ્ણવોથી ગલી ભરાઇ ગઈ હતી, આથી દિનકરે કહ્યું કે આગળ જાઓ. ભીડ શા માટે કરી રહ્યા છો ? ગલીઓ રોકી રહયા છો, જળઘરીઆને છોવડાવશો. આવું ઘણું ઘણું કર્યું. શ્રીગોકુલેશ સંધ્યાવંદનમાં હતા, તેથી બોલ્યા નહિ. આથી પંચોલીએ દિનકરને કહ્યું કે દિનકર ભાઈ, તમે શા માટે ખીજો છો ? આ લોક પાંચસે સાતસે ગાઉથી આવે છે. બીજુ સાધન તો જપ તપ તો ત્યાં પણ કરે. જો પ્રભુનાં દર્શન કરવા હોય તો અહીંઆ ન આવે તો કયાં જાય ? આ વાત સાંભળી શ્રીદયાસાગર ગોકુલેશ બોલ્યા, કે પંચોળી, એ દિનકર શું જાણે ? જે ચતુર હોય તે જાણે. પછી એક શ્લોક કહી ભાવ કહયો કે જે વાંઝણી છે, તે પ્રસુતિની પીડામાં શું સમજે ? જે ભણ્યો નથી, તે ભણ્યાના શ્રમને શું જાણે ? તેમ આ દિનકર શું સમજે ?

વિવેચનઃ- સ્ત્રીઓ આપણા મંદિરોમાં દર્શન કરતાં જે જે કરતી દોડે છે, તે સામાન્ય જીવોને મશ્કરી જેવું લાગે, પણ તેમના હૃદયનો ભાવ ઉછળતો જેની જાણવાની શકિત હોય તેજ એ વસ્તુ જાણી શકે લાંબે વખતે પ્રભુનાં દર્શન કરવાથી કશાનું ભાન ન રહે, અને પ્રભુમાં લીન થઇ જવાય, તેની ખબર રાત દિવસ પ્રભુ પાસે રહેનાર કે જેને શ્રીપ્રભુ વસ્તુ સામાન્ય થઈ ગઈ હોય તેને ખબર પડતી નથી. જેઓ પ્રેમીઓને દર્શનમાં પજવણી કરે તેઓ ઠીક નથી કરતા. ઘણાં મંદિરોમાં ઝાપટીયાઓ જાણીજોઇને વૈષ્ણવોને દર્શનમાં વિઘ્ન કરે છે. તેમણે આ વચનામૃત ખૂબ ધ્યાનમાં રાખવું જોઇએ. દર્શન વખતે ઝાપટીઆઓએ દર્શન કરનારને વ્યવસ્થા કરી આપવાની છે. વિઘ્ન કરવાનું કાર્ય તેમનું નથી. ઘણી વાર ધનવાનોને ધનની લાલચે દર્શનમાં આગળ ઘુસાડવામાં ઝાપટીઆઓ પોતાનો ધર્મ સમજે છે, અને બિચારા ભાવિકો દર્શન માટે ટાંપી રહે છે, તે વખતે ઝાંખી થાય તો ઝાપટીઆઓ વિઘ્ન કરે છે. ભગવાનના દરબારમાં દર્શન કરવા આવનારને પ્રસન્ન કરીને વિદાય કરવો એ જ વ્યવસ્થાપકોનું કર્તવ્ય છે.

### * પ્રસંગ-૮૮ *

ઉત્સાહભેર ફરીથી કરો- એકવાર શ્રીગોકુલેશ શ્રીઠાકોરદ્વારમાં ઉપર મંદિરમાં સંધ્યાવંદન કરતા હતા. ત્યાં ભીંતપર એક મંકોડો ચઢતો હતો અને ખસી પડતો હતો, અને વળી પાછો ચઢતો હતો, આ જોઇને દિનકર હસ્યો. આ જોઈ શ્રીગોકુલેશે પૂછ્યું કે શું છે ? આ સાંભળી દિનકરે કહ્યું કે જે, એક મંકોડો છે તે ભીંતેથી ખસી પડે છે અને વળી ચડે છે. આ સાંભળી શ્રીગોકુલેશે કહ્યું કે ભલો છે કે ચઢવાનું છોડતો નથી. પડે છે ને વળી ફેર ચઢે છે માટે ભલો છે. એવુંજ જોઈએ.

વિવેચનઃ- પ્રયત્ન કરવાથી જ વસ્તુની પ્રાપ્તિ છે, જે નાસીપાસ થાય છે, તેનું કાર્ય ફળીભૂત થતું નથી. લાભ થાય કે હાની થાય, પણ સેવાભાવે કર્તવ્ય કરવાથી પરિણામે તો લાભજ થાય છે. જે નાસીપાસ થાય છે, તે નામર્દ છે. મરદ ગેરલાભ છતાં નાસીપાસ નથી થતો. વળી ભગવન્માર્ગમાં તો આ વસ્તુ ખૂબ ઉપયોગી છે. વિવેકધૈર્યાશ્રયનું ટુંકમાં ખ્યાન આ વચનામૃતમાં શ્રીગોકુલેશ એક મંકોડાના દાખલાથી બતાવે છે.

### * પ્રસંગ-૮૯ *

પ્રભુના પક્ષમાં દુષ્ટનો પણ પ્રભુ નાશ ન કરે :- તેજ સ્થળે બેઠાં બેઠાં શ્રીમુખે કહ્યું કે શ્રીપ્રભુજીનો અંગીકાર સર્વથી બલવંત છે. શ્રીકૃષ્ણચંદ્ર અને બલરામ ખેલતા હતા. ત્યાં પ્રલંબાસુર દૈત્ય ગોવાળીઆનું રૂપ ધરીને ઘાત કરવા આવ્યો અને ગોવાળીઆઓમાં પેસીને રમવા લાગ્યો. તે શ્રીઠાકોરજી પાસે આવ્યો, તેથી દુષ્ટ બુદ્ધિ દૈત્ય હતો, છતાં પોતે ન માર્યો અને બળભદ્ર પાસે મરાવ્યો. એવી પક્ષમાં આવ્યો તેની કાન રાખી.

વિવેચનઃ- ગમે તેવો ખરાબ હોય પણ પ્રભુના તરફ આવ્યો, એટલે અભય આપનાર પ્રભુ તેને શી રીતે મારે ? આથી પોતે આ રાક્ષસ દુબુંદ્ધિ પ્રભુનો નાશ કરવા આવ્યો હતો છતાં પ્રભુએ તે મનમાં આણ્યું નહિ, અને પોતે ન મારતાં પોતાનું પણ અથવા કાની રાખવા બળભદ્રજી પાસે મરાવ્યો. કહેવાની મતલબકે કોઇ પ્રભુના તરફ મશ્કરીમાં

કે દુર્ભાવે જાય, છતાં પ્રભુ પોતે તેને દુઃખ નજ દે. પ્રભુ એવા મહા ઉદાર છે. માટે મહોદાર ચરિત્રવાન કહેવાય છે

## * પ્રસંગ-૯૦ *

દીનતાથીજ પ્રભુની પ્રાપ્તિ થાયઃ—એકવાર જલઘરામાં ભટે વિનંતિ કરી કે જીવને પ્રભુની પ્રાપ્તિ કેમ થાય ? આથી શ્રીગોકુલેશે કૃપા કરીને કહ્યું કે, શાસ્ત્રો ચાર પ્રકારનાં છે, એક તો લૌકિકને અલૌકિક કહે છે એક કરે છે લૌકિક અને કહે છે અમે અલૌકિક કરીએ છીએ; એક ભગવદીયધર્મ આદરે છે અને સર્વ કરે છે, પણ પોતાના કર્યાનું અભિમાન લાવે છે, સર્વથી ખરાબ છે તે બહુ બાધક છે તેનામાં ભગવદ્ધર્મ કેમ આવે ? ભગવદ્ધર્મ આચરતાં કુડું પડે છે તેનું જીવ શું કરે ? વળી આગળ કલ્યાણ ભટે વિનંતિ કરી એટલે શ્રીગોકુલેશે કહ્યું. જેમ એરાકી ઘોડો હોય અથવા સારી જોડ બળદ હોય પણ તેને ચાબખો જોઈએ, ચાબખા વિના બરાબર ચાલે નહિ, તેમ ઉત્તમ ભગવદીયની સંગતીથી તેને સંઘનો ચાબખો લાગે, ત્યારે તે બાધક ન થાય. ઉત્તમના સંગથી બાધક ન થાય; નહિ તો અવશ્ય બાધક થાય. તે કેવી રીતે થાય ? જેમ ડાળપર રહી ડાળનું મૂળ કાપે પછી તે હેઠો પડે વળી નીચે વાઘ બેઠો છે પડતા વેંતજ ખાય જાય આમ તેનો નાશ થાય છે, જે અલૌકિક કરે છે તે એમ જાણે છે કે હું લૌકિક કરૂં છું. અભિમાન લાવતો નથી. તે સર્વથી શ્રેષ્ઠ છે. જે લૌકિકતાજ જાણે છે તે દીનતાને પ્રાપ્ત થાય છે જે કરે છે લૌકિક અને માને છે અલૌકિક તેમનું તો શું કહીએ ?

વિવેચનઃ- લૌકિક કરે અને અલૌકિક માને તે તો ડાળ પર બેસીને ડાળ કાપે અને નીચે પડે, તો વાઘ ભરખે એના જેવી સ્થિતિનો કહેવાય, લૌકિક અને અલૌકિકનું ભિન્નત્વ સત્સંગ વડે સમજાય સત્સંગથી જીવને હુંપદ આવે નહિ અને સેવામાં પણ હુંપદ ન આવે પોતે દીનતાથી સેવા કરે તોજ અનુભવ થાય પ્રભુના સંબંધપૂર્વક પ્રભુજ કરાવે છે, એમ માની પોતાની નિઃસાધનતા અનુભાવી એ અલૌકિકતા છે.

## * પ્રસંગ-૯૧ *

પ્રભુનું સુખ વિચારી, તેની ઇચ્છા પ્રમાણે પ્રભુ કરેઃ—એકવાર શ્રીરઘુનાથજીનો પ્રસંગ ચાલ્યો ત્યારે શ્રીગોકુલેશે શ્રીમુખે કહ્યું કે જાનકીજીએ શ્રીરઘુનાથજીને પૂછ્યું કે, સૌ કોઈ તમારી ઇચ્છા પ્રમાણે કરે છે તો તમે જેની ઇચ્છા પ્રમાણે કરો છો એવા કોણ છે ? અને એવો હોય તે મને બતાવો, આથી એક શ્રીરઘુનાથજીનો સેવક હતો, તેને હાથે રોગ થયો; આથી સેવા છોડીને જુદો રહયો, અને સ્ત્રી સેવા કરવા લાગી; હવે હાથે તો પરૂ નીકળવા લાગ્યું. ત્યારે દૂરથી દર્શન કરવા લાગ્યો છેવટે શરીરમાંથી દુર્ગંધ નીકળવા લાગી, ત્યારે મંદિરમાંજ આવવાનું બંધ કર્યું હવે જ્યારે બહુજ દુર્ગંધ નીકળી ત્યારે ઘેરથી બહાર રહેવા ગયો. આ વખતે શ્રી રામચંદ્રજી તેની પાસે આવ્યા, આ જોઈ તે દૂરથી બોલ્યો કે આઘા આવશો તો મારા પ્રાણ નીકળી જશે આ સાંભળી જાનકીજીને કહ્યું કે આની ઇચ્છા પ્રમાણે હું કરૂં છું. પછી શરીર સારૂ થઇ ગયું એટલે સેવા કરવા લાગ્યો

વિવેચનઃ- પ્રભુનું સર્વ પ્રકારનું સુખ વિચારે તેની મરજી પ્રમાણે પ્રભુ વર્તે છે. ઉપરનો સેવક દરેક વખતે પ્રભુનું સુખ વિચારે છે. પોતાને રોગ થતાં પ્રભુને ગ્લાનિ થાય માટે દૂર રહયો. દુર્ગંધ નીકળે ત્યારે દર્શન

પણ ન કરવા લાગ્યો, અને છેવટ શરીરની બહુ ખરાબી થઈ ત્યારે પ્રભુને દુર્ગંધ આવે માટે ઘર છોડીને ગામ બહાર રહેવા ગયો. પ્રભુ પધાર્યા, ત્યારે પોતાનાં દર્શનનો આનંદ તો ક્યાંય ગયો, પણ પોતાના શરીરની દુર્ગંધ પ્રભુને લાગે માટે પાસે આવવાની ના કહી. ધન્ય છે, આવા નિર્ગુણ ભક્તોને, કે જેઓ પોતાના પ્રભુનુંજ સુખ વિચારે છે, તેવાની ઈચ્છા પ્રમાણેજ પ્રભુ કાર્ય કરે છે.

### * પ્રસંગ-૯૨ *

પ્રભુની પ્રસન્નતાનો કે અપ્રસન્નતાનો આધાર આપણી માન્યતા પર નથી:– એક વાર નાથુશાહે શ્રીગોકુલેશને વસંતની પહેરામણી કરી, અને પોતે નાથુશાહે શ્રીમસ્તક પર તેલ મૂક્યું. તે શ્રીગોકુલેશને ન ગમ્યું, આ અરુચિ જોઈને સર્વ વૈષ્ણવોએ નાથુશાને કહ્યું કે તમે અયોગ્ય કર્યું. શ્રીગોકુલેશને અરુચિમાં તેલ મુકીને અપ્રસન્ન કર્યા. આ વખતે નાથુશાહે પોતાનો દોષ પડયો, એમ જાણ્યું, અને રાત્રે સુખશય્યામાં પોતેશ્રી પોઢયા ત્યારે વિનતી કરી કે જે રાજ, મેં આપને અપ્રસન્ન કીધા, આ સાંભળી શ્રીજીએ કહ્યું કે ક્યારે? ત્યારે નાથુશાહે કહ્યું કે, મેં તેલ આગ્રહ કરીને મૂક્યું, તેથી આપશ્રી અપ્રસન્ન થયા. આ સાંભળી શ્રીગોકુલેશે કહ્યું કે જો હું અપ્રસન્ન હોઉં તો તું મને કશું કરી શકે ખરો?

વિવેચન-ઘણી વાર આપણી મતી પ્રમાણે આપણે પ્રભુનો વિચાર કરીએ છીએ. પ્રભુની અપ્રસન્નતામાં આપણાથી પ્રભુની સેવાજ ન બની શકે, તેમ દર્શન પણ ન બની શકે. માત્ર કાંઈ કારણસર પોતે શિર ધુણાવ્યું હશે. ત્યારે અન્ય સેવકોએ અપ્રસન્નતા માની લીધી, પ્રભુનો વિચાર આપણા હૃદયની શકિત કે યોગ્યતા પ્રમાણે કરીએ. એજ આપણી વિચિત્રતા છે. પ્રસન્નતાની બાબતમાં પણ એમજ સમજવું. પ્રભુ પ્રસન્ન થાય તો પણ સ્વેચ્છાથીજ, જીવની કૃતિ કશાજ કામની નથી. જીવ પ્રભુને પ્રસન્ન કરવાની શી કૃતિ કરી શકે? જીવ તો ક્ષણે ક્ષણે અકાર્ય કરે છે, તે પ્રભુ મનમાં લાવે તો તેનો પાર ક્યારે આવે ને જીવની ગતિ થાય ક્યારે?

### * પ્રસંગ-૯૩ *

અનન્યતા:– શ્રીમુખે લવાજીની વાત કહી, લવાજી સૌ કાજ કરી આવે. પણ મોહ કરીને કશુંજ ન જણાવે. શ્રીગુસાંઈજીએ એનો ભલામણ પત્ર કોઈના ઉપર લખ્યો, પણ લવાજીએ એમની સાથેનો વહેવાર લગાર પણ ન જણાવ્યો ખાસ કરીને શ્રીગુસાંઈજીએ પૂછ્યું. ત્યારે ઉત્તર દીધો કે રાજશ્રીનો કહેવાઈને હવે એનો કહેવાઉં?

વિવેચન:-શ્રીગુસાંઈજીએ લવાજીના કાર્ય બાબત કોઈના પર ભલામણપત્ર લખ્યો, પણ લવાજીએ તે પત્રવાળા સાથે સંબંધ જ ન રાખ્યો. શ્રીગુસાંઈજીએ પૂછ્યું, ત્યારે ઉત્તર આપ્યો કે આપ સર્વ સમર્થ છો. ને હું વળી એનો આશરો ક્યાં કરૂ? આ અનન્યતાને ધન્ય છે. પ્રભુના કહેવાયા પછી કોઈ પણ પ્રકારની લાલચે બીજાના બનવું એ અનન્યતા નથી. અનન્યતા તો એકજ ઈશ્વરમાં હોય. પ્રભુ શું કરવા અસમર્થ છે કે આપણે બીજાની આશા કરીએ?

### * પ્રસંગ-૯૪ *

સર્વાત્મભાવથી પ્રભુનો આનંદ મળે:– સર્વાત્મભાવ એવો મોટો પદાર્થ છે, કે જેને લીધે પ્રભુને છોડીને બીજી કોઈ વસ્તુનું અનુસંધાન રહે નહિ. જેમ ઋષિપત્નીને માટે એટલો ઉદ્યમ કર્યો, ગ્વાલ મોકલીને સૌને બોલાવી અને તેઓ એકલી પ્રભુના કાર્યમાં

રોકાઇ. ગોપીજનોને પણ સર્વાત્માભાવની સિદ્ધિ પછી સ્વાનંદનું દાન કર્યું.

વિવેચન:-સર્વાત્મભાવ એટલે મન, પ્રાણ અને ઇંદ્રિયો સાથે પ્રભુમાં લીન બની જવું, પ્રભુની લીલા કે પ્રભુ સિવાય બીજું કંઈજ નથી, એવો અનુભવ થવો, તે સર્વાત્મભાવ છે. જ્યાં સુધી મનને ઈશ્વર સિવાય બીજી વસ્તુ છે, એવી પણ ખબર રહે છે, ત્યાં સુધી પ્રભુની પ્રસન્નતા મળી શકતી નથી, આવી સ્થિતિ તેજ વ્યસની દશા છે. યજ્ઞ કરનારા ઋષિઓની પત્નીઓ પોતાના પતિની પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરી શ્રીકૃષ્ણની પાસે સામગ્રીઓ લઈને ગઈ. આવું કાર્ય તેમનામાં શ્રીકૃષ્ણ પ્રત્યેના સર્વાત્મભાવી તેમનો પાવર હતો, તેથી કરી શકી. દેહના સંબંધવાળા લૌકિક પતિ કરતાં આત્માના સંબંધવાળા પ્રભુ પતિ સાચા પતિ છે. લૌકિક પતિનું સતીત્વ તે દેહનું સતીત્વ છે, તે સતીત્વ સાચું નથી. કારણ કે દેહ છુટતાં તેનો વિયોગ છે. જ્યારે આત્માનું ઈશ્વરી સતીત્વ યુગોના યુગો સુધી અમર છે, માટે તે સર્વથી આગળ છે. જે પતિ ઈશ્વર પર પ્રીતીવાળો ન હોય, એટલુંજ નહિ, પણ પોતાની સ્ત્રીને સેવામાં વિઘ્ન કરે તેવા પતિથી તે સ્ત્રી સ્વતંત્ર રીતે પણ પ્રભુનું ભજન કરે તો તે દુષિત નથી. વળી જે સ્ત્રી માયાવી સ્વભાવથી પતિને સેવામાં મદદ ન કરે, તો તેવા પતિએ પણ તેવી સ્ત્રીથી ઉદાસીન રહી પોતાના જીવનું કલ્યાણ કરવા પ્રભુની સેવા કરવી. અલૌકિક દૃષ્ટિએ વિવાહિત સ્ત્રી પુરૂષનો સંબંધ માત્ર ભગવત્સેવા માટે છે. નહિ કે એક બીજાનાં લૌકિક કે ક્ષણિક સુખનાં પોષણ માટે છે. પ્રભુ પણ પ્રેમના બળથી પ્રભુ સિવાય બીજાની દરકાર ન કરનાર જીવોની સ્વાનંદના દાનની સવડ પોતેજ કરે છે. એ વસ્તુ પણ આમાં સ્પષ્ટ થાય છે.

## * પ્રસંગ-૯૫ *

**અન્યથી વાતો ગુપ્ત રાખવી:-** એક વાર શ્રીમુખે કહ્યું કે પાંચેક વર્ષ પરની વાત છે. અહીં ટીલો હતો, ત્યાં કોઇ કોઈ ગ્વાલ રહેતા હતા. એક વાર અહીં ભારે દુકાળ પડયો અને તેથી બધા નાશી ગયા. આ વખતે અહીં એક બ્રાહ્મણ હતો, તેણે વિચાર્યું કે મારી પાસે અન્ન તો નથી, હું તો જ્યાં જઇશ, તો ત્યાં પણ મરી જઇશ તો આ સ્થળ શા માટે છોડું? એમ કરતા એક દિવસ ઉપવાસ થયો. બીજે દીવસે લીલા સંયુકત દર્શન થયાં. ત્યારે પ્રભુએ કહ્યું કે તું અહીં કેમ રહયો છે? આ સાંભળી તેણે કહ્યું કે મારી પાસે અન્ન તો નથી તો આ સ્થળ શા માટે છોડું? આથી પાતળ આપી અને કહ્યું કે કોઈને કહીશ નહિ. જો કહીશ તો મરી જઈશ. અવધિ દુકાળની પિસ્તાલીસ દિવસની હતી, તે વીતી એટલે બધા લોકો આવ્યા એટલે તેને પૂછવા લાગ્યા કે તું શાથી જીવતો રહયો? આમ પૂછવા છતાં તે તો જવાબજ ન આપે, ન કહેવાનું કારણ એ કે ના કહેવાની આજ્ઞા પ્રભુની હતી, જો કહે તો મરી જાય. આમ છતાં લોક તો બહુ પાછળ પડયાં. આથી તે બોલ્યો, ચાલો શ્રીયમુનાજીમાં કહું એટલું કહેતામાં તો પ્રાણ નીકળી ગયા, આ વસ્તુ આવી છે. માટે આપણી વસ્તુ કોઈ બીજાને ન કહીએ.

વિવેચન-અનુભવની વાત કોઈ અન્યને ન કરવાની શ્રીગોકુલેશ આમાં બતાવે છે. કરવાથી તેનો ભ્રમ નાશ પામે છે શાસ્ત્રો પણ કેટલીક બાબતો ગુપ્ત રાખવાની કહે છે, તે પ્રમાણે ગુપ્ત રાખવી જોઈએ. પણ તે ચોર એટલે અન્ય પાસે ગુપ્ત રાખવી જોઈએ. ઘણીવાર અનુભવની વાતો નાસ્તિકોને કે તર્કવાદીઓને

મશ્કરી જેવી લાગે છે. માટે તેવાઓ પાસે તેવી વાત ન જ કરવી જોઇએ. ઉલટી બાધક થાય.

### * પ્રસંગ-૯૬ *

પ્રેમ વસ્તુ પ્રાણુહર છેઃ- એકવાર સ્નેહની વાત ચાલી. ત્યારે પોતે બોલ્યા કે, સ્નેહ તે અનિર્વચનીય વસ્તુ છે. તેની અવસ્થાજ ભિન્ન છે, એક કોઈ સ્નેહી જતો હતો. તેની આંખમાંથી આંસુ જતાં હતાં. આને બીજા કોઈએ કહ્યું, કે તું ક્યાં ચાલે છે? ત્યારે એણે સમાધાન કર્યું કે શરીરમાં જળ છે. તે ચાલે છે. હવે થોડે દુર ગયો. એટલે આંખમાંથી લોહી વહેવા લાગ્યું, ત્યારે કહ્યું કે લોહી ચાલે છે. પછી મરવા લાગ્યો, તો કહ્યું કે હવે મરૂં છું, એટલે બીજે પૂછ્યું કે, આ શું! ત્યારે પેલા સ્નેહીએ કહ્યું કે યોગેશ્વર પ્રાણ રોકીને દેહ છોડતા નથી તો શું થયું? જો એનામાં સ્નેહ હોય તો ખબર પડે, યોગીયોની એવી અવસ્થા પણ આવા વિયોગના તાપમાં નથી. (પ્રાણ ટકાવવા જેટલી) એટલું કહી તે સ્નેહીજને પ્રેમમાં પ્રાણ તજ્યાં.

વિવેચનઃ- પ્રેમીને આશ્વાસન હોય નહિ, પ્રેમી પ્રેમીના સંયોગ માટે દેહ પણ વહાલી ન કરે, પોતાના દેહનો ત્યાગ પણ વિયોગમાં દુઃખથી થાય. સ્નેહ વસ્તુ જ પ્રાણ હર છે. પ્રેમીનો પ્રાણ પ્રેમીને મળવા જવા દેહમાંથી નીકળી જાય, અને જ્યાં હોય ત્યાં મળે ત્યારેજ શાંતિ મળે.

### * પ્રસંગ-૯૭ *

પ્રેમ વસ્તુ દુઃખદ છેઃ- શ્રીમુખે કહ્યું લીલાવતીનો ભરથાર પર સ્નેહ હતો, જ્યારે રાજ દ્વારે જતો; ત્યારે લીલાવતી જરૂખા પર ચઢીને દ્રષ્ટિ પસારીને જોતી. પળવાર પણ વિયોગમાં કળ પડતી નહિ તેના ધણીના મનમાં એ પાંખડ કરે છે. કે સાચું છે, તે તપાસવાનું મન થયું, તે એક દિવસ ખાવા બેઠો હતો અને લીલાવતી પીરસતી હતી. આ વખતે કોઈ સ્ત્રી રડતી હતી. ત્યાં પેલા પુરૂષે કાન ધર્યા, અને કહ્યું કે, એનો પુરૂષ મરી ગયો છે, તેથી કોઇ કુવડ રડે છે. આ સાંભળી લીલાવતીએ કહ્યું જેનો ભરથાર મરે, તે ક્યાં સુધી જીવી શકે? સાંભળતાં જ પ્રાણ જાય નહિ કે પછી રડવું પડે? આ વાત પરથી તેના ધણીએ લીલાવતીની પરીક્ષા કરી.

વિવેચન-પ્રેમ વસ્તુ પ્રાણુહર છે, અહિં લૌકિક દાખલાથી ઉત્કૃષ્ટ પ્રેમની દશા શ્રીગોકુલેશ સમજાવે છે. પ્રેમીના વિયોગમાં પ્રાણ ટકવો મુશકેલ છે. સ્નેહીને આવી વાતો સમજાય. જળવિના માછલી તરતજ તરફડીને પ્રાણ તજે છે, સ્નેહીની સ્નેહીના વિયોગમાં એજ દશા. શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા ત્યારે વાત જાણતાં જ કુંતાજીની દેહ છુટી આ પ્રેમની પરિસીમા છે.

### * પ્રસંગ-૯૮ *

પ્રેમીનાં વિયોગમાં પ્રાણ છુટ્યાઃ- શ્રીમુખે કહ્યું લીલાવતીની પરીક્ષા કરી. કારણ કે તે પાખંડ જાણતો હતો, પણ વાત તો સાવ સાચી હતી, જ્યારે તેનો ધણી બહાર જતો, ત્યારે ઝરૂખે ચઢીને જોતી, જ્યારે અદૃશ્ય થતો, ત્યારે મૂર્છામાં પડતી. હવે એકવાર તેના ધણીએ હરણ મારીને પોતાનું વસ્ત્ર તેના રૂધિરથી પલાળીને ઘેર મોકલ્યું. આ રૂધિરવાળું વસ્ત્ર દેખતા લીલાવતીનાં પ્રાણ છુટી ગયા. ત્યાર પછી લીલાવતી ગ્રંથ કર્યો છે, ગ્રંથ કરનારો આ પ્રેમ વસ્તુ શું જાણે કે તે શું કરી જાણે? આણે કેવી અવસ્થામાં દેહ છોડી તે તો ભગવાન જાણે. આવી વાતો નીરસ અવિશ્વાસી શું જાણે?

વિવેચન-આ બાબતમાં ગયા વચનામૃતનું વિવેચન બસ છે. આવો પ્રેમ જો હોય તો તે અલૌકિક બની જતાં પણ વાર નથી લાગતી. આવા પ્રેમી જગતમાં મળવા કઠણ છે, તો અલૌકિક સતીત્વવાળા પ્રેમી તો કોઇ વીરલજ હોય છે. પ્રેમ વસ્તુ ગ્રંથકાર ન જાણી શકે. પ્રેમ વસ્તુ હૃદય વડે અનુભવ ગમ્ય છે. ઉરનાં ઉંડા પ્રેમીઓની દશા કંઈ ઓર હોય છે. તેનું ફળ વિરહની આગ છે, પણ તેમાએ જીવને કંઈ ઓર સ્વાદ આવે છે, એ આગમાં મહા સ્વાદજ છે. તે પ્રેમી જાણે.

* પ્રસંગ-૯૯ *

પ્રેમ પ્રાણ તજાવે છે:- એકવાર શ્રીમુખે કહ્યું કે, એક બ્રાહ્મણ મહાવનનો હતો, તેનો મિત્ર આગ્રામાં એક વાણીઓ હતો. આના સમાચાર પૂછ્યા ત્યારે કહ્યું કે એ તો મુઓ, આટલું સાંભળતાં હાય કરતાંજ પ્રાણ નીકળી ગયો.

વિવેચન-પ્રેમ પ્રાણહર છે, આ પ્રેમ ઘણોજ ઉંચો છે. મુઆ પછી પ્રેમીના વિયોગના વિચારે પ્રાણ તજવા એ કોઈ વસ્તુ પરના શ્રેષ્ઠ પ્રેમનું નિશાન છે, આવા પ્રેમીઓ ભુતળ-પર મળવા દુર્લભ છે. આ વડે શ્રીગોકુલેશ પ્રેમની ઉત્કૃષ્ટતા બતાવે છે.

* પ્રસંગ-૧૦૦ *

વહાલાનો વિયોગ અસહ્ય છે:- શ્રીમુખે કહ્યું કે, એક બ્રાહ્મણનો દીકરો હતો, તે ગ્વાલીયર ગયો હતો. ત્યાં તે વેશ્યા સાથે આસકત થયો, વેશ્યા પણ તેનામાં આસકત થઇ. તેથી તે ત્યાંજ રહયો, ત્યાર પછી કેટલેક દિવસે તે છોકરાનો બાપ તેને લેવા ગયો. પણ છોકરો આવે નહિ, વેશ્યા આવવા ન દે. આથી તેનો બાપ આગ્રહ કરીને લઈ ચાલ્યો. આથી વેશ્યા તેને વિદાય કરવા આવી, તે એક વડના મૂળ પાસે વળગીને ઉભી રહી, અને પેલા છોકરાને જોવા લાગી. છેવટે જયારે તે બ્રાહ્મણનો દીકરો દેખાતો બંધ થયો. એટલે વેશ્યાના પ્રાણ નીકળી ગયા. તે સ્થાન અત્યારે પણ વેશ્યાનો વડ કહેવાય છે.

વિવેચન-આ વાત ઉંચા પ્રેમની છે. તે વેશ્યાનો પ્રેમ બ્રાહ્મણ પર ખુબ હતો આવા ઉંચા પ્રેમમાંજ દેહત્યાગ સંભવી શકે છે. આવો સાચો પ્રેમ અમર ઈશ્વરની સાથે હોય તો પ્રભુ તેને સ્વાનંદનું સંયોગાત્મક સુખ આપે છે. ઈશ્વર, ઈશ્વરનો પ્રેમ અને પ્રભુ પ્રત્યેનો પ્રેમ સર્વ અમર અને સ્વરૂપાત્મક છે. માત્ર અહીં શ્રીગોકુલેશ ઉત્કૃષ્ટ પ્રેમમાં વિયોગ સહન નથી થતો તો અલૌકિક પ્રેમીથી ઈશ્વ-રનો વિયોગ કેમજ સહન થાય એ બતાવે છે. આવા લૌકિક પ્રેમીઓ અલૌકિક માર્ગમાં પણ જલદી આવી શકે છે.

* પ્રસંગ-૧૦૧ *

ભગવદીયે કેમ ચાલવું ?:- ભગવદીયે સદા પોતાના હાથમાં પ્રભુ રાખીને ચાલવું. ક્ષણ પણ પ્રભુને ન ચુકવા. કારણ કે કયે વખતે દેહ છુટી જાય તેનો ભરોસો નથી.

વિવેચન-ભગવદીયે સદાજ સદા પોતાના હાથમાં પ્રભુ રાખીને ચાલવું, કે જેથી પ્રભુ-માંજ ચિત્ત રહે, તો ગમે તે વખતે દેહ છુટી જાય તો ફિકર નહિ. આજ કારણથી આપણા માર્ગમાં ક્રિયામાત્ર સેવાભાવે કરવાનો આદેશ છે. પ્રભુસેવાની ભાવનાથી કાર્યો કરવાથી પ્રભુ ક્ષણ પણ ન વિસરાય.

* પ્રસંગ ૧૦૨ *

સાચો સ્નેહ અપરાધ જોવા છતાં ઘટે નહિ:- એકવાર શ્રીમુખે શ્લોકમાણિએ કહ્યું " आविर्भाव दिनेन येन गतिः " એનો અર્થ રાજ

કહીએ. આપશ્રી બોલ્યા કે જે સ્નેહ કંઈ હોય છે, તે સહજ જ હોય છે. જે સ્નેહ ભગવદિચ્છાથીજ હોય છે તે અપરાધથી ઘટે નહિ, અને સમાધાનથી વધે નહિ. અમૃત પણ સ્નેહ આગળ તુચ્છ છે. વિવિધ સુખ જેને લીધે દૂર થાય, અને ખબર પણ ન પડે, એવી વાત પ્રેમની છે. પછી કહ્યું કે કોઈને હૃદય ન આપીએ. જેટલી વસ્તુ મેળવીએ, તેનું જતન કરીએ. તો ન જાય. એકવાર થોડુંક હૃદયદાન કરીને પરીક્ષા કરીએ. એટલું જો જીરવી શકે, સંઘરી રાખે, તોતો આગળ અધિક આપીએ. માટે નિવેદનીએ વિચારવું કે હું કોણ અને કોનો છું? અને વળી મારૂં શું કર્તવ્ય છે? જેમાં મારૂં કલ્યાણ હોય તેજ મારે કરવું. રાત દહાડો ધર્મનો વિચાર કરવો.

વિવેચન સ્નેહ વસ્તુ સ્વાભાવિક છે, પ્રેમી જન્મે ત્યાંથીજ પ્રેમી હોય છે. પ્રેમમાં સાધન કંઈ વધઘટ કરી શકે છે. પણ મૂળમાં પ્રેમ હોય તોજ.

व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतु
र्न खलु बहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते ॥

બહારની ઉપાધિઓ પ્રેમમાં કારણભૂત નથી હોતી, પણ કોઈ અંતરનો હેતુજ પ્રીતિનું કારણ હોય છે. પ્રેમ દોષ ન જુએ અરે પ્રેમીના દોષ પણ સાચા પ્રેમીને ગુણ લાગે. આપણે બીજાના દોષો જોઈએ છીએ, તેનું કારણ તેનાપર પ્રીતિ નથી હોતી. આપણા આત્માપર અથવા આપણા છોકરાપર પ્રીતિ હોય છે તેથી તેના દોષો હોય છે તે પણ છુપાવીએ છીએ, અથવા ઢાંકીયે છીયે. આથી જે વિશ્વપ્રેમી કે પ્રભુપ્રેમી કે સર્વાત્મભાવવાળો હોય છે તેને કોઈના દોષ જણાતા નથી. કોઈવાર કોઈને તે કહે છે તો તે તેના હિતને માટેજ કહે છે. નહિ કે હૃદયમાં કડવાશ લાવીને કહે છે. વળી પ્રેમીઓ હંમેશા ભોળા હોય છે, તે બહુજ વિશ્વાસુ હોય છે, આથી ઘણીવાર ઠગાયા છે, માટે તેમણે પરીક્ષા કરીને પ્રીતિ કરવી કે દાન કરવું. વળી પોતાનું કર્તવ્ય પણ ક્ષણે ક્ષણે વિચારવું. પોતાના સંબંધનો વિચાર કરી તે સંબંધ દીપે તેવું વર્તન રાખવું, એમ શ્રીગોકુલેશ આ વચનામૃતમાં કહે છે.

## * પ્રસંગ–૧૦૩ *

**પ્રભુ પણ ભકતને નિરખતાં દ્રવી જાય છેઃ–** એકવાર શ્રીમુખે કહ્યું, કે શ્રીગુસાંઈજીના વખતમાં બનારસમાં બે સ્ત્રીઓ આવી. શેઠ પુરૂષોત્તમદાસ અને ગોપાળદાસની બેટીઓ. તેમને જોઈને શ્રીગુસાંઈજીની આંખમાં જળ આવ્યું. આ જોઈ એક વૈષ્ણવે પૂછ્યું કે રાજ, એના ઉપર બહુજ કૃપા શાથી છે? આ સાંભળી શ્રીગુસાંઈજીએ કહ્યું, કે તેઓ અહીં રહે છે. એમના પરની કૃપાનું કારણ કહ્યું ન જાય. આ સાંભળી આખી સભા રસે રેલાઈ ગઈ.

વિવેચનઃ– શ્રીપુરૂષોત્તમદાસની બેટીને નિરખતાં પૂર્વની બધી યાદી આવી. વળી તેમના પર કૃપાનું કારણ પૂર્વજોના સંબંધ છે. ભગવાન ભકતને દેખે છે, તો તરત પ્રભુનું હૃદય પણ દ્રવી જાય છે, તેમ અહીં બન્યું છે. ખરી રીતે જોતાં કૃપાનું કારણ વાણી દ્વારા નજ વર્ણવાય, માટે શ્રીગુસાંઈજી ચુપ રહે છે. વળી ભકતને દેખતાં શ્રીગુસાંઈજીને એકદમ લાંબા વખતનો વિયોગ સાલે છે, પ્રભુ ભકતને લાંબે દિવસે દર્શન દે, તો બેઉની દશા વિહ્વળ થાય છે. આ વાત પ્રેમની ઉંચી શ્રેણીની છે. પ્રેમીજ સમજી શકે. અલૌકિક સ્નેહીઓને અલૌકિક સ્નેહીના સંબંધમાં ને દર્શનમાં શો આનંદ છે, તે તેવાં સર્વ સ્નેહીનાં હૃદયોજ સમજી શકે.

## * પ્રસંગ-૧૦૪ *

ભકત ભગવાનનું રમકડું છેઃ- ધ્યાનદાસે દેહ મુકી ત્યારે પોતે આ વાત ચરણ પ્રક્ષાલન કરતાં સાંભળી, આ વખતે આચમન કરવાનો ગડુઓ ખેદથી પછડાયો, અને શ્રીમુખે બોલ્યા, કે હવે સારંગી બહુ સરસ કોણ વગાડશે? આટલું બોલી ચટાઈએ પધાર્યા ત્યાં બેસીને ધ્યાનદાસની પ્રસંશા કરી, સાંભળી હોય તો આ વસ્તુજ સાંભળી કે જેણે એકજ વિચાર જાણ્યો, હજારો વિચાર જાણ્યા નહિ.

વિવેચન-ભકત એ ભગવાનનું રમકડું છે, તેથી પ્રભુ પણ જરાતરા વિયોગમાં દીલગીર છે. વળી આ ભકત ધ્યાનદાસ એવા હશે, કે જેમણે પ્રભુ સિવાય બીજો વિચારજ નહિ કર્યો હોય. એક જાણે તે સર્વજ્ઞ ગણાય. મતલબ કે પ્રભુને જાણે તેજ સર્વજ્ઞ છે. શ્રીગોકુલેશ પાસે સારંગી બજાવવા સિવાય અન્ય કંઈજ ધ્યાનદાસ સમજ્યો નહોતા તે એટલે સુધી કે એકવાર શ્રીઠાકોરજીનાં દર્શન વખતે સારંગી પોતાની પારો વગાડતા હતા, ત્યારે શ્રીઠાકોરજી પાસે વગાડવા જવાનું કહ્યું, ત્યારે ધ્યાનદાસે કહ્યું કે રાજ શું હું રસ ચોરૂ? (આ પ્રસંગ હાસ્યપ્રસંગના બીજા ભાગમાં આવશે.) આવા અનન્ય હતા, તેથી સદ્ગત થતાં શ્રીગોકુલેશ દિલગીર થયા

"એક સાધે સબ સાધીયે, સાધે સબ એક જાય"

આ વસ્તુ ધ્યાનદાસે પૂરેપૂરી આચારમાં મુકેલી હોવી જોઈએ. સારંગીના સુરથી શ્રીગોકુલેશને પ્રસન્ન કરવા એજ કાર્ય ધ્યાનદાસે આખા જીવનમાં કર્યું છે, માટે શ્રીગોકુલેશને વિયોગ સાલ્યો.

## * પ્રસંગ-૧૦૫ *

પ્રભુ પણ અનન્ય છેઃ એક વાર ધ્યાનદાસ લાહોરથી આવ્યો, ત્યારે શ્રીગોકુલેશ આગળ કહ્યું, કે રાગ બજાવ્યાં આઠ માસ થયા. ત્યારે શ્રીગોકુલનાથજીએ કહ્યું કે અમને રાગ સુણ્યાં પણ આઠ માસ થયા છે.

વિવેચન-હદ્દ છે આ પ્રસંગને!! પ્રભુજ સેવકની કીંમત સમજે છે. ધ્યાનદાસ જેવા સ્નેહી ગવૈયાના ગાનથીજ શ્રીગોકુલેશને મહાન આનંદ મળતો હશે, ગાન તો હમેશા જ થતું હોય છે પણ પ્રભુને જેહું રૂચે તેહુંજ રૂચે. રૂપા દ્વારપાળના બેડોળ જેવા રાગમાં પણ શ્રીનાથજીને ભારે આનંદ!!! સ્નેહીને સ્નેહીનોજ રાગ પ્રિય છે. પ્રભુજ પ્રેમના કદરદાન છે.

## * પ્રસંગ-૧૦૬ *

અલૌકિક પ્રેમીઓ વિયોગમાં પાસેજ છે.:- એકવાર ધ્યાનદાસને અસ્વાસ્થ્ય હતું, ડોળીમાં ઘાલીને દર્શન કરાવવા લઈ આવ્યા; ત્યારે કહ્યું કે મહારાજ. આપ બડે મહારાજ છો, તુમ બડા સાહબ છો, ત્યારે શ્રીમુખે શ્રીગોકુલેશે કહ્યું કે કયારે? ત્યારે બોલ્યા કે રઘુનાથદાસે અઢાર ગાઉથી પ્રાર્થના કરી ત્યારે માગ કહ્યું, એટલે રઘુનાથદાસે માગ્યું કે હું આપશ્રીની નિકટ રહું. તેને તો ત્રણસો કોસ ઉપર આપશ્રીએ રાખ્યો હતો, રાજ ડર લાગે છે. શું કરીશું? આ સાંભળી શ્રીમુખે કહ્યું, અરે! ચંદ્રમા અને કુમુદિનીને ચાળીસ લાખ ગાવનું અંતર છે, છતાં ચંદ્રમાની દ્રષ્ટિ કુમુદિની ઉપર રહે છે. તેથી કુમુદિની ચંદ્રમાને જોઈ પ્રફુલ્લિત રહે છે. આંખને અને કાનને ચાર આંગળનું અંતર છે. નિકટ રહેવાથી શું વધારે છે?

વિવેચન-વિયોગ અને દૂર એ એકજ વસ્તુ છે. આમાં પ્રભુ દૂરથી વિયોગમાં પણ ભકત પરજ દૃષ્ટિ રાખે છે, એ બતાવે છે, પ્રભુની દૃષ્ટિ ભકત પરજ રહે છે, પછી તે ગમે તેટલે દૂર હોય પ્રેમને અંતરજ નથી. પ્રેમ એ તો સર્વવ્યાપી છે. પ્રેમી સદા પ્રેમીમાંજ વસે છે. આ વચનામૃત અલૌકિક પ્રેમવાળું છે. અલૌકિક પ્રેમીઓ વિયોગમાં ને સંયોગમાં એક બીજામાંજ રમી રહે છે. એટલે દેહત્યાગ અલૌકિક પ્રેમમાં ભાગ્યેજ હોઈ શકે. દેહત્યાગ બનતા સુધી સ્થુલ પ્રેમમાં હોય છે, પણ તેવો પ્રેમ પણ ઉંચા પ્રકારનો છે, એ ભુલવા જેવું નથી. અલૌકિકમાં પણ પ્રભુથી ભકતનો વિયોગ સહન નથી થતો, ત્યારે પણ ભકતને વિયોગાગ્નિથી દેહ પ્રભુ તજાવે છે ને સ્વલીલામાં સાક્ષાત લઈ લે છે. આવી વાતો અનુભવગમ્ય છે.

## * પ્રસંગ-૧૦૭ *

પુષ્ટિભકતનો સંબંધ પ્રભુ સાથેજ હોય છે.:- એકવાર શ્રીમુખે વાત કહી કે એકવાર રાણી દુર્ગાવતી ઉભી હતી; ત્યારે હું તથા શ્રી બાળકૃષ્ણજી પાસે થઈને નીકળ્યા, રાણી દેખીને બારણા પાસે આવીને ઉભી રહી, અને મને હાથ પકડીને પૂછ્યું કે શ્રીગુસાંઈજી શું કરે છે? વળી મારો હાથ આનંદથી હલમલાવ્યો. આ વખતે ધ્યાનદાસે શ્રીગોકુલેશને ટોકયા, કે વાહ આપને હલમલાવે છે? આપ તે વખતે છોટાજ હતા. આ વખતે આપે મુસકાતે શ્રીમુખે કહ્યું કે એમાં શું?

વિવેચન-સ્ત્રી છે, તે તેના પતીની છે એ વાત ખરી છે, પણ તેના આત્માનો સંબંધ પ્રભુ સાથે છે. મતલબ કે સેવાને માટે સ્ત્રીઓ છે, ભલે તેઓ સંસારમાં રહે પણ તેમણે એમ સમજવુંજ જોઇએ કે મારા આત્માનો માલીક તો પ્રભુજ છે. તેમાં તેનો દોષ નથી. પણ પ્રભુ સેવાને અનુકુળ બનાવવા તેણે બનતી તજવીજ કરવી જોઇએ. દુર્ગાવતી રાણીએ પોતાનું દ્રષ્ટિબિંદુ પ્રભુજ રાખ્યું હતું, છતાં ભકિતભાવથી તે રાજ્યનું ને ઘરનું પણ સર્વ કામકાજ કરતી. પુરૂષે એમ સમજવુંજ જોઈએ, કે આ સ્ત્રી છે, તે પ્રભુની સેવામાં મદદ માટેજ મળી છે. તે ભલે મારી ગણાતી હોય પણ ખરી રીતે પ્રભુની સેવા માટેજ છે. નાના સરખા બાલ શ્રીગોકુલેશનો શ્રીહસ્ત પકડી રાણી શ્રીગુસાંઈજીની ખબર પૂછે છે. પ્રેમમાં દુર્ગાવતી રાણી પ્રભુનું પ્રભુત્વ ભુલી જાય છે. પ્રભુને પણ ભકત પ્રભુત્વ ભુલી જઈ પ્રીતિ બતાવે તે બહુ પ્રિય છે. આ વચનામૃત અલૌકિક પ્રેમનું છે. દિવ્ય પ્રેમનું છે. આ વાત ખુબ યાદ રાખવી.

## * પ્રસંગ-૧૦૮ *

આર્દ્રતા એ શુદ્ધ હ્રદયમાંજ હોય છે:- એકવાર જમનાદાસ જાનીએ વિનતી કરી, કે ગુણ સાંભળવાથી આર્દ્રતા થાય છે. અને સ્વરૂપ દીઠે ન થાય તેનું શું કારણ? આ સાંભળી શ્રીગોકુલેશે કહ્યું કે જેવું છે તેવું છે. પણ એ આર્દ્રતા વડો પદાર્થ છે, ક્રમે ક્રમે બધુ થાય, નિષ્કિંચનતાથી આર્દ્રતા જલદી પ્રગટ થાય છે. સેવકને શ્રીપ્રભુજી વિના બીજું કશું નથી, તેમ શ્રીપ્રભુજીને પણ સેવક વિના બીજું કશું નહિ. અનન્યતા એવો મોટો પદાર્થ છે. એક અનન્યતા આગળ બીજા બધા ધર્મ, નિકૃષ્ટ (ઉતરતા) છે. અન્તઃકરણની શુદ્ધિ એજ નિષ્કિંચનતા કહેવાય.

વિવેચન-હ્રદય દ્રવવું એ કંઇ નાની સુની વાત નથી. કેટલાક કહે છે કે પ્રભુની વાત કરતાં આંસુ નીકળી પડે, એ તો હ્રદયની નબળાઈ છે, પણ એ કહેવું તદ્દન ભુલ ભરેલું છે. પ્રભુના ગુણ કે લીલાઓ સાંભળી તેવો અનુભવ પોતાને કયારે થશે, એવી ઇચ્છાથી અશ્રુ

ખેરવી દેવાં એ કંઈ નાની સુની વાત નથી. કોમળતા. આર્દ્રતા અને દિવ્યતાવાળા હ્રદયજ પ્રભુનું નામ સાંભળતાં ગળગળી જાય છે. નિષ્કિંચન એટલે જેના હ્રદયમાં પ્રભુ વગર બીજી કોઈ વાત નથી. તેવા ભકત આર્દ્ર હોય છે. તે વસ્તુ ધીમે ધીમે સ્નેહી ભકતોના સમાગમથી પ્રાપ્ત થાય છે. સ્રીઓના હ્રદયમાં આર્દ્ર હોય છે, તેથીજ ભકિત તેમને વરેલી છે પ્રભુ પણ તેથીજ સ્રીઓમાં હંમેશા રમે છે, નિઃસાધનતા એજ આર્દ્રતા છે.

## * પ્રસંગ-૧૦૯ *

**સ્નેહીના ગામ ન હોય:-** એકવાર શ્રીગોકુલનાથજી તેલ મધ્યે બેઠા હતા. (તેલ ચોળાવતા હતા) ત્યારે ધ્યાનદાસે કહ્યું કે બલિહારી જાઉં સ્નેહની વાત સાંભળવાથી છાતી શીતળ થાય છે. જો સ્નેહનું ગામ હોય તો જોવા જઈએ. પણ શ્રીજી બોલ્યા નહિ. ધ્યાનદાસે આવું ત્રણવાર કહ્યું, ત્યારે બોલ્યા કે તું બડો મૂર્ખ છે. સિંહોના વાડા કંઈ હોય છે?

વિવેચન-પ્રેમની વાતથી હ્રદય શાંત થાય છે, કારણ કે પ્રેમ પ્રભુનું સ્વરૂપ છે. ધ્યાનદાસ કહે છે કે આખું ગામ પ્રેમી હોય તો જોવા જઈએ. ત્યારે શ્રીજી ઈનકાર કરે છે. ને દાખલામાં કહે છે કે સિંહ તો જવલ્લેજ હોય, વાડાઓ સિંહના ન હોય. ઘેટાં બહુ હોય એટલે વાડા હોય. પ્રેમી જવલ્લેજ હોય છે. એ શ્રીગોકુલેશનો કહેવાનો ભાવ છે. પ્રેમરૂપી સિંહ જેના હ્રદયમાં પધારે, તેની સર્વ લૌકિક વૈદિક મર્યાદાઓ છિન્નભિન્ન થઈ જાય છે. આવા પ્રેમીઓ વિરલાજ હોય. એક પ્રેમીજ જેનું સર્વસ્વ છે, તેની આવી દશા થાય છે. પ્રભુમાં અનહદ પ્રીતિ ધરાવનારની મર્યાદાની સાંકળો તુટી જાય છે, તેનું કારણ તેને પોતાના પ્રેમી પ્રભુ વગર બીજાની ખબરજ નથી હોતી. તેજ છે.

## * પ્રસંગ-૧૧૦ *

ભગવદ્રસ સહન કરવો જોઈએ:- ભગવદ્રસ જે સહન કરી શકે તેને આપવો. જો સહન ન કરી શકે તેને આપીએ, તો વિપરીતતા આવે. ત્યાં પૂછ્યું કે રાજ કદાચ કહી જવાય તો, ત્યારે આપે કહ્યું કે સ્વાભાવિક કહી જવાય તો વાંધો નહિ.

વિવેચન-જે જેટલો સહન કરી શકે તેને તેટલોજ ભગવદ્રસ આપવો. પણ જો ભગવદ્રસ પોતેજ પ્રકટ થાય, તો કહેવામાં બાધ નહિ. ભગવદ્રસ પણ સ્વરૂપાત્મક છે. જેને પચે નહિ તેને ખોરાક ખવરાવવાથી શો લાભ? ઉલટો ખોરાક જાય અને નુકશાન થાય. માટે ન જીરવે તેની પાસે તેવી વાર્તાઓ કહેવી ન જોઇએ. જો વાર્તા આપે પ્રકટ થાય તો કહેવામાં બાધ નહિ.

## * પ્રસંગ-૧૧૧ *

પાત્ર વિના ભગવદ્વાર્તા કહેવી નહિ:- એક વાર શ્લોક કહીને ભાવ કહયો કે પાત્ર વિના જે ભગવદ્વાર્તા કરીએ, તે જેમ લઘુ આહારીને બહુ પીરસીએ તો વ્યર્થ જાય, તેમ હાનિ થાય છે.

વિવેચન-પાત્ર વિના રસ ઠરે નહિ. ભગવદ્રસ જીરવવો એ પણ કઠણ વસ્તુ છે. જેમ થોડું ખાનારને બહુ પીરસીએ તો તેને અબકે પડે, અરુચિ થાય, તેમ યોગ્યતા વગરના જીવની પાસે પણ ઉંચી વાત કરીએ, તો અબકે પડે છે. ઉલટું નુકશાન થાય છે, માટે ભગવદ્વાર્તા કરતાં યોગ્યતાનો વિચાર કરી તેવી વાત કરવી.

* પ્રસંગ-૧૧૨ *

સત્સંગ વગર રહેવું નહિ-શ્રીમુખે કહ્યું કે ભગવદીયે મેળાપ વિના રહેવું નહિ. જો રહે તો આસુરાવેશ થાય, અથવા હાનિ થાય, અથવા વિઘ્ન આવે વળી કહ્યું કે જો ઉત્તમનો સંગ થાય તો પ્રભુની કૃપા વિના ન થાય અને ઉત્તમના સંગથીજ કૃપા થાય. જેમ બીજથી ફળ અને ફળથી બીજ એકની કાનીથી એકને અંગીકાર થાય, ત્યાં આગળ એક રામાનંદની સ્ત્રી શ્રીઆચાર્યજીની સેવક હતી તેનું દષ્ટાંત કર્યું અંગીકાર=બ્રહ્મસંબંધ.

વિવેચનઃ-સત્સંગ એ મોટી વસ્તુ છે. સત્સંગ વગર ભગવદીયે રહેવુ નહિ, પણ સત્સંગ ભગવત્કૃપા વડેજ પ્રાપ્ત થાય છે વળી ભગવત્કૃપા પણ ભકતની કાની વડેજ થાય છે, તેથી આમાં બતાવ્યું છે ઉતમ સંગની કીમત આંકી શકાતી નથી અને ભકતનો સંગ એજ ઉત્તમ સંગ છે ઉત્તમ ભકતનો સત્સંગ એજ પ્રભુની કૃપા શિક્ષાપત્રમાં પણ વારંવાર આવું કહે છે.

* પ્રસંગ-૧૧૩ *

ભાગવતજી સર્વ વિદ્યાનો સાર છે.-એક વાર શ્રીમુખે કહ્યુ કે ચૌદ વિદ્યા, ષટ શાસ્ત્ર, એક શ્રી.ભાગવતની પાછળ એવી રીતે આવે છે, કે જેમ ગાડીની પાછળ કાંકરા આવે છે.

વિવેચન-સર્વ વિદ્યા અને સર્વ શાસ્ત્ર શ્રીભાગવતજી આગળ કશા હિસાબમ નથી. સર્વ વિદ્યા અને સર્વ શાસ્ત્ર તથા વેદાન્તુ તત્વ શ્રીભાગવતજી છે. શ્રી ભાગવત જેણે જાણ્યુ, તેને પછી કંઈપણ જાણવાનું બાકી રહેતુ નથી

* પ્રસંગ ૧૧૪ *

સેવાનું દાન યોગ્યતા પ્રમાણે પ્રભુજ કરે છેઃ-એક વાર સેવાની વાત ચાલી, ત્યારે શ્રીમુખે કહ્યું કે, સેવાની રીતો કંઈ ભિન્ન છે શ્રીપ્રભુ જે આપે, તે સેવા કહેવાય અભિપ્રાય જાણીને એ પ્રમાણે સેવા કરે તો જાણીએ કે તે સેવા આપી. જન્મ લઈને અનન્ય સેવા આગળ બીજું કશુંજ નથી અનન્યતા વિના શ્રીઠાકોરજી ન મળે. માતા, પિતા સ્ત્રી, ભર્તાર સર્વ દુખરૂપ છે, માટે ભગવત્સંબધ હોય તો તેમનો સંગ કરીએ બીજા સૌનો ત્યાગ કરીએ. વેદરૂપી કલ્પતરૂનું પાકીને ગળેલું સ્વાદિષ્ટ રસિલું ફળ તે શ્રી ભાગવતજી છે.

વિવેચન સેવા તો પ્રભુ કૃપા કરીને કરાવે, તે સેવા કહેવાય અનન્ય સેવાવસ્તુ મહા ફળરૂપ છે એક ઈશ્વર વગર બીજાને ન ઓળખવું તે ખરી અનન્યતા ખરા અનન્યને સંસારમ આસકિત હોતી નથી, તે તો ભગવદાસકત હોય છે જો તેવા મહાન ભકતને ઘરમાં આસકિત જણાય તો તેનો સંસાર પ્રભુમય હોવો જોઈએ વળી જીવની યોગ્યતા પ્રમાણે તેવા પ્રકારની સેવા પ્રભુ ભક્ત પાસે લે છે, વરણ પ્રમાણે સેવાનું દાન હોય છે આ વાત આ પ્રસંગમા છે.

* પ્રસંગ ૧૧૫ *

પુષ્ટિમાર્ગ ફળરૂપ છેઃ- એકવાર ચાર સંપ્રદાયની વાત ચાલી હતી, ત્યાં કલ્યાણ ભટ્ટ ખંભાળીયાએ કહ્યું કે કૃપાનાથ, આ માર્ગ અદ્‌ભૂત છે. ત્યારે પોતે શ્રીમુખે કહ્યું કે, આ માર્ગ નથી. કેવળ ફળરૂપ છે, ફળનોજ અનુભવ આ માર્ગમા કરાય છે

વિવેચન-પુષ્ટિમાર્ગ સાક્ષાત ફળરૂપ છે. માર્ગ ફલાત્મક વસ્તુજ પુષ્ટિમાં છે, એમ શ્રીગોકુલેશ શ્રીસુખે કહે છે. આવા માર્ગમાં પરમ ભાગ્યવાનજ આવી શકે એ સ્પષ્ટ છે.

સમાપ્ત

* પ્રસંગ ૧૧૬ *

પુષ્ટિભક્તે સદા આર્તિમાં રહેવું:- એક વાર શ્રીમુખે કહ્યું જે એતન્માર્ગીય ભગવદીય હોય તેણે નિશ્ચીત [ખાઈ પી પડયા રહેવું તે] રહેવું નહિ, જ્ઞાનમાર્ગીનો ઉદ્ધાર તો જગદીશની ઈચ્છા પર છે પણ ભક્તિમાર્ગીય ફળ માટે તો આર્તિ જોઈએ માટે એતન્માર્ગીયે અહર્નિશ વિચાર પર રહેવું જે વસ્તુ સિદ્ધાંતથી બાંધી તેનો અવિશ્વાસ ન કરે જો અવિશ્વાસ કરે તો નષ્ટ થાય. ॥સંશયાત્મા વિનશ્યતિ॥

વિવેચન-પુષ્ટિમાર્ગ તત્વજ્ઞાનીઓનો માર્ગ છે. વસ્તુમાત્રનું કે ક્રિયામાત્રનું તાત્પર્ય પ્રેમ છે. પ્રેમના અનુભવ માટે એટલે સર્વાત્મભાવની પ્રાપ્તિ શી રીતે થાય તેનો વિચાર ભક્તે સહાજ સદા કરવાનો છે પ્રભુ પર લગાર પણ અવિશ્વાસ ન રાખવો. તે ભક્તેચ્છાપૂરક છે માટે ઉત્કૃષ્ટ ભાવનાઓમાં વિહરવું કે જે ફળરૂપ છે પ્રભુને મળવાની ખુબ આર્તિ રાખવી કે જેથી વિપ્રયોગ થઈ અનુભવ ચાખી શકાય, દેહરાગી કે આત્મરાગી ન થવું.

* પ્રસંગ ૧૧૭ *

વાત હંમેશા મનમાં રાખવી:- એકવાર વચન કહ્યું કે વાત જ્યાં સુધી મનમાં છે. ત્યાં સુધી આપણી છે. બહાર નીકળી એટલે પારકી થઇ.

વિવેચન-હૃદયની વાત ગમે ત્યાં નજ કહેવાય. કેટલીક બીન અનુભવીના આગળ ઉંચી વાત કરવાથી તે મશ્કરીમાં ખપે છે અને તેથી તે અનુભવમાંથી મળતો આનંદ કદાચ તિરોભુત પણ થઈ જાય છે, માટે હૃદયનો જ્યાં ત્યાં કદી ખાલી નજ કરવું. કોઈને વિશ્વાસ ન રાખવો. કોઈને પોતાનો માનવો નહિ માત્ર પ્રભુનેજ પોતાના માની તેનો વિશ્વાસ કરવો. પ્રેમ વસ્તુ ગુપ્ત છે ગુપ્ત વાત અન્યને કે અનધિકારીને જાણ પડે, તો રસાભાસ થાય. પ્રેમ પ્રકટ થાય એજ રસાભાસ.

* પ્રસંગ ૧૧૮ *

ઉત્તમ વસ્તુ સાચવવા દીનતા જોઈએ:- એકવાર શ્રીમુખે કહ્યું કે એક કોઈ ઉત્તમ વસ્તુ હોય છે તેને સાચવવા દાબડો કરાવીએ છીએ, શા માટે કે જેટલી ઉત્તમ વસ્તુ હીરા માણેક મોતી વગેરે પદાર્થો મૂકવા દાબડો કરાવીએ છીએ તેમ અહીં દીનતા રૂપી જો દાબડો હોય, તો એ વસ્તુ રહે વળી કહ્યું કે भक्तानां दैन्यमेकं स्यात् દીનતા રૂપી દાબડીમાં પ્રેમ રહે છે, વિવેક અને વિચાર વડે વસ્તુ રહે છે

વિવેચન-દીનતા વડેજ ભક્તિમાન મનુષ્ય પરખાય છે દીનતા એ ભક્તિનો વાવટો છે. દીનતા રૂપી પાત્રમાં પ્રભુનો પ્રેમ સચવાય છે. દીનતા એટલે પોતાના પ્રાણવલ્લભ વગર બીજી વસ્તુને હૃદયથી દૂર કરવી માત્ર પ્રભુના સાધન બનાવવું તે નિસઃસાધનતા કે દીનતા. "દીનતાના પાત્રમાં મનમણિ મુકીને ભેટ ભગવંતને ધરજો જરે" આ ભક્તકવિ દયારામભાઈનું વચન છે તેજ અહીં શ્રીગોકુલેશ કહે છે. અહીં દયારામભાઈ પ્રેમને મણિની ઉપમા આપે છે કારણ કે મણિની પેઠે જ પ્રેમ એ શ્રેષ્ઠ વસ્તુ છે મનમણિ=મનનો પ્રેમ

* પ્રસંગ ૧૧૯ *

અનન્ય પતિવ્રતાપણું:- વળી એક દિવસે કહ્યું કે, જ્યાં સુધી કન્યા કુંવારી હોય ત્યાં સુધી ગમે તેના ખોળામાં બેસે છે, કોઈ કંઈ કહે નહિ, જ્યારે જોબનવાળી થાય ત્યારે કોઈની સાથે બેસે તો ધણી ખીજે છે. જેમ જોબનની રક્ષા કરવા લાયક છે. તેમ ભક્તિની

પણ રક્ષા કરવા લાયક છે. ન કરે તો પ્રભુજી ખીજે છે–રિસાય છે, (રિસાય)

વિવેચન-જ્યાં સુધી આપણે બ્રહ્મસંબંધ નથી કર્યું કે પ્રભુને પતિ તરીકે નથી જાણ્યા, ત્યાં સુધી આપણે ગમે તે અન્યાશ્રય કરીએ તો ચાલે, પણ પ્રભુનો સંબંધ જાણ્યા પછી તેવું કરીએ, અને પ્રભુ પ્રત્યેની ભકિત બરાબર અનન્યતાથી ન જાળવીએ, તો પ્રભુ રિસાય છે લૌકિકનો દાખલો આપી આ વસ્તુ શ્રી ગોકુલેશ સમજાવે છે અનન્યાશ્રયથી ભકિતનું રક્ષણ કરવું, એજ પ્રેમની પરિસીમા છે ખરી સતીને જેમ પતિની સેવામાંથી બીજા સામે જોવાની નિવૃત્તિજ મળતી નથી, તેમ ખરા ભકતોને પ્રભુની સેવા ચુકી બીજામાં ચિત્ત પરોવવાનો સમયજ નથી આવતો.

* પ્રસંગ-૧૨૦ * (૧૨૦)

સાચી પ્રીતિ તોડી તૂટે નહિ:- શ્રીમુખે કહ્યું કે એક પડાણનો છોકરો વૈષ્ણવ થયો. તેના બાપે શેરશાહ પાદશાહ પાસે જઇને પોકાર કર્યો કે, મારો છોકરો વૈષ્ણવ થયો. પાદશાહે તેને બોલાવ્યો. તેણે કહ્યું કે મેં તો પ્રીત કરી શી રીતે છોડું ? જેની સાથે પ્રીતિ કરીએ તેને છોડીએ નહિ ત્યારે પાદશાહે કહ્યું, લાવોરે તરવાર તરવાર લાવીને તેના હાથમાં આપી. એટલે કહ્યું કે મેં તારી સાથે પ્રીતિ કરી હવે તારી ચોકી કરવા સુઇશ. આથી પદશાહે તેની પ્રીતિ સાચી જાણી

વિવેચન- "પ્રીત કરી તે કરી જાણીએ રાખીએ શિર સાટે." આ વસ્તુ આ પ્રસંગમાં બતાવી છે. ગમે તે જ્ઞાતિમાં હોય પણ જે દેવની સાથે સબંધ છે તેની સાથે અલૌકિક પ્રીતિ તો થાય છે. દેહના સંબંધને અને આત્માના સંબધને કાંઇ લેવાદેવા કેટલીકવાર હોતી નથી. કારણ કે દેહ સંબધ તો લૌકિક સંબંધ છે જ્યારે આત્મા સંબંધ તો અલૌકિક સબંધ છે. દેહ સંબંધ કોઈ અપરાધના કારણથી કે બીજા કારણથી ગમે તેની સાથે આવે, પણ આત્મા સંબધ તો એ જે દેવનો અંશ હોય તેની સાથેજ હોય છે આમાં જુલમ, દબાણ કે શિખામણથી કંઇ વળે નહિ સાચા સંબંધ અમર છે. શ્રીકૃષ્ણના સંબધવાળા દૈવી જીવો સ્વાભાવિક રીતેજ શ્રીકૃષ્ણના ભકત હોય છે, તેમાં કૃત્રિમતા છે નહિ

* પ્રસંગ ૧૨૧ *

જો નિવેદન કરવું તો પ્રભુનેજ કરવું:- એકવાર શ્રીમુખે કહ્યું કે, કહેવું હોય તો પ્રભુને જ કહેવું. એમ નહિ તો ચુપ રહીને દુ:ખ સહન કરવું.

વિવેચન- પોતાની પીડા બીજાને ન કહેવી. જો કહેવી તો પ્રભુને જ કહેવી. પ્રભુજ દુ:ખભંજન છે. બીજાને કહેવાથી ઉલટો અન્યાશ્રય થાય. અને જીવ કંઇ દુ:ખનો ઉપાય કરી શકે નહિ અસહ્ય સમયની આ વાત શ્રીગોકુલેશ કહે છે ખરી રીતે તો પ્રભુને કંઇપણ પ્રાર્થના પોતાના સુખને માટે કે સ્વર્થ માટે તો થાયજ નહિ

* પ્રસંગ-૧૨૨ *

આસક્તિ દૂષિત નથી:- એકવાર જડભરતની વાત ચાલી, ત્યારે પૂછ્યું કે જેણે સર્વ ત્યાગ્યું તેની હરણને વિષે આસક્તિએજ આગળ ભકતમાર્ગનું ફળ આપ્યાનું છે જડભરત જ્ઞાનમાર્ગના સંગથી કેવળ શુષ્ક જ્ઞાની બની ગયો હતો તેથી ત્રણ અવતારથી જ્ઞાનનો મોહ દુર કર્યો અને ભકિતનું દાન કર્યું.

વિવેચન-જ્ઞાન અને ભકિતમાં સદા તારતમ્ય છે. भक्तिर्ज्ञानाय कल्पताम् આ સૂત્ર પ્રમાણે ભકિત જ્ઞાન કરતાં પણ સમર્થ છે; એ ભકિત

કોઈ વસ્તુમાં પ્રભુ આસક્તિ કરાવી તે આસક્તિ તેમાંથી દૂર કરી કે ફેરવી પોતામાં કરાવે છે. એ વ તુ જડભરતની બાબતમાં આપણને જણાય છે કોઈ પણ બાબતમાં જે આસક્ત હોય તે સમય આવે ભુમાં આસક્ત થાય છે પણ સ્નેહ વગરનો સલેલીઓ કદી ભુની ભક્તિ પ્રાપ્ત કરતો નથી પ્રભુ કોઈજી ની કે ભક્તની કોઇ વસ્તુમાં આસક્તિ કરે તો આપણે તેને દુષિત માનીએ છીએ પણ આ જડભરતના દાખલાથી તેવી આસક્તિ કદાચ ફળરૂપ પણ હોય જ્ઞાનના ઘમંડવાળાઓને આ વચનામૃત વિચારવા જેવું છે

* પ્રસંગ ૧૨૩ *

તાદશી ભક્ત એટલે શું ? :- એકવાર પંચોલીએ શ્રીગોકુલેશને પૂછયું કે રાજ, તાદશી તાદશી કહે છે તે શુ છે ? હું તેમાં કંઈ સમાજતો નથી આ સાંભળી શ્રીમુખે કહયું કે તાદશીને શીંગડા હોય છે, આ સાંભળી પંચોલી બોલ્યા નહિ ત્યારે વળી મુસકાઇને કહયું કે કશુ સમજ્યો ? ત્યારે પંચોલીએ કહયું કે રાજ હું શું સમજુ ? ત્યારે એક શ્લોક કહી કહયું કે. તાદશી તેને કહીએ કે, જેને મલત પ્રભુ સિવાય બીજી વાત સ્ફુરેજ નહિ, તે તાદશી

વિવેચન-જેને મલતાં પ્રભુ સિવાય બીજી વાત ભુલી જવાય તેને તાદ્રશી કહેવાય એવું લક્ષણ શ્રીગોકુલેશ તાદશીનુ બતાવે છે. સ્વરૂપ દ્રષ્ટિ પડતાં જ ઈશ્વરની સ્ફૂરણા થાય અને સર્વ પ્રપંચ ભુલી જઈ મનમા આનંદમાં મગ્ન થાય તે તાદ્રશી ભગવદીય કહેવાય.

* પ્રસંગ ૧૨૪ *

યોગ્યતા વગર પ્રભુ દાન કરે નહિ –એક વાર કહયું કે જે મહારાજા હોય છે, તેને અનંત સ્ત્રી હોય છે કોઈ બાળક જેવી નાની હોય છે કોઈ જુવતી હોય છે, કોઈ તે જુવતીને દેખીને રસ ઉત્પન્ન થાય છે. બાળક જેવી હોય છે તેનું હિત વિચારે છે પણ તે રસ યોગ્ય હોતી નથી, યોગ્યતા અયોગ્યતા રુચિ પ્રમાણે હોય છે. તેમ જ્યાં સુધી યોગ્યતા નહિ ત્યાં સુધી ગુડીઆમાં મમત્વ રહે છે જ્યારે સ્વરસ થાય ત્યારે ગુડીઆને અડે પણ નહિ મતલબ કે યોગ્યતા આપોઆપ થાય છે. આમ વિચારતાં જ્યાં સુધી અન્ય સંબંધ અથવા વ્યાસંગ છે, ત્યાં સુધી યોગ્યતા થાય નહિ

વિવેચન--ભગવાન સર્વના પતિ છે તે યોગ્યતા પ્રમાણે ભક્તને સુખ આપે છે જે અન્ય સંબંધ અથવા ત્યાગ કરવા યોગ્ય વસ્તુનો સંગ કરે છે,તેને પણ સુખ આપતા નથી આવા ભક્તનું હિત પ્રભુ વિચારે છે, પણ સ્વરસનું દાન કરતા નથી. સ્વાનંદથી વંચિત રાખે છે, માટે આશ્રય દ્રઢ એક પ્રભુનો જ રાખવો.

* પ્રસંગ-૧૨૫ *

સતીત્વ કેવું છે -એકવાર ધર્મની વાતમાં ગંધારીની વાત નીકળી ત્યારે બહુજ તેનાં વખાણ થયાં ગાંધારીએ પોતે નજરો નજર જોયુ તો ધૃતરાષ્ટ્રને આંધળો દીઠો. આ વખતે પોતાની આંખો તેણે બાંધી દીધી,પતિ નથી જોતા તો મારે શા માટે જોવું ? સો પુત્રો જણ્યા. પણ આંખો નજ ઉઘાડી; પાટો નજ છોડયો એ એના સાહસનું શું કહીએ ?

વિવેચન-પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી થાય એજ સતી છે. આ લૌકિક દાખલા વડે શ્રીગોકુલેશ અલૌકિકતા સમજાવે છે આપણે લહેર કરીએ, ખુબ શૃંગાર વગેરે બૈરાં છોકરાં માટે કરીએ; ને પ્રભુને માટે કશું નહિ, તો પછી પ્રભુ પ્રસન્ન શી રીતે થાય ?

પ્રભુના સુખમાં સુખ માનીએ, તોજ પ્રભુ પ્રસન્ન થઈ સ્વાનંદનું દાન કરી સતીત્વ સાચું કરાવે જેટલો ત્યાગ તે સ્ત્રી પ્રસન્નતા.

*** પ્રસંગ-૧૨૬ ***

પ્રભુનું પ્રભુના આપ્યા વગર કશુંજ લેવું નહિ: એકવાર શ્રીમુખે કહ્યું કે એક બીડું શ્રીનાથજીના ભંડારીએ વગર આપ્યે ખાધું, તેથી સર્પયોનિ પ્રાપ્ત થઈ. આ વખતે તેણે કહ્યું કે જો મહાપ્રસાદ આપો તો છુટું ત્યારે શ્રીનાથજીનો પ્રસાદ આપ્યો; પણ તે તેણે ખાધો નહિ, અને કહ્યું કે નીચેથી લઈ આવો. આ અમારે ઘેરથી થાળીમાંથી લઈ ગયો અને લીધો એટલે છુટયો ત્યારે કોઈએ કહ્યું કે અમે તો ઘણું આપનું ખાઈએ છીએ. તો અમારા શી વલે ? ત્યારે આપશ્રી બોલ્યા કે અમે અમારી ઇચ્છાથી આપીએ છીએ. એટલે કશી ચિન્તા નહિ

વિવેચન-શ્રીનાથજીનું બીડું છાનું માનું ખાવાથી સર્પયોનિ પ્રાપ્ત થઈ તે પ્રસાદી લેવાથી છુટી, મતલબ કે પ્રભુની ઈચ્છા વગર પ્રભુની વસ્તુ લેવાથી દોષ લાગે છે ને તેથી અધમ યોનિમાં જન્મ થાય છે ને વળી ફરી કૃપા કરે, ત્યારે છુટાય છે માટે બહુ વિચારીને પ્રભુની વસ્તુ ન જ વાપરવી, પ્રભુએ કૃપા કરીને આપેલી વસ્તુથી તો તે વસ્તુ દ્વારા કૃપા મળતાં અલૌકિકતાની પ્રાપ્તિ થાય છે માટે પ્રભુની સન્નિધાનમાં રહેનારા વૈષ્ણવોએ બહુ વિચારીને વર્તવું જોઈએ

*** પ્રસંગ-૧૨૭ ***

અજ્ઞાન પ્રાણીઓ પણ ભકતને ઓળખે છે-એકવાર કહ્યું કે શ્રીગુસાંઈજીની ગાય આવતી હતી, ઝાડપર એક સર્પ બેઠો હતો, તે સિંગડાપર અડયો, પણ કરડાય નહિ ગાયે કહ્યું અલ્યા છોડ, ત્યારે સાપે કહ્યું કે તમે બડી જગ્યાના સંબંધવાળા છો, એટલે મારાથી કશું નહિ થાય, એમ કરી છોડી દીધી આ કહેવાનો ભાવ એ છે, કે મોટા સાથેનો સંબંધ સર્વ જાણે છે.

વિવેચન--પ્રભુની સાથેનો સંબંધ સર્વ જાણે છે મોટાની સાથે સંબંધ કર્યો પછી કેઈ કારની ભીતી ન રાખવી એવું આ પ્રસંગમાં શ્રીગોકુલેશ બતાવે છે અજ્ઞાન પ્રાણીઓ પણ પ્રભુના સંબંધને લીધે કંઈ કરી શકતા નથી, આથીજ દૈવી જીવ સદાજ નિર્ભય હોય છે. શ્રીકૃષ્ણ શ્રીગીતાજીમ પણ દૈવી જીવનું પ્રથમ લક્ષણ જ અભય આપે છે તેનું કારણ આજ છે.

*** પ્રસંગ-૧૨૮ ***

ખુશીથી આપે તેજ ભેટ કહેવાય:-સિંધજી ડોસાએ તપેલી આપી ત્યારે રાજી વોરાએ વિનંતિ કરી કે રાજ રૂપીઆ આગળ મુકી દંડવત કરે છે. તપેલી આપી છે તે પરથી શ્રીમુખે કહ્યું કે બે રૂપીઆ લઈ ભેટ લઈલો, કશું બીજું સમજતા નથી

વિવેચન-વૈષ્ણવ ખુશીથી જે ભેટ વગેરે મુકે તે લેવી એવું આ પ્રસંગ પરથી સમજાય છે ઘણીવાર પરિસ્થિતિના માણસો વધારે ભેટ કઢાવવા પ્રયત્ન કરે છે એ રીત સારી નથી પ્રભુ જેટલું પેતાનું હશે, તેટલું સ્વાભાવિક રીતેજ અંગીકાર કરી લેશે; એમ સમજવું. દબાણ કરવાથી ભાવ ખંડિત થઈ જાય છે, માટે કદી પણ દબાણ કરવું નહિ જોઇએ.

*** પ્રસંગ-૧૨૯ ***

સૌ પોતાને મહાન માને છે:-એકવાર હાસ્ય પ્રસંગ શ્રીમુખે કહ્યો કે એક ચંડાળે પોતાની સ્ત્રીને પૂછ્યું કે આ લોકો પશ્નને

પદ્મનિ કહે છે તે શું ? ત્યારે ચંડાળણીએ કહ્યું કે તમે એ વાત જાણતા નથી ? કેટલાક લોકો તો મનેજ પદ્મનિ કહે છે કારણ કે હુંજ પદ્મિની છું.

વિવેચન- આ પ્રસંગ બહુજ વિચારણીય છે દરેક જણ સમજે છે કે હું બહુ સમજું છું, તદ્દન મૂર્ખો પણ એમ સમજે છે, કે મારા જેવો ડાહ્યો આ દુનીયામાં કોઈ નથી. જો માણસને પોતાનો દોષ સુઝે તો કામ થઈ જાય પોતાનેતો સર્વ રીતે શુદ્ધ જાણી જે આખા વિશ્વના ચોપડા ઉકેલવા બેસે, તે પોતાના આત્માનું કલ્યાણ ભુલે છે. જે ખરા સંત પુરૂષો ધાર્મિક કાર્ય કરે છે. તે બીજાને માટે નહિ. પણ પોતાના કલ્યાણ માટે કરે છે અને તેનો સ્વાદ બીજા પણ લે છે પરોપદેશે પાંડિત્ય કરતાં પોતાના જીવને ઉપદેશ કરનાર સાચો સંત છે. આવો સંત પોતને માટે જ્ઞાન મેળવતાં બીજાને પણ ચખાડે છે

## * પ્રસંગ-૧૩૦ *

પ્રભુ કૃતિ પ્રમાણે ફળ આપે છે:-એકવાર ધોળકાના તથા કુહાના વૈષ્ણવ ચાલતા હતા; ત્યારે તેમણે વિનતિ કીધી, કે રાજ અમારા કૃત્ય સામે જોશો નહિ, ત્યારે આપશ્રીએ કહ્યું કે કરશો, તો વીસ વખત જોવું પડશે

વિવેચન- જીવ પોતે જોઈને ગમે તેવા કૃત્ય કરે અને પછી પ્રભુને માફ કરવાનું કહે તે શી રીતે બને ? બાવળ વાવીને કેરીની આશા રાખી શકાય ? પ્રભુ કંઇ એવા ભોળા નથી કે કૃત્યને ન જુએ ! અલબત્ત જીવ અજાણતા ભૂલ કરે, પછી ખબર પડતા પસ્તાવો કરે. તો પછી સર્વ સમર્થ પ્રભુ માફ કરે; એમાં નવાઈ નથી 'શૂળીનુ સાલ કાંટે કાઢે' એવી પ્રભુની મહત્તા છે, પણ આપણને અંતરાત્મા ના કહેતો હોય છતાં કોઈ પ્રકારના પોતાના સ્વાર્થથી કાર્ય કરીએ, તો તો પછી તેનું ફળ જ મળે તેમાં નવાઈ નથી.

## * પ્રસંગ-૧૩૧ *

અન્ય સંબંધ એ ઝેર છે:- એકવાર શ્રીમુખે કહ્યુ કે मां भजेदनन्यभावेन ॥ ત્યારે પંચોળીએ પૂછયું કે, રાજ અનન્યતાની કાન મોટી છે, ત્યારે આપશ્રીએ કહ્યું કે હા. હા. અન્ય સંબંધ થોડો અથવા બહુ બિગાડ તો કરે છેજ જેમ ચંડાળના બાળકનો છોવાઈ ગયો હોય તે અંદરથી અને બહારથી સર્વાંગે છોવાઈ જાય છે તેમ અન્ય સંબંધથી પણ જીવ છોવાઈ જાય છે, પછી પ્રભુ તેને અડે નહિ, જરા પણ સાપ કરડે તો ઝેર ચઢયા વિના રહે નહિ, પણ તેટલી જગા કાપી નાખી, તો વિષ ન ચઢે, તેમ અન્ય સંબંધ વિષ સમાન છે. જો તેવા સ્થાનથી દુર રહીએ તો બચીએ પતિવ્રતાના હજારો બીજા દોષો પતિ માફ કરે. પણ વ્યભિચાર સહ્યો ન જાય.

વિવેચન-અન્ય સંબંધની ગંધ પણ ગળું કટાવે તેટલી પીડા કરે છે આ વસ્તુ શ્રી ગોકુલેશ આ વચનામૃતમાં કહે છે. અન્ય સંબંધ એ વિષ છે જેમ વિષ ખાવાથી જીવનો નાશ થાય છે, તેમ અન્ય સંબંધથી પણ પ્રભુ ત્યાગ કરે એટલે જીવનો નાશ થયોજ કહેવાય માટે બીજા દોષો; પ્રભુ કદાચ માફ કરે, પણ અન્યાશ્રય માફ ન કરે, તેથી પુષ્ટિભક્તે એકાશ્રયીજ રહેવું. ગમે તેવા સંકટમાં પણ અન્યાશ્રય ન થઇ જાય તેની સાવચેતી રાખવી

## * પ્રસંગ ૧૩૨ *

ભક્ત અને સેવકમાં તારતમ્ય:- એકવાર ગોવર્ધન ભટ્ટે કહ્યું કે सेवकस्य तु धर्मोऽयं स्वामि स्वस्य करिष्यति॥ સેવક સેવકનો ધર્મ કરે તો શ્રીપ્રભુજી પ્રભુનો ધર્મ કરે ત્યારે આપશ્રીએ કહ્યું કે સેવકનો ધર્મ આજ્ઞાનું પાલન છે ત્યારે રઘુનાથદાસે કહ્યું કે મહારાજ,

કદાપિ શ્રીપ્રભુજીના સુખ નિમિત્તે વચન મિથ્યા કરે તો ? ત્યારે કહ્યુ કે એ તો ભક્ત ધર્મ છે, સેવક ધર્મ નહિ સેવક ધર્મમાં અને ભક્ત ધર્મમાં બહુજ તારતમ્ય છે સેવક પ્રવૃત્ત ધર્મમાં હોય. તે ઉપર અર્જુનનું દ્રષ્ટાંત આપ્યું કે अहं त्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुच ॥ આ પુષ્ટિ સ્થિત વચન કહ્યું પણ સંદેહ આવ્યો, કારણ કે મર્યાદા પુષ્ટિમાં અર્જુનનું વરણ છે. સંદેહ મર્યાદાને લીધે ઉપજ્યો તેમ નહિ તો ઇશ્વર પોતે अहं ..माशुच કહે ત્યાં સંદેહ શો ? આ વસ્તુ અધિકાર પરત્વે છે, મુખ્ય ભક્ત એકાદશ વચને કરી નિવારણ કર્યો, સેવક તે ધર્મ વિચારે કે મારા અપરાધ ન પડે, ભક્ત તે ધર્મનો વિચાર ન કરે. સેવક છે તે પ્રભુને આધીન છે, અને ભક્તને આધીન પ્રભુજી છે. ભક્ત અને સેવકમા બહુજ તારતમ્ય છે

વિવેચન-ભક્તોને આધીન પ્રભુ છે. મતલબ કે પ્રભુ પાસે ભક્તો પ્રાર્થના કરી કામ કરાવે છે તેથી તેમની ભક્તિ સકામ છે. સેવક નિષ્કામ હોવાથી પ્રભુને આધીન રહી પ્રભુ સુખી થાય તેમ કરે છે માટે તે શ્રેષ્ઠ છે.

### * પ્રસંગ-૧૩૩ *

ભક્તે મૃત્યુ સમયે પણ અભય રહેવું - શ્રીગોકુળનાથજીને રઘુનાથદાસે પૂછ્યુ કે, મહારાજ, વૈષ્ણવ દેહ છોડતી વખતે પ્રભુનું નામ નથી લઈ શકતો તેનુ શું કારણ? આ સાંભળી શ્રીમુખે કહ્યું કે વૈષ્ણવનું સ્મરણ શ્રીઠાકોરજી કરે છે, એ વાત રળબાઈ તથા કૃષ્ણદાસ પારેખ ઉપર પૂછી હતી.

વિવેચન- આ પ્રસંગ ઉપરથી જણાય છે કે દેહ ત્યાગતી વખતે વૈષ્ણવથી સેવા સબંધી કામ ન થાય તો પણ ફિકર ન કરવી, કારણ કે તે વખતે પોતાની પાસે લેવાની સાવચેતી પ્રભુ પોતે રાખે છે. ભક્તે પોતાની જિન્દગીનું સર્વસ્વ પ્રભુને સમર્પણ કર્યું છે, એટલે કાળરૂપ લુંટારો કંઈજ લુંટી શકવાનો નથી. પ્રભુભક્તનો આત્મા પ્રભુનો છે, એટલે તેને અન્ય કોણ અડી શકનાર છે કે ભક્તને કશી પણ ફિકર રાખવી પડે ? નજ રાખવી પડે.

### * પ્રસંગ-૧૩૪ *

અશ્રુપાત એ પ્રેમીનો સહજ ધર્મ છેઃ- એકવાર સ્નેહની વાત ચાલી, ત્યારે શ્રીમુખે કહ્યું કે એક કોઇનો સ્નેહી પરગામ ચાલ્યો, તે સો ગાઉ ગયો, તે ચાલતાં ચાલતાં જે ગામ આવે જે વન આવે તે ગામથી તે વનથી વારેવારે પાછું વાળી જુએ, કારણ કે મનમાં જાણે કે સ્નેહી હવે દેખવાનો નથી, પણ આ દિશાએ છે એમ મનમાં લાવે ને આસું પાડે ને તે દિશાએ જુએ. આંસુ એ સ્નેહનો સહજ ધર્મ છે, કે રડી રડીને આંખો સુજાવે.

વિવેચન-પ્રેમીનું ચિત્ત પ્રેમીને ત્યજતું નથી છેવટે જે દિશાએ પ્રેમી હોય તે દિશામ પણ વારે વાર જોવરાવે છે ને જોતા જોતા પ્રેમીની યાદમાં આંસુ ગરી પડે છે. પ્રેમીના વિયોગમાં આંસુનુ ગરવુ એ સહજ સ્વભાવ છે સ્નેહીને પ્રારબ્ધે વિયોગમાં રૂદનજ હોય છે. સાગર ખુટી જાય પણ સ્નેહીનાં આંસુ ન ખુટે. સ્નેહીનેજ આની ખબર હોય છે.

### * પ્રસંગ-૧૩૫ *

શ્રીમહાપ્રભુજી સર્વ પ્રકારની અલૌકિક રીતે દેખરેખ રાખે છેઃ- એકવાર શ્રીમુખે કહ્યું કે, અમારો જન્મોત્સવ શ્રીગુસાંઈજી કરે. ત્યારે દાદાજીએ કહ્યું કે, બીજા બેટા નહિ, અને આજ બેટો છે ?

વિવેચન-આ પ્રસંગ ઉપરથી જણાય છે કે શ્રીગોકુલનાથજી શ્રીઠાકોરજીનું યશ સ્વરૂપ છે, તેથી યશ સ્વરૂપનું મહાત્મ્ય વધારવાને શ્રી ગુસાંઈજી શ્રીગોકુલેશનો પ્રકટયો સવ માનતા હોવા જોઈએ. હૃદયમાં તો સર્વ બાળકો સમાનજ હોય, પણ જેનો જે કાર્યમાં અધિક આધાર હોય તેના સંબંધનું તે કાર્ય કરાય છે. વળી શ્રીમહાપ્રભુજીને સર્વ બાળકો સમાન હોવાથી તે બાબતમાં પોતે નિત્ય લીલા પ્રવેશ પછી પણ અલૌકિક સ્વરૂપે દર્શન દઈ પૂછે છે કે સર્વે બેટા સમાન છે માટે બધાનો જન્મોત્સવ માનવો કેમ નહિ? પુષ્ટિમાર્ગ પર દરેક પ્રકારની શ્રીમહાપ્રભુજી અલૌકિક સ્વરૂપે સત્ર દેખરેખ રાખતા હોવા જોઈએ એવું સામાન્ય દષ્ટિએ પણ સમજી શકાય છે. શ્રીમહાપ્રભુજીમાં આસકત ભકતોને આજે પણ દિવ્ય સ્વરૂપે શ્રીમહાપ્રભુજી દર્શન દે છેજ અનુભવગમ્ય આ વાત છે. તર્કગમ્ય નથી.

### * પ્રસંગ-૧૩૬ *

ભકતને સ્વર્ગ ને નર્ક સમાન છે.- એક વાર શ્રીમુખે કહ્યું કે ભગવદીયને સ્વર્ગ અને નર્ક સમાન છે આ સાંભળી પંચોળીએ કહ્યું કે જે સ્વર્ગ અને નર્ક એ સમાન કેમ સંભવે? ત્યારે શ્રીમુખે કહ્યું કે ભગવદીયને નર્કનો તો સંભવજ નથી, અને સ્વર્ગની ઈચ્છા પણ નથી એક પ્રભુની સાથેજ સંબંધ છે.

વિવેચન-ભકતને સ્વર્ગ ને નર્ક સમાન છે, કારણ કે ભકતને સ્વર્ગની ઈચ્છા હોય નહિ એ લે સ્વર્ગની જરૂર નથી, અને નર્ક તો ભગવદીયને માટે હોઈ શકે જ નહિ, એટલે જરૂર વગરની વસ્તુ અને ખરાબ વસ્તુ ખરાબ છે, અમાં શી નવાઈ?

### * પ્રસંગ-૧૩૭ *

સકામ ભકતની ઈચ્છા પ્રભુ પૂરે તો નિષ્કામનું તો કહેવું જ શું ?:- એકવાર શ્રીમુખે કહ્યુ કે ગર્ગાચાર્યે કહ્યું છે કે દેવોને જ્યારે અસૂરો દુઃખ દે છે, ત્યારે તેઓ પ્રભુને શરણે આવે છે. એટલે પ્રભુ રક્ષા કરે છે કામનાએ ઉપાધેક સ્નેહ પ્રકટે છે તો તેની રક્ષા કરે છે નિષ્કામ પ્રેમ જેનો હોય તેનું તો કહેવુંજ શું ?

વિવેચન-ખરેખર ઈચ્છાથી કે કામનાએ પ્રભુનું ભજન કરે, તો સર્વ ઈચ્છા પૂર્ણ કરે છે; તો નિષ્કામી ભકતની તો સર્વ ઈચ્છા પોતાની મેળે પ્રભુજ વગર પ્રાર્થનાએ પૂર્ણ કરે એમાં નવાઈ શી? વળી નિષ્કામ ભકતને સ્વાનંદનું પણ દાન કરે એમાં શો સંદેહ? માટે નિષ્કામ ભકિત સર્વથી ઉત્તમ છે. પુષ્ટિભકિત એજ નિષ્કામ ભકિત છે. સર્વ પ્રકારની અન્યભકિત સગુણ ભકિત છે માત્ર પ્રભુનાજ સુખના વિચાર એ નિર્ગુણ ભકિત છે કે જેને પ્રભુના સુખના વિચાર વગર બીજો વિચારજ ન આવે

### * પ્રસંગ ૧૩૮ *

જે જેમાં આસકત હોય તેજ તેના પ્રભુ છે એકવાર શ્રીમુખે કહ્યું કે એક સેવક શ્રીઠાકુરદ્વારમ શ્રીગુસાંઈજીની પાસે આવ્યો. ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે ઉપર દર્શન થાય છે માટે જાઓ ત્યારે એ સેવકે કહ્યું કે, એ તો તમારા શ્રીઠાકોરજી છે, એમને અમે શુ જાણીએ! ત્યારે આપશ્રીએ કહ્યું કે નહાયો હોઉં તો જલદી પ્રસાદ લે

વિવેચન-આ સેવકને શ્રીગુસાંઈજીનો પૂર્ણપુરૂષોત્તમ સ્વરૂપે અનુભવ છે, તેથી એઓશ્રીમાં આસકત છે આથી

શ્રીગુસંઈજીનાં દશન કરત તેને સંયોગનો આનંદ મળ્યો. તેથી અન્ય સ્વરૂપનાં દર્શન કરવાની અભિલાષા રહી નહિ. વૈષ્ણવની આ સ્થિતિ શ્રીગુસાંઇજી જાણી ગયા. આથી દર્શન કરવાનો આગ્રહ પણ શ્રીગુસાંઈજીએ કર્યો નહિ, ને પ્રસાદ લેવાની આજ્ઞા કરી.

* પ્રસંગ-૧૩૯ *

ભકતને પ્રભુ એક પ્રભુને ભકત અનેકઃ– શ્રીમુખે કહ્યુ કે રાજનગરમાં વિઠ્ઠલદાસે મને દોહરો લખ્યો હતો.

મારે મન તુ એકલો; તારે મન સો લાખ
પપૈયો પીયુ પીયુ કરે મેઘ ન જાણે દખ,

ત્યારે મે પણ તે દુહો લખ્યો હતો

સ્વજન કોઈ સમરત આરી ચિત્ત ચટિયાં,
ચિત્ત ગયંદા સહાવતાં તે બહુરત ઉતરીય –

પત્ર એ જોયે ત્યાં સુધી માથામાં રાખ્યો.

વિવેચન–અલૌકિક રસાત્મક પ્રથમનો દોહરો છે, ત્યારે તેનો જવાબ પણ તેવોજ પ્રભુએ આપ્યો છે, તે પ્રસંગ વાંચતા સ્પષ્ટ જણાશે

* પ્રસંગ-૧૪૦ *

દૈવીજીવો પૂર્વના સંબધવાળા હોય છેઃ– અહીંની સામગ્રી જે છે, તે લીલોપયોગી છે તે ઉપર દોહો કહ્યો તેનો ભાવ ગારસ પક્ષી છે, તે વિખુટાં પડે પછી જ્યારે મળે ત્યારે ખબર પડે.

વિવેચન–એ લીલાનું વચનામૃત બહુ રહસ્ય સૂચવે છે. દૈવી જીવો લીલામાંથી છુટા પડેલા છે, તેમને જ્યારે પ્રભુ મળે ત્યારે મૂળના ઓળખાણ જણાઈ આવે છે. જેમ સ્નેહ સારસ છુટા પડે છે,ત્યારથી તેમને ચેન પડતું નથી પણ જ્યારે મળે ત્યારેજ શાંતિ પડે છે, તેમ દૈવી જીવો છુટા પડે છે, ત્યારથી કોઈ જગાએ ચેન પડતું નથી જ્યારે પ્રભુનો સંબંધ થાય ત્યારેજ તેમને શાંતિ વળે છે. આ વસ્તુ અનુભવ ગમ્ય છે વળી લીલાના સબંધ એ દૈવીજીવો પણ જ્યારે મળે છે ત્યારેજ તેમને શાંતિ થાય કે વળી આવા પૂર્વેના સંબધી દૈવીજીવો મળતાંની સાથેજ તેમને પ્રીતી થાય છે. તેમાં સ્વાર્થ કે એવુ કઈજ હોતુ નથી માત્ર નિઃસ્વાર્થ પ્રેમ અને ઈશ્વરી સંબંધ તેમાં કારણભૂત હોય છે. આવા સબંધો બે સ્ત્રીઓ વચ્ચે, બે પુરુષો વચ્ચે કે પુરુષ અને સ્ત્રી વચ્ચે પણ હોય છે પણ ભગવત્સંબંધની દ્રષ્ટિએ સર્વ સમાન છે આવા સબંધોમાં મલીનતાંની ગંધ પણ નથી હોતી. વિકારી દ્રષ્ટિજ આવા સંબંધોમા દોષ લાવે છે જાથે આવા પ્રેમો અલૌકિક હોવાથી તે કદી તૂટતા નથી. અલૌકિક સબધ શિરે આભ તૂટતા એ ન તૂટે, હરિનો મારગ શુરાનો છે

* પ્રસંગ-૧૪૧ *

દૈવીજીવોનો સંબંધ અમર છેઃ-પ્રેમી સારસોને સાથે રમતાં હોય ને કોઇ ઉડાડે તો તેઓ સાથેજ ઉડે છે.

વિવેચન–દૈવી જીવોનો અને પ્રભુનો સંબધ અમર છે જો કોઈ તેમાં વિઘ્ન નાખે તો તે પોતાના પ્રભુને સાથેજ લઈને જાય છે. અલૌકિક એવા રસિક જીવો પણ સબંધવાળા હોય તો તેઓ જ્યાં વિચરે છે, તેમનો સંબંધ આત્મિક હોવાથી તોડયો તુટતે નથી. આવા સંબંધોમાં સ્વાર્થ કે એવું બીજુ કંઈ નથી. તદ્દન નિર્દોષ અને નિર્ગુણ ઈશ્વરી સંબંધજ હોય છે.

* પ્રસંગ-૧૪૨ *

નિઃસાધનતા એટલે શું ? :— એકવાર પૂછયું કે જે રાજ, નિઃસાધનતા તે શું ? ત્યારે આપશ્રીએ કહ્યું કે પ્રેમી પ્રભુ વગર

બીજું કોઈપણ સાધન નથી, એવું ભાન થાય અને એમ કરતાં પ્રેમી પ્રભુ વગર બીજી વસ્તુની ખબરજ ન રહે તે નિઃસાધનતા.

વિવેચન–રસાવેશ એ નિઃસાધનતાનો ધર્મ છે. પોતાના પ્રિયતમ પ્રભુને રોમેરોમે આવેશ થાય; ત્યારે અન્ય સર્વે સાધન છુટી જાય. આજ ખરી નિઃસાધનતા છે. જ્યાં સુધી અન્ય સાધનોમાં જીવની આસકિત છે, ત્યાં સુધી પ્રભુમાં આસકિત થતી નથી. અનન્યાશ્રયનું છેલ્લામાં છેલ્લું રૂપ તે નિઃસાધનતા અને નિઃસાધનતાનું ફળ વિપ્રયોગ અને વિપ્રયોગનું ફળ પ્રભુનાં દર્શન ને પ્રભુના દર્શનનું ફળ સદેહે અનુભવ. કે લીલાની લહેર. કોટિમાં વિરલાજ આ દશાને પહોચે. વિરહ એજ નિઃસાધનતા

* પ્રસંગ-૧૪૩ *

પ્રેમી પ્રેમીના વિયોગમાં પ્રાણ તજે છે– શ્રીમુખે કહ્યું કે એક કોઈ રજપુતને બે સ્ત્રી હતી. ગામમાં પોકાર થયો, તેથી તે રજપુત દોડયો અને લોક પણ દોડયા. આ રજપુતની સ્ત્રીઓ અટારી ચઢીને જોવા લાગી હવે લોકોને આવતા દીઠા, ને પોતાના ધણીને ન દીઠો, આથી બે ભાન થઈ એક તો તુરતજ ઢળી પડી ને બીજી તેના ધણીના માઠા સમાચાર સાંભળ્યા પછી ઢળી.

વિવેચન=પ્રેમીને વિયોગ અસહ્ય છે. ખરા પ્રેમીનો વિયોગ પ્રાણહર છે. જો સાચા પ્રેમી હોય તો તેઓ સાથેજ રહે છે આ વિશ્વના ભકિતમાન જોડાં પણ દેહત્યાગ પછી સાથેજ રહે છે, અને પ્રભુના સબંધનો આનંદ અનુભવે છે. પુષ્ટિમાર્ગમાં ધણિધણીઆણીનો સબંધ આમ અલૌકિક છે. જેટલો એક બીજા વચ્ચે અલૌકિક પ્રેમ તેટલો બેઉને સદેહે પ્રભુનો અનુભવ

* પ્રસંગ-૧૪૪ *

પ્રભુનો નિત્યલીલા પ્રવેશ સાંભળતાં કુંતાજીએ પ્રાણ છોડયા:– શ્રીમુખે કહ્યું કે પાંડવોને આટલું દુઃખ પડયું, તે કુંતાજીના લીધે પ્રભુએ અટાડયું. અર્જુનથી જ્યારે પ્રભુએ લીલા કર્યાના સમાચાર કહેવાયા નહિ, પણ સ્થિતિ પરથી કુંતાજી જાણી ગયાં કે દેહ ત્યજી દીધી

વિવેચન–પાંચ પાંડવોમાં માત્ર કુંતાજી અનન્ય હતાં. દરેક અન્ય દેવોના ભકત હતાં, તેથી મહામહા સંકટ પડયાં. એક પ્રભુનોજ આશ્રય હોત, તો કદી એટલું વીતત નહિ કુંતાજીનો પ્રભુપર જે પ્રેમ હતો, તેની કોઈને ખરી ખબર હતી નહિ, પોતાના પ્રેમની ખબર પાંડવોને પણ કુંતાજીએ પડવા દીધી નથી, કારણ કે તેઓનો અન્ય દેવોમાં મોહ હતો જયારે શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા ત્યારે અર્જુન યાદવાસ્થળીમાંથી બચેલી યાદવોની સ્ત્રીઓને લઈ પ્રભાસપાટણથી નીકળી હસ્તિનાપુર તરફ ચાલ્યો પણ પ્રભુ સ્વધામ પધાર્યાથી તેની શકિતઓ નાશ પામી હતી. તે મર્યાદા પણ ભકત હતો એટલે તેને લાગી આવે તેમ નવાઈ નથી. રસ્તામાં જતા હેડંબા વનમાં જંગલી લોકોએ તેને ખુબ પજવ્યો ને લૂંટી લીધો. જે અર્જુને કુરૂક્ષેત્રના યુદ્ધમાં ભીષ્મ અને દ્રોણ જેવા મહારથીઓનો પરાભવ કર્યો હતો, એ અર્જુનને આજે જંગલી ભીલોએ લુંટી લીધો તેમની શકિત પ્રભુના વિરહના વિચારે અદ્રશ્ય થઈ ગઈ, તે જેમ તેમ હસ્તિનાપુર આવ્યો ચારે ભાઈઓ દ્રૌપદીને કુંતાજી અર્જુનની આજુબાજુ ફરી વળ્યાં જેનું સર્વસ્વ લુંટાઈ ગયું છે એવો બેબાકળો અર્જુન ચોધાર આંસુએ રડી રહ્યો છે પ્રભુના વિયોગનો ડુમો ભરાઈ ગયો છે જવાબ કેમ દેવાય? ધર તીફાટે

એમ અર્જુન રડી રહ્યો છે હસ્તિનાપુર તણાઈ જાય એટલા આંસુ વહન કરી રહ્યો છે. કુંતાજી સમજી ગયા કે શ્રીકૃષ્ણના વિયોગ વગર બીજુ દુઃખ અર્જુનને આટલુ ન હોય!! નક્કી શ્રીકૃષ્ણે લીલા વિસ્તારી. આથી પૂછ્યુ કે શ્રીકૃષ્ણે લીલા તો નથી વિસ્તારી ? અર્જુને હા કહેવા પુરતુ ડોકુ ધુણાવ્યું, મોઢેથી તો કેમ બોલાય ? હા કહેવા ડોકુ ધુણાવતાની સાથે કુંતાજીના પ્રાણ ચાલ્યા ગયા, માત્ર ખોળીયું પુતળીની જેમ ઉભું રહ્યું., પાંડવોના શુરનૂર ઉડી ગયા, આનું નામ તે પ્રેમ કુંતાજીએ મોઢે તો સાંભળ્યું જ નથી, માત્ર અર્જુને ડોકું ધુણાવ્યું, તે સાથે પ્રાણ પલાયન કરી ગયા. પ્રાણપતિ પ્રભુનો વિયોગ કેમ સહન થાય ? પ્રભુનુ નામ સાંભળતાં પ્રભુની લીલાની ને આનંદની સ્મૃતિ આવતા જીવ બેભાન થઈ જાય એ સ્નેહની પરાકાષ્ટા છે એવા વિરહાગ્નિમાં દગ્ધ દેવીઓનું આશ્વાસન પ્રભુ પોતેજ છે

* પ્રસંગ ૧૪૫ *

ભકતને ભયાનક સમય પણ નજ નડે :- માલા પ્રસંગનો મામલો ચાલતો હતો, ત્યારે કોઈએ કહ્યું કે મહારાજ, કઠિન કાળ મહા વિપરીત આવી બન્યો છે ખબર નથી પડતી કે શું થશે ? ત્યારે આપશ્રીએ કહ્યું કે જે આવી પડે તે સહન કરી લેવું. ત્યારે તેણે કહ્યું કે જે રાજ વા વાય છે ત્યારે કાંકરા ઉડે છે ત્યારે આપશ્રીએ કહ્યું કે કાંકરા ઉડે પણ પર્વત નહિ ઉડે

વિવેચન–શ્રીગોકુળનાથજી આમાં પોતાની અડગ વૃત્તિ બતાવે છે. શ્રીગુસાંઈજી કહે છે કે कालोऽयकठिनोऽपि श्रीकृष्णभक्तान्नबाधते॥ ગમે એવો કઠણ સમય આવ્યો હોય પણ પર્વત જેવા અડગ અને દૃઢ નિશ્ચયી ભગવદ્ ભકતને કંઈ પણ કરી શકતો નથી, તે શ્રીગોકુલેશ પર્વતનો દાખલો આપીને સમજાવે છે, કે જામાં કાંકરા ને મકાન સુદ્ધા ઉડી જાય કે પડી જાય પણ પર્વત ન ઉડે તેમ ભકતને તોફાની કાળમાં પણ કશુ થતું નથી માટે નિશ્ચિતતા રાખવી. प्रभु सर्व समर्थो हि ततो निश्चिततां व्रजेत् ॥ — અષ્ટ…

* પ્રસંગ-૧૪૬ *

પુષ્ટિમાર્ગનું રક્ષણ કરી નવો જન્મ આપ્યો–એકવાર દુર્ગાદાસ હવેલી આવ્યે; તેણે ભેટ કરી. ત્યારે શ્રીજીએ મુસકાઈને કહ્યુ કે આ ભેટમ નવીનતા શી છે ? ત્યારે તેણે કહ્યું કે આપે નવીનતા કરી તો મેં પણ નવીનતા કરી આ સાંભળી શ્રીજી બોલ્યા કે અમે શી નવીનતા કરી ? આ સુણી તેણે કહ્યું કે, આ માળા તો તમે પહેરાવી છે (માળાનું રક્ષણ તમે કર્યું) તેથી હવે તો અમે તમારે લીધે ભેટ કરીએ છીએ. આ સાંભળી પોતે મુસકાઈને તેના પર બહુ કૃપા કરી.

વિવેચન–ખરેખર પુષ્ટિમાર્ગમાં પાદશાહી વખતમાં ચિદ્રૂપના ત્રાસમાંથી માળાનું રક્ષણ તો શ્રીગોકુલેશે કર્યું છે અને તેની ભેટ કરવાનો પ્રસંગ પણ તેઓશ્રીથીજ કાયમ રહ્યો છે, માટે માળાનું રક્ષણ કરી જેમ માળાની નવિનતા કરી, તેમ ત્યાર પછીની ભેટો તે પણ નવિનજ કહેવાય, કારણ કે જો માળાનું રક્ષણ ન થયું હોત તો પ્રભુશ્રીની સન્મુખ ભેટ કરવાનો પ્રસંગ પછી શી રીતે પ્રાપ્ત થાત ? કારણ કે વૈષ્ણવ સૃષ્ટિ નાશ પામત

* પ્રસંગ-૧૪૭ *

પ્રભુ બધુજ ઉત્તમ કરે છે:- એકવાર કોઈએ પૂછ્યું કે મહારાજ વૈષ્ણવને કંઈ ઉત્તમ મધ્યમ સર્વથા થાય છે, તે શું ભગવદિચ્છા ? આ વખતે શ્રીમુખે કહ્યું કે મધ્યમ

શું ? જે કશુ થાય છે, તે ઉત્તમજ થાય છે. તે ઉપર એક રાજા ઘાયલ થયો હતો, તેને વજીરે કહયું કે ભગવદિચ્છાએ જે થાય તે સારૂંજ થાય છે

વિવેચન– ખરેખર, પુષ્ટિમાર્ગના તો સંચાલક પ્રભુ છે. તેના ભકતના પણ સંચાલક ભગવાન છે. સર્વ પ્રભુ કરે છે. એટલે તેમાં ઉત્તમ અને મધ્યમ શું ? ઈશ્વર જે કરે તે ઉત્તમજ કરે, માટે તેમાં કંઇ પણ સંદેહ ન રાખવો ભગવત્કાર્ય સદા ઉત્તમજ હોય પ્રભુજી જે કરે તેમાં આપણે સારા નરસાપણુ જોઈએ, તો પ્રભુજી રિસાય, સર્વાત્મભાવીને બધું ઉત્તમજ લાગે સારૂં લાગે એજ નિર્ગુણદ્રષ્ટિ.

* પ્રસંગ-૧૪૮ *

સાચું બોલીએ તો દોષ જાય:-શ્રીમુખે કહયું કે વચન સાચેસાચું કહીએ, તો દોષ જતો રહે છે

વિવેચન–નિવેદન એટલે કંઈપણ છુપાવું નહિ. પ્રપંચજ છુપાવે છે, જે નિષ્પ્રપંચી હોય તે કશું છુપાવે નહિ. માટે કંઈપણ દોષ થઇ જાય તે છુપાવવો જોઈએ નહિ, વળી જે એકવાર દોષ સર્વ સમક્ષ કબુલ કરે છે, તે ફરી કદી તેવો ગુનો નથી કરતો, તેથી તેના પૂર્વના દોષોનું નિવારણ થાય છે નવીન દોષ થતાં નથી માટે હમેશા સાચુ બોલવું.

* પ્રસંગ-૧૪૯ *

મોટાની વાતો બરાબર સમજવી જોઇએ:- એકવાર શ્રીમુખે કહયું કે મોટાઓની વાતોનો અભિપ્રાય સમજવો જોઈએ

વિવેચન-મોટાઓની વાતો ન સમજવાથી ઘણીવાર વિપરીત પરિણામ આવે છે; એકવાર એક યોગી ને શિષ્યો ધર્મ ચર્ચા કરતા હતાં. ત્યારે યોગીએ કહયું કે "આગલીકું જાન દે પીછલીકું જાન દે ઓર બીચલીકુ પકડ લે" હવે ત્યાં આગળ થઈને ત્રણ સ્રીઓ હારબંધ પાણીનું બેડું ભરીને જતી હતી તેમાંની વચ્ચેની કોઈ રજપૂતાણી હતી તેણે પેલા યોગીના વાકયનો ઉંધો અર્થ કર્યો, તેથી ગુસ્સે થઇ ગઈ તેણે રજપૂતને ઘેર જઇને કહયું કે એક યોગીએ મારી મશ્કરી કરી અમે ત્રણ જણીઓ હારબંધ પાણી ભરીને આવતી હતી, તે વખતે વચ્ચે હું હતી અને યોગીએ કહયું કે "અગલીકુ જાને દે પીછલીકું જાને દે ઓર બીચલીકુ પકર લે" માટે તેઓને પાંસરા કરવા જોઈએ રજપુતભાઈ શુરાતને ચઢયા, ને તલવાર તાણી યોગીને મારવા ભાગોભાગ દોડયા. બાબો દેતો દેતો આવતો જોઈ એક શિષ્ય પણ ચમકો ને કડછો લઈ સામે થયો જેવો શિષ્ય પેલા રજપુતને મારવા દોડયો, કે યોગીએ કહયું કે 'માર માર" આ માર માર શબ્દ સાંભળતાં શિષ્યે ચમકો ફેંકી દઈ મારવાનુ મુકી દીધુ પેલા રજપુતે આ માર માર શબ્દો સાંભળ્યાં એટલે વિચારમાં પડયો કે માર માર કહયું ત્યારે ઉલટા મારતો બંધ પડયો માટે તેની વાણીમાં ચતુરાઈ હોવી જોઇએ રજપુત આવીને પગે પડયો અને પુછયું કે આને "માર માર" કહયું ત્યારે ઉલટો મારતો બંધ પડયો એ શું ? ત્યારે યોગીએ કહયુ તેને તારા પર જે ક્રોધ ચઢયો છે તે માર, એવુ મે કહયું એટલે તેણે ગુસ્સો તારા પરથી ઉતારી નાખી મારવાનું મુકી દીધું. વળી રજપુતે આગલી વાત પુછી એટલે યોગીએ કહ્યું કે મેં તો શિષ્યોને એમ કહયું કે બાળપણની જિન્દગી જવા દે વૃદ્ધાવસ્થા જવાદે અને તે બેની વચ્ચેની જિંદગી જુવાની તેને પકડી લે, એટલે તેનો સારો ઉપયોગ કરી લે, આમ મે શિખામણની વાત કહી હતી, આ સાંભળી રજપુત પગે પડયો.

અને શાંત થઈ ઘેર ગયો, આવું ઘણીવાર બને છે, માટે મોટા પુરૂષોની વાણી બહુ વિચાર કરીને સમજવી તે ન સમજીએ તો ઘણીવાર ધાર્યા કરતાં ઉલટું પરિણામ આવે છે

* પ્રસંગ-૧૫૦ *

શ્રીગુસાંઈજીનો વાત્સલ્ય ભાવ:- એકવાર શ્રીગુસાંઈજી શ્રીગોવર્ધનની પરિક્રમા કરતાં એક જગાએ ચરણ પ્રક્ષાલન કરતા હતા તે વખતે ઘામ બહુ હતો. ને તાપ હતો આથી છાંયો કરનાર રૂપો ગુજરાતી હતો તેણે છત્રી ધરી. શ્રીગોકુલેશ સાથે હતા, તે ઘણા બાળક હતા તેથી શ્રીગુસાંઈજીએ કહ્યું કે આ બાળક ઉપર છાંયા કર એમ કહી નાના બાળકુમાર શ્રીગોકુલેશપર છત્રી ધરાવરાવી

વિવેચન શ્રીગોકુલેશ બાળક હોવાથી બાળકને તાપ વધારે લાગે, માટે વાત્સલ્યભાવ હોવાથી શ્રીગોકુલેશ ઉપર પોતે છત્રી ધરાવે છે. આમાં સેવકોની ખામી પણ બતાવે છે. શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલેશ સમાન હોવાથી બન્ને પર છાંયા કરવી જોઈએ. સેવકોએ સર્વ તરફ નજર રાખવી જોઈએ, એ પણ બતાવે છે. વળી પુત્રના સુખમાં પિતાને સુખ છે, તે અહીં સ્પષ્ટ થાય છે. આ પ્રસંગ પરથી એ પણ સમજાય કે શ્રીમહાપ્રભુજી અને શ્રી ગુસાંઈજી પોતાનાં બાળકો પર પોતાના સમાન ગણી પ્રેમ રાખનાર પર પ્રસન્ન થાય છે. ભકતો પણ પ્રભુના બાળક છે. તેથી ભકતોની પ્રસન્નતામાં પણ પ્રભુની પ્રસન્નતા છે. માટે પ્રભુના ભકતોપર પણ પ્રીતિ ખૂબ રાખવી જોઈએ આમ સંત પુરૂષોપર પ્રીતિ રાખવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. આ વાત પણ આથી સ્પષ્ટ થાય છે

* પ્રસંગ-૧૫૧ *

સમાનશીલ વગર રસ ન જામે:-એકવાર સેવાની વાત ચાલી, ત્યારે શ્રીમુખે કહ્યું કે सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ॥ એનો અર્થ એ કે સેવાને વિષે અને પ્રભુના અંતરમાં કાલ નિર્વાહને માટે કથા છે. પરંતુ સેવા તો એકલાથી પણ થાય પણ કથા સમાનશીલ વગર ન થાય. સમાનશીલમાં ને ભગવદ્વાર્તા રસનાથી પ્રકટ થાય છે, એ મહાદુર્લભ છે.

વિવેચન-સમાનશીલમાંજ ભગવદ્વાર્તામાં મજા આવે વળી એવા સમાનશીલનો સંગ પણ ભગવત્કૃપાથીજ મળે. વળી ભગવદીયે કાળ વ્યતીત કરવાનો તે પણ બે રીતે, એક સેવાથી અને બીજું સત્સંગ. સત્સંગ જો સમાનશીલ એટલે સમાન ગુણોવાળાઓનો હોય તો ભગવદ્વાર્તા આપોઆપ પ્રગટ થઈ મહારસ આવે છે. પ્રભુના જુદા જુદા અંગના વા જુદી જુદી લીલાઓના અધિકારીઓને પણ સત્સંગમાં ખરો આનંદ ન આવે એકજ વરણના જીવોને બહુજ આનંદ આવે.

* પ્રસંગ-૧૫૨ *

અમારો માર્ગ નર્યો શરણ માર્ગ નહિ, પણ સ્નેહ માર્ગ છે:-એકવાર શ્રીમુખે કહ્યું કે અમારો માર્ગ શરણ નથી, પણસ્નેહ માર્ગ છે. સોનું અને સુગંધ સાથે છે.

વિવેચન-નર્યો શરણ માર્ગ હોય તેમાં શરણાગતને ક્રિયામાં સંકોચ આવે પણ અહીં તો સ્નેહમાર્ગ છે એટલે દરેક કાર્યમાં મહા આનંદ છે દરેક કાર્ય પ્રભુની સેવા ભાવે

વાણી ભગવદ્વાર્તા ભાવે ઉચ્ચારાય ત્યાં બીજું આનંદ વગર શું હોય શકે ?

* પ્રસંગ-૧૫૩ *

વૈષ્ણવનું જુરું ઇચ્છે તેનું પ્રભુ ભષ્મ કરે:- વૈષ્ણવ ઉપર ખરાબ વિચાર રાખે તેને શ્રીઠાકોરજી રિબાવી રિબાવીને બાળી નાખે બાળી બાળીને ભષ્મ કરે.

વિવેચન-જે વૈષ્ણવનું ભુંડુ વિચારે વા વૈષ્ણવને માટે ખોટો વિચાર કરે. તેને પ્રભુ સુખ ન થવા દેતા બાળી બાળીને ભષ્મ કરે છે. મતલબ કે ભકતનો વિરોધી કદી સુખી નજ થાય પણ નકામો વગર કારણે દુઃખી થઈ પ્રભુનો વેરી બને છે

* પ્રસંગ-૧૫૪ *

કોઈકમાં કંઈ એક તો મિઠાશ હોય છેજ:-શ્રીમુખે કહ્યું કે કોઈની વાત મીઠી, કોઈનો મોહ મીઠો કોઈ સર્વજ મીઠું હોય છે.

વિવેચન-પુષ્ટિ સૃષ્ટિ લીલા સૃષ્ટિ છે, લીલામાં વૈચિત્ર્ય પણ હોયજ, લીલા ભેદે એ વૈચિત્ર હોય છે. કોઈ ભગવદીયની વાણી મીઠી હોય કે જેથી વાણી વડે આનંદ થાય છે. કોઈ ભગવદીય સુંદર ગાયક હોય છે તો તેના કીર્તન સાંભળવામાં મજા આવે છે કોઈ સેવા રસિક હોય તેની સેવામાં આનંદ આવે કોઇના કાર્ય, વાણી વર્તન વગેરે સર્વ બહુ મીઠું ને આનંદદાયક હોય છે ભગવાને જેનું દાન કર્યું હોય, તે તેમાં પ્રવીણ હોય. મીઠાશનો આધાર પ્રભુના વરણ પર છે.

* પ્રસંગ-૧૫૫ *

મન હોય ત્યાં માણસ ગયો કહેવાય:- એકવાર વાર્તા કહી કે એક ક્ષત્રી હતો, તે સેવા કરતો હતો, સેવા કરતા કરતા ચિત્ત ચમારને ત્યાં જોડા શીવવા આપ્યો હતો, તેથી ત્યાં હતું. આ વખતે કોઇએ આવીને તેની સ્રીને પુછ્યું કે ફલાણો ક્ષત્રી કયાં છે? આ સાંભળી તેની સ્રીએ કહ્યું કે, ચમારને ઘેર છે. સ્રી સાચી ભકત હતી તેથી પેલા ક્ષત્રીનું ચિત્ત ચમારને ત્યાં હતું. તે જાણી ગઈ પેલો ક્ષત્રી સેવામાંથી બહાર નીકળ્યો, ત્યારે કહ્યું કે હું સેવામ હતો, ને તેં ચમારને ઘેર છે એમ કહ્યું ? ત્યારે સ્ત્રીએ કહ્યું કે ચિત્ત ત્યાં હતુ માટે મેં એમ કહ્યુ.

વિવેચન-સેવામાં હોઈએ, ત્યારે બીજે ચિત્ત ન રાખવું, જો બીજે ચિત્ત જાય તો સેવામાં બરકત આવતી નથી. અને પ્રભુ અપ્રસન્ન થાય છે માટે એકાગ્રચિત્તે સાવધાનતાથી સેવા કરવી જોઈએ. સેવામાં પ્રેમ નિમગ્નતા ને સાવધાનતા એ ત્રણ વસ્તુ સમાન જોઈએ.

* પ્રસંગ-૧૫૬ *

વિજાતિમાં આનંદ ન આવે :- એકવાર કહ્યું કે વિજાતિમાં ભેદ ઘણા છે. એક ભાવ વિજાતિ ને વળી ગુણ વિજાતિ આ વિજાતિઓ એક બીજાને રસાભાસ કરે, તેથી તેના સાથે રસ ન ઉપજે.

વિવેચન-ભાવ વૈજાતિ હોય તો તો લગાર પણ એક બીજાના બોલજ ન ગોઠે આમ પણ લીલાનોજ ભેદ છે. એકની પ્રીતિ શ્રીઠાકોરજીના મુખકમળ પર ને બીજાની ચરણકમળમાં હોય તો પણ વિજાતિ કહેવાય આવા કારણોથીજ કોઈ સેવા ચતુર, કોઈ ભગવદ્વાર્તા ચતુર, કોઇ કીર્તન ચતુર,ને કોઈ દર્શન ચતુર હોય છે. એકજ લીલાના જીવોને રસાનંદની પ્રાપ્તિ સત્સંગમાં વા સંબંધમાં થાય, પણ સ્વભાવ વિજાતિમાં આનંદ ન આવે.

* પ્રસંગ-૧૫૭ *

અનુભવની ભિન્નતાને લીધે ભિન્નત્વ હોય છે— વસ્તુ એક પણ અનુભવ ભિન્ન હોય છે, તેથી ભાવ પણ ભિન્ન હોય છે પણ પ્રભુ સર્વરસ ભોકતા છે

વિવેચન-સર્વ પુષ્ટિ ભકતો એકજ વસ્તુ જેવા છે કારણ કે સર્વ શ્રીકૃષ્ણના સંબંધ વાળા હોય છે, છતાં શ્રીઠાકોરજીના સ્વરૂપનો મૂળ આનંદનો અનુભવ ભિન્ન હોવાથી આજે પણ તેઓમાં ભિન્નત્વ માલુમ પડે છે, અને તેથી ભાવ પણ ભિન્ન હોય છે જેમ નાનપણમ બાળકને જેના પર રૂચિ લગાડીએ તેમાં રૂચિ મોટપણે પણ કાયમ રહે છે, તેમ મુળ લીલાની રૂચિ જુદા જુદા પુષ્ટિ ભકતોને વિધ વિધ હોવાથી આજે પણ વિધવિધતા જણાઇ આવે છે, પણ સર્વ રસના ભોકતા પ્રભુજ છે, કારણ કે તે સર્વ રસિક હોઇ સર્વરસભોકતા છે. સેવા કરનારની સેવા, કીર્તન કરનારનાં કીર્તન, સામગ્રી કરનારની સામગ્રી ને ભગવદ્વાર્તા કરનારની ભગવદ્વાર્તા પોતે અંગીકાર કરે છે

* પ્રસંગ-૧૫૮ *

સ્નેહ રૂપી વેલીની વિચિત્રતાઃ—
છે એ વેલી પ્રેમની, સિંચેથી ચીમળાય;
થડ કાપે ફળ પાલવે, ફળકાપે જડ જાય,

વિવેચન-પ્રેમ વેલી એવી છે કે, જેમ જેમ પ્રેમીની વાત સાંભળે, તેમ તેમ વિયોગથી બળીને ખાખ થાય છે, ને ચીમળાતી જાય છે. પણ વિયોગ રૂપી થડ એ વેલીને છે, તે કાપે એટલે વિયોગ મટે તો સંયોગનું સુખ મળે, તે ફળ પાલવ્યું કહેવાય. ફળ કાપે જડ જાય એટલે સંયોગ પછી વિયોગ થાય, તો મહા દારૂણ દુઃખ થાય. સંયોગનો નાશ થવો એ ફળ કાપ્યું કહેવાય, તે તો પ્રાણહર છે. માટે ફળ કાપે તો જડ જાય.

* પ્રસંગ-૧૫૯ *

સ્નેહ મનુષ્ય સરખો છે:- શ્રીગોકુલેશને રાંઇયા ગઢવીએ પુછ્યું કે મહારાજ સ્નેહનું સ્વરૂપ કેવું છે ? ત્યારે શ્રીગોકુલેશે કહ્યુ કે સ્નેહનું સ્વરૂપ મનુષ્ય સરખું છે. ત્યારે ગઢવીએ કહ્યું કે મનુષ્ય જેવું તે શી રીતે કહેવાય ? એટલે શ્રીગોકુલેશ કહ્યું કે મનુષ્યનું સ્વરૂપ પાંચ વસ્તુ વડે છે. વીર્ય, હાડ માંસ, રૂધિર અને ત્વચા; આ પાંચે વસ્તુઓ સ્નેહને પણ છે. તે કઈ છે તેની વિગત પ્રથમ દર્શન તે વીર્ય, બીજુ મેળાપ રૂપી રૂધિર, ત્રીજું હેત તે માંસ, ચોથું દ્રઢ ધૈર્ય તે હાડ પાંચમુ જતન એટલે રક્ષણ તે ત્વચા આવી રીતે સ્નેહનું સ્વરૂપ છે.

વિવેચન-સ્નેહ સ્વરૂપાત્મક છે તેનું સ્વરૂપ શ્રીગોકુલેશ બતાવે છે . જેમ શરીરમાં વીર્ય, હાડમાસ રૂધિર અને ત્વચા બરાબર પ્રમાણમાં હોય તો તે રૂપાળુ બની દીપી શકે છે. તેમ સ્નેહ પણ દર્શન મેળાપ, હેત, દ્રઢ ધૈર્ય અને જતન એટલું હોય તો દીપી શકે છે ખાસ સ્નેહનું સ્વરૂપ એ કે ઉપરનું સર્વ સમાન હોય.

* પ્રસંગ ૧૬૦ *

મહાત્મ્ય રહિત પ્રેમ તેજ ખરો પ્રેમઃ— વૈશાખ સુદિ સાતમને દિવસે ઉત્થાપનમાં પંચોલીએ પૂછ્યું કે જે રાજ, સ્નેહ તે કેમ ઉપજે ? અને સ્નેહનું સાધન શું ? ત્યારે આપશ્રીએ કહ્યું કે ભકતનું સ્વરૂપ તેજ સ્નેહ છે, અને તેનું સાધન તો કંઇજ નહિ. સ્નેહનું સાધન તો માત્ર સ્નેહજ તેનું ફળ પણ સ્નેહજ. ત્યારે પંચોળીએ પૂછ્યું કે

મહારાજ માહાત્મ્ય યુકત સ્નેહ તે કેવો અને માહાત્મ્ય રહીત સ્નેહ તે કેવો ? આ સાંભળી શ્રીગોકુલેશે કહ્યું કે માહાત્મ્ય સંયુકત તે સ્નેહ માટે કહીએ, કે મહાત્મ્ય યુકત સ્નેહ જીવને બાધક નથી. મહાત્મ્યે કરીને અપરાધ ન પડે, જીવ મહાત્મ્યે કરીને બીતો રહે પણ જ્યાં જેટલું માહાત્મ્ય ત્યાં તેટલી સ્નેહની નિર્બળતા, અને જેટલી સ્નેહની પ્રબળતા તેટલી મહાત્મ્યની નિર્બળતા માહાત્મ્યની પ્રબળતાએ રસની હાનિ થાય, અને મહાત્મ્યની નિર્બળતા હોય ત્યાં સ્નેહનો રસ પુષ્ટ થાય ખરી રીત રસમાર્ગીય ભકતને મહાત્મ્યનો જેટલો અવસર તેટલોજ બાધક છે મહાત્મ્યનો કરીને રસ પુષ્ટ ન થાય. સમાનતાએ રસ ઉપજે લઘુતા, દીર્ઘતા યશ, મન એમાં રસ પુષ્ટ ન થાય. માટે માહાત્મ્યનો લેશ (જરાપણ મહાત્મ્ય) એતન્માર્ગીને બાધક છે. અને જે એતન્માર્ગને વિષે પ્રવૃત્ત નથી થયો સંસારથી બીએ છે. એવાને માહાત્મ્ય પૂર્વક ભકિત પણ દુર્લભ છે.

વિવેચન—ખરેખર, જ્યાં સુધી માહાત્મ્યમાં ચિત્ત રહે ત્યાં સુધી એકવૃત્તિ ન થાય અને એકતા થયા વિના રસ ન ઉપજે રસ તો સમાનતામાંજ પ્રકટે અને જ્યાં મહાત્મ્ય આવ્યું ત્યાં સમાનતા ન થતાં ભીતિજ રહયા કરે, ભીતિ એ તો રસમાં કે સ્નેહમાં મહા બાધક છે ખરા સ્નેહીને કયાંયે ડર ન હોય ખરો સ્નેહી તો પોતાના સ્નેહીને મળવાની અભિલાષામાં રહેલા માહાત્મ્યનો વિચાર કરવાની પણ તેને જવરાશ નથી આવતી. સંયોગમાં તે પ્રેમીમાં લીન બને છે, ત્યા માહાત્મ્ય કયાં ઉભુ રહી શકે ? મહાત્મ્ય યુકત પ્રેમ એ ખરૂં જોતાં માયાવી પ્રેમ છે. નિર્ગુણ પ્રેમ નહિ. સ્વાભાવિક પ્રેમ મહાત્મ્ય જાણેજ નહિ માહાત્મ્ય એટલે મહાતમ અત્યંત અંધારૂં હૃદયમાં નિર્ગુણ શુદ્ધ પ્રેમનો પ્રકાશ ન થાય ત્યાં સુધી જીવ માહાત્મ્યને મોહે છે સિદ્ધિઓ પણ માહાત્મ્ય છે ખરા ભકતને સિદ્ધિ દેખીને કે તેથી કરીને પણ મોહ ન થાય અથવા સિદ્ધિ દુઃખદ લાગે. સિદ્ધ તેને માયા ન લાગે આત્મિક સ્નેહ માહાત્મ્ય ન જુએ.

## * પ્રસંગ—૧૬૧ *

દર્શન વગેરેમાં પડતા પ્રતિબંધો ને તેનાં કારણ ?—એકવાર કલ્યાણ ભટે વિનંતિ કરી કે કેટલાક ઉત્તમ ભગવદીયો છે. જેમને સદા સર્વદા શ્રીજીના દર્શનમાં જતાં, વાર્તામાં જતાં સેવામાં જતાં એમ સદા પાસેને પાસે રહેવાનો મનોરથ થાય છે, અને તેટલા માટે સર્વ લૌકિક વ્યાસંગનો ત્યાગ કરે છે. તેઓ પોતાને સદાજ સદા સંબંધ શ્રીજી સાથે પ્રકટયો રહે એમ પ્રાર્થના કરે છે અને કહે છે કે અમને શ્રીજીનાં દર્શનાદિક પણ ખંડન ન થાય, તેવા ઉત્તમ ભગવદીયને પણ પ્રભુ અંતરાય પડવા દે છે તે શું ? શ્રીજી તો પરમકૃપાળુ છે. સર્વજ્ઞ છે, સર્વ સમર્થ છે આ વખતે શ્રીગોકુલેશે કહ્યું કે, અંતરાય બે પ્રકારનો છે. એક શ્રીજીનો અને એક ભગવદીયના અપરાધ માટે કેટલાક અંતરાય થાય છે. તેનાં જુદા જુદા લક્ષણ છે. જે અપરાધથી અંતરાય થાય છે, તેમાં અવશ્ય શ્રી પ્રભુજી ઉપર તથા ભગવદીય ઉપર આદર ઓછો થાય છે આવું થાય ત્યારે બહિર્મુખતા આવે ને અહંકાર, લોભ, કામ ક્રોધ, દુર્બુદ્ધિ દુષ્ટતા તથા પાપ વગેરેની વૃદ્ધિ થાય, ભગવદ્વાર્તા ન ગમે શ્રીજીના અને ભગવદીયનાં માહાત્મ્યમાં વિપરીત બુદ્ધિ આવે શ્રીજી પાસે જવાની અનિચ્છા થાય, અન્યાશ્રય થાય ભગવદીય પાસે જવાનું ન ગમે, બહિર્મુખ લોકો પાસે સ્નેહ ઉપજે અન્નજળનો સંબંધ પણ બહિર્મુખ લોકો

જોડે થાય અપરાધથી અંતરાય પડે ત્યારે આવી સ્થિતિ થાય

હવે કૃપાથી શ્રીજીની મરજીથી અંતરાય પડે તેમાં અવશ્ય શ્રીજી ઉપર ભગવદીયની લાલસા વધે છે. શ્રીજીની નિકટમાં જે અહંકાર થયો હોય તે જતો રહે છે, પોતાના જે અધમ ગુણ છે તે અને પોતાના અવગુણને જાણે. તેથી દીનતા વધે, જલદીથી શ્રીજીનાં દર્શનની ને નિકટ રહેવાની ઇચ્છા ઉપજે, વળી શ્રીજીની વાર્તા અમૃત જેવી મીઠી લાગે, શ્રીજીના ગુણ અને ભગવદીયના ગુણજ મનમાં આવે સાધારણ વૈષ્ણવ મળે તો પણ ઘણો ઘણો સ્નેહ અને આદર ઉપજે કેવળ ભગવદીય રહે ત્યાં સર્વથા જાય, તથા જે સાધારણ પણ ભગવદીય શ્રીજી પાસે હોય તેમના ઉપર આદર કરે. પોતાના અપરાધ જાણે, કયારે શ્રીમુખ જોવા પામીશ ? હવે તો કદી શ્રીપ્રભુજીનું સ્થળ ન મૂકું, એવા મનોરથ કરે જે કાર્ય કરવાથી શ્રીજીના ચરણકમળ મૂકીને આવ્યો હોય. તે કાર્ય ઉપર ઘણો અનાદર થાય. શ્રીપ્રભુજી વિના સદાજ સંતાપ પામતો રહે પત્રદ્વારા તથા પોતાના મિત્રોદ્વારા પોતના મનોરથની વિનતી કરતો રહે પોતાના દેહ ઉપર તથા અન્ય સંબંધ ઉપર અરુચિ થાય આત્માના સંબધી ઉપર તથા શ્રીજી ઉપર સ્નેહ ઘણો ઘણો થાય, ત્યારે શ્રીજી સાથે જલદીથી મેળાપ થાય શ્રીજીની અધિક કૃપાનો અધિક અનુભવ થાય શ્રીજી પોતે કૃપા કરીને અંતરાય પાડે છે ? તે નિરપરાધી સેવકની આ ઉપર જણાવેલી વસ્તુઓની પ્રાપ્તિ માટે પાડે છે પ્રથમ જેટલાં શ્રીપ્રભુ મિલનમાં સુખ આપતા હતા. તેથી પણ અધિક મિલનસુખ આપવા માટે આ કૃપાવડે અંતરાય આપે છે પ્રભુ પરમદયાળુ છે પ્રભુ નિરપરાધી ભગવદીયને અંતરાય થવા દેજ નહિ હવે જે ભગવદીય અપરાધી છે તેના અપરાધ ભોગવાવીને પૂર્ણ થાય પછી પ્રભુજી તેના પર પણ દયા કરે છે જેમ લૌકિક રાજા ઉમરાવને અપરાધ માટે દૂર મોકલે છે, પછી અપરાધ ક્ષીણથતા તેના પર દયા કરે છે તેમ કૃપાપાત્ર ભગવદીય અને શ્રીપ્રભુની બાબતમાં સમજવું.

વિવેચન—આ વચનામૃતમાં શ્રીગોકુલેશ હદ કરે છે. પોતે ભક્તને પડતા પ્રતિબંધનું સ્વરૂપ આમાં સમજાવે છે જે પ્રકારના પ્રતિબંધોમાં કયા પ્રકારનો પ્રતિબંધ છે તે ભક્ત પોતેજ પોતાના વર્તન ઉપરથી પારખી શકે. એવી સ્પષ્ટતા આ વચનામૃતમાં છે આવા વચનામૃતોનું તે વારંવાર મનન કરવું જોઇએ, અને હૃદયમાં તે કોતરી રાખવા જોઈએ

## * પ્રસંગ ૧૬૨ *

ગોવર્ધન ધારણ કરવાનું કારણ શું ?:- એકવાર ભાઈ મોહનભાઇને લીધે વિનંતી કરાવી હતી પોતે શ્રીનાથજીદ્વારમાં પૂછ્યુ કે જયારે શ્રીઠાકોરજીએ ગોવર્ધન ધારણ કર્યો, ઇને ઇંદ્ર સાત દિવસ સુધી મહા વૃષ્ટિ કરી તે વખતે પર્વતનાં ઉપરનાં પક્ષી, તથા ઉપરના અનેક જીવ તેમજ અનેક વૃક્ષ, વળી તરુ આદિ બીજા જે જે દૈવીજીવો વૃષ્ટિથી દુઃખ પામ્યા હશે તેનું શું ? આ સાંભળી શ્રીગોકુલેશ બોલ્યા, તે જીવો રંચક પણ દુઃખ પામ્યા નહોતા, તેમની રક્ષાત્યાંજ થતી હતી વૃષ્ટિ થઈ પણ એક પણ બુંદ કોઈને પર્વતપર લાગવા દેતા નહોતા અને એ રીતે રક્ષા કરતાં હતા. આ વખતે વળી પૂછ્યુ કે જો આવી રીતે રક્ષા કરી તો શ્રીગોવર્ધન ધરવાનું શું કારણુ ? બીજાની પણ રક્ષા એવી રીતે કરી હોત તો શું ? ત્યાર પછી ત્યાં આપે કહ્યું કે એવી રીતે રક્ષા ન કરી તેનું કારણ ઇંદ્રનું માન મર્દન કરવા માટે શ્રીગોવર્ધન

ધારણ કરવો હતો જો ગોવર્ધન ન ધારણ કરે તો શું ખબર પડે કે શ્રીપૂર્ણ પુરૂષોત્તમનું પ્રાકટ્ય છે? અને તેથી ઇંદ્ર પણ અભિમાનમાં નાશ પામત આથી પોતાના જે ભકતો છે તેઓ જો માર્ગ ભૂલે તો માનનું મર્દન જલદી કરે છે માન મર્દન શા માટે કરે છે, કે તે પોતાના છે માટે છેતરાઇ ન જાય. જો કદાપિ માન મર્દન ન કરે તો અભિમાનમાં તણાઈ જાય. માટે તેના હિતને માટે તેને અભિમાનમાં તણાવા ન દે તરતજ માન ઉતારે તો તેનું ભલું થાય.

વિવેચન પ્રભુ બહુ દયાળુ છે. તેથી અલૌકિક રીતે ગોવર્ધન પરના સર્વ પશુ પક્ષી તથા વૃક્ષો વગેરેનું રક્ષણ કર્યું. વળી ગોવર્ધન તોળવાની તસ્દી લીધી, તે ઇંદ્રનું માન ઉતારી તેનું ભલું કરવા માટેજ. પ્રભુએ ગોવર્ધન પર સુદર્શન ચક્ર મુકીને એક બુંદ પણ પડવા દીધી નહોતી, એમ કહેવાય છે. પ્રભુ રક્ષક તેનો કોણ ભક્ષક ?

* પ્રસંગ ૧૬૩ *

ધ્યાન અને સ્મરણનું તારતમ્ય:-એકવાર પંચોળીએ પૂછ્યું કે, જે મહારાજ, ધ્યાન અને સ્મરણ તે શું બેઉ એક છે કે જુદાં જુદાં છે ? આ સાંભળી શ્રીમુખે કહ્યું કે ધ્યાન જુદું અને સ્મરણ જુદું, ધ્યાન તો એકે જેવું સ્વરૂપ છે, તેવું ઇન્દ્રિયો વશ રાખી ધ્યાનમાં ઉતારે, અને સ્મરણ તો એ કે શ્રી ઠાકોરજીનાં ચરિત્રને સ્મરે તે સ્મરતાં સ્મરતાં એજ સ્વરૂપ ધ્યાનમાં આવે.

વિવેચન—ધ્યાનમાં અને સ્મરણમાં ભેદ છે તે અહીં શ્રીગોકુલેશ બતાવે છે. સ્મરણ હૃદયારૂઢ થતાં ધ્યાન થાય પ્રભુના ચરિત્રોનું સ્મરણ વારંવાર થતાં તેનું સ્વરૂપ હૃદયમાં ખડું થાય ત્યારે ઇન્દ્રિયો નિરોધ પામી તેનું ધ્યાન કરે

* પ્રસંગ–૧૬૪ *

વ્યસની દશા એજ કૃતકૃત્યતા:-શ્રીમુખે કહ્યું કે વૈષ્ણવની ત્રણ દશા છે એક સ્નેહ દશા બીજી આસકત દશા અને તે પછી ત્રીજી વ્યસનદશા જેને વ્યસન દશા પ્રાપ્ત થઈ તે કૃતાર્થ થયો, ને આશકત વ્યશની દશાનાં ઘણાં ઘણાં દ્રષ્ટાંત સ્થાપ્યા.

વિવેચન—પ્રથમ ભકતની દશા સ્નેહની છે સ્નેહ હૃદયારૂઢ થતાં તે પ્રભુમાં આસકત થાય છે, આ ઉપર થયા પછી એ આસકિત વ્યસનનું સ્વરૂપ લે છે. વ્યસની દશા એ ભકતની મહામસ્ત દશા છે તે દશાજ દેહાતીત કે ઇન્દ્રિયાતીત કહેવાય આ દશામાં ભકતનું લૌકિક વૈદિક સર્વસ્વ છુટી જાય, પ્રમાણ માત્ર નાશ પામી પ્રેમમય જ પ્રવર્તન થાય છે આ દશામાં ભકતના રોમ રોમમાં પ્રભુરસ વ્યાપી જાય છે તેનો આનંદનો પાર નથી હોતો માનો આનંદરસના સાગરમાં અવિચ્છિન્ન ઝોલા ખાય છે.

* પ્રસંગ ૧૬૫ *

પતિના મૃત્યુની વાત સાંભળતાં દેહ છોડે તે સતી -એકવાર સતીની વાત ચાલી ત્યારે ગોવર્ધન ભાણેજ કહ્યું કે જે કોઈ સ્થળ વાં દેશ એવો છે કે, જ્યા ચહેલગાડી પોતાના ભરથારને પ્રથમ મુકી પોતે અલગ બેસી પાળી વડે પોતાનું શરીર હાથથી કાપી આપીને ચહેમાં હોમતી જાય ? ત્યારે શ્રીમુખે કહ્યું કે એક સતીની વાત વાત સાંભળો એક રજપુતનું ગામ હતું તેની ચારે બાજુ કોઈ રાજાએ ઘેરો લીધી, ત્યારે આ ગામના સર્વ લોક સ્વાર થયા, અને લડાઈ શરૂ થઈ આ વખતે સહુ રજપુતાણીઓ આવીને તે રજપુત રાજાના મહેલની અટારી પર આવી ખડી

થઈ અને સમાચારની રાહ જોવા લાગી અને પરસ્પર પૂછવા લાગી કે તારો પુરૂષ પડે તો તું કેવી રીતે સતી થાય આમ પરસ્પર પૂછવા લાગી તેમાં એક રજપુતાણીનો પોતાનો પતિ પર બહુજ સ્નેહ હતો. તેને કોઈએ પૂછ્યું, કે તારો પુરૂષ પડે તો તું શું કરે? આટલું સાંભળતા જ પ્રાણ નીકળી ગયા હજી પતિ પડયો તો નથી, તેમ સમાચાર પણ કશા આવ્યા નથી વાત કરતાં પ્રાણ નીકળી જાય તેને સતી કહેવાય

વિવેચન:–પ્રેમ વસ્તુ સ્વભાવિક છે. સ્વાભાવિક પ્રેમીનું હૃદય અત્યંત કોમળ થવાથી પ્રાણો વિયોગથી નજ ટકી શકે. આ વચનામૃતથી એમ નથી સમજવાનું કે પતિનો વિયોગ થતાં વાત સાંભળી દેહને આપો આપ પાડી નાખવો. સ્વાભાવિક પડે તે તો મર્યાદા પ્રેમની ઉત્કૃષ્ટતા છે શ્રીગોકુલેશના લીલા પ્રવેશમાં આ શ્રીના ઘણા ઘણા ભકતોએ તરતજ દેહ છોડી દીધી હતી, આ દેહત્યાગી ભકતો અંતરંગ હતા, કે જેઓ શ્રીગોકુલેશની વાણી જો સાંભળવા ન મળે તો વિહ્વળ થતાં તો વિયોગ તો કેમ સહન કરે? અંતરંગભગવદીયોનું ભુતળ પર આવાગમન શ્રીગોકુલેશ સાથે હોય, એને દેહોત્સર્ગ પણ સાથેજ હોય તો સ્વાભાવિક રીતે દેહ છુટી જાય, તેવી બાબતોમાં આપણે શું સમજી શકીએ?

## * પ્રસંગ ૧૬૬ *

શ્રીજીની ભેટને ન અડાય :– એકવાર શ્રીમુખે કહ્યું કે શ્રીનાથજીના મંદિરમાં પૈસો પડતો હતો, તે મારે પગે અડકાયો તે શ્રી ગુસાંઈજીના દેખતાં મે ભંડારીને આપ્યો. આ વખતે શ્રીગુસાંઈજીએ પૂછ્યું કે એ શું હતું? ત્યારે મેં કહ્યું કે પૈસો હતો તે ભંડારીને આપ્યો ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે તમે તમારો હાથ પોતનો શા માટે ભાવડાવ્યો. આ સાંભળી કૃષ્ણદાસભાઈએ વિનતી કરી કે રાજ પ્રકાર તો એવો છે. તો અમે તો રાજદ્રવ્ય ખાઈએ છીએ, હમણાં ગોવિંદદાસ દિલ્હી ગયો, તે રાજના વાહને અને રાજના ઘોડા વગેરે સર્વ સાજ લઈને ગયો તો રાજ અમારી શી વલે થશે? આ વખતે શ્રીમુખે કહ્યું કે એક રાજા હતો તેણે પ્રસન્નતાથી પોતાના ખવાસની આંગળી કપાવી નાખી. ત્યારે તે ખવાસે રાજાને હાથ બીજી આંગળી ધરી ત્યારે બીજી પણ કપાવી નાખી. આ વખતે રાજાએ પ્રસન્ન થઈને તેના પર ઘણી કૃપા કરી આ વાત અનુભવી જાણે. જેટલે અંશે ત્યાગ તેટલે અંશે કૃપા પ્રભુના કામે જતાં જતા પ્રભુની ચીજ વાપરીએ તેમાં શું?

વિવેચન–રાજાની પ્રસન્નતા માટે ખવાસે આંગળી કપાવી તો ખવાસને પોતાની વસ્તુઓ પણ વાપરવાની રાજા છુટ આપે, એમાં નવાઈ નથી આમ પ્રભુની વસ્તુ પ્રભુ પ્રસન્ન થઈને કોઈ કૃપાપાત્ર ભકતને થોડા વખત માટે કાર્યો પ્રસંગે આપે, તો તેમાં કંઈ દોષ નથી માત્ર તે એવી હોવી જોઈએ કે ફરી પ્રભુને ઉપયોગી ન હોય, વળી શ્રીગોવાસી-બાળકો લક્ષ્મીને અડતા નથી, તે પણ બાળકો બતાવે છે, અત્યારે પણ ગોસ્વામિ બાળકો ધનને સ્પર્શ નથી કરતાં શ્રીનાથજીની ભેટ લે છે, તે પણ વચ્ચે વસ્ત્ર અંતરપટ રાખીનેજ લે છે. શ્રીજીની ભેટને અડાય પણ નહિ. તે અહિં બતાવે છે

## * પ્રસંગ ૧૬૭ *

સેવક ધર્મ: એકવાર ઉત્થાપન સમયે બેઠા હતા ત્યારે કોઈ વૈષ્ણવને કામની ઈસારત કરી, પણ કોઈ સમજ્યું નહિ કોને સેવાની ઈસારત કીધા તે તો કોઈ સમજ્યુ નહિ ત્યારે બીજીવાર ઇસારત કરી પણ કોઈએ તે કામ ન કર્યું. આ વખતે શ્રીમુખે કહ્યુ કે,

એક રાજા હતો, તેને બાર હજાર ગુલામ હતા. તે બધા હજુરની સેવા કરતા હતા. એક દિવસ રાજા ઝરૂખે બેઠો હતો અહીં ઝરૂખામાંથી રુમાલ પડી ગયો તે રુમાલ લે ; કેટલાક ગુલામ બારીએથી કુદી પડયા, તેથી કેટલાક મરી ગયા ને કેટલાકના તો હાથ પગ ભાગી ગયા. વળી તે રાજા એકવાર ઓરિસ્સામાં જગન્નાથજી ગયો, ત્યાં સમુદ્રને કિનારે જઈને બેઠો હતો. આ વખતે સમુદ્રને જોઈને કહ્યું કે કોઈ આમાં પડો ભાઈ આટલું કહેતા કેટલાક સવાર કુદી પડયા. કેટલાક નીકળ્યા ને કેટલાક ડુબ્યા, સેવક ધર્મ એવો છે.

વિવેચન–સેવકનો ધર્મ એ છે કે, સ્વામીની આજ્ઞાનું તરતજ પાલન કરવું પણ કેટલીકવાર વિનોદમાં મશ્કરીમાં હાસ્ય વિનોદ ચાલતો હોય ત્યારે આજ્ઞા વિચારીને પાળવી જોઇએ. એવે વખતે કોઈવાર વિપરીત પરિણામ આવે છે શ્રીગુરૂદેવે હસતાં કહ્યું કે તમારૂ નાક કાપી લેવું જોઈએ. આટલું સાંભળતા એક વૈષ્ણવે ગુરૂદેવની આજ્ઞાનું પાલન ઝટ કરવું એમ વિચારી પેલા વૈષ્ણવનું નાક ચપ્પુ વડે કચ લઈને કાપી નાંખ્યું આ પરિણામ આજ્ઞા પાલનનું વિપરીત કહેવાય.

* પ્રસંગ–૧૬૮ *

સુપાત્રને કરેલુ દાન બહુ જનને ફળે છેઃ– શ્રીગોકુલેશ મહેલઘરમાં બેઠા છે, ત્યાં રૂપણુ કરીને એક પરદેશી વૈષ્ણવ આવી બેઠી, તેના ઉપર પોતાની ઘણી કૃપા હતી, તેને દેખીને પોતે ઘણા પ્રસન્ન થતા, આ વખતે ઈચ્છાએ કરીને શ્રીકંઠમાંથી ઉતારીને માળા આપી, અને ત્યાર પછી થોડી વારે બીજી કોઈ વૈષ્ણવ સ્ત્રી આવી બેઠી, તેને ઘણી પ્રસન્નતાથી રૂપણે પોતાના કંઠમાંની શ્રીગોકુલેશે આપેલ માળા તેના કંઠમાં પહેરાવી. આ જોઈ અતિશય પ્રસન્ન થઈ મુસકાઈને બોલ્યા. કે દેખો સુપાત્રને દાન દીધાનું ફળ ! એક માળા આપીને બે જણે લાભ લીધો, એવું કહયું.

વિવેચન-શ્રીગુરૂદેવ કે શ્રીઠાકોરજી કોઈ યોગ્યને દાન કરે, તો તે બીજાને પણ ઉપયોગી થાય છે શ્રીમહાપ્રભુજીએ તથા શ્રીગુસાંઈજીએ પોતાના કૃપાપાત્ર ભક્તોને તેવાં દાન કરેલાં જેથી તે કૃપાના દાન વડે સેંકડો વૈષ્ણવોને એ ભગવદીયોએ પ્રભુની સન્મુખ કર્યા. શ્રી સૂરદાસજી જેવા ઉપર કૃપા કરીને શ્રીમહાપ્રભુજીએ લીલાના જ્ઞાન દાન કર્યું તે કીર્તનરૂપે પ્રકટ થઈ આજે પણ ભગવદીયોને આનંદ આપી કૃતાર્થ કરે છે સુપાત્રનું દાન હજારોને ફળે છે

* પ્રસંગ–૧૬૯ *

એવા અપરાધને કોણ ગણે છે ? :– એક વાર નારાયણદાસે પૂતરીએ બમરાદેને ઘેર પ્રસાદ લીધો. શ્રીગોકુલેશે પૂછ્યુ પ્રસાદ કય લીધો ? ત્યારે તેણે ભૂલથી લક્ષ્મીદાસ દોશીના ઘરનું નામ દઈ દીધું આ વખતે બીજા વૈષ્ણવ બોલ્યા કે તમે સહેજમાં શ્રીગોકુલેશ આગળ જુઠું બોલ્યા આ વખતે વડી સાજ્યા ઉપર શ્રીગોકુલેશ બીરાજ્યા હતા તે વખતે નારાયણદાસે વિનંતિ કીધી કે મહારાજ મે પ્રસાદ બીજે લીધો. અને નામ બીજાનું દેવાઈ ગયું. મારો અપરાધ ક્ષમા કરો. ત્યારે શ્રીમુખે કહયું કે એવા અપરાધને કોણ ગણે છે

વિવેચન–પરદેશી વૈષ્ણવે પ્રસાદ કયાં લીધો, તેની તપાસ કરાવું કારણ વૈષ્ણવ પ્રસાદ લીધા વગર ન રહે, તે હતું આ વખતે ભૂલથી બીજાનું નામ દેવાઈ ગયું. આમાં ઇરાદા પૂર્વક જુઠુ બોલવાનો અપરાધ નહોતો એટલે તેના અપરાધની ગણુના થાય નહિ

ઈરાદાપૂર્વક જાણી જોઈને કરેલાં અપરાધનું ફળ ખાસ ભોગવવું પડે છે

* પ્રસંગ-૧૭૦ *

બહિર્મુખના આગળ અનુભવની વાત ન કહેવાય – એક વાર્તા ગચીત છે અનંતદાસ કરીને એક વૈષ્ણવ જાતે સનોડીયો બ્રાહ્મણ હતો, તે મહાવનમાં રહેતો તે નિત્ય ઉત્થાપનનાં દર્શન કરવા આવતો. દર્શન કરે ત્યારે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી તથા શ્રીનાથજી એ ત્રણે સ્વરૂપોને એકઠાં રમતાં દેખે, તથા લીલાઓ કરતાં દેખતો વળતા આવીને શ્રીગોકુલેશ આગળ તથા શ્રીગુસાંઈજી આગળ તે વાર્તા કહેતો કે આજ તો રાજનું આવુ સ્મરણ દીઠું. નિત્ય જે જે થાય તે આવીને કહે આથી શ્રીમહાપ્રભુજીને શ્રી ગુસાંઈજીએ પૂછયું કે આને તમે ઓળખો છો, એ કોણ છે? ત્યારે સર્વોપર બિરાજમાને કહ્યું કે હા હા; જાણુ છું ત્યારે શ્રીગુસાંઈજીએ કહયું કે દેખાઈતો તો માણસ દેહી છે, પણ અલૌકિક છે. માત્ર એને આ વખતે એકવાર મનુષ્યદેહ આવી છે, ફરી શ્રીગુસાંઈજી આવ્યા. ત્યારે શ્રીમહાપ્રભુજી પોઢયા હતા. અને અનંતદાસ બેઠકમાં બેઠો હતો. ત્યાં આગળ એક શ્રીપાત બહિર્મુખ બેઠો હતો, તેના સાથે તે વૈષ્ણવ વાતો કરવા લાગ્યો અને આ બહિર્મુખ આગળ પોતાનો અનુભવ કહયો એવામાં શ્રીમહાપ્રભુજી જાગ્યા અને આ વાત સાંભળી કે અસાધારણ અનુભવની વાત શ્રીપાત બહિર્મુખ આગળ કહી, આ વખતે ઘણો ખેદ પામ્યા અને કહયું કે; એણે બહુજ ખોટું કર્યું. પોતેશ્રી ઉઠીને શ્રીગુસાંઈજી પાસે ગયા અને કહયું કે ધારતા હતા; તેજ થયું, અનંતદાસે પોતાનો અનુભવ શ્રીપાતની આગળ કહયો આ સાંભળી શ્રીગુસાંઈજીએ અપ્રસન્ન થઈને કહયું કે એને કહો કે મહાવન જાય. ત્યારે શ્રીગોકુલેશે કહયુ, કે તમારે આ ક્રય છોડવાનું તેનાથી મનશેનહિ. એટલું ત્રણવાર કહ્યું પછી શ્રીગુસાંઈજીએ કહ્યું આપ જાણો મને શું પૂછો છો ? જે દીધું તે તો હવે દીધુ, એ મહાભકતનો અનુભવ, દુષ્ટ સંગનો પ્રકાર, શ્રીગુસાંઈજીનાં સ્વરૂપનો પ્રકાર શ્રીમહાપ્રભુજીના અનુગ્રહનું તારતમ્ય આ પ્રસંગ વડે સર્વ સમજી લેવું.

વિવેચન– વચનામૃત સ્પષ્ટ છે. ભકતો અનોક્ષરમાં ભગવદ્વારતા વડે જીવ ટકાવે છે, પણ બહિર્મુખ આગે કોઈ ઉંડા અનુભવની વાત ન થાય. તેવો અનુભવી સમાનશીલ હોય તોતો અલૌકિક અનુભવ કહેવામા આનંદ આવે, પણ બહિર્મુખના આગળ કહેવાથી કહેનારને બાધ થાય, ને પ્રભુને ખેદ થાય. માટે યોગ્યતા પ્રમાણે વાતચીત કરવી જોઈએ

* પ્રસંગ–૧૭૧ *

વૈરાગ્યનો સત્યાર્થઃ- એકવાર શ્રીઠાકુરદ્વારમાં શ્રીમહાપ્રભુજી બિરાજતા હતા. તે વખતે એક ક્ષત્રી આવ્યો. તે વૈરાગી સરખો હતો તેણે આવીને કહ્યું કે જે બલિહારી જાઉં, હું વૈરાગી થયો રાજ, ત્યારે શ્રીમુખે કહ્યું કે શું રાજ્ય, ઘર, પુત્ર, ધન, ભાઇ, સગાં, કુટુંબ એ સર્વ છોડીને વૈરાગી થયો? વૈરાગ તો તેજ કે જે ભગવત્સ્વરૂપ અને ભગવત્સેવા એમાં અનુરાગ અને બીજા સર્વ ત્યાગ.અલૌકિક વસ્તુમાં આઠપહોર રંગાઈ રહે. બીજું કશું જાણે નહિ, તેનું નામ વૈરાગ, રાજ્ય કે ઘર છોડીએ તે વૈરાગ નહિ

વિવેચન–કેટલાક ઘર છોડવું એને વૈરાગ કહે છે. પણ તે વૈરાગ નથી. વૈરાગ એટલેતો ટુંકમાં લૌકિકમાંથી પ્રીતિનો નાશ અને પ્રભુ પર દ્રઢ પ્રીતિ થવી ચોવીસે કલાક પ્રભુમાંજ મન રમ્યા કરે તે વૈરાગ–લૌકિકમાં રાગનો અભાવ અલૌકિકમાં અનહદ ભાવ તે વૈરાગ.

* પ્રસંગ ૧૭૨ *

અન્યાશ્રય એજ અનાચાર કે ઝેર છે:- એકવાર શ્રીમુખે કહ્યું કે, વૈષ્ણવોમાં દોષ તો દેખાય છેજ પણ સર્વ દોષ સરખા નથી, તારતમ્ય છે ત્યાં દૃષ્ટાંત કહ્યું કે જેમ પાત્ર છે, તેમાં અલ્પ દોષ હોય તો માંજી લઈએ છીએ, પણ ઘણો દોષ હોય તો બાળી લઈએ, વળી દોષ એવો ભારે પણ હોય કે રસ કરીએ તોજ શુદ્ધ થાય ત્યાં વળી આ બ કહ્યું કે, જેમ અમૃતનો કુંભ ભર્યો હોય, તેમાં રંચક મદ્ય મળે તો બધું અમૃત બગડી જાય તેમ ધણી વગર અન્યની પાસે જવું તે અંગ અંગને વિષે અન્ય સંબંધ કરાવે છે, તેના દોષનું શું કહેવું ? જીવ પોતાનો દોષ ભગવત્ કૃપા વિના જાણે નહિ, લાખ દેખે, પણ ખબર પડે ત્યારે જાણે, જે ઊંઘતો હોય તે શું જાણે ? જીવ એમજ જાણે કે આ શરીર રસનું પત્ર છે. આયુષ્ય તો સ્વપ્નની પેઠે જતું જાય છે. છતાં એમ થતુ નથી કે હું જન્મ કેમ ગુમાવું છું ? ઉત્તમવર્ણનો કોઇ હોય અને કદી નીચ જાતિને ઘેર ખાય તો બગડે તેમ એક દિવસનો અનાચાર કે અન્યાશ્રય બહુજ બગાડે જેમ કુમારનો આસવ ચઢાવ્યો હોય તે પરિપકવ થયો હોય પણ પાત્રમાં કોઈ જગાએ કાણું પડે તો રસ વહી જાય, અને બીજી નકામી વસ્તુઓ કુચા વગેરે રહે પણ રસ જતો રહે આમ અન્યાશ્રયરૂપી દોષથી વહી જાય. માટે જીવે રાત દિવસ ખુબ સાવધાન રહેવું સાવધાન કઈ ? તો કહે ભગવદીયનો સંગ અને તેમાં પણ ઉત્તમ ભાવાધીન ભગવદીયનો સત્સંગ તે સાવધાની. આમ ભાવ રક્ષણનો ખુબ વિચાર કરવા યોગ્ય છે.

વિવેચન- શ્રીગોકુલેશ દોષના પ્રકારો ભારે હલકાથી ધાતુના પાત્રનો દાખલો આપી સમજાવે છે, તેમાં સારેમાં ભારે દોષ અન્યાશ્રયનો છે તે દર્શાવે છે અશ્રદ્ધાથી જીવ અન્યાશ્રય કરવા લલચાય છે, પણ જ્યાં નિષ્કામ પ્રેમ હોય ત્યાં અશ્રદ્ધા કેવી ? પ્રેમનું ફળ પ્રેમજ છે.

* પ્રસંગ-૧૭૩ *

કૃપા કૃપામાં પણ ફેર છે:- એક દિવસ મહાવનનો જાગીરદાર ઉત્થાપને મળવા આવ્યો, તે વખતે બેઠકમાં છતાં પોતે નીચે ઉતરી ચટાઈ પર બેઠા, અને બીજા સર્વે આપની સામા બેઠા ત્યાં બીજી વાર્તા કરી પછી તે જાગીરદારે વિનતી કરી જે મહારાજશ્રી આપ આ સેવકોને જેવી રીતે જાણો છો, તેવી રીતે મને કરી જાણજો, ત્યારે ચતુર રાજે ઉત્તર આપ્યો કે એ દયાં અને તમે દયાળુએ રંક અને તમે રાજા જેવા એવી રીતે તેમનું સમાધાન કર્યું ને પોતાનું મહત્વ જણાવ્યું.

વિવેચન-પ્રભુ દીનદયાળ છે, એટલે દીન પર દયા અથવા કૃપા રાખે છે જેવી કૃપા દીનપર ઢળે, તેવી રાજાપર ન ઢળે રાજા સાથે શ્રીગોકુલેશ રાજાને ઘટતો વ્યવહાર રાખે છે, પ્રભુનું સ્વરૂપજ એવું છે કે જેની જેવી યોગ્યતા તેવું તેની સાથે વર્તન આંતરીક કૃપાપાત્રપર તો કૃપા એવી હોય કે તેની ખબર પણ ન પડે પ્રભુ દીનદયાળ કહેવાય છે ધનિક દયાળ નથી કહેવાતાં કારણ કે દીનપરજ કૃપા કરે છે.

* પ્રસંગ-૧૭૪ *

વિયોગના દુઃખના પ્રકાર:- એક વખતે શ્રીમહાપ્રભુજી નખ લેવરાવી કાઢવા માટે હોમ ઘરમાં પધારતા હતા તેવાજ વાઘા પહેરીને ગડુવે પધારવાને હોમ ઘર આગળ ફેરી ઉભા રહ્યા ત્યાં વનમાળી શાહના બેટા હરિદાસને

વિદાય કર્યો, અને ઘણું પ્રસન્ન થઈ વરદાન આપી ઘણુંજ સમાધાન કર્યું. તેને ઘણું લાગી આવ્યું કંઠથી ગદગદ થઈ ગયો બીજા વૈષ્ણવોને પણ એના વિયોગથી ઘણું દુઃખ થયું પછી શ્રીજી નહાઈ પરબારી જલ ઘડે પધારી વેગથી કેશ નિવારે છે અહીં પોતે ઘણું પ્રસન્ન છે ત્યાં વૈષ્ણવો થોડા છે રઘુનાથદાસ તથા ખવાસ તથા સુંદરદાસપણ છે ત્યાં તેમણે પોતાના કલ્યાણ માટે વિનતિ કરી કે મહારાજશ્રી ગોકુળજી ચાલતાં, રાજનાં ચરણારવિંદ છુટતાં જીવ ઘણું દુઃખ પામે છે. રાજ, એહ (ભકતનો) હરિદાસનો પ્રકારનો છે, રાજ ઘણું ઉત્તમ ચાલે છે પણ વિયોગનું તો દુઃખ હોયજ પરંતુ બીજા જેમને પરિચય નથી તેમને પણ દુઃખ થાય છે, તેનુ શું કારણ હશે? તે રાજ કહીએ. ત્યારે પોતે બોલ્યા, જુઓ સાંભળો, એકને દુઃખ થાય છે, તે સમજીને થાય છે બીજાને અમારૂં દુઃખ નથી, પણ તેને કોઈપ્રકાર બે વા ચાર વસ્તુ પોતાનાં સુખ માટે રાખવાની વાત છે. અને કેવા પ્રકારનું દુઃખ થશે? તેનુ મન તો તેના ઘરકામમાં બેઠું છે, અને તેને જ વિચાર કરે તેમાંજ તદ્રૂપ થયો છે, આને સ્વાર્થનું દુઃખ છે. હવે જે ચાલવાથી, વિયોગથી, કોઈ બીજું રડે શાથી? એકને વસ્તુ સ્ફુરે છે કે તે કેવી છે કે હમેશા આનંદ કરવા લાયક છે, તે વસ્તુ છુટે, તો તેનું દુઃખ થાય છે આથી તે રડે છે. અન્ય જે રડે છે. તેનું કારણ એ છે કે શ્રીપ્રભુનું સાનિધ્ય છુટી જાય, કોઈને આવું દુઃખ થાય છે કે મારો એવો દિવસ કયારે આવશે કે પ્રભુનો વિયોગ કોઈ દિવસ ન થાય? આ વખતે હસીને દયા કરીને રસવૃષ્ટિ કરી પોતાનું સ્વરૂપ દેખાડયુ. પછી ભટજીએ જે રાજ, રાજ જે રાજ કહ્યું પછી શ્રીમુખે બોલ્યા, અરે સાંભળો આ કશું દુહવા જેવી વાત છે જુઓ જેનો જે સ્વરૂપ સાથે સંબંધ છે, તેનું સમાધાન કોઈ વાતથી થતું નથી અને તેનું સમાધાન કોઈ કશી વસ્તુ હોય તો શ્રીભાગવતજી છે પોતે હાથે કરીને દેખાડયું કે, આ બાર સ્કંધ છે તે ભગવત્સ્વરૂપજ કહેવાય છે, શુ સ્વરૂપના સંબંધવાળાને કોઈ જગાએ સ્વાસ્થ્ય છે? ના તેનું સ્વાસ્થ્ય તે સ્વરૂપથીજ થાય છે કે જેનો જે સ્વરૂપ સાથે સંબંધ છે, શ્રીભાગવત તો તેનું કથન માત્ર છે અને શ્રી ભાગવતમાં શુ છે? તો પહેલાં કોઇ દિવ્યની લીલા કરી છે, તેની આમ એક વાનગી માત્ર દેખાડી છે આ પ્રમાણે આનંદનું દાન કરી ઘણું પ્રસન્ન થયા. તે સમય શ્રીઠાકોરજી જાણે અને વળી જેને જણાવે તે જાણે.

વિવેચન આમાં જેની સાથે જે સ્વરૂપનો સંબંધ તે સ્વરૂપથીજ તેને શાંતી અને આનંદ થાય છે ચાતકને સ્વાતિ જળ સિવાયનું બધું અન્ય જળ ઝેર છે ચકોરને ચંદ્ર વગર અન્યનું સુખ ગમતુ નથી ચકોરનું જીવન ચંદ્ર છે, તેમ જે ભકતોને જે સ્વરૂપ સાથે સંબંધ તે સ્વરૂપજ તેનુ જીવન છે, વાત અલૌકિક છે, સૂક્ષ્મબુદ્ધિએ સમજી શકાય

* પ્રસંગ-૨૭૫ *

બ્રહ્મસંબંધ લેવુંજ જોઈએ વળી જેમાં આસકત તે તેના સબંધી છે:— એક વૈષ્ણવ કોઇ બીજા ઘરનો હતો તેની આસકિત શ્રીગોકુલેશમ બહુ હતી આથી વિનતી કરી કે હે રાજ આ તો આપના સેવક નથી. આપશ્રી બોલ્યા કે અમારા સેવક ન હોય, તો અમારી પાસે આવે કેમ? વળી પૂછયું કે રાજ બ્રહ્મસબંધ તો બીજા ઘરનાં છે? ત્યારે આપશ્રી બોલ્યા કે, પરણાવનાર ગમે તે હોય માટે શુ થયુ? વસ્તુ તો જેની હોય તેમાં તેની આસકિત થાય. માત્ર બ્રહ્મસંબંધ જોઇએ

વિવેચન-આ વચનામૃત બહુજ વિચાર ા જેવુ છે. બ્રહ્મસંબંધ ગમે તે ગોસ્વામી-બાળક આપે, પણ ઘૂંટા ગમે તે બાળકની થાય છે વળી બીજું એ કે બ્રહ્મસંબંધ લેવુંજ જોઇએ; બ્રહ્મસંબંધ વગર નજ ચાલે આ પોતે બતાવે ※

※ પ્રસંગ-૧૭૬ ※

માર્ગ કહ્યો કર્યો અને રાખ્યો:- એકવાર સંધ્યાવંદન કરી તિબારીમાં આવી બેઠા ત્યાં કલ્યાણ ભટ ખંભાળીઆએ વિનતિ કરી કહ્યું કે, રાજ, આ માર્ગ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યો, અને શ્રીગુસાંઈજીએ રાખ્યો આ સાંભળી શ્રીમુખે બોલ્યા કે કહ્યો, કર્યો અને રાખ્યો આ સાંભળી કલ્યાણભટે કહ્યું રાજ કહ્યો શ્રીઆચાર્યજીએ, કર્યો શ્રીગુસાંઈજીએ અને રાખ્યો રાજે ( ગોકુલેશ આ સાંભળી આપશ્રી મુસકાઇ રહ્યા.

વિવેચન-શ્રીમહાપ્રભુજીએ માર્ગ પ્રેરકગ્રંથ શ્રીસુબોધિનીજી વગેરે દ્વારા કહ્યો શ્રીગુસાંઈજીએ તેની સમજણ પાડીને ખૂબ વિસ્તાર કર્યો અને શ્રીગોકુલેશ માળા વગેરેનું રક્ષણ કરીને ત ા સામાન્ય ભાષામાં પ્રસંગો કહીને તેનું રક્ષણ કર્યું. શ્રીમહાપ્રભુજીએ માર્ગનો પાયો નાખ્યો; તેના પર શ્રીગુસાંઈજીએ મજબુત ઈમારત ચણી, અને શ્રીગોકુલનાથજીએ તેના પર પ્રેમરસના પ્રસંગો રંગરૂપે ચીતરીને દીપાવ્યો શ્રીગોકુલેશે માળા પ્રસંગ જેવા વિકટ સમયે રક્ષણ કરીને રાખ્યો

※ પ્રસંગ-૧૭૭ ※

પ્રેમમાં મીઠાશ છે:- એક કુંભાર હતો તેના બારણામાં લીમડો હતો, તેના પર એક કોયલ આવીને બોલવા લાગી આ વખતે કુંભારણે કહ્યું કે આ કોઈ પક્ષી બોલે છે, તેનો રાગ કેવો સુંદર છે ? આ સાંભળી કુંભારે કહ્યું કે અરે રંડ, તને રાગની કિંમત છે કે નથી? મેં તો હજારો પ્રાણીનાં રાગ સાંભળ્યા પણ આપણા ગધેડાના જેવો મીઠો રાગ કોઈપણ પ્રાણીનો મને લાગ્યો નહિ

વિવેચન-જેના પર આપણું વહાલપણુ હોય તેનું બધુ વ્હાલું અને મીઠું લાગે છે. કુંભારને ગધેડાના સાદ રાતદિવસ સાંભળવાની ટેવ પડી હોય છે. તેથી તેને તેનો અવાજ સુંદર લાગે છે એમ જો આપણી પ્રીતિ આખા વિશ્વ પર સમાન હોય તો આખું જગત પ્રભુરૂપ લાગે ને કોઈના દોષ મનમાં ન આવે. માત્ર પ્રેમદૃષ્ટિ થવી જોઈએ કુંભારને ગધેડા પર પ્રેમ છે તો તેનો શ્રુતિકટુ ભયંકર અવાજ પણ મહુ મીઠો લાગે છે. જો દૃષ્ટિ કરે તો જગત માત્ર પ્રભુની લીલા લાગે ને મન રસ-મગ્ન રહે સ્વાદનો આધાર જેમ રુચિપર હોય છે તેમ મિઠાશનો આધાર પણ પ્રેમપર હોય છે પ્રેમ હોય તો ગળામાં પણ સ્વાદ આવે છે. ને પ્રેમ વગરની પ્રસંશા પણ ઝેર જેવી લાગે છે માટે પ્રેમ દૃષ્ટિથી જગતને જોઇએ, તો બધું વહાલું વહાલું લાગે દૃષ્ટિમાં અમી જોઇએ.

※ પ્રસંગ-૧૭૮ ※

જેવી ચક્ષુ તેવી નજર જેવું હૃદય તેવી વાણી:- એકવાર આપશ્રીએ આજ્ઞા કરી કે આ જગત જેવી નજર હશે, તેવુ દેખાશે જેની દૃષ્ટિ પ્રભુમય હશે; તે સર્વત્ર જગતને પ્રભુમય દેખાશે, વાત બહુ કઠણ છે, જાણ ા છતાં આચરવી મહા મુશ્કેલ છે એક સરદાર હતો, તેને લકવાનો રોગ થયો, તેથી તેનુ મોઢું વાંકુ થઈ ગયું. તે એક વાર હજામ પાસે હજામત કરાવવા બેઠો, હજામે હજામત કરત મોઢુ જોવા માટે આરસી આપી આરસીમાં જોતા સરદાર સાહેબને પોતાનું મોઢું વાંકું દેખાયું, એટલે સરદાર સાહેબે હજામ સાથે યુદ્ધ આરંભ્યું.

હજામને કહે છે કે તારી આરસી ઘણીજ ખરાબ છે, મારૂં મેં ખરાબ આરસીને લીધે વાંકુ એટલે બેડોળ દેખાય છે. આ સાંભળી હજામે કહ્યુ કે સરદાર સાહેબ, મારી આરસી તો બિલોરી કાચની છે આપનું મોઢું વાંકુ છે આ સાંભળતા સરદાર સાહેબ ચિડાયા એટલે હજામે કહ્યુ કે સરકાર મારૂં ન માનતા હો, તો ચાર જણને પૂછી નિર્ણય કરો, ન્યાય કરાવો. એટલે બે ચાર જણને બોલાવીને પૂછ્યુ, તો બધાયે મોઢું જ વાંકુ છે, એમ કહ્યું આમ છતાં સરદાર સાહેબે ન માન્યુ ને હજામની સાથે લડાઈ જારી રાખી.

વિવેચન—આ પ્રસંગ બહુ સૂક્ષ્મ દ્રષ્ટિએ વિચારવા જેવો છે જેવી દ્રષ્ટિ હોય તેવું જગત દેખાય જેની આંખમાં કમળો હોય તે સૌ પીળુ દેખે, ખરી રીતે જગત પીળુ નથી પણ આંખ જ પીળી છે. આમ જે માણસ પોતે દુષિત હોય તે જ્યાં ને ત્યાં સર્વત્ર દોષજ જુએ છે. પોતાનો દોષ દેખાવો કઠણ છે. પોતાનુ મોં વાંકુ હોય છતાં દર્પણને દોષ દેવાની વૃત્તિ જી માત્ર હોય છે માયાવાદીની જુઠી દ્રષ્ટિ સર્વને જુઠું માને, જ્યારે બ્રહ્મવાદી શુદ્ધાદ્વૈત દ્રષ્ટિ સર્વત્ર પ્રભુ જોઇ જગતને લીલાત્મક અનુભવે. જરા વિનોદમાં કહીએ, તો બ્રહ્મવાદી—બ્રહ્મબાદી માયાવાદી—માયાબાદી. હવે બાદી એટલે રોગ—મતલબ કે માયાબાદી એટલે જેને માયાનો રોગ લાગુ પડયો હોય તેવો એટલે કે જ્યાં ને ત્યાં એને માયા અને દોષ દેખાય બ્રહ્મબાદી એટલે જેને બ્રહ્મનો રોગ લાગુ પડયો હોય તેવો, એટલે જ્યાં ને ત્યાં તે જગતને પ્રભુના લીલા સ્વરૂપજ જોએ. તેવી દ્રષ્ટિને લીધે જેને શ્રીકૃષ્ણ શ્રીગીતાજીમાં "સમત્વં યોગ ઉચ્યતે" કહે છે તેમ પછી જગતને ઇશ્વરમય અનુભવવાથી તેવા બ્રહ્મવાદીની નજર સર્વત્ર સમાનજ રહે છે. પ્રવાહી જીવો પ્રવાહી કાર્ય, મર્યાદા જીવો મર્યાદિત કાર્ય અને પુષ્ટિ જીવો પુષ્ટિનાં કાર્ય કર્યા કરશે તેમાં તેવા શુદ્ધ જીવને બોલવાપણું હોતુ નથી શુદ્ધાદ્વૈત દ્રષ્ટિનો અનુભવ કંઈ ઓર છે, અને તેની લહેજત પણ ઓર છે. સદાજ પ્રભુમય જીવન ગાળવાની ઇચ્છા રાખનારે તો તેવી દ્રષ્ટિ રાખ્યેજ છુટકો આપણે મનમાં સત્કાર્ય સમજી આખા જગતના દોષ જોઈ કાઢવા મંથન કરીએ તેમાં ઉલટા પ્રભુને નાખુશ કરીએ છીએ આથી એક ભગવદીય કહે છે કે "મન જાણે સુકૃત કરૂં પડે કોટિ અપરાધ" જીવ મનમાં જાણે કે હું આ સુકૃત કરૂં છું પણ પ્રભુ તો તેને અપરાધમાં ગણે, સાટે જીવ પોતાની દ્વૈતદ્રષ્ટિ હોવાથી બીજાને જુદો માની તેને શિક્ષા આપે છે. પણ જેઓ મહાપુરૂષો છે તેઓ તો પોતાના ઉપર લઇનેજ જીવનને શિક્ષા આપે છે પ્રભુને આપણે શ્રીનટવર કહીએ છીએ નટ એટલે નચવવું અને વર એટલે ધણી જેમ ધણી કહે એમ તેની ખોરી નાચે-એટલે ચાલે તેમજ અહિં સૃષ્ટિ એ પ્રભુની સ્ત્રી, તેને પ્રભુ રૂપી ઈચ્છામાં આવે તેમ નચાવે તેમાં આ સારો નાચ્યો ને આ ખોટો નાચ્યો, એમ કહેવાનો કોઇને હક નથી પોતે સારા નાચવું, એટલે પ્રભુ રાજી થાય વળી આપણે રોજ ધોટા પાડી પાડીને ગિરિરાજધરણકી જે, ગિરિરાજધરણકી જે બોલીએ પણ તેનો ભાવ તો સમજીએ નહિ, જો સમજીએ તો તરતજ દ્રષ્ટિ લીલામય થઈ જાય. શ્રીગિરિરાજજી એ પ્રભુની ડુગડુગી છે અને મુખે બજાવે છે તે મોરલી છે, તથા ગાડુડી કે મદારી જેમ હાથ ઉંચો રાખી તેની ડુગડુગી બજાવે છે તથા મોઢે મોરલી

વગાડે છે. તેમ પ્રભુ પણ એક મદારી કે ગારૂડી છે, તે ગિરિરાજજી રૂપી ડુગડુગી ધારણ કરી બસી રુપી મોરલી વગાડી આખા જગતને નચાવે છે. જેમ ગારૂડી કે મદારિ માંકડાં કે રીંછને નચાવે તેમ નચાવે છે. એટલે કે આખું જગત પ્રભુન માંકડાં ને પ્રભુ મદારિ કે ગારૂડી, તે મદારિ જેમ નચાવે તેમ જગતરૂપી માંકડાં નાચે-જીવ રૂપી માંકડાં નાચે એમાં જો કોઇ એમ કહે કે આણે સારુ કર્યું: આણે ખોટું કર્યું. તો તેમાં દોષ પ્રભુ પર છે પ્રભુ કહે છે કે હું ખુશી પ્રમાણે સર્વને ફાવે તેવી રીતે નચાવું તેમાં તું બોલનાર કોણ ? તું તારો નાચ બરાબર સંભાળ અથવા તુ નાચે તે પણ પ્રભુ નચાવે છે એમ જાણ. ઘણુ વિકારે તેને ભક્તિમાની લહેર કર પ્રભુ મદારિ કે ગારૂડી છે માટે ભગવદીયો ગાય છે કે "કોઈ મને મિલાવો રે. ગોકુલ ગામનો ગારૂડી' આ લીટીના ભાવનો પાર નથી પણ આપણે ખપ પુરતો લઇએ તો ગારૂડી ગા એટલે ગાવું અને રૂડી એટલે રૂડી રીતે બંસી કે મોરલીમાં સુંદર રીતે ગાનાર તે ગારૂડી આખા જગતને તે મોહ પમાડે ને નચાવે એવું સુંદરગાન પ્રભુ શ્રીકૃષ્ણનું છે, માટે તે ગારૂડી છે. વળી ગારૂડી એટલે મદારિ મદ+અરિ મદ એટલે અભિમાન અને અરિ એટલે શત્રુ કે અભિમાનને તોડનાર જીવ અભિમાનથી કહેશે કે ફલાણું મેં કર્યું તો પ્રભુ તે વખતે હસે છે ને કહે છે કે મૂર્ખા તું શું કરે, એ તો મારૂં કામ છે. જો તું કરતો હોઉં તો જે વખતે જીવ નીકળી જાય, ને તારૂં શબ પડે ત્યારે કરજે, માટે મિથ્યા અભિમાન શું કરવા કરે છે? જ્યારે કોઈ એમ કહે છે કે ફલાણે આમ કર્યું, ત્યારે પણ પ્રભુ હસે છે, ને કહે છે કે મૂર્ખા તુ માયાવાદી છે, બ્રહ્મવાદી થા એટલે કર્તા તો હુજ છું એવું જણાશે હું મદારિ છું, સર્વને નચાવું તેમ નાચે છે. માટે તું તો સમભાવ રાખ આથીજ "સમત્વં યોગ ઉચ્યતે" સમદ્રષ્ટિ એ યોગ એટલે ભક્તિયોગ કહેવાય છે જ્યારે સર્વ પર સમાન નજર રહે, ત્યારે ભક્તિયોગી થયો જાણવું, દયારામભાઇ આથીજ કહે છે કે:-

દોરી સર્વની એના હાથમ ભરાવ્યું ડગલુ ભરે, જેવા જંત્ર વગાડે જંત્રી તેવો સ્વર નીસરે કૃષ્ણને કરવું હોય તે કરે

વળી ભક્તિ પોષણમાં દયારામભાઈ કહે છે કે—

કર્યું થાય શ્રીકૃષ્ણનું કોથી ઘટે નહિ લવલેશ;
તે જ પ્રમાણે સુખ દુઃખ
લાભાલાભનો સંશય લેશ;
લેશ રહે નહિ તે સમે શુદ્ધિ,
જેવું થવાનું તેવી થાય બુદ્ધિ
થનાર હોય તે તો સહજેય થાય,
કર્તા નથી શીદ તું પસ્તાય
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ,
કરવા પ્રસન્ન ચહાય કૃષ્ણને.
તો અભિમાન અળગુ નાખ
શીદ દયા કેશવ તણી
ઇચ્છે તો દીનતા રાખ:
રાખ દીનતા એકજ કરીને,
કરવા કૃપા મન થાશે હરિને.
બોતેર લક્ષકોટિએ ના સર્યું કામ
દીનતાએ બંધાય દામ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ

આવા મહાનુભાવીઓ આપણને ઢોલ વગાડીને કહે, પણ પેલા લકવાના રોગવાળા સરદાર સાહેબના જેવા આપણે નહિજ માનવાના. જેટલે અંશે આપણે કોઈને કર્તા માનીએ, તેટલે અંશે આપણે અભિમાની અને માયાવાદી. પ્રભુને કર્તા જાણીએ એટલે અંશ દીનતા આવે ને દીનતા આવે એટલે કાર્ય થઇ ગયુ જાણવું આ બાબત દયારામભાઈના

ગુરૂ તુલ્ય ગણાતા મહાનુભાવી ઇચ્છારામ ભટજી જેઓ સમર્થ વિદ્વાન હતા, તેમણે રસિક બોધવચન નામના પોતાના વચનામૃતોમાં બહુજ સરસ રીતે સમજાવી છે આ મહાનુભાવીના શિક્ષણે, સત્સંગે અને કૃપાએ દયારામભાઈનો ભક્તિભાવ પોષાયો છે, ને ભજનોમાં તે તરવરી રહયો છે આ પ્રસંગનું વિવરણ લાંબુ કર્યું, તેનું કારણ એ કે આમાં આખા ભક્તિમાર્ગની ચાવી છે હાથમાં આવે તો તિજોરી ખોલી તેમાંથી બધું જવાહીર મળે. પણ ચાવીજ હાથમાં આવવી કઠણ છે. આમાં જે કહ્યું છે, તે ઘરનું કશું નથી. પુરાવા પ્રમાણ સાથે છે. ભગવદીયની કિંમત તેની શુદ્ધાદ્વૈત નજર પર છે. તેવી નજરને માટેજ સેવા છે, કે જેથી ઘરની બધી ચીજો આપણને પ્રભુની લીલાત્મક લાગે મંદિરની બધીચીજો લીલાત્મક લાગે, પછી વિશાળ દ્રષ્ટિ થતાં જગત તેવું લાગે રાજા એ ઇશ્વર, રૈયત પ્રવાહીસૃષ્ટિ, અને જનાનો એ પુષ્ટિસૃષ્ટિ. રૈયતને પણ રાજા પોતાની માને છે, પણ નોકરોને સામાન્ય રૈયતથી અધિક ગણે છે તેમ મર્યાદા સૃષ્ટિ પ્રવાહીથી પ્રભુને વધારે વહાલી છે. વળી પ્રધાન મોટામાં મોટો નોકર છતાં તેના કરતાં પણ જનાનો-રાણીઓ-વધારે વહાલી હોય છે તેમ નોકરો રૂપી મર્યાદા સૃષ્ટિ કરતાં પુષ્ટિ સૃષ્ટિ-રાણીઓ વધારે પ્રિય હોય છે એટલે કે પુષ્ટિ સૃષ્ટિ કે જે પ્રભુનીજ સેવા કરે છે, તે પ્રભુને બહુ પ્રિય હોય છે, રૈયતને અને નોકરોને સર્વને કાયદાને આધિન રહીને ચાલવું પડે, પણ રાણીઓને રાજાની મરજી કે સૂખ એજ કાયદો છે આ વાત બહુ સૂક્ષ્મ વિચારે સમજાય તેવી છે. હવે આપણે આ પ્રસંગનું વિવેચન સંપુર્ણ કરીએ જીવે વારંવાર આવા પ્રસંગો વિચારવા કે જેથી નજર નવિન થાય તો સૃષ્ટિ પ્રભુમય અનુભવાય.

* પ્રસંગ-૧૭૯ *

પ્રેમભાવ વગર પુરૂષોત્તમ ન મળે :- એક વાર વિનતિ કરી કે. રાજ દયાસાગર, એક શંકા છે વૈષ્ણવો સર્વે: સેવા કરે છે, વળી તે બ્રહ્મસંબંધ લઇને સેવા કરે છે છતાં પ્રભુની પ્રાપ્તિ કેમ નથી થતી ? બ્રહ્મસંબંધ લઈને સેવા કરે, તો પણ પ્રભુ ના મળે એ શું ?

આ સાંભળી આપશ્રીએ શ્રીમુખે કહ્યું કે, બ્રહ્મસંબંધ કરે છે, પણ દેખાદેખી કરે અને સેવાનું પણ એમજ હોય છે. સ્નેહ વગરની ક્રિયા ફળ નથી આપતી સાંભળો એક વેપારી હતો તે શરીરે બહુ જાડો હતો પરમ ભકત હોઇ તે શ્રીઠાકોરજીની ટહેલ જાતે કરતો પણ શરીરે બહુ જાડો હોવાથી સેવામાં તેની કાછડી રહેતી નહી નીચે બેસે તેની સાથે તરતજ હમેશા નીકળી જાય. વૃદ્ધ થતાં પેલો વેપારી લીલામાં પહોંચી ગયો. ત્યાર પછી તેનો દીકરો પ્રભુની સેવા કરવા લાગ્યો, પણ હમેશા સેવામાં પેસતાં કાછડી કાઢી નાંખતો, દરરોજ જાણી જોઇનેજ ખોસેલી કાછડી કાઢે. એમ સેવા કરતા કરતાં કોઈ સારા ભગવદીય તેને ઘેર આવ્યા. તેમને જેમ કોઈ ભાવુક વૈષ્ણવ નિયમિત નિત્ય નિયમ કરે તેમ આ વૈષ્ણવ રોજ કાછડી કાઢીને સેવામાં જાય તે જોઈ નવાઈ લાગી આથી પૂછ્યું કે વૈષ્ણવ, તમે સેવામાં જતા હંમેશા કાછડી કાઢી નાંખો છો ? આ સાંભળી પેલા વૈષ્ણવે કહ્યું કે અમારા ઘરની રીત એવી છે, મારા પિતાજીની પણ સેવામાં કદી કાછડી નહોતી રહેતી. આ સાંભળી પેલા આવનાર વૈષ્ણવ તો ચકિત થઇ ગયા પણ તે બહુ ચતુર હતા, તેથી મનમાં વિચાર્યું કે નક્કી આ વૈષ્ણવના બાપનું શરીર જાડું હશે, તેથી કાછડી નહિ રહેતી હોય.

આથી પૂછ્યું કે તમારા પિતાનું શરીર બહુજ જાડું હતું કે પાતળું ? પેલા વૈષ્ણવે કહ્યું કે બહુ જ જાડું આ સાંભળી આવેલાં ભગવદીયે કહ્યું કે ત્યારે તમારા પિતાની કાછડી જાડા શરીરને લીધે નહિ રહેતી હોય, બીજું કંઈ કારણ નથી, માટે તમે હવે સેવામાં કાછડી કાઢશો નહિ આ વૈષ્ણવ જેમ કારણ જાણ્યા વગર દેખાદેખી કાછડી કાઢતો, તેમ બ્રહ્મસંબંધ તેમજ સેવા વગેરેની બાબતમાં સમજવું પ્રીત વગર પ્રભુની પ્રાપ્તિ નથી

વિવેચન—આવી રીતે દેખાદેખી બ્રહ્મસંબંધ અને સેવા કરે પણ કારણ આ વાત જાણ્યા વગર ફળ પ્રાપ્ત નથી થતું સેવા પણ આર્તિપૂર્વક કરાય તોજ ફળ આપે સેવામાં હૃદય તદ્રુપ થઈ જાય તેજ સેવા અને એવી સેવા જ શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ કરાવે "દેખા દેખી સાધે જોગ, પડે પંડને વાધે રોગ" દેખાદેખી અનુકરણ કરે તો રાખમાં ઘી હોમે તેમ મહેનત જાય અને નુકશાન થાય માટે સત્સંગથી ભાવ સમજીને પ્રેમપૂર્વક સેવા કરે તો સેવા ફળરૂપ નિવડે.

## * પ્રસંગ–૧૮૦

સત્સંગ પ્રમાણે આચરણ કરવું :–એકવાર વિનતી કરી કે કૃપાનિધાન અમે આપશ્રીના વચનામૃતો નિત્ય સાંભળીએ છીએ, પણ કોરાને કોરા જ રહીએ છીએ. એનું શું કારણ તે રાજ, કૃપા કરી કહો.

આ સાંભળી શ્રીગોકુલેશે કહ્યું કે જીવ નિત્ય સત્સંગ સાંભળે, પણ તે પ્રમાણે આચરણ કરવા પ્રયત્ન ન કરે તેથી કોરાને કોરા રહે છે એક વેપારી હતો તે નિત્ય કથા સાંભળવા જાય. લગભગ ચાલીસ વર્ષ થયાં, પણ એક પણ દિવસ કથા છોડી નથી. આમ રોજ કથા સાંભળવા જતો, પણ એક દિવસ બિમારી થઈ. તેથી મંદવાડને લીધે કથામાં જવાની શક્તિ ન રહી આથી પોતાના દીકરાને બોલાવ્યો અને કહ્યું કે આજ ચાલીસ વર્ષથી મેં કથા છોડી નથી મારો નિયમ આજે તૂટે છે, આથી મને બહુ દુઃખ થાય છે, વળી શાસ્ત્રમાં પણ કહ્યું છે, કે બેટો છે તે બાપનું બીજું રૂપ છે માટે જો તું આજે સત્સંગમાં જાય, તો મારો નિયમ ન તુટે નિયમ તુટે તો મોટો અધર્મ થાય, માટે તું કૃપા કરીને કથામાં જા. દીકરાએ કહ્યું કે જાઉં છું પછી દીકરો કથામાં ગયો. ત્યાં વાત આવી કે –પ્રાણી માત્ર પર દયા રાખવી, બધા પર પ્રેમ રાખવો. વળી પ્રાણી માત્રને આનંદ કરતા જોઈ રાજી થવું, કોઈને દુઃખ થાય એવું કરવું નહિ વગેરે આ સાંભળી પેલા વેપારીનો દીકરો તો મુંઝાયો કે હું તો આમ નથી કરતો. પછી તે કથા પુરી થતાં ઘેર આવ્યો. ને દુકાને ગયો તેની અનાજની નેસ્તીની દુકાન હતી, દુકાન ખોલી અંદર અનાજના ઢગલા પડ્યા હતા. એવામાં બજારમાંથી એક બકરી આવીને અનાજ ખાવા માંડી. આ તો કથામાં સાંભળેલું તેથી રાજી થવા લાગ્યો ને હસવા લાગ્યો આ પછી બીજી બકરી આવી, વળી ગાય આવીને પણ ખાવા લાગી એમ કરતાં આખી દુકાનમાં ધાડ પડે તેમ ગાય, બકરાં પેસી ચટાં કરી ગયા. આજુબાજુના દુકાનદારો તો ખૂબ હસે ને તમાસો જુએ, એવામાં બાપને કોઈએ ખબર કહી, તેથી માંદો માંદો દુકાને આવ્યો, તો દુકાનની આ દશા જોઈ આવું જોતાં તે ગભરાઈ ગયો ને છોકરાને ઠપકો દેવા લાગ્યો કે આ શું કર્યું ? આ સાંભળી છોકરે કહ્યું કે હું કથામાં ગયો હતો ત્યાં એવું આવ્યું કે પ્રાણી માત્રને આનંદ કરતાં જોઈ રાજી થવું, કોઈ જીવને દુઃખ ન દેવું

તો આ બિચારાને ખાતાં હાંકુ તો દુઃખ થાય. ને કથાનું શું ફળ ન ફળે વેપારીએ કહ્યું કે હું ચાલીસ વર્ષ કથામાં ગયો, એટલી કથા સાંભળતો પણ આવું કદી સૅ રહ્યું નહોતું. કથા તો સાંભળવાની જ બીજું કંઈ નહિ.

વિવેચન—આ પ્રસંગ ઉપરથી જણાય છે કે રાત દિવસ સત્સંગ કરે, પણ આચરણ ન કરે ત્યાં સુધી કંઈ પણ લાભ નથી. સાકર સાકર કર્યે મોઢામાં ગળપણ ન આવે. જળ જળ કર્યે તૃષા ન છીપે તેમ સત્સંગ કરે ને વાર્તા સાંભળે પણ વર્તન નહિ. પછી વાર્તા ફળ શી રીતે આપે? સત્સંગ કરતાં છતાં તેવું વર્તન પૂર્ણપણે ન બને તો દીનતા રાખે. બને તો પણ દીનતા જોઈએ, તો ન બને તો તો પાર વગરની દીનતા જોઈએ. રાત દિવસ સંત પુરુષો પોકારી પોકારીને કહે છે કે બીજાના દોષો ન જોવા, પણ તેવી વૃત્તિ નહિજ થવાની. ઉલટું જે દોષ પોતાનામાં હોય છે, તેજ દોષ તે બીજાનામાં ઢોળે છે દીનતા તો જ્યારે જીવ પોતાના દોષ જુએ, ત્યારેજ આવે. પોતે તો સર્વ કરતાં શ્રેષ્ઠ પોતાને માને, અભિમાનનો બોજ માથા પર લઈને ફર્યા કરે પછી દીનતા ક્યાં અને પ્રેમ પણ ક્યાં? ભક્તિમાનને બીજાને જોવાની નવરાશ નથી, તે તો પોતાનું જ સંભાળશે.

તેરે ભાયે માન લે, ભલો બુરો સંસાર,
નારાયણ તું બેઠકે અપનો ભવન બુહાર

તારી માન્યતા પ્રમાણે તો તું આ સંસારને ભલો કે બુરો માની લે છે, પણ હે નારાયણ !! [આ દોહરો લખનાર પોતાના પર લઈને શિખામણ આપે છે) તું બેસીને તારૂં જ ઘર સાફ કર. મતલબ કે આપણે બીજાના દોષ જોઈ તેના દોષ કઢાવવા પ્રયત્ન કરીએ છીએ, પણ આપણામાં તો દોષ રૂપી કેટલોય કચરો પડયો હોય છે, તે તો સૂઝતો નથી, ને તેને સાફ કરતા નથી. માટે સાચી વૈષ્ણવતા પોતાને નિરખવામાં છે, જે પોતાનું જીવન જુએ અને જાળવે, તે સંત બને છે, ભક્તિમાન બને છે, આ વાત સદાજ યાદ કરવી

* પ્રસંગ-૧૮૧ *

**જગત કોઈથી જીતાયું નથી:** એક વાર શ્રીમુખે આજ્ઞા કરી કે ભગવદીયે આગળ, પાછળ શું બોલાય છે, તે તરફ લક્ષ રાખ્યા વગરજ, પ્રભુનું ભજનજ સદા કર્યા કરવું, કારણ કે જગત કોઈથી જીતાયું નથી. કોઈ એક મહાત્મા તીર્થ યાત્રાએ ગયા હતા, તે તીર્થો કરતા કરતા કોઈ એક તીર્થ સ્થળમાં આવી પહોંચ્યા. અહીં રાત્રે પૂર્વ તરફનું ઓશીકું કરીને સૂઈ ગયા. આ વખતે કોઈ માણસ તેમની પાસે બેઠો. તેણે મહાત્માને કહ્યું કે તમે સૂવામાં પૂર્વ તરફ માથું કર્યું તે બહુ ખોટું કહેવાય. કારણ કે એ તરફ ચાર ધામો-માનું મુખ્ય ધામ શ્રીદ્વારકા છે. આ સાંભળી મહાત્માએ તરતજ ઓશીકું પશ્ચિમ તરફ ફેરવ્યું એટલે પગ અને પૂઠ પૂર્વ તરફ થયાં. આ વખતે વળી બીજો માણસ આવ્યો. તેણે કહ્યું કે મહાત્માજી, તમે આમ સૂતા તે ઠીક ન કર્યું, કારણ પગ અને પુંઠ પૂર્વ તરફ કરી, પણ તે તરફ તો ચાર તીર્થધામનું ધામ શ્રીજગદીશ બિરાજમાન છે, માટે તે તરફ પગ ન રખાય. આ સાંભળી તરતજ મહાત્માએ દક્ષિણ તરફ માથું કરી ચરણ અને પુંઠ ઉત્તર તરફ કર્યાં, એટલે વળી ત્રીજો કોઈ આવ્યો, તેણે કહ્યું કે તે તરફ તો શ્રીગોકુળ, વૃંદાવન, બદ્રીનાથ, કેદારનાથ, હરિદ્વાર, વ્યાસાશ્રમ વગેરે તીર્થ સ્થળો છે તે તરફ પગ કર્યા તે તો બહુજ ખરાબ કહેવાય. આ સાંભળી વળી મહાત્માએ તરતજ પોતાનું ઓશીકું ફેરવ્યું. અને ઉત્તર તરફ કર્યું, એટલે પગ અને પુંઠ દક્ષિણ તરફ થયા. આ જોઈ વળી ચોથો

મનુષ્ય આવ્યો, તેણે કહ્યું, કે મહાત્માજી આમ પગ રાખીને સૂતા તે તમે ઠીક ન કર્યું, કારણ કે ઉત્તર તરફનું ઓશીકું એતો મરણ ઓશીકું છે વળી દક્ષિણ તરફ પગ અને પુઠ આવ્યા પણ તે તરફ તો શ્રીપંઢરીપુર (ઠોમા, રામેશ્વર વિષ્ણુકાચી, શ્રીરંગમ વગેરે તીર્થ સ્થળ આવ્યા છે. માટે તે તરફ પગ ન રખાય. આ સાંભળી મહાત્માએ વિચાર્યું કે હવે સૂવું કેવી રીતે ? તરતજ પોતે ઉંધે મસ્તકે તપ કરે તેમ કર્યું, એટલે પગ અને પુઠ આકાશ તરફ થયાં. આ જોઈ વળી કોઈ સંતે કહ્યું કે મહાત્માજી, તમે વૈકુંઠ અથવા ગોલોક તરફ પુઠ કરી આ તો મહા નિષેધ કાર્ય કર્યું છે. આ સાંભળતાં મહાત્મા ચમકયા, અને બોલ્યા, કે કોઈ તરફ પગ અને પૂઠ ન થાય તો મારે રાખવી શી રીતે ? તરતજ પોતે મનમાં વિચાર્યું કે બધી દિશાઓમાંથી કોઈ તરફ ન રખાય, તો હવે મને ફાવે તેમ રાખવા દો, કારણ કે પગ કોઇ તરફ ન રખાય તો મારે રાખવા શી રીતે ? આમ વિચારી પ્રથમ કર્યું હતુ, તેજ રીતે ઓશીકું રાખી મહાત્મા સુઈ ગયા

વિવેચન-આ પ્રસંગ ભગવદીયો માટેજ નહિ પણ સામાન્ય માટે પણ વિચારણીય છે. જગતમાં તો પ્રભુમાં પણ દોષ દેખના કોઇ મળી આવે, ત્યાં જીવનુ તો ગજુજ શું ? સીતાદેવીએ સતીત્વ સાબીત કર્યું હતું, છતાં એક ધોબી પણ નિંદા કરનારો નીકળ્યો માટે તેવા નિંદકોથી ડર્યા વગર સ્વકર્તવ્યમાં પરાયણ રહેવું, એજ ભગવદીય માટે શ્રેયસ્કર છે, જે માણસ શુદ્ધ નિષ્ઠાથી કાર્ય કરી રહેલો છે, તેણે પોતાની પાછળ શું બોલાય છે, તે જોવાનું નથી, તેના કર્તવ્યનો હેતુ શુદ્ધ હોવો જોઇએ ઘણી વાર આપણે પણ માયાવી દ્રષ્ટિથી સામાના દોષો જોઈએ છીએ, તે દ્રષ્ટિ પણ સારી નથી. શુદ્ધ બ્રહ્મવાદને સર્વત્ર નિરખનાર કોઈની ટીકા કરે નહિ, તેમ ઘસાતુ ન બોલે. તેમ પોતાનું ઘસાતું બોલે તેના તરફ પણ દયા બતાવે. માટે જગતની સામે જોયા વગર પ્રભુના આશ્રયથી સેવા ભાવે કર્તવ્યો કર્યા કરવાં એજ જીવન ધર્મ છે

* પ્રસંગ ૧૮૨ *

વગર અનુભવે પ્રભુમાં પ્રીતિ કેમ થાય ?:- એક વાર વિનતી કરી કે રાજ, આપશ્રી કહો છો કે, પ્રભુ પર પ્રીતિ રાખો, પણ વગર અનુભવે પ્રભુમાં પ્રીતિ કેમ થાય ? આ સાંભળી શ્રીગોકુલેશે શ્રીમુખે કહયું કે અનુભવ વગર પ્રીતિ ન થાય એ વાત ખરી છે. સાંભળો એક ગામમાં ત્રણ કઠિયારા ભાઈબંધ હતા, ત્રણે લાકડા કાપી લાવી પોતાનો ગુજારો કરતા. ત્રણે લાકડા કાપવા પણ સાથેજ જતા તેમાંનો એક કઠિયારો એક દિવસ ગોરમટી લેવા ગયો ગોરમટી ખોદતાં તેને એક મહોરો ભરેલુ વાસણ જડયું. આ જોઇ તે રાજી થઇ ગયો તેણે લુગડામાં મહોરો લીધી પણ અંદર વાસણ ભાંગવાને લીધે માટી કચરો ચોટેલે હતો આથી તેણે મહોરો ધોવાનો વિચાર કર્યો. પાસે એક નદી વહેતી હતી, તે નદીમાં દૂર એક ધરો હતો ત્યાં કોઈ ન દેખે તેમ તેણે ધોવા જવાનો વિચાર કર્યો ત્યાં જઇને તેણે લુગડા સાથે મહોરો ધરામાં ઝબોળી, પણ એક છેડો ઝબોળતી વખતે ખસે હતો, તે ત્યાંથી ખસી ગયો. એટલે બધી મહોરો ધરામાં પડતી રહી. આથી તેજ વખત તે પાગલ [ગાંડો] થઈ ગયો, ને બોલવા લાગ્યો કે, હાય મોય કયું પાઈ, હાય મોય કયુ પાય" કોઇ ગમે તે પૂછે તો ઉપર પ્રમાણેજ બોલે [તેનો અર્થ એવો છે કે હાય.

હોય, (જો ખોવાઈ જવું હતું તો) સને શા માટે જડી] એ ત્રણ કઠિયારામ નો આ એક કઠિયારો તે દિવસે તો લાકડાં લેવા ન ગયો, માટે બીજો કઠિયારો ખબર કાઢવા આવ્યો. પેલાને લાકડાં ન લેવા આવવાનું કારણ પૂછ્યું તો ઉપર પ્રમાણે બોલ્યો. આ સાંભળી પેલા ભાઈબંધે વિચાર્યું કે આનું ચિત્ત ખસી ગયું છે છેવટે માર ધમકી આપવા માંડી, એટલે ચિત્ત જરા શાંત થતાં મહોરોની હકીકત કહી. આ પ્રમાણે મહોરોની બો ા ાની વાત સાંભળતાં તેને મહોરોનો ઢગલો કલ્પનામાં આવ્યો, કે તેનું ચિત્ત પણ ખસી ગયું એટલે તે બોલ્યો કે 'પઈ તો પાઈ પણ ખોઈ કયું?' મતલબ કે જડી તો જડી પણ ખોઈ શા માટે? બેઉ જણે સાથે રાગ માંડયો. એક બોલે કે હાય મોય કયું પાઈ હાય મોય કયું પાઈ એટલે બીજો બોલે કે પાઈ તો પાઇ પણ ખોઈ કયું? આમ બેઉની સ્થિતિ છે ત્ય સો ત્રીજો ભાઈબંધ આવ્યો. તણે પૂછવા મ ડયું કે તમે લાકડ લેવા કેમ નથી આવતા? આ સાંભળી પેલા બેએ જવાબ આપ્યો કે હાય મોય કયું પાઈ હાય મોય કયુ પાઇ? બીજે તરતજ કહ્યું કે પાઈ તો પાઈ પણ ધોઈ કયું? આ સાભળી પેલો ભાઇબંધ નવાઇ પામ્યો કે આ શું? કોઈ પ્રેત વળગ્યું છે કે કંઇ કોઈએ વિપરીત વિદ્યા અજમાવી છે? ધમકી વગેરેના ઉપયોગથી શાંતિ પડતા મહોરોની હકિકત કહી. આ સાંભળત પેલા ત્રીજા ભાઈબંધને મહોરોના ઢગલાનો ખ્યાલ આવ્યો. એટલે તેની ડાગળી ખસી ગઈ, એટલે તે બોલવા લાગ્યો કે 'ધોઈ તો ધોઈ પણ ખોઈ કયું?" આ પ્રમાણે ત્રણેયે રાગ મચાવ્યો એક કહે કે "હાઈ મોય કયું પાઇ, હાય મોય કયું પાઇ" બીજો કહે, પાઈ તો પાઈ પણ ધોઇ કયું એટલે ત્રીજો કહે 'ધોઇ તો ધોઈ પણ ખોઇ કયું?" આ પ્રમાણે ત્રણેની સ્થિતિ થઈ ગઈ માટે કોઈવાર પણ જોએલી વસ્તુ પરજ પ્રીતિ થાય છે.

વિવેચન– આ હાસ્ય પ્રસંગ બહુજ સમજવા જેવો છે. પેલા પહેલા કઠિયારે તો મહોરો જોઈ, તેથી તેનું ચિત્ત ખસી ગયું, પણ બીજા બેએ તે મહોરો ન જોવા છતાં કેમ ચિત્ત ખસ્યા. તે વિચાર સ્વાભાવિક રીતે ઉદ્ભવે. તો એનો ઉત્તર એટલોજ કે તેમણે મહોર જોઈ છે, તે જોવાને લીધે તેને આ વખતે પણ મહોરોનો ખ્યાલ આવ્યો, તેથી ચિત્ત ખસી ગયું. આમજ જેને પૂર્વે પ્રભુની લીલાઓનો અનુભવ થયો હોય તેને આ જન્મમાં અનુભવ લેનારો કોઇ ખ્યાલ આપે, તો સંસારમાં પ્રવૃત થયેલું ચિત્ત તેમાંથી નીકળી પ્રભુની લીલામાં ચોંટી જાય. શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનું કારણ આજ છે, શ્રીવલ્લભાષ્ટકમાં શ્રીગુસાંઈજી કહે છે કે મહાપ્રભુજીને પોતાનો લીલાત્મક અનુભવ પ્રકટ કરવા શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી તેથી પોતે પ્રકટ થયા. પોતે પોતાનો લીલાનો અનુભવ પ્રકટ કરે, તો તેનો ખ્યાલ પૂર્વના અનુભવીઓને આવે ને એ રીતે તેઓને લીલાશુદ્ધિ આવતાં પ્રભુમાં તલ્લિન થઈ જાય ને ઉપરના કઠિયારા જેમ મહોરોમાં તદ્રુપ થયા; તેમ પુષ્ટિજીવો પણ પ્રભુમાં તદ્રુપ થાય. આ ઉપરથી એટલું અનુમાન થાય, કે જે જીવોએ કોઈવાર પણ લીલાનો અનુભવ લીધો છે, તેનેજ શ્રીમહાપ્રભુજીની વાણીમાં પ્રીતિ થાય છે. તેનેજ લીલની શુદ્ધિ આવે છે. બીજાઓ કે જેને સંબંધ નથી, તેમને તેનું જ્ઞાન નથી થતું જીવને જ્યાં સુધી પોતાના લીલાત્મક સ્વરૂપનું જ્ઞાન ન થાય ત્યાં સુધી તેની સંસારમાંની આસક્તિ છુટતી નથી આથીજ શ્રીમહાપ્રભુજી કહે છે "તાદૃશી ભગવદીયો સાથે નિવેદનનું સ્મરણ કરવુ" તાદૃશી એટલે જેની લીલાત્મક એટલે લીલામય

દ્રષ્ટિવાળા સંગથી પ્રભુનો વિપ્રયોગ પ્રગટે ને એ રીતે જીવને પોતાના વિલાસાત્મક સ્વરૂપનું પણ જ્ઞાન થાય આવા ભગવદીયોની સ્થિતિ પણ લોકોત્તર હોય છે તે એ સદા પ્રભુરસમાં લીન રહે છે, તેમને વ્યાવહારિક કાર્યોમાં કે વૈદિક કાર્યોમાં પ્રીતી હોતી નથી, તેમ તેમનાં હૃદય તદ્દન પ્રેમમય હોય છે જગતની પંચાતોમાં ન પડતાં તેઓ પોતાનીજ પંચાતો કરે છે. ભક્તની કિંમત તેની વ્યવહારિક ચતુરાઈ કે ડોળ પર નથી તેની કિંમત તો ભક્તિમય વર્તન અને હૃદયશીલતા ઉપર છે.

## * પ્રસંગ-૧૯૩ *

મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિમાં તારતમ્ય:- એક વાર વિનંતિ કરી કે, કૃપાનિધાન !! પુષ્ટિભક્તિ અને મર્યાદાભક્તિ એમ ભક્તિના બે પ્રકાર બતાવે છે, તો તે બેમાં શું તારતમ્ય હશે ? તે સાંભળી દયાસાગર બોલ્યા, કે પુષ્ટિભક્ત અને મર્યાદાભક્તમાં બહુજ તારતમ્ય છે; એક વાર એક પુષ્ટિભક્ત અને એક મર્યાદાભક્ત શ્રીયમુનાજીના તટ પર અચાનક એકઠા થયા, સમય સવારનો પહોર હતો. અને શીતકાળની ઋતુ હતી, બન્ને પાસે શ્રીઠાકોરજી બીરાજતા હતા, પાસે થોડે થોડે દૂર એક બીજાની સેવાની રીત નીરખાય એમ બેઠા. પવન શીતળહિમ જેવો વાય છે પુષ્ટિભક્તે વિચાર કર્યો, કે મંગળાનો સમય થઈ ગયો છે, પરંતુ સપાટ જગાને લીધે ઠંડો હિમ જેવો વાયછે, હવે પ્રભુને બિરાજવાની સગવડ શી રીતે કરવી ? તે તો તરતજ બે લાંબા સીધા કાષ્ઠ લાવ્યો, અને ઉભા ગોઠી એક વસ્ત્રની પીછવાઈ કરી, એટલે પવન આવતો તે જગાએ અટકાયો. પછી ત્યાંજ સળગાવવા ભઠ્ઠી જેવું કર્યું ને તેમાં આગ (અગ્નિ) સળગાવી આમ છતાંય હૃદયમાં દુઃખ થાય કે મારા શ્રીઠાકોરજીને આ પવનમાં સપાટ સ્થાનમાં ઠંડી લાગશે પ્રભુ દુઃખી થશે હું શું કરું આમ મનમાં મુંઝાતો જાય છે ને પ્રભુના સુખ માટે જોઈતી સગવડ સાધન પ્રમાણે કરતો જાય છે ભગવન્નામ તો મુખેથી ક્ષણ ચુકતો નથી પ્રભુને જગવાનો વખત ક્યારનોય થઈ ગયો છે. અબેર (મોડું) થાય છે પ્રભુને તકલીફ પડે છે, આમ તેને પ્રભુના સુખની ભીતિ લાગી છે. આ પ્રમાણે પ્રભુને યોગ્ય સાધન પ્રમાણે વ્યવસ્થા થઈ, એટલે શ્રીઠાકોરજી ઘંટનાદ કરીને કીર્તન ગાતાં ગાતાં જગાડ્યા, પછી શીતળકાળને યોગ્ય ગરમ જળથી સ્નાન વગેરે બધી સેવા પ્રકારે કરવા લાગ્યો અને સાથે કીર્તન ગાવા લાગ્યો, આ બધો પ્રકાર પેલો મર્યાદા ભક્ત જોઈ રહ્યો હતો. અને તે પણ તેના પ્રભુની સેવા કરતો હતો તેણે એકદમ બોલ્યા ચાલ્યા વગર કે કશી તૈયારી કર્યા વગર માત્ર ઘંટનાદ કરી શ્રીઠાકોરજી જગાડ્યા. અને બારેબાર શ્રીયમુનાજીમાં ઠંડી છતાં સ્નાન કરાવી શ્રીઠાકોરજીને પધરાવ્યા.

પછી શીતકાળની ઋતુ છતાં ચંદન ઘસ્યું, અને કેસર સાથે ચંદન ઘસી સખત ઠંડી છતાં શ્રીઠાકોરજીને તેમાં ખૂબ રગદોળ્યા, ને પછી પધરાવ્યા, સ્વરૂપ શ્રીબાળગોપાળજી હતું ઉપર થઈને ઠંડો પવન સુસવાટ કરતો ચાલ્યો જાય છે ને ખુલ્લામાં શ્રીબાળગોપાળજી બિરાજે છે. આ જોઈ પેલા પુષ્ટિભક્તને ભારે દુઃખ થયું, કારણ કે શ્રીઠાકોરજી ઠંડીને લીધે ધ્રુજતા હતા.

પુષ્ટિભક્ત તો ઋતુને યોગ્ય શૃંગાર સાધા વસ્ત્રો વગેરે ધર્યા હતા. એટલે શ્રીઠાકોરજી સુખચેનથી બિરાજી રહ્યા હતા શ્રીઠાકોરજીને આવી રીતે પધરાવી પેલો મર્યાદાભક્ત રોટી પકાવવા બેઠો. આ વખતે પુષ્ટિભક્તના શ્રીઠાકોરજીને શૃંગારના દર્શનનો સમય હતો. ને

ત્યાં શૃંગારનાં કીર્તન ગવાઈ રહ્યા હતાં આ કીર્તનની ધૂન સાંભળી પેલા મર્યાદાભક્તે પુષ્ટિભક્તને કહ્યું કે વૈષ્ણવરાજ, જરા આશ શ્રીઠાકોરજીના યશ ગાઓ. આ વખતે પુષ્ટિભક્તે તેની સેવાની શ્રીઠાકોરજીના સુખથી ઉલટી એટલે દુઃખી થાય, એવી રીતે જોઈ મશ્કરી કરી કે ભાઈ, તારા શ્રીઠાકોરજી તો કઢીમાંના રીંગણા જેવા દેખાય છે ! ! આ સાંભળતાં પેલો મર્યાદાભક્ત ઠાકોરજીને ફરી શ્રીયમુનાજીમાં સ્નાન કરાવવા લઈ ગયો ત્યાં સ્નાન કરાવતાં શ્રીઠાકોરજી હાથમાંથી ખસી ગયા. એટલે શોધવાની આથાકુટ કરવા લાગ્યો, પણ શ્રીઠાકોરજી ઘણી મહેનત કરવા છતાં હાથમાં ન આવે ત્યારથી કહેતો જાય, કે "જે આપ ડુબે સો મોકું કૈસે તારે, જે આપ ડુબે સો મોકું કૈસે તારે": આ વચન વારંવાર બોલે ને શ્રીયમુનાજીમાં શ્રીઠાકોરજીને ખોળે. જળ છીછરાં હોવાથી થોડી વારે પ્રભુ હાથ લાગ્યા. એવામાં કુતરૂં દોડતું આવ્યું તે પેલી મર્યાદાભક્તની તૈયાર કરેલી રોટી લઈને દોડ્યું, આ જોઈ મર્યાદાભક્તને ભારે રીસ વ્યાપી ને પાસે કુતરાને મારવાનું કંઈપણ બીજું સાધન તે વખતે ન હોવાથી એકદમ શ્રીસાળગરામજી કુતરાને ચોઢી કાઢ્યા ! કુતરૂં પોટલી લઈને નાઠું, એટલે શ્રીઠાકોરજીને શોધી લાવી જેમ તેમ સમેટી પેલો મર્યાદાભક્ત ત્યાંથી ચાલ્યો ગયો. એટલે પુષ્ટિભક્તિ અને મર્યાદાભક્તિમાં બહુજ તારતમ્ય છે.

વિવેચન—મર્યાદાભક્તિ શાસ્ત્ર અને રૂઢિ મુજબ ઘરેડ પ્રમાણે ચાલી જાય છે પણ તેમાં શ્રીઠાકોરજીના સુખનો લગાર પણ વિચાર થતો નથી જ્યારે પુષ્ટિભક્તિમાં શ્રીઠાકોરજીને ઋતુ અનુસાર લીલાની ભાવના પ્રમાણે સર્વ પ્રકારની સેવા થાય છે. પ્રભુના સુખ સિવાય બીજો વિચાર પુષ્ટિભક્તિમાં નથી હોતો. જે ભક્ત પ્રભુના સુખનો વિચાર રાખી સેવા કરે, એજ ખરો સેવક કહેવાય. ઠંડી ઋતુમાં શ્રીઠાકોરજીને ચંદન ન સમર્પાય કારણ કે ઠંડી લાગે. જ્યારે મર્યાદા ભક્તે શિયાળો છતાં ઠંડા જળમાં સ્નાન કરાવી વળી ચંદન ચોપડ્યું ! આ જોતાં પુષ્ટિ અને મર્યાદા ભક્તિમાં શું તારતમ્ય છે તે સ્પષ્ટ જણાય છે.

* પ્રસંગ ૧૮૪ *

પ્રભુની રચના અને ડાન યોગ્ય છે:—એક વાર શ્રીગોકુલેશે એક હાસ્યપ્રસંગ કહ્યો કે કોઈ એક મહાપંડિત હતો, તે બહાર ફરવા ચાલ્યો. જતાં જતાં તેણે એક મોટું વડનું ઝાડ જોયું. તેના પર નાના ટેટા પુષ્કળ આવેલા હતા, અને ઝાડ તો મોટું ફલાવર હતું. આ જોઇ પેલા પંડિતને વિચાર આવ્યો કે ભગવાનમાં લગાર પણ બુદ્ધિ નથી. બધા ભગવાનને ભજે છે, પણ ગાંડા જાણ્યા વગર ભજે છે, કારણ કે પ્રભુમાં બુદ્ધિ હોત તો આવા મોટા વડના ઝાડને આવા નાનાં નાનાં ફળ કેમ કરે ? મોટાં મોટાં ફળ જોઇએ, પણ બુદ્ધિ ક્યાંથી લાવે ! પછી આગળ ચાલ્યો તો કેળાંની વાડી દીઠી ત્યાં તો મણ મણ બબ્બે મણનાં કેળાં જોયાં, એટલે તો બહુજ ખેદ થયો ને બોલ્યો કે અરે રે ! ! ! આ ભગવાનમાં તો એક કોડીની પણ અક્કલ નથી. એને ભગવાન કોણ કહેતું હશે ? સર્વે લોક વહાડા કહે છે કે ભગવાન કરે તે ખરૂં. ભગવાન કરે તે ખરૂં, પણ એવું. કહેનારા કમઅક્કલ છે. જો બુદ્ધિમાન હોય તો પરીક્ષા કરીને ભજે. આ વેલા પર વેલા કેવાય છે તેના પર તો મણ બબ્બે મણનાં ફળ, અને પેલો વડ એવડો મોટો છતાં તેના પર તો ઝીણાં ઝીણાં સખોટી જેવા ફળ ! ! ! આખરે તે ફરતો ફરતો એક બગીચામાં આવ્યો.

ત્યાં એક ફણસનું મોટું ઝાડ દીઠું તેના પર મોટાં મોટાં ફળ આવેલાં હતાં તે જોઈ તે બોલ્યો, કે વાહ વાહ !! આ ઝાડ પર તો યોગ્યતા પ્રમાણે પ્રભુએ ગોઠવણ કરી છે અહીં પ્રભુને મારા જેવો કોઈ બુદ્ધિમાન મળ્યો છે. તેથી મોટા ઝાડ પર મોટાં ફળ પ્રભુએ બુદ્ધિમાનની સલાહ પ્રમાણે કર્યાં છે આમ વિચારતો વિચારતો તે ફણસનાં ઝાડ નીચે સૂતો. ઠંડો પવન અને મારી ઘટાદાર વૃક્ષની છાંયા. એટલે તે જરા ઊંઘી ગયો. ઊંઘ્યો ન ઊંઘ્યો એટલામાં ઉપરથી એક મોટું પાકું ફણસ પડ્યું, એટલે એકદમ પંડિતજીની બુદ્ધિ ઠેકાણે આવી, ને ઉદ્ગારો નીકળી ગયા કે પ્રભુએ જે કર્યું છે તે સારુંજ કર્યું છે. જો વડ પર આવા મોટા ટેટા કર્યા હોત તો મારા જેવા સેંકડોના માથાં મારી માફક ફુટત પ્રભુ દયાળુ છે, તેમણે બધી ગોઠવણ બરાબર જ કરી છે.

વિવેચન–આ પ્રસંગથી આપણને જરા હસવું આવે છે, પણ આપણી જ દશા એવી છે. આપણી દશા એવી હોવાથી આપણે આપણને (પોતાને) હસવું જોઈએ. જગત યંત્ર છે, પ્રભુ યંત્રી છે. યંત્રમાં જ્યાં જેની જરૂર હોય ત્યાં તે વસ્તુ યંત્રી ગોઠવે છે અને ફેરવે છે પણ તે પ્રમાણે જ. પછી આપણને બોલવાનો હક રહેતો નથી. આપણો હક તો એટલોજ કે આ વિશ્વની બરાબર ગોઠવણ કરનારા પ્રભુની સેવા કરવી. એ જગતમાં ક્રીડા કરી રહેલા શ્રીપુરૂષોત્તમને સેવવા સિવાય જીવનું બીજું કર્તવ્ય નથી.

* પ્રસંગ ૧૮૫ *

“અભડાયો અભડાવે ને વટલાયો વટલાવે” એક વાર આપશ્રીએ એક હાસ્ય પ્રસંગ કહ્યો. એક પુરાણીજી હતા. પુરાણીજી હતા તો વિદ્વાન, પણ તેમનું નાક કપાઈ જવાથી કથામાં ગુંગણું બોલાતું આવું ગુંગણું બોલવું સાંભળીને ઘણીવાર શ્રોતાઓ હસતા હતા, આથી પંડિતજીને ક્રોધ થતો, પણ મનમાં ને મનમાં મુંઝાઈને બેસી રહેતા. એક વાર તેમણે વિચાર કર્યો, કે બધા મને મનમાં ને મનમાં હસે છે, માટે મારે તેમને પણ મારા જેવા બનાવવા. આ વિચારે એક દિવસ કથામાં દશ બાર આસન મુકાવ્યાં અને પછી પંડિતજી બોલવા લાગ્યા કે, બ્રહ્માજી તમે આ આસન પર બેસો, શિવજી તમે આ આસન પર બેસો, ઈંદ્ર રાજા તમે આ આસન પર બેસો, એમ બોલી બોલીને બધા આસન પર દેવો બેસાડ્યા હોય તેવો ડોળ પંડિતજીએ કર્યો. આ વખતે શ્રોતાઓએ પૂછ્યું કે પુરાણીજી આપ દેવતાઓને દેખો છો અને અમે કેમ નથી દેખતા ? પુરાણીજીએ કહ્યું કે મારી કથામાં બહુ રસ આવે છે, તેથી દેવતાઓ પણ રોજ સાંભળવા આવે છે પણ તમારાં નાક તેમના દર્શન કરવામાં વચ્ચે આડે આવે છે, તેથી તમે દર્શન કરી શકતા નથી. આ સાંભળી શ્રોતાઓએ વિચાર્યું કે જો દેવતાઓનાં દર્શન થતાં હોય તો નાકની કંઈ જરૂર નથી. આમ વિચારી બધાઓએ નાક કપાવી નાંખ્યાં, પછી બધા બીજે દિવસે સાંભળવા આવ્યા પુરાણીજીએ રોજની પેઠે આસનો પર દેવોને પધરાવ્યા, પણ નાકો કપાવવા છતાં કોઈ શ્રોતાને દેવોનાં દર્શન થયાં નહિં આથી પુરાણીજીને પૂછ્યું કે અમે નાક કપાવ્યાં, પણ દર્શન કેમ નથી થતાં ? આ સાંભળી પુરાણીજીએ કહ્યું, તમારો ભાવ નથી, દેવતાઓ જેનો પ્રેમ દેખે તેને દર્શન દે.

વિવેચન– આ પ્રસંગ ઉપરથી આપણે એટલું સમજવાનું કે મર્યાદી જીવો ભક્તિ-

સાન જીવોને પણ પોતાના જેવા બનાવવા પ્રયત્ન કરે છે. છતાં સાચા સંતો કદી ચલાયમાન નથી થતા. ગુજરાતીમાં એક કહેવત છે, જે સથાળે ખાપી છે, તેનો એવો અર્થ છે કે વટલાયો હોય તે બીજાને વટલાવવા મથે ને જે અભડાયો હોય તે બીજાને અભડાવવા મથે પણ દરેકે પોતાની બુદ્ધિ પ્રમાણે વર્તવું. આ પુરાણી જેવાની વાણી પર વિશ્વાસ રાખવાથી નાક કપાયાં છતાં દેવનાં દર્શન ન થયાં માટે તેવાઓની વાણી પર વિશ્વાસ રાખવાથી આપણે મનુષ્ય જન્મ ગુમાવી બેસીએ છીએ. એટલે નાક ગયુંજ કહેવાય. નાક તો તેનુંજ રહ્યું કે જેણે પ્રભુનું ભજન કરી પોતાનો જન્મારો સફળ કર્યો. આપણા જન્મનો ખરો ઉદ્દેશ પ્રભુનું ભજનજ છે એવું વિચારી જીવનને પ્રભુના ચરણમાં સમર્પી સફળ કરવું એજ શ્રી વલ્લભાધીશનો આશય છે.

* પ્રસંગ ૧૮૬ *

સત્સંગ નિષ્ફળ નથી જતો :– એકવાર વિનતી કરી કે કૃપાનાથ !! આપ રાત દિવસ ભાગવત્પ્રસંગ કહેવાને પરિશ્રમ લ્યો છો, પણ અમે તો કોરાને કોરાજ રહીએ છીએ, કશું યાદ નથી રહેતું. આ સાંભળી કૃપાસાગરે કહ્યું કે એક વેપારી હતો. તે બહુજ ધનવાન હતો. પણ એક પાઈ પણ ખર્ચે નહિ તેમ કદી કથા વાર્તામાં પણ જાય નહિ. ઉમર ઘણી મોટી હતી છતાં પણ ચાથી લિલોતરી તર બનાવી હતી. તેના ગામમાં એક પુરાણી રહેતા હતા, તે રોજ કથા કરતા. એક દિવસ પુરાણીજી શેઠને ત્યાં ગયા અને શેઠને કહ્યું, કે શેઠજી, તમે કોઈ દિવસ કથામાં નથી આવતા. કથામાં તો રોજ અમૃત વરસે છે. આ સાંભળી શેઠે વિચાર્યું કે ચાલો કથામાં જો અમૃત વરસતું હોય તો એક દિવસ જઈને થોડું અમૃત પી આવીએ, એટલે જન્મ મરણનો ભડકો મટી જાય પણ વળી વિચારીને પૂછ્યું કે ત્યાં કંઈ લખણી બખણી તો થતી નથી ને ? પુરાણીએ કહ્યું કે, ના ના શેઠજી, ત્યાં તો માત્ર પ્રભુની વાતોજ કહીએ છીએ શેઠ તે દિવસે સાંજે કથામાં ગયા. પણ વળી વિચાર્યું કે કદાપી લખણી થાય. માટે દૂર બેઠા હોઈએ તો ઠીક. એમ વિચારી જરા દૂર એક ભીંતને અઢેલીને બેઠા. થોડી વારમાં તો આ શેઠ નિદ્રાને વશ થયા. ઉંઘમાં કેટલીકવાર મોઢું પોળું થઈ જાય છે, તેમ શેઠનું મોઢું જરા પોળું થયું હતું. એવામાં ત્યાં થઈને એક કુતરો જતો હતો. કુતરાને હંમેશા પગ ઉંચા કરી લઘુશંકા કરવાની ટેવ હોય છે. તે પ્રમાણે પગ ઉંચા કરી પેલા વેપારીના મોમાં કુતરૂં લઘુશંકા કરી નાસી ગયું. થોડી વારે જાગતાં શેઠને ખારૂં ખારૂં લાગ્યું. આથી વિચાર્યું કે કથામાં અમૃત તો વરસ્યું, પણ ખારૂં વરસ્યું. પણ ચાલો, ખારૂં તો ખારૂં, પણ હવે જન્મ મરણનો ભડકો મટી ગયો. થોડી વારે કથા બંધ થઈ બધા શ્રોતા ચાલ્યા ગયા પણ શેઠ ઉઠયા નહિ એટલે પુરાણીજીએ જાણ્યું શેઠજીને કથામાં બહુ રસ પડયો લાગે છે. આમ વિચારી પુરાણીએ પૂછ્યું, કેમ શેઠજી, કથામાં કેવું અમૃત વરસે છે ? શેઠજીએ કહ્યું કે હા પુરાણીજી કથામાં અમૃત તો વરસે છે પણ ખારૂં ખારૂં વરસે છે, તેથી જરા મોં બગડે છે, પણ પુરાણી આ વાતનો ભાવ ન સમજયા.

કેટલીક મુદત પછી શેઠની દેહ પડી, શેઠને યમરાજા પાસે ઉભા કરવામાં આવ્યા. ત્યાં શેઠજીનાં પાપપુણ્યના લેખાં લેવાયાં, તેમાં પાપનો તો પારજ નહોતો, અને પુણ્ય તો એટલુંજ નીકળ્યું. કે શેઠ એક દિવસ

કથામાં ગયા હતા. આથી શેઠને ત્યાં પૂછવામાં આવ્યું કે તમારે પુણ્ય પહેલું ભોગવવું છે કે પાપ પહેલું ભોગવવું છે? શેઠને તરત બુદ્ધિ આવીને બોલ્યા કે હા હા સરકાર. એક દિવસ કથામાં અમૃત પીધું હતું. પછી વિચાર્યું કે પાપ તો બહુ છે ને પુણ્ય તો જરાક છે. માટે પહેલું પુણ્ય ભોગવી લેવા દો, પછી પાપ તો ભોગવવાનું છે જ. શેઠ બોલ્યા કે, મારે પ્રથમ પુણ્ય ભોગવવું છે એટલે યમરાજાએ કહ્યું કે તમે આ ગાયનું પૂચ્છ પકડો. તે ગાય તમે કહેશો ત્યાં તમને લઈ જશે. પણ પુણ્ય પૂરું થતાં તમને તેજ સ્થળે છોડી જશે. શેઠે ગાયનું પૂચ્છ પકડયું અને કહ્યું કે હે ગૌમાતા, મને વૈકુંઠમાં લઈ જા. આ સાંભળતા ગાય એકદમ ઉડી ઉડતાં ઉડતાં વૈકુંઠના દરવાજે આવી. ત્યાં પુણ્ય પુરું થયું, એટલે શેઠને ત્યાં છોડી પાછી વળી ગઈ અહીં પ્રભુના ચોકીદાર સેવકોએ દોડી આવી કહ્યું, કે અરે પાપી, તું અહીં કયાંથી આવ્યો? એકદમ જતો રહે, અહીં પાપીઓ રહી શકતા નથી આ સાંભળી શેઠે કહ્યું કે જરા મને શાંતિ લેવા દો, પછી જાઉં છું. એવામાં વિષ્ણુ ભગવાનની સવારી આવતી હતી આ વખતે શેઠે 'પાહી માં પાહી માં' એટલે મારૂં રક્ષણ કરો, એમ બુમો પાડી. શ્રીવિષ્ણુ ભગવાને આ સાંભળી તરતજ સવારી ઉભી રખાવી, એટલે પેલા શેઠ દોડતાં દોડતાં ત્યાં ગયા અને વિનંતિ કરી કે સરકાર, એક વાત મારે પૂછવી છે. પ્રભુએ કહ્યું કે પુછો. એટલે શેઠે વિનંતિ કરી કે, શ્રીભાગવતજી, શ્રીગીતાજી વગેરે જે ભક્તિના ગ્રંથો છે તે ખરા છે કે ખોટા? પ્રભુએ કહ્યું કે ખોટા શાથી? એ તો બધા સાચા છે. એટલે શેઠે કહ્યું કે એક દિવસ હું કથામાં ગયો હતો, ત્યાં એવું આવ્યું હતું કે જે જીવ એકવાર પ્રભુનું નામ લે તે કદી નર્કમાં ન પડે પણ વૈકુંઠમાં જાય **આ વાત સાચી? પ્રભુએ કહ્યું કે હા, સાચી વાત છે. એટલે શેઠે કહ્યું કે** પ્રભુના એકવાર સાક્ષાત દર્શન કરે એ નર્કમાં જાય ખરો? પ્રભુએ કહ્યું કે કદીજ નહિ. એટલે શેઠે કહ્યું કે કૃપાનાથ!! **મેં આપના દર્શન કર્યાં, છતાં આ આપના સેવકો મને નર્કમાં ધકેલી મુકે છે. એટલે પ્રભુએ કહ્યું કે ના. ના, શેઠને વૈકુંઠમાં લઈ જાઓ. આ પ્રમાણે એક દિવસ ભગવાનની કથામાં જવાથી વૈકુંઠની પ્રાપ્તિ થઈ.**

વિવેચનઃ-- આ પ્રસંગ ઉપરથી જણાય છે કે સહેજ પણ સત્કાર્ય નિષ્ફળ નથી જતું. શ્રીકૃષ્ણ ગીતાજીમાં પણ કહે છે કે, કલ્યાણ કાર્ય કરનારો કોઇપણ જીવ દુર્ગતિ પામતોજ નથી. પ્રભુનું નામ એ અલૌકિક રસાયન છે, તેનાથી જીવમાં અલૌકિકતાનો પ્રવેશ થાય છેજ, પ્રભુનું એકવાર લીધેલું નામ અગર એકવાર કાને પડેલું નામ પણ નિષ્ફળ નથી થતું. તે તો સદાજ પ્રભુના નામનો જપ કર્યા કરે છે તથા સેવા **કરે છે. તે ધીમે ધીમે સર્વ રીતે નવિન** તણખો થતો જાય છે. **પ્રભુનું નામ અને** પ્રભુનું સ્વરૂપ મહા ચમત્કારી વસ્તુઓ છે, **તેથી પ્રેમ અને શ્રધ્ધાથી હંમેશા સેવા અને સ્મરણ કરવું.**